ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૨-૨-૧૯૮૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨-૨-૧૯૮૫
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૬.	શ્રી. ઉજમશીભાઈ એ. કાપડિયા	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	હાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	ગેરહાજર
૧૪.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૧૫.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૭.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૧૮.	શ્રી. જિતેન્દ્ર ચોનુભાઈ શાહ	ગેરહાજર
૧૯.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	ગેરહાજર
૨૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ અંબાલાલ શાહ	હાજર
૨૪	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	ગેરહાજર.

તા. ૨-૨-૧૯૮૫ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૬૭ના પરિશિષ્ટ "ઘ"માં ઠરાવ નં. ૮, પાના નં. ૬૭ની છેલ્લી લીટીના શબ્દો "તથા સ્ટે. ૧૮૮(૨)માં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી કરવી" રદ કરવા; અને

બાબત નં. ૭૨ના ઠરાવને અંતે ઑ. ૧૧૦ કાર્યાલયે રજૂ થયેલ મુસદ્દા પ્રમાણે સુધારી પરિશિષ્ટ તરીકે સામેલ કરેલ નથી, જે આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.

[એક્ઝિક્યુટિવ કાઉન્સિલ : તા. ૯/૧૦-૩-૧૯૮૫

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ

ફેબ્રુઆરી માસની સભા : તા. ૨-૨-૧૯૮૫

૧. તા. ૧-૧૨-૧૯૮૪ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

૧. તા. ૧-૧૨-૧૯૮૪ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૪૫ના પરિશિષ્ટ "છ"ના ઠરાવ ૧, પાના નં. ૧૦૯ની છેલ્લી લીટીના છેલ્લો શબ્દ 'પૈકી' રદ કરવો; અને

બાબત નં. ૭૦ના પરિશિષ્ટ "થ"ના પેટાપરિશિષ્ટ "અ"ના ઠરાવ ૧લા ની બીજી લીટીનો શબ્દ "સાથેના" રદ કરવો.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) ઑક્ટોબર, ૧૯૮૪માં લેવાયેલ થર્ડ બી.એસસી. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૧૨૮ શ્રી જોબલિયા સંદીપ અનુપભાઈએ તેમના પરિણામ અંગે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ-અરજી કરી છે. તેના સંદર્ભમાં ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર રાખ્યાનું;

(૨) શ્રી. રાવળ ભૂપેન્દ્રભાઈ નટવરલાલે સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદના એમ.કૉમ. પાર્ટ ૧ના વર્ગમાં પોતાના પ્રવેશ બાબતે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૬૪૫૩થી દાખલ કરેલ છે. તેમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) થર્ડ બી.કૉમ. પરીક્ષા, એપ્રિલ ૧૯૮૪ના વિદ્યાર્થી વહોરા પરવીન ગુલામનબી બેઠક નંબર ૬૭૯૪ ના એલિ. ઑફ સ્ટેટિસ્ટિક્સ વિષયમાં ગુણમાં ક્ષતિ જણાતાં ૨૫ ને બદલે ૧૫ થયેલ હોવાથી તેમના પરિણામમાં ફેરફાર કરીને પાસને બદલે નાપાસ જાહેર કરતાં તેમણે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સિ. એ. નં. ૫૧૫૮ થી દાદ માગેલ હોઈ આ બાબતમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૪) બી. જે. મેડિકલ કૉલેજમાં એમ. એસ. બ્રાન્ચ-૩માં જુલાઈ, ૧૯૮૩ થી પ્રવેશ આપવાની બાબતમાં પેડિયાટ્રિકસ ડિપ્લોમામાં અભ્યાસ માટે નોંધાયેલા ડૉ. ફ્રાન્સીસ જે. ચાન્ડીએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં પિટિશન નં. ૨૯૧૪ થી દાદ માગેલ છે, તેના અનુસંધાનમાં ગુજરાત રાજ્યની વડી અદાલતનું જજમેન્ટ આવેલ છે. તે સામે અપીલ કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને નીમ્યાનું અને તેને આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૫) શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચમાં પેડિયાટ્રિકસ બ્રાન્ચમાં પ્રવેશની બાબતમાં ડૉ. કેતન આઈ. શેલતે ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૫૫૬૮થી દાદ માગેલ હોઈ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને નીમ્યાનું અને તે અંગેના આનુષંગિક ખર્ચને મંજૂર કર્યાનું.

(૬) માર્ચ-એપ્રિલ, ૧૯૮૪માં લેવાયેલ ફર્સ્ટ બી.એ. પરીક્ષાના પોલિટિકસ સાયન્સ પેપર ૭ના વિષયમાં વિદ્યાર્થી નં. ૫૬૩૨ શ્રી. ભારદ્વાજ રાજકુમાર કિશોરીલાલે ગેરરીતિ અજમાવ્યાનું જણાતાં તેમને એક પરીક્ષાની પ્રવેશબંધી ફરમાવવામાં આવેલી તે બાબતમાં તેમણે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સિ. એ. નં. ૬૧૬૩થી દાદ માગેલ હોઈ, આ બાબતમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૭) એપ્રિલ, ૧૯૮૩માં લેવાયેલ એમ.એસ. બ્રાન્ચ નં. ૧ની પરીક્ષાના વિદ્યાર્થી શ્રી. જી. એલ. રાઠોડ બેઠક નં. ૪૮એ રજૂ કરેલ ડેઝર્ટેશનમાં ગેરરીતિ અજમાવેલ હોવાનું જણાતાં તેમણે આપેલ પરીક્ષાનું પરિણામ રદ કરવામાં આવતાં તથા તેમણે રજૂ કરેલ ડેઝર્ટેશન માન્ય નહીં રાખવામાં આવતાં, તેમણે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સિ. એ. નં. ૧૯૩૨ થી દાદ માગતાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાનું;

(૮) જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના બાયોલોજી વિષયના ડેમોન્સ્ટ્રેટર શ્રી. એસ. એમ. કાઝીની નોકરી ટર્મિનેટ કર્યા સંબંધમાં ટ્રિબ્યુનલે અરજી ક્રમાંક ૭૦/૧૯૮૩ પર કરેલ હુકમ પર ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન /૮૪ કરી છે તે કામમાં શ્રી. સુરેશભાઈ શેલતની એડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૯) એપ્રિલ, ૧૯૮૪માં લેવાયેલ ફર્સ્ટ બી.કામ. પરીક્ષાના કોમર્શિયલ કોમ્યુનિકેશનના વિષયના પરીક્ષક શ્રી. એમ. આર. રાઠોડે તપાસેલ ઉત્તરવહીઓમાં કેટલાક વિદ્યાર્થીઓની ઉત્તર-વહીઓમાં અગાઉ આપેલ ગુણમાં સુધારાવધારા કરી ગેરરીતિ આચરતાં બે વર્ષ માટે તેમની શિક્ષક તરીકેની માન્યતા રદ કરતાં, તેમણે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સિ. એ. નં. ૬૧૩૩થી દાદ માગેલ હોઈ યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાનું;

(૧૦) સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ ઍન્ડ સી. એન. કોમર્સ કૉલેજ, વીસનગરના આચાર્ય શ્રી. એસ. એચ. પંડ્યાનો પ્રોબેશન પિરિયડ પૂરો થતાં તેમને આચાર્યપદે ચાલુ ન રાખવા અંગેના સંસ્થાના ઠરાવને કુલપતિશ્રીએ મંજૂર ન રાખ્યાનો નિર્ણય આપેલ તે પર સંસ્થાએ

સંલગ્ન કૉલેજોના કર્મચારીઓ માટેના લવાદપંચ સમક્ષ અરજી કરેલ તે પર ટ્રિબ્યુનલે આચાર્ય પંડ્યાને છૂટા કરવા માટે સંસ્થાને મંજૂરી આપેલ તે પરત્વે આચાર્યશ્રીએ ગુજરાતથી વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૫૨૫૫/૮૪ કરી છે. તેમાં યુનિવર્સિટીને પક્ષકાર બનાવેલ હોઈ તે કામમાં શ્રી સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા તે માટેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૧૧) માર્ચ-એપ્રિલ ૧૯૮૪માં લેવાયેલ સેકન્ડ બી.એ. પરીક્ષાનાં વિદ્યાર્થિની મોદી કલ્પનાબહેન કૃષ્ણકાંત, બેઠક નંબર ૪૭૩૮ એ ગેરરીતિ આચરતાં તેમને પકડ્યાં હતાં. તેથી તેમણે ડભોઈના સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે. મુ. નં. ૬૮/૮૪થી દાવો કરતાં યુનિવર્સિટી તરફથી વડોદરાના ઍડવોકેટ શ્રી નવન સી. શાહને રોકવાનું અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાનું;

(૧૨) કુ. સરાહા ફિલિપની સ્પેશ્યલ એપ્લિકેશન નં. ૧૦૭૦ માટે ઍડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતે અશક્તિ દર્શાવી હોઈ તેમને બદલે ઍડવોકેટ શ્રી એન. જે. મહેતાની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર રાખ્યાનું;

(૧૩) એમ. એન. કૉલેજ, વીસનગરમાં ઇતિહાસ, અર્થશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂકની બાબતમાં તે કૉલેજના પ્રો. એમ. એમ. પંડ્યાએ મહેસાણાના સિવિલ જજની કોર્ટમાં દાવાનો મુકદ્દમા નં. ૪૧૧/૮૪થી દાદ માગેલી હોઈ તે કેસમાં યુનિવર્સિટી તરફથી મહેસાણાના ઍડવોકેટ શ્રી એચ. એન. પરીખની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

(૧૪) મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (પ્રિન્સિ)માં અંગ્રેજીના અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી નિયત સમયમર્યાદા બહાર આવી હતી, પરંતુ વિદ્યાર્થીઓને વિષયનું વૈવિધ્ય મળે તે હેતુથી તે અરજી સ્વીકાર્યાનું;

(૧૫) બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો જૂન, ૧૯૮૫થી શીખવવા માટે ભવન્સ આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડાંકોર તરફથી આવેલ વધારાના જોડાણ માટેની અરજી તા. ૩૧-૩-૧૯૮૪ પછી આ અભ્યાસક્રમ શરૂ કરવાનું ઠરાવ્યું હોવાથી તે વિશિષ્ટ સંજોગને લક્ષમાં લઈ, તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું તથા તે બાબતમાં સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

(૧૬) હરિઓમ આશ્રમ પ્રેરિત ગુજરાતી પ્રતિભા શોધ અંગેના પ્રદાનની મળેલ રકમ પૈકી બાકી રહેતી રકમ રૂ. ૮,૪૦૧ (અંકે રૂ. આઠ હજાર ચારસો એક પૂરા) આશ્રમના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીના જણાવ્યા મુજબ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદને બદલે હરિઓમ આશ્રમ, નડિયાદને પરત કરવા અંગે આપેલી મંજૂરીની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—અગાઉ તા. ૩૦-૮-૧૯૮૩ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં ગુજરાતી પ્રતિભા શોધ અંગેની રકમ રૂ. ૬૮,૪૦૧ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદને ટ્રાન્સફર કરવા મંજૂરી આપેલી, તેમાંથી રૂ. ૬૦,૦૦૦ વિદ્યાપીઠને આ પહેલાં તા. ૧૩-૯-૧૯૮૩ના રોજ ચૂકવી આપવામાં આવેલ છે.)

(૧૭) હરિઓમ ટ્રસ્ટના ઉપક્રમે અને આ યુનિવર્સિટી દ્વારા આયોજિત જંગલ પ્રવાસ અંગે નીચે પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કર્યાના :

	રૂ. પૈ.
૧. પ્રત્યેક વ્યક્તિદીઠ રૂ. ૨૦-૦૦ દૈનિક ભોજન, રહેઠાણ, સાધનસામગ્રી ઇત્યાદિની ૫૦ વિદ્યાર્થીઓ, ૪ ઈન્સ્ટ્રક્ટર્સ + ૨ ઈન્સ્ટ્રક્ટર હેડ ક્વાર્ટર પર + ૨ સંચાલકો એમ કુલ ૫૮ વ્યક્તિ એક ટુકડીમાં એવી ૪ ટુકડી. (૨૦ × ૫૮ × ૫ × ૪ = રૂ. ૨૩,૨૦૦-૦૦)	૨૩,૨૦૦–૦૦
૨. સંચાલકનું માનદ વેતન	૪૦૦–૦૦
૩. ઇન્સ્ટ્રક્ટરને રૂ. ૫૦-૦૦ પ્રમાણે કુલ ૨૦ ઈન્સ્ટ્રક્ટરોને માનદ વેતન	૧,૦૦૦–૦૦
૪. સંચાલક મદદનીશ, ઇન્સ્ટ્રક્ટર્સ બસ તથા રેલવે ભાડું તથા વાહનખર્ચ, પરચૂરણ ખર્ચ ઇત્યાદિ	૩,૦૦૦–૦૦
૫. આકસ્મિક સંજોગો માટે	૧,૦૦૦–૦૦
	૨૮,૬૦૦–૦૦

(**નોંધ.**—ઉપરોક્ત ખર્ચ અંગે હરિઓમ ટ્રસ્ટ તરફથી પૂરેપૂરું અનુદાન મળનાર છે.)

(૧૮) વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં ચાલુ વર્ષથી દાખલ કરાયેલ કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ માટે કોમ્પ્યુટર પ્રોગ્રામનું પગારધોરણ રૂ. ૫૫૦-૨૫-૭૫૦-ઈ.બી. ૩૦-૯૦૦ તથા અન્ય મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું અને અન્ય ભથ્થાં સાથે નિમણૂક આપવાનું જણાવવાનું;

(૧૯) સાયન્સ કોંગ્રેસ ડીબેટ હરીફાઈની તા. ૨૯–૧૨–૧૯૮૫ની સભાનો નીચેનો પ્રસ્તાવ કુલપતિશ્રીએ મંજૂર રાખેલ છે :

પ્રસ્તાવ ૨ : ડીબેટનો વિષય વિજ્ઞાનનો રાખવો, પરંતુ હરીફાઈમાં બધા જ અનુસ્નાતક વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. દરેક અનુસ્નાતક કેન્દ્રને આ અંગે જાણ કરવી અને પ્રિન્સિપાલો, અધ્યક્ષો વગેરેને પત્રો લખી એમની કૉલેજ/ભવનમાંથી યોગ્ય વિદ્યાર્થીઓને ભાગ લેવા ઉત્તેજન આપે તેમ જણાવવું.

(૨૦) ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળને વર્ષ ૧૯૮૪–૮૫માં 'પરીક્ષા સુધારણા' અંગે પરિસંવાદ યોજવા રૂ. ૧,૨૦૦ (અંકે રૂપિયા એક હજાર બસો પૂરા)ની આર્થિક સહાય આપવાનું;

(૨૧) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં ચાલતા એમ.કૉમ.ના અનુસ્નાતક કેન્દ્રમાં શ્રી રાવલ અશોકકુમાર ગોરધનલાલને કૉસ્ટ એકાઉન્ટિંગ વિષયમાં અપાયેલો પ્રવેશ, ઑ. એમ.કૉમ.–૧ ની જોગવાઈને આધારે ન હતો, પરંતુ એક સત્ર પૂરું થતું હોવાથી અપવાદરૂપે તે પ્રવેશ માન્ય રાખી બીજા સત્રથી બીજા વિષય (બિઝનેસ મૅનેજમેન્ટ) સહ વાણિજ્ય ભવનમાં અભ્યાસ કરવાની મંજૂરી આપ્યાનું તથા પ્રથમ સત્ર મંજૂર કર્યાનું;

(૨૨) પીએચ.ડી. પદવી માટે કુલ ૭૨ જેટલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તેમને તે પદવી માટે પાત્ર જાહેર કર્યાનું;

(૨૩) બી.એડ. ૧૯૮૪–૮૪ના વર્ષ માટે પ્રવેશ અંગે યુનિવર્સિટી દ્વારા ઊભા કરાયેલા એકમમાં જે જે વ્યક્તિઓએ સેવાઓ આપી છે, તે માટે તેઓને ઉચ્ચક રકમ આ સાથેના પરિશિષ્ટ 'અ' અને 'બ'માં દર્શાવ્યા પ્રમાણે બી.એડ. પ્રવેશ કક્ષા [illegible] આવાહકશ્રીની ભલામણ મુજબ આપવાનું મંજૂર કર્યાનું;

(૨૪) એપ્રિલ, ૧૯૮૩ની સેકન્ડ બી.કોમ. પરીક્ષામાં ટેક્ષેશન વિષયમાં નિમાયેલ પરીક્ષક શ્રી બી. એન. પટેલને તા. ૧–૧૨–૧૯૮૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે બે વર્ષ માટે શિક્ષક તરીકે અમાન્ય કર્યા હોવાથી ગુજરાત રાજ્યની વડી અદાલતમાં તેમણે રિટ–અરજી માટે (સિવિલ એપ્લિકેશન નં. ૧૯૩) એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગેનું ખર્ચ મંજૂર કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩. રાજ્ય સરકારે તેના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક વીએલબી–૧૧૮૪–૧૭૦૦–જે તા. ૩૦–૧૧–૧૯૮૩થી, ૧–૧–૧૯૮૪થી, ૩૧–૧–૧૯૮૪થી, (૨) તા. ૧–૨–૧૯૮૪થી, ૩૧–૩–૧૯૮૪થી, (૩) ૧–૪–૧૯૮૪થી, ૩૧–૫–૧૯૮૪થી, અને (૪) તા. ૧–૬–૧૯૮૪થી વધારાના મોંઘવારી ભથ્થાના દરોમાં તેમ જ એડહોક મોંઘવારી ભથ્થાના દરમાં વધારો કર્યો છે તેનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને, સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના કર્મચારીઓને ઠરાવની શરતોને આધીન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. ધી ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણાએ જૂન, ૧૯૮૫થી મહેસાણા ખાતે બહેનો માટેની વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ માટે કરેલી અરજી પરત્વે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૩૩ અન્વયેની જરૂરિયાત સ્વીકારવા પાત્ર ન હતી. તે અંગે સંસ્થાએ રાજ્ય સરકારને કરેલી અપીલ રાજ્ય સરકારે [illegible] જાણ કરવા રાજ્ય સરકારના તા. ૩૦–૧૧–૧૯૮૪ના પત્રાંક એનજીસી–[illegible] ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી [illegible] જૂન, ૧૯૮૫થી બી.એ. (સબો.)માં ડિફેન્સ સ્ટડીઝનો અભ્યાસક્રમ શીખવવા કાયમી જોડાણ માટેની અરજી તેમણે પાછી ખેંચી હોઈ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. ૧૯૮૪–૮૫ દરમિયાન "લૉ ઓરિયેન્ટેશન પ્રોગ્રામ ફૉર સોશ્યલ એક્ટિવિટીઝ" યોજવા અંગે ભારત સરકારના "કાયદા, ન્યાય અને કંપની બાબતો"ના ખાતાએ

તેના તા. ૧૬-૧૦-૧૯૮૪ના પત્રાંક એફ-૮/૨૭/૮૪-સી.આઈ.એલ.એ.એસ. થી રૂ. ૭,૫૦૦ (રૂપિયા સાત હજાર પાંચસો)ની આર્થિક (સહાય-ગ્રાન્ટ-ઇન-એઇડ) મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. ઑર્ડિનન્સ ૧(૪) હેઠળ પબ્લિકેશન બોર્ડના નીચેના સભ્યોના સભ્યપદની મુદત તા. ૧૨-૧૨-૧૯૮૪ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગ્યાએ ત્રણ વર્ષ માટે નવા સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. રમણલાલ જોષી
૩, ડૉ. એમ. એન. દેસાઈ
૪, ડૉ. એન. જે. શાહ
૫. આચાર્ય દાઉદભાઈ ઘાંચી
૬. પ્રો. એમ. પી. ભટ્ટ
૭ આચાર્ય દર્શનસિંગ શીખ

(નોંધ.—ઑર્ડિનન્સ ૧ (૪)ના સંબંધકર્તા પાઠ નીચે મુજબ છે :

(4) Seven persons appointed by the Executive Council five of whom shall be from amongst the Heads of the University Departments, Heads of Recognised Institutions and members of the Board of University Teaching.)

આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે પબ્લિકેશન બોર્ડ પરના ઉપરોક્ત સભ્યોના સભ્યપદની મુદત તા. ૧૨—૧૨—૧૯૮૪ના રોજ પૂરી થઈ હોવાથી તેમની જગ્યાએ ત્રણ વર્ષ માટે નવા સભ્યો નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. ગુજરાત સરકારની સંશોધન શિષ્યવૃત્તિ તથા યુ.જી.સી.ની રિસર્ચ ફેલોશિપ એનાયત કરવાના સંદર્ભમાં વિચારણા કરી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા કુલપતિશ્રીના અધ્યક્ષપદે નીમેલ સમિતિની મુદત તા. ૧૮-૧૧-૧૯૮૪ના રોજ પૂરી થયેલ હોઈ તે સમિતિની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સમિતિની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. સને ૧૯૮૩-૮૪ અને ૧૯૮૪-૮૫ના વર્ષ માટે ગુજરાત સાયન્સ એકેડેમીના સંસ્થાકીય સભાસદ બનવા અંગે ગુજરાત સાયન્સ એકેડેમીના તા. ૧-૧-૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિ. સભાસદ બને તો સભ્યપદના રૂ. ૧,૦૦૦ + રૂ. ૧ ઍડમિશન ફીના આપવાના થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૮૩—૮૪ અને ૧૯૮૪—૮૫ના વર્ષ માટે ગુજરાત સાયન્સ એકેડેમીના સંસ્થાકીય સભ્યપદ માટે યુનિવર્સિટીએ નિયત ફી ભરી સભાસદ બનવાનું રાખવું.

૧૦. ગુજરાત યુનિવર્સિટીની બી.કૉમ. પદવી પરીક્ષા ઍડવાન્સ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષય સાથે પાસ કરી આગળ ઍમ.કૉમ.નો અભ્યાસ ચાલુ રાખે તે પૈકી બી.કૉમ.માં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને "શ્રી પી. વી. ભાવસાર સ્કૉલરશિપ" આપવા અંગે શ્રી મનોજ બી. દેસાઈ તરફથી આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ દરખાસ્તનો સાભાર સ્વીકાર કરવો.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો કાર્યક્ષમતા-અંતરાય (Efficiency-Bar) તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં જે તે તારીખે ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	પગારધોરણ	કયા પગારથી	કઈ તારીખથી
૧.	શ્રી. એન. સી. તરવાડી (સેકશન ઑફિસર)	રૂ. ૬૫૦ ૩૦–૭૪૦–૩૫–૮૧૦–ઈબી–૩૫–૮૮૦–૪૦–૧૦૦૦–ઈબી–૪૦–૧૨૦૦	રૂ. ૧૦૦૦ પછીના	૧૬–૧૨–૧૯૮૪ થી
૨.	શ્રી. આર. એચ. પારેખ (સેકશન ઑફિસર)	,,	,,	૧૪–૧૨–૧૯૮૪થી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને રૂ. ૬૫૦–૩૦–૭૪૦–૩૫–૮૧૦–ઈ.બી.૩૫–૮૮૦–૪૦ ઈ.બી. ૧,૦૦૦–ઈ.બી.–૪૦–૧૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૦૦૦/- પછીનો કાર્યક્ષમતા–અંતરાય તેઓનાં નામ સામે જણાવેલ તારીખથી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના વર્કશોપમાં વાયરમેન તરીકે કામ કરતા શ્રી જે. એસ. બારોટને રૂ. ૩૫૦–૧૨–૪૧૦–ઈ.બી.–૧૨–૪૭૦–ઈબી–૧૫–૫૬૦ના પગારધોરણમાં રૂ. ૪૭૦ પછીનો કાર્યક્ષમતા–અંતરાય (Efficiency-Bar) તા. ૪–૭–૧૯૮૪થી ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેના ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યને રૂ. ૩૫૦–૧૨–૪૧૦–ઈબી.–૧૨–૪૭૦–ઈ.બી.–૧૫–૫૬૦ના પગારધોરણમાં રૂ. ૪૭૦/- પછીના કાર્યક્ષમતા–અંતરાય તા. ૪–૧–૧૯૮૫થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૩. યુનિવર્સિટીના નીચેના કર્મચારીને તેમનાં નામ સામે જણાવેલ રકમની પ્રૉવિડંટ ફંડ લોન સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામત-ખરીદવા અંગે આપવા વિચારણા કરવા બાબત :

નામ તથા હોદ્દો	લોનની રકમ	અગાઉ લોન લીધી છે કે કેમ	કારણ
શ્રી. કે. એન. પરમાર (જુ. સુપરિન્ટેન્ડેન્ટ)	૩૦,૦૦૦	હા, જી	મકાન મરામત

(નોંધ.—ઉપરોક્ત લોનની રકમમાંથી જે તે કર્મચારીના ખાતે નીકળતી બિલ્ડિંગ લોન પ્રો. ફંડ લોનની રકમ તથા તે પર થતું વ્યાજ વગેરે કાપીને બાકીની રકમ આપવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં જુ. સુપરિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરતા શ્રી. કે. એન. પરમારને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે, તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૧૪. ડૉ. બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મૅનેજમેન્ટના અધ્યક્ષ તથા પ્રોફેસર ડૉ. માધવ પી. કે[illegible] તા. ૧-૯-૧૯૮૨થી તા. ૩૧-૮-૧૯૮૨ સુધી પરદેશ જવા માટે એ[illegible]ક્યુટિવ કા[illegible]ની તા. ૨-૮-૧૯૮૨ની સભામાં જે બિનપગારી રજાઓ મંજૂર કરેલ તેના [illegible] કરે તા. ૨૪-૮-૧૯૮૧ના રોજ રૂ. ૧૦ના "સ્ટેમ્પ પેપર" પર કરારના[illegible] આ કરારનામા પ્રમાણે તેઓ તેમાં નિયત સમયમાં યુનિવર્સિટીમાં જોડાયેલ ન [illegible] એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮-૭-૧૯૮૪ના સભામાં તેમ[illegible] તાત્કાલિક ફારેગ કરવાનું ઠરાવ્યું, જે અંગેની જાણ તેઓને કા[illegible]ના તા. [illegible]-૧૯૮૪ના પત્રથી કરવામાં આવેલ છે. આ કરારનામાની શરત પ્રમાણે તેઓએ રૂ. ૭,૦૦૦ (અંકે રૂપિયા સાત હજાર)ની પેનલ્ટી આપવાની રહેશે, જે વસૂલાત કરવા તેઓને તા. ૨૧-૮-૧૯૮૪ના પત્રથી જાણ કરવામાં આવેલ. જેનો આજદિન સુધી કોઈ જવાબ આવેલ ન હોઈ આ રકમની સ્ટે. ૧૮૪ પ્રમાણે વસૂલાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્ટે. ૧૮૪ નીચે પ્રમાણે છે :

When the amount standing in the Fund to the Credit of Subscriber becomes payable the Executive Council may direct, that any amount due under liability incurred by the subscriber to the University upto the total of the contributions paid, by the University with interest thereon be deducted from amount standing to the credit of the subscriber and be paid to the University.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના અધ્યક્ષ તથા પ્રોફેસર ડૉ. માધવ પી. કેકરની સેવાઓ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮—૭—૧૯૮૪ની સભામાં તાત્કાલિક ફારેગ કરવાનું ઠરાવ્યું હોઈ તેમની સાથેના કરારનામાની શરત પ્રમાણે તેઓને ઉપર જણાવ્યા પ્રમાણે જે પેનલ્ટી આપવાની રહે છે તે તેમના પ્રોવિડન્ટ ફંડમાં યુનિવર્સિટીના ફાળામાંથી કાપીને વસૂલ કરવાનું રાખવું.

૧૫. ૧૯૮૪-૮૫ના શૈક્ષણિક વર્ષથી શરૂ થયેલા વનવિજ્ઞાન(ફોરેસ્ટ્રી)ના અનુસ્નાતક ડિપ્લોમા અ[illegible]માં સત્ર ફી રૂ. ૨૦૦-અને લેબોરેટરી ફી રૂ. ૬૦-નિયત કરી હોઈ ઑર્ડિ. ૧૫૧ (સી)ની કંડિકા (a) (ii) અને (b) (i) માં નીચે મુજબ સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

O. 151 (C) (*a*) (*ii*) : for Diploma in the Faculty of Medicine per term or for Diploma in Forestry per Term. Rs. ... 200-00.

(*b*) Laboratory fees for full time/part time students per term shall be as under :

(*b*) (*i*) For the subject of Home Science and all Science subjects other than Mathematics and Statistics for Master's or M. Phil. or Ph.D. Degree or the M. Pharm Degree or for Diploma in Forestry. Rs. 60-00

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૫૧ (સી)ની કંડિકા (*a*) (*ii*) અને (*b*) (*i*) ઉપર પ્રમાણે સુધારવો અને સુધારેલો ઑર્ડિનન્સ તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૬. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૩૦/૩૧-૩-૧૯૮૪ ની સભામાં સુધારેલ સ્ટે. ૨૦૨ કુલાધિપતિશ્રીએ Refer back **કર્યો છે. સ્ટે. ૨૦૨ ના નીચે જણાવેલ છેલ્લા બે પેરેગ્રાફ રદ કરવાનું તેઓશ્રીના સચિવશ્રીએ તા. ૧૪-૧૨-૧૯૮૪ના પત્રથી જણાવેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :**

"In addition to the above, other department may be instituted and maintained by the University as and when found necessary by the University.

Over and above the Post-Graduate teaching and research all University departments may also impart such instruction in Diploma courses, certificate courses etc. as may be instituted by the University from time to time."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૨૦૨ કુલાધિપતિશ્રીએ પુનર્વિચારણા માટે પાછો મોકલ્યો (refer back કરેલ) હોઈ તેમાં જરૂરી સુધારો કરવાનું રાખવું.

૧૭. મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી જૂન, ૧૯૮૫થી કૉલેજના નવા મકાનમાં સ્થળાંતર કરવા માટે ઑર્ડિ. ૧૨૦-જે અનુસાર આવેલી અરજીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ઑર્ડિ. ૧૨૦-જે અનુસાર નિયત સમયમર્યાદામાં જરૂરી ફી સાથે અરજી આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં એક સમિતિ નીમવા અને તે સમિતિ સ્થળ ઉપર જઈને તપાસ કર્યા પછી તેનો અહેવાલ આપે તે પરથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮. લૉ કૉલેજ, ગોધરાને ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉઝના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૮૫ સુધી મળેલું જોડાણ તે તારીખ પછી તે અભ્યાસક્રમ માટેનું જોડાણ ચાલુ રાખવા ઇચ્છતા નથી તેમ જણાવતા આચાર્યશ્રીના પત્રના સંદર્ભમાં સદરહુ વિષયનું શિક્ષણકાર્ય ઑર્ડિ. ૧૨૦-એફ અન્વયે બંધ કરવા આવેલ તા. ૨-૮-૧૯૮૪ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ઑર્ડિ. ૧૨૦—એફમાં જણાવેલ નિયત સમયમર્યાદામાં અરજી આવી છે. કોઈ કાયમી કર્મચારીને વિપરીત અસર થતી નથી તથા ૧૯૮૪-૮૫ના વર્ષમાં એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ માટે અરજી કરી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એક સમિતિ નીમવા અને તે સમિતિ સ્થળ ઉપર જઈને તપાસ કર્યા પછી તેનો અહેવાલ આપે તે પરથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૯. લૉ કૉલેજ, ગોધરાના આચાર્યશ્રીએ તા. ૫-૧૨-૧૯૮૪ ના પત્રથી જણાવ્યું છે કે શિક્ષકો માટેના રજાઓના નિયમો મુજબ પૂર્ણ સમયના વ્યાખ્યાતાઓ અને ખંડ-સમયના વ્યાખ્યાતાઓ માટે યુનિવર્સિટીએ કરેલ જોગવાઈ અને રાજ્ય સરકારે ઘડેલ નિયમોની જોગવાઈ વચ્ચે વિસંગતિ થઈ તે પર વિચારણા કરવા બાબત.

[**નોંધ**—૧. ખંડસમયના શિક્ષકોના સુધારેલ પગારધોરણમાંના સરકારના તા. ૩-૭-૧૯૭૯ના ઠરાવ અનુસાર "તેઓને પૂરા સમયના શિક્ષકોને મળવાપાત્ર પરચૂરણ રજાની અડધી રજા મેળવવાને પાત્ર થશે તે સિવાય બીજા કોઈ લાભ મેળવવાને પાત્ર થશે નહિ" તેમ જણાવ્યું છે.

૨. શિક્ષકો માટેના તા. ૧-૧-૧૯૭૯ થી અમલમાં આવેલ રજાઓના નિયમોમાં "Shall be entitled to leave on the same terms as are applicable to whole time teachers of the University" એમ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૦. ઑર્ડિ. ૯૬ અન્વયે શિક્ષક, બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની ૧૯૮૪—૮૫ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન આવેલ માહિતીમાં ઉપસ્થિત થયેલ મુદ્દાઓ જેવા કે જે એક કરતાં વધુ કૉલેજોમાં છે તે મુદ્દાઓ જોઈ-તપાસી અહેવાલ આપવા વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓની કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિએ તેની તા. ૧૨-૯-૧૯૮૪ અને તા. ૨૧-૯-૧૯૮૪ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૨) ખંડસમયના શિક્ષકોને ગુરુતમ (૯) નવ તાસને બદલે (૧૦) દસ તાસની સોંપણી કરી હોય તો મંજૂર રાખવાનું સ્વીકારવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૩) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં કામ કરતા ખંડ-સમયના શિક્ષકોને જે વેતન-પગાર મળે છે તે પ્રમાણે કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોના ખંડસમયના શિક્ષકોને વેતન-પગાર ચૂકવવા અંગે સરકારશ્રી અનુદાન અંગે આખરી નિર્ણય લે કે ન લે તોપણ તેઓને ઉપર જણાવેલ વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોના ખંડ-સમયના શિક્ષકોની જેમ જ વેતન ચૂકવવા માટે આગ્રહ રાખવો.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની ઉપરોક્ત ભલામણો પૈકી ભલામણ નં. ૨ મુજબ કોઈ ફેરફાર ન કરતાં ખંડ સમયના શિક્ષકોની ગુરુતમ ૯ તાસના કાર્યભારની જે જોગવાઈ હાલ છે તે યથાવત રાખવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપરોક્ત ભલામણ નં. ૩ પરની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૧. આર. આર. લાલન કૉલેજ, ભૂજનાં વિદ્યાર્થિની કુ. ભટ્ટ હંસા કાન્તિલાલે એપ્રિલ, ૧૯૮૨માં ફર્સ્ટ બી.એ. પરીક્ષામાં એ.ટી.કે.ટી. મેળવ્યા બાદ ૧૯૮૨-૮૩ના વર્ષ દરમ્યાન સેકન્ડ બી.એ.નાં સત્રો ભરી એપ્રિલ, ૧૯૮૩માં સેકન્ડ બી.એ.ની પરીક્ષા પસાર કર્યા બાદ એફ.વાય.બી.એ.ના બાકી રહેલ એ.ટી.કે.ટી. સાથે ઉત્તીર્ણ થયા સિવાય

ટી.વાય.બી.એ. પરીક્ષાના ૧૯૮૩-૮૪ના શૈક્ષણિક વર્ષમાં ભરેલ સત્રો માન્ય કરવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. વિદ્યાર્થિનીએ એપ્રિલ, ૧૯૮૩ સુધીમાં ફર્સ્ટ બી.એ.ની એ.ટી.કે.ટી.ની પરીક્ષા પસાર કરવી જરૂરી હતી.

૨. વિદ્યાર્થિનીનું સેકન્ડ બી.એ. પરીક્ષા, એપ્રિલ, ૧૯૮૩નું પરિણામ ઑર્ડિ. ૧૨૭ અન્વયે જાહેર થઈ શકે નહિ, પરંતુ ઑર્ડિ. ૧૪૬ અન્વયે સમયમર્યાદા વીતી ગઈ હોવાથી જાહેર થયેલ પરિણામમાં ફેરફાર થઈ શકે નહિ.

૩. ક્રમાંક ૧ અને ૨ માં જણાવેલ હકીકતના સંદર્ભમાં થર્ડ બી.એ. પરીક્ષામાં કૉલેજનો પ્રવેશ રદ ગણી સત્રો રદ કરવાની વિચારણા થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસના ખાસ વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈ કુ. ભટ્ટ હંસા કાન્તિલાલને ટી.વાય.બી.એ.ની માર્ચ/એપ્રિલ ૧૯૮૫માં થનાર પરીક્ષામાં ફરીથી સત્રો ભર્યા વિના બેસવા માટે પાત્ર ગણવાં.

૨૨. પુનર્મૂલ્યાંકન પ્રથા છેલ્લાં બે વર્ષથી પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવામાં આવેલ હોઈ તે અંગે હવે કાયમી ધોરણે નિર્ણય લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પુનર્મૂલ્યાંકનની પ્રથા હાલ જે પરીક્ષાઓ માટે અપનાવવામાં આવે છે તેમાં હાલને તબક્કે કશો ફેરફાર કરવો નહીં.

૨૩. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન મેડિકલ કૉલેજ ઉપર કાન, નાક અને ગળાને લગતા પ્રોબ્લેમના વિષય પર "Chandrakant Desai Oration" નામથી વ્યાખ્યાન યોજવા અંગે રૂ. ૧૦,૦૦૦ (અંકે રૂપિયા દશ હજાર પૂરા)નું પ્રદાન આપવાની ધી એસોશિયેશન ઑફ ઑટોલરીનજોલોજિસ્ટ ઑફ ઇંડિયા તરફથી આવેલ તેમના તા. ૧૧–૧૨–૧૯૮૪ના પત્રથી આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત પ્રદાનનો, Scroll પ્રદાન કરવાની શરત બાદ કરીને સદરહુ દરખાસ્ત સ્વીકારી શકાશે એમ સદરહુ પ્રદાનના દાતાને જણાવવું અને આ બાબતમાં જરૂરી નિયમો ઘડીને તેનો મુસદ્દો તેમને મોકલીને તેમની સંમતિ મળ્યેથી આગળની કાર્યવાહી કરવી.

૨૪. બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોના શિક્ષકો માટે રજાઓના નિયમો નક્કી કરીને ૧૯૮૪–૮૫ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવાનું જાણ કરતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૮–૮–૧૯૮૪ના ઠરાવ ક્રમાંક એનજીસી ૧૫૮૦/૭૬૨૦૧/કે.એચ. પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવાનું રાખવું.

૨૫. રાજ્ય સરકારના તા. ૧૨–૧૨–૧૯૮૪ના પત્રાંક GR No. MCG-1084/5440-Jના ઠરાવથી કેન્દ્ર સરકાર દ્વારા અનામત જગા પર નિયુક્ત થયેલ વિદ્યાર્થીઓએ ઉચ્ચતર માધ્યમિક (હાયર સેકન્ડરી) ધો. ૧૨ (૧૦ + ૨)ની પરીક્ષા અંગ્રેજી, ફિઝિક્સ, કૉમર્સ અને બાયોલોજી વિષય સાથે પસાર કરનાર વિદ્યાર્થીઓને

ફર્સ્ટ એમ.બી.બી.એસ.; બી.ડી.એસ.ના વર્ગમાં પ્રવેશ આપવા અંગેના સરકારી ઠરાવ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતમાં લંબાણ ચર્ચા-વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની પરીક્ષા પસાર કર્યા બાદ યુનિવર્સિટીના જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની પ્રવર્તમાન જોગવાઈઓ જોતાં રાજ્ય સરકારના ઉપરોક્ત જી.આર. અંગે રાજ્ય સરકારને ઘટતો પત્ર લખીને તેમનું ધ્યાન ખેંચવું કે યુનિવર્સિટીમાં પ્રવેશપાત્રતા અંગેનાં ધારાધોરણો ઘડવાની સત્તા યુનિવર્સિટી ધારાની જોગવાઈ મુજબ યુનિવર્સિટીને હસ્તક હોઈ તેમનો સદરહુ ઠરાવ રદબાતલ થવાને પાત્ર છે અને તેથી તેને વિનાવિલંબે પાછો ખેંચી લેવા માટે સૂચવવું.

૨૬. ઑર્ડિ. ૧૨૦-સી આ સાથે જોડ્યા પ્રમાણે સુધારવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૧૨૦-સી મંજૂર કરવો.

(સુધારેલા ઑર્ડિ. ૧૨૦-સીની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૭. ઇજનેરી વિદ્યાશાખામાં "સ્વ. પ્રો. વી. કે. કુલકર્ણી પારિતોષિક" અંગે નીચે જણાવેલ બાબતો પર વિચારણા કરવા બાબત :

(૧) સદરહુ પારિતોષિકના દાતા શ્રી. સી. એચ. શાહ તરફથી સૂચવવામાં આવેલ સુધારાઓ પર વિદ્યાશાખાના ડીન તરફથી આવેલ અભિપ્રાયના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

(૨) ઉપરોક્ત સુધારાના સંદર્ભમાં આ પારિતોષિકનો અમલ એપ્રિલ, ૧૯૮૪થી કરવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવેલ હોઈ ઑક્ટોબર, ૧૯૮૩માં લેવાયેલ સેમે. ૭ની પરીક્ષાના વિદ્યાર્થીને પારિતોષિક એનાયત કરવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(૩) ઉપરોક્ત સુધારાને અનુલક્ષીને એપ્રિલ, ૧૯૮૪માં લેવાયેલ સેમેસ્ટર-૮ પરીક્ષાના વિદ્યાર્થીને— નં. ૩૦ રંગવાલા કેતકી શાંતિલાલને જાહેરનામા નં. ૯૭૦થી જાહેર કરવામાં આવેલ સદરહુ પારિતોષિક રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પારિતોષિક અંગે—

(૧) દાતાએ તેમ જ વિદ્યાશાખાના અધ્યક્ષે આપેલ અભિપ્રાયના સંદર્ભમાં સદરહુ સુધારા મંજૂર કરવા. (પારિતોષિકની સૂચિત સુધારા સાથેની નકલ આ સાથે **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

(૨) આ પારિતોષિક ૧૯૮૩—૮૪ના વર્ષ માટે હોવાથી ઑક્ટોબર ૧૯૮૩ની પરીક્ષામાં જે વિદ્યાર્થી તે મેળવવાને પાત્ર હોય તેને એનાયત કરવાનું રાખવું.

(૩) એપ્રિલ ૧૯૮૪માં લેવાયેલ સેમિસ્ટર-૮ની પરીક્ષામાં વિદ્યાર્થિની નં. ૩૦-રંગવાલા કેતકી શાંતિલાલને જે જાહેરનામા નં. ૯૭૦ થી સદરહુ પારિતોષિક આપવાનું જાહેર કરવામાં આવેલ છે તે જાહેરનામું રદ કરવું.

૨૮. ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એ. અને પીએચ.ડી.માં સંસ્કૃત વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને "ડૉ. ઇન્દુકલાબેન ઝવેરી શિષ્યવૃત્તિ" એનાયત કરવા અંગે ચેરમેન, સદ્‌ગુરુ ઇન્દુકલા ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)નું પ્રદાન આપવાની આવેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૯. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧-૧૨-૧૯૮૪ ની સભામાં યુનિવર્સિટીના ૧૯૮૩-૮૪ ના વર્ષનો ૩૪મો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે નીમેલ સમિતિએ તૈયાર કરેલ મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનો ૩૪મો વાર્ષિક હેવાલ મંજૂર કરવો અને તે યુનિવર્સિટી કોર્ટની વિચારણા માટે મોકલવો.

૩૦. વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (પ્રિ.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે આણું જોડાણ માટેની અરજી.

(એ. કા. બા. ક્ર. ૪૨).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એડ. (પ્રિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫ થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંડ ફંડ, ગ્રેજ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્રમાં આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે. તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. બી.એસસી. (સ્પે.) માં ઇલેક્ટ્રોનિક વિષયના વધારાના જોડાણ માટે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી આવેલી અરજી અંગે વિચારણા કરવા બાબત.

(એ.કા.બા.ક્ર.૨૭).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૮૫

સુધીમાં કરે તો તેને ટી.વાય.બી.એસસી.માં ઇલેક્ટ્રોનિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-'૮૫થી તા. ૧૪-૬-૧૯૮૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) જૂન, ૧૯૮૪ માં કરેલ બે વ્યાખ્યાતાની નિમણૂક ઉપરાંત બીજા બે વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે,

(૨) લેબોરેટરી આસિસ્ટન્ટ–એક

(૩) ટેકનિકલ આસિસ્ટન્ટ – એક

(૪) પટાવાળા – એક

(**નોંધ.**—વધારાની નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી હોય તો તેની જાણ કરવામાં આવે.);

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં ઇલેક્ટ્રોનિક્સ વિષય માટે રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે તથા જરૂરી સામયિકો મંગાવવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમના તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. બીજા અને ત્રીજા વર્ષમાં પ્રાયોગિક કાર્ય માટે વધુમાં વધુ ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૭. યાદીમાં જણાવ્યા પ્રમાણેનાં સાધનો વસાવવામાં આવે;

૮. આ વિષયમાં વધુમાં વધુ પ્રત્યેક વર્ગ દીઠ ૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે; અને

૯. યોગ્ય ઇલેક્ટ્રિક ફિટિંગ્સ સાથેની અલાયદી પ્રયોગશાળા (વર્કશોપ સાથેની) ઊભી કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી,

૩૨. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (સબો.)માં સંસ્કૃત અને બી.એસસી. (જન.)માં વનસ્પતિ વિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક્ર. ૩).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એ. (સબો.)માં સંસ્કૃત અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૫થી કાયમી જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમમાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને,

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ડ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે. તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે".

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક્ર. ૪).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૮૫ સુધીમાં કરે તો તેને એફ.વાય.બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તારીખ ૧૫–૬–૧૯૮૫ થી તા. ૧૪–૬–૧૯૮૭ સુધીનું વધારાનું

જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

૧. ગૃહવિજ્ઞાનના ત્રણ વ્યાખ્યાતાઓ (તબક્કાવાર)
એક એફ.વાય.માં; એક એસ.વાય.માં અને એક ટી.વાય.માં

૨. જનરલ સાયન્સ માટે પૂરા સમયના એક કે ખંડસમયના બે વ્યાખ્યાતાઓ
(નવી નિમણૂંકો કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.);

૨. ગૃહવિજ્ઞાન વિભાગ માટેનાં સાધનો માટે રૂ. ૨૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પ્રયોગશાળાઓ માટેના ઓરડાઓ તથા વ્યાખ્યાનખંડોની યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જોગવાઈ કરવામાં આવે;

૪. પૂરતી હવાઉજાસવાળી તથા જરૂરી સાધનોથી સજ્જ એવી ફૂડ ન્યુટ્રિશન, હોમ મેનેજમેન્ટ ક્લોથિંગ ઍન્ડ ટેક્ષટાઈલ તથા જનરલ સાયન્સની ચાર પ્રયોગશાળાઓનો પ્રબંધ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે. અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. ગૃહવિજ્ઞાનના વિવિધ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૩૦૦૦નો તથા સામયિકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. બી.એસસી. (સંપ.)માં ઇલેક્ટ્રોનિક્સ વિષયના વધારાના જોડાણ માટે શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી આવેલ અરજી (એ.કા.બા.ક્ર. ૩૭).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૧-૧૯૮૧ સુધીમાં કરે તો તેને ટી.વાય.બી.એસસી.માં ઇલેક્ટ્રોનિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૮૧થી તા. ૧૪-૬-૧૯૮૩ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :
   (૧) જૂન, ૧૯૮૪માં કરેલ બે વ્યાખ્યાતાની નિમણૂંક ઉપરાંત બીજા બે વ્યાખ્યાતાની નિમણૂંક
   (૨) લેબોરેટરી આસિસ્ટન્ટ
   (૩) ટેક્નિકલ આસિસ્ટન્ટ
   (૪) પટાવાળા-એક

   (નોંધ.—વધારાની નિમણૂંક માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં ઇલેક્ટ્રોનિક્સ વિષય માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા જરૂરી સામયિકો મંગાવવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે. તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂંક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. બીજા અને ત્રીજા વર્ષમાં પ્રાયોગિક કાર્ય માટે વધુમાં વધુ ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે,

૭. યાદીમાં જણાવ્યા પ્રમાણેનાં સાધનો વસાવવામાં આવે;

૮. આ વિષયમાં વધુમાં વધુ પ્રત્યેક વર્ગ દીઠ ૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે; અને

૯. યોગ્ય ઇલેક્ટ્રિક ફિટિંગ્સ સાથેની અલાયદી પ્રયોગશાળા (વર્કશોપ સાથેની) ઊભી કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાશિનોર તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, ઇતિહાસ તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૬).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાશિનોર, નિમણૂંક અંગેની શરત સંહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એ (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫ થી તા. ૧૪-૬-૧૯૮૮ સુધીનું ચાલુ તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, ઇતિહાસ અને બી.એ (સબો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫ થી તા. ૧૪-૬-૧૯૮૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑ. ૧૨૦–એમાં જણાવેલ કાર્યભારના સંદર્ભમાં હિન્દી, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના વિષયો માટે નવી નિમણૂંક કરવામાં આવે;

(નવી નિમણૂંક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કૅલેન્ડર કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. હિન્દી અને ઇતિહાસના વિષય માટે રૂ. ૩,૦૦૦નો અને આંકડાશાસ્ત્રના વિષય માટે રૂ ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પગારધોરણ મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂંક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.'

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૬. આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભિલોડા તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (પ્રિન્સ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો)માં સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકા. ઍન્ડ ઑડિટિંગ તથા બી. કૉમ. (ગૌણ)માં સહકાર અને એસ.પી.ના અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર.૩૯).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભિલોડા નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૩–૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતી અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ. (ગૌણ)માં સહકાર અને એસ.પી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫ થી તા. ૧૪-૬-૧૯૮૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના ખંડસમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(**નોંધ**—નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમમાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવતર્ક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમ સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૭. ડીસા નગરપંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (સબો.)માં ઇતિહાસનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૭).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડીસા નગર પંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ડીસા નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ

તે રીતે તા. ૧૫-૫-૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એ. (સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫થી તા. ૧૪-૬-૧૯૮૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) ઇતિહાસના એક વ્યાખ્યાતા

(૨) ગુજરાતીના એક ખંડસમયના વ્યાખ્યાતા

(૩) રાજ્યશાસ્ત્રના ,, ,,

(૪) કોમર્સના ,, ,,

(**નોંધ.**—નવી નિમણૂંકો કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે)

૨. કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી ભૌતિક સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઇતિહાસનાં પુસ્તકો ખરીદવા માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે અને ઇતિહાસના વિષયને લગતાં ઓછામાં ઓછા બે સામયિકો મંગાવવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ડ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે. અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે. તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૮. એમ. ઍન્ડ વી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હાલોલ તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (સબો.)માં સંસ્કૃતનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટે અરજી (એ.કા.બા.ક્ર. ૮).

અકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન્ડ વી. આર્ટ્સ અને કોમર્સ કોલેજ, હાલોલ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૩-૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એ. (સમા.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫થી ૧૪-૬-૧૯૮૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે અકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૯. ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ અને પી. એન. પટેલ કોમર્સ કોલેજ, ઈડર તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ (પ્રિન્સ.)માં મનોવિજ્ઞાન, બી.કોમ.(મુખ્ય)માં એડવાન્સ સ્ટેટિસ્ટિક્સ, એડવાન્સ બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમ શીખવવા ચાલુ જોડાણ માટે તથા બી.કોમ. (ગૌણ) માં સહકારના અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૩૨).

અકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ અને પી. એન. પટેલ કોમર્સ કોલેજ, ઈડર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૩–૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, બી.કોમ. (મુખ્ય)માં એડવાન્સ સ્ટેટિસ્ટિક્સ તથા એડવાન્સ બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫થી કાયમી જોડાણ તથા બી.કોમ. (ગૌણ)માં સહકારના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫–૬–૧૯૮૫થી તા. ૧૪–૬–૧૯૮૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૨) કોમર્સ એકાઉન્ટ્સના એક વ્યાખ્યાતા
   (૩) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૪) સહકારના એક વ્યાખ્યાતા

   [નોંધ.—નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવી યુનિવર્સિટી તેની જાણ કરવામાં આવે.]

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમના પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં સહકારના વિષયના રૂ. ૨૦૦૦ના પુસ્તકોની ખરીદી કરવામાં આવે;

૫. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઇટી અને ઘરભાડું ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૦. સી. એન. આર્ટ્સ અને બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૮૫થી બી.એ.(સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી

(એ.કા. બા. ક્ર. ૪૦.)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. એન. આર્ટ્સ અને બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એ. (સબો.) સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૫થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમના પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦ના આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૧. શ્રી એસ ડી આર્ટ્સ અને બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા તરફથી બી.કૉમ.(ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૯).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. ડી. આર્ટ્સ અને બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૫—૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૫થી તા. ૧૪—૬—૧૯૮૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના વિષયમાં ઑર્ડિ. ૧૨૦—એ અનુસાર કાર્યભારની વહેંચણી કરી શકાય તે પ્રમાણે જરૂરી અધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

[**નોંધ.**—નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.]

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમના પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. આંકડાશાસ્ત્રના વિષયના પુસ્તકો માટે રૂ. ૨૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે અને આંકડાશાસ્ત્રને લગતા ઓછામાં ઓછા બે સામયિકો મંગાવવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષણવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૪ પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, તત્ત્વજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં અંગ્રેજી, હિન્દી, મનોવિજ્ઞાન; બી.કૉમ (મુખ્ય)માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગ તથા બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

(એ. કા. બા. ક્ર. ૫)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૩-૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, તત્ત્વજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં અંગ્રેજી, હિન્દી, મનોવિજ્ઞાન; બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગ તથા બી.કૉમ. (ગૌણ)માં એસ પી અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫થી તા. ૧૪-૬-૧૯૮૭ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક પૂર્ણ સમયના અને એક ખંડસમયના વ્યાખ્યાતા

(૨) એકાઉન્ટન્સીના પૂરા સમયના વ્યાખ્યાતા

(૩) અર્થશાસ્ત્રના એક ખંડસમયના વ્યાખ્યાતા (નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને એની જાણ કરવામાં આવે);

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ખોખામાં ખોખા રૂ. ૪૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. શિક્ષકોને ગેન કમિશનના મૂળ પગારના તફાવતની રકમની ચુકવણી સત્વરે કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૫. ધી ગુજરાત કૅન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૪થી યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ અન્વયે માન્યતા માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૨૨).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૅન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૩-૧૯૮૧ સુધીમાં કરે તો તેને (૧) સર્જરી, (૨) મેડિસિન, (૩) ગાયનેકોલોજી, (૪) રેડિયોથેરપી, (૫) પેથોલોજી, (૬) ઇમ્યુનોલોજી અને (૭) સેલ બાયોલોજીના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા તા. ૧૫-૬-૧૯૮૪ થી તા. ૧૪-૬-૧૯૮૬ સુધીની માન્યતા આપવા માટે ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. નીચે પ્રમાણેની નિમણૂંકો કરવામાં આવે:

(૧) અધ્યક્ષશ્રી (પીએચ.ડી. માટેના માર્ગદર્શક શિક્ષકની પાત્રતા ધરાવતા)

(૨) એક રીડર ,, ,, ,,

(૩) આવશ્યક રિસર્ચ ફેલોઝ

૨. જરૂરી સુવિધા સાથેના મકાનની વ્યવસ્થા કરવામાં આવે;

૩. જરૂરી સાધનોથી સુસજ્જ પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ઑર્ડિ ૧૨૦-સીની નીચે મુજબની કંડિકા અનુસાર ગ્રંથાલય સુસજ્જ કરવામાં આવે:

O. 120-C (3):

"That it has a well-equipped Library with an adequate number of books periodicals, old numbers of periodicals, manuscripts, if necessary etc. in the subject."

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, પ્રો. ફંડ તેમજ ગ્રેચ્યુઇટી ફંડના લાભો આપવામાં આવે અને રજા તેમ જ નિવૃત્તિ અંગેના યુનિવર્સિટીના નિયમો સહિત તમામ ધારાધોરણોનો અમલ કરવામાં આવે, અને

૬. ગ્રંથાલયમાં પુસ્તકો માટે રૂ. ૫૦,૦૦૦ (રૂ. પચાસ હજાર)નો ખર્ચ કરવામાં આવે".

(**નોંધ.**—આઠમા વિષય તરીકે "બાયોકેમિસ્ટ્રી"માં માન્યતા માગી છે પરંતુ તે વિષય વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ આવતો હોવાથી તે વિષયમાં તે વિદ્યાશાખા હેઠળ માન્યતા આપવા માટેની કાર્યવાહી કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૯-૧-૧૯૮૫ની સભામાં વિચારણા કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં માવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૮૬. સંલગ્ન કૉલેજોમાં યુવક મહોત્સવ અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિકાસ માટે ઑર્ડ. ૧૫૯ અન્વયે યુનિયન ફી લેવાય છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—હાલ યુનિયન ફી રૂ. ૫/- છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૮૭. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧-૧૨-૧૯૮૪ની સભામાં સ્વીકારવામાં આવેલ બી.ઇ. (ઇલેકટ્રોનિકસ) પદવી પરીક્ષામાં "શેઠ મણિલાલ શામળદાસ ચંદ્રક" એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૮૮. યુનિવર્સિટી કેમ્પસમાં પ્રોફેશનલ ડેવલપમેન્ટ ઍન્ડ રિસર્ચ સેન્ટર માટે આશરે ૧૨૦૦૦ ચો. ફૂટ જગ્યા ફાજલ પાડીને તેના બાંધકામની જવાબદારી યુનિવર્સિટી તરફથી સ્વીકારવામાં આવે, જે માટે એક ટ્રસ્ટ તરફથી પ્રસ્તુત કેન્દ્ર માટે રૂ. આઠ લાખ તથા નીચેની ચાર સહયોગી સંસ્થાઓ વધુ રૂપિયા આઠ લાખનું ભંડોળ એકત્રિત કરીને તે ભંડોળમાંથી કેન્દ્રનું મકાન, ઇ. બાંધવા માટે તથા અન્ય ખર્ચાઓ માટેની જોગવાઈ કરવામાં આવશે. એ મતલબના ઇન્સ્ટિટ્યૂટ ઑફ કંપની સેક્રેટરીઝ ઑફ ઇન્ડિયાના ભૂતપૂર્વ પ્રમુખશ્રી ચીનુભાઈ આર. શાહના તા. ૧૦–૧૧–૧૯૮૪ના પત્રથી આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચા-વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ બાબતમાં સર્વ પાસાં જોઈ-તપાસીને સુચિંતિત અને વિગતવાર આંકડાકીય અંદાજ સહિત રજૂ કરવાનું રાખવું.

૮૯. આચાર્યશ્રી દર્શનસિંગ શીખે તેમના તા. ૩૧-૧-૧૯૮૫ના પત્રથી નીચેનો પ્રસ્તાવ વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટી ઍક્ટ અને ટ્રિબ્યુનલની જોગવાઈના અનુસંધાનમાં ઑર્ડિનન્સ ૧૨૦-ડી અંગે વિચારણા કરવા બાબત :

નોંધ.— ઑર્ડિ. ૧૨૦-ડી ની કલમ ૧ થી ૨૦, ૨૬ અને છેલ્લો પેરા અમલમાં રહેતા નથી એવો કાનૂન સમિતિની તા. ૪-૧-૧૯૭૪ની સભાના અભિપ્રાય પરત્વે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૫—૧—૧૯૭૪ની સભામાં બાબત ક્રમાંક ૧૨૦થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી કાનૂન વિષયક સમિતિની તા. ૪-૧-૧૯૭૪ની સભાની ભલામણો મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કૉલેજોના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૯૦. સર્વશ્રી કનુભાઈ શાહ અને શરદ પટેલના નીચેના પ્રસ્તાવ પરત્વે વિચારણા કરવા બાબત:

"સંલગ્ન કૉલેજોના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે લાગુ પાડેલ ગ્રૂપ ઇન્સ્યોરન્સ યોજના યુનિવર્સિટીના શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓને લાગુ પાડવાનું આ સભા ઠરાવે છે અને તે અંગેની આનુષંગિક કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે ઘટતી વિચારણા કરીને તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૧. અભ્યાસ સમિતિની રચના અંગેના સ્ટે. ૪ના અર્થઘટન બાબતમાં ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની રચના અંગે ડૉ. એન. ટી. દેસાઈએ રાજ્ય સરકારશ્રીને મોકલવા યુનિવર્સિટીને રજૂઆત મોકલી હતી. તે પરથી યુનિવર્સિટી ધારાની કલમ ૫૮ મુજબ રાજ્ય સરકારને રેફરન્સ કરવામાં આવતાં તે અભ્યાસસમિતિની રચના રદ કર્યાના રાજ્ય સરકારના તા. ૧૧—૭—૧૯૮૪ના ચુકાદાની શિક્ષણ વિભાગ તરફથી યુનિવર્સિટીને જાણ કરવામાં આવેલી. આ ચુકાદામાં સ્ટે. ૧૧૧ સાથે સ્ટે. ૧૩૭ વાંચીને અભ્યાસસમિતિ પર સભ્યો કો-ઑપ્ટ કરવા ઠરાવ્યું હોઈ સદરહુ બાબત અંગે જરૂરી વિચારણા કરવા બાબત. સ્ટે. ૧૧૧નો પાઠ નીચે મુજબ છે :

St. 111 : The persons to be copted by a particular Board of studies shall be elected at the meeting of that particular Board of Studies under the relevent statutes.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના ઉપરના ચુકાદાને અનુલક્ષીને સ્ટે. ૧૧૧માં નીચે મુજબનો સુધારો કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

St. 111 : The persons to be co-opted by a particular Board of Studies shall be co-opted at the meeting of that particular Board of Studies under the relevant statutes.

૯૨. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના રીડર શ્રી. પી. વી. દેસાઈને એસ. પી. જૈન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ રિસર્ચ, મુંબઈમાં પ્રોફેસર તરીકે તા. ૧૮–૮–૧૯૮૧ થી કામ કરવા માટે નીચેની શરતે પદાધિકાર (Lien) સાથેની બે વર્ષની બિનપગારી રજા આ સભાગૃહના તા. ૪–૭–૧૯૮૧ના ઠરાવથી મંજૂર કરવામાં આવી હતી અને તેથી તેમને તા. ૧૮–૮–૧૯૮૩ થી તેમની અહીંની રીડરની જગ્યા પર પાછા ફરવું આવશ્યક હતું; પરંતુ તેમ ન કરતાં તેમણે તેમની તા. ૩–૧–૧૯૮૪ના પત્રથી કરેલી શરત નં. ૪ મુજબ રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) અને રૂ. ૭૮૭૬–૯૫ (ત્રણ માસના નોટિસ પગાર તરીકે) ભરપાઈ કરવામાંથી મુક્તિ આપવા અંગેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી, કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના રીડર શ્રી પી. વી. દેસાઈનું રાજીનામું તા. ૧૮–૮–૧૯૮૩થી નોટિસ પે વસૂલ કરીને મંજૂર કરવું અને વધુમાં તેમણે જે રકમ ઉપરોક્ત શરત નં. ૪ મુજબ ભરપાઈ કરવાની રહે છે તે રકમ ભરપાઈ કરવામાંથી મુક્તિ આપવાની તેમની વિનંતી માન્ય રાખવી નહીં.

૯૩. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૩૦/૩૧–૩–૧૯૮૪ની વાર્ષિક સભામાં સુધારેલ સ્ટે. ૧૨ અંગે શિક્ષણ વિભાગના ઉપસચિવશ્રીના તા. ૫–૧૨–૧૯૮૪ના પત્રથી સ્પષ્ટતા માગેલ છે. તેના સંદર્ભમાં સ્ટે. ૧૬૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

Statute 164 :

In the case of public associations or bodies specified in sub-caluse (C) of clause (*ii*) of Section 16(A) Class II, after each nomination has been scrutinized, a voting paper together with a smaller cover and a bigger cover bearing a certificate of identity shall be sent by the Registrar by post to each of the said public associations or bodies for the recording of their votes. In all cases each of the said public associations or bodies in its corporate capacity shall have as many votes as there are seats to be filled in and the voting shall be by the system of propresentation by means of a single transferable vote by ballot according to Section 54 of the Act. The certificate of identity shall be completed in the manner proseribed by St. 155.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૬૪ ઉપર પ્રમાણે સુધારવા કોર્ટને ભલામણ કરવી.

૯૪. મ્યુનિસિપલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી જૂન ૧૯૮૫ થી વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાનું વિભાગીકરણ કરવા તથા અલગ પડનાર વિનયન વિદ્યાશાખા સાથે વિજ્ઞાનની નવી વિદ્યાશાખા શરૂ કરવા માટે તેમજ બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને બી.એ. (સબો.) ડિફેન્સ સ્ટડીઝના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૮૫ સુધીમાં કરે તો તેને વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાનું વિભાગીકરણ કરવા તથા વિભાગીકરણને અંતે અલગ થનાર વિનયનની વિદ્યાશાખા સાથે વિજ્ઞાનની વિદ્યાશાખાનું સંયોગીકરણ કરવા માટે તેમજ બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી તથા બી.એ. (સબો.)માં ડિફેન્સ સ્ટડીઝના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫ થી તા. ૧૪-૬-૧૯૮૭ સુધીનું ચાલુ-વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) વાણિજ્યની કૉલેજ માટે લાયકાત ધરાવતા આચાર્ય (વિજ્ઞાન વિદ્યાશાખા માટે)

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૪) હિન્દીના એક વ્યાખ્યાતા

(૫) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૬) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૭) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૮) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યતા

(૯) રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર

(૧૦) ભૌતિકવિજ્ઞાન એક ડેમોન્સ્ટ્રેટર

(૧૧) જીવવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર

(૧૨) રસાયણ, ભૌતિક અને જીવવિજ્ઞાન અને પ્રત્યેકના એકએક લેબ. આસિ.

(૧૩) વ્યાયામ શિક્ષક

(૧૪) ગ્રંથપાલ

[**નોંધ :** નવી નિમણૂંક માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી તેમ કર્યાની જાણ કરવામાં આવે.];

૨. પ્રત્યેક કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે રહેશે :

(ક) વિદ્યાર્થી દીઠ આઠ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(ખ) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(ગ) શિક્ષકો માટેનો ખંડ

(ઘ) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો;

(ડ) વિદ્યાર્થિનીઓની સંખ્યા ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો);

(ચ) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થીદીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય;

(છ) પ્રત્યેક કૉલેજદીઠ આચાર્ય માટેનો અલાયદો ખંડ

(જ) પીવાના પાણી માટેનો ખંડ

(ઝ) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. વિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૧,૫૦,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

૫. અંગ્રેજીનાં પુસ્તકો અને સામાયિકો રૂ. ૩,૦૦૦ અને ડિફેન્સ સ્ટડીઝનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, તે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચો. વા. જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ થતી કૉલેજના આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. જુદી પડતી કૉલેજના આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિન-શિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝક્યુટિવ કાઉન્સિલ/ ૧૩૯૨૭/૧૯૮૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯,
તા. ૨૫-૨-૧૯૮૫.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૨૬

Ordinance 120—C :

(A) An institution other than a college applying for recognition as a institution of research or specialised studies shall satisfy the Executive Council in the first instance regarding the following requirements :

(1) That it has at least five years' standing as an institution of higher learning and research in the subject to its credit.

(2) That it has on its roll the following minimum staff in the subject :

(*i*) Director in the scale of Rs. 1500—60—1800—100—2000—125/2—2500,

(*ii*) In addition to Director, one teacher in the scale of Reader and one teacher in the scale of Lecturer.

(*iii*) Adequate number of research fellows with a consolidated fixed pay *prescribed by the University.*

(3) That it has a well-equipped library with an adequate number of books, periodicals, old numbers of periodicals, manuscripts, if necessary, etc., in the subject.

(4) That in the case of experimental subjects it has adequate Laboratory and/or museum facilities for post-graduate teaching and research.

(5) That it has adequate quantum of published work through the research activities of its staff in the form of research papers, articles, reports, etc.,

(B) All application for recognition, extension of recognition or continuation of recognition of an institution shall be sent to the Registrar in the form prescribed by the Executive Council so as to reach him on or before the first of August of the year preceding the year from which recognition is intended to take effect.

Every application for recognition shall be accompanied with a deposit of Rs. 1,000/— provided, however, that application for continuation or extension of recognition shall be only Rs. 200/—. This deposit will be returned after the application is finally disposed off but will be forfeited in case the application is withdrawn or the recognitian asked for is not accepted. No request for postponement of consideration of the application for recognition, renewal of recognition or extension, of recognition as the case may be, shall be entertained.

The Executive Council may however, consider any application received after the aforesaid date for reasons deemed sufficient by it.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૨૬

"સ્વ. પ્રો. વી. કે. કુલકર્ણી પારિતોષિક"

દાતાનું નામ	: શ્રી. સી. એચ. શાહ,
તથા સરનામું	: કન્વીનર, પ્રો. વી. કે. કુલકર્ણી સ્મૃતિ કમિટી, ૨, મિલ ઑફિસર્સ કૉલોની, ઘા–ગજજર ચેમ્બર્સ પાછળ, આશ્રમરોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૯.
દાનની રકમ	: રૂ. ૭,૫૦૦/- વત્તા રૂ. ૭૫૦ વર્ષ ૧૯૮૪ની પરીક્ષા માટે
દાનનો પ્રકાર	: એક પારિતોષિક
દાનનો સ્વીકાર	: યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તા. ૧૨–૧–૧૯૮૪ની સભામાં બાબત ક્રમાંક ૧૯થી સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "સ્વ. પ્રો. વી. કે. કુલકર્ણી પારિતોષિક"એ નામનું રૂ. ૭૧૦/-નું એક પારિતોષિક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની બી.ઈ. (સિવિલ) સેમેસ્ટર–૭ પદવી પરીક્ષાના સ્ટ્રક્ચરલ એનાલિસિસ, પેપર–૩ (Structural Analysis–III)ના વિષયમાં યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. જો સૌથી વધારે ગુણ મેળવનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હોય તો પારિતોષિકની રકમ સરખા ભાગે આપવામાં આવશે;

૨. પારિતોષિક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે જાહેર કરવામાં આવશે;

૩. વિજેતાને પારિતોષિક આપવામાં તેની જાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહિ;

૪. પારિતોષિક આપવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે કરવા તેને અધિકાર રહેશે;

૫. આ દાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા જેટલી રકમ કપાત કરીને તે રકમ યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે;

૬. આ દાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૭. જો સ્ટ્રક્ચરલ એનાલિસિસ પેપર–૩ (Structural Analysis–III)નો વિષય સેમેસ્ટર–૭ને બદલે ભવિષ્યમાં બીજા કોઈ સેમેસ્ટરમાં તબદીલ થશે તો નિયમ નં. ૧માં તે પ્રમાણે ફેરફાર કરવામાં આવશે.

પરિશિષ્ટ "ગ/૧"
કામકાજ ક્રમાંક ૬૧

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૨૧—૧—૧૯૮૫ને સોમવારના રોજ ૧૨—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪. શ્રી. નરસિંભાઈ એમ. પરીખ	હાજર
૫. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૨૮—૧૧—૧૯૮૪ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૨૮—૧૧—૧૯૮૪ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સને ૧૯૮૪-૮૫ના સુધારેલ અંદાજપત્ર તેમ જ ૧૯૮૫-૮૬ના અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સને ૧૯૮૪—૮૫ના સુધારેલ અંદાજપત્ર તથા ૧૯૮૫—૮૬ના અંદાજપત્ર, સભામાં થયેલ સૂચનો મુજબના ફેરફાર સાથે મંજૂર કરવું.

૩. હિસાબ વિભાગ માટે પ્રિન્ટર ટાઈપ કેલ્કયુલેટર્સ નંગ એક મેથોડેક્સ સિસ્ટમ પ્રા. લિમિટેડ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજીખર્ચ રૂ. ૩,૧૧૦/- (રૂપિયા ત્રણ હજાર એકસોને દસ) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪. યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓ તથા અન્ય વેસ્ટ પેપરનો નિકાલ કરવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સૌથી વધુ ભાવ આપનાર વેપારીઓને, તેમના ટેન્ડરની શરતો મુજબ, એક વર્ષ માટે કામ સોંપવું.

ક્રમ	વેપારીનું નામ	એક કિલોના ભાવ રૂ. પૈસા	વસ્તુનું નામ	નોંધ
૧.	ગુજરાત માર્કેટિંગ કોર્પોરેશન	૪—૦૧	જૂની ઉત્તરવહીઓ	સૌથી વધુ ભાવ હોવાથી
૨.	ભદ્ર પસ્તી ભંડાર	૩—૭૧	જૂનો રેકર્ડ	,,
૩.	,,	૩—૮૧	છાપેલા ફર્મા	,,
૪.	,,	૧—૨૧	મોનો સ્પુલ પેપર	,,
૫.	,,	૪—૭૬	જૂના પંચિંગ કાર્ડ	,,
૬.	પેરેડાઈઝ વેસ્ટ સપ્લાયર્સ	૧—૪૬	સ્વિપિંગ	,,
૭.	,,	૪—૦૨	પ્રેસ કતરણ	,,
૮.	,,	૧—૪૧	છાપકામ દરમિયાન બગડેલા કાગળ-ઑઈલ કોટન વેસ્ટ	,,

૫. યુનિવર્સિટી કાર્યાલય માટે સ્કેનર મશીન નંગ એક મે. ઈન્ડિયન ડુપ્લિકેટિંગ કંપની પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજીખર્ચ રૂ. ૩૦,૦૦૦–૦૦ (રૂપિયા ત્રીસ હજાર) થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૬. કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય માટે તથા નિવાસસ્થાન માટે ટેલિફોન ઈન્સ્ટ્રુમેન્ટ્સ બદલવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના નિવાસસ્થાનના ટેલિફોન ઈન્સ્ટ્રુમેન્ટ્સ બદલવા અને આ અંગે રૂ. ૧,૨૫૦/- (રૂપિયા એક હજાર બસોને પચાસ)નો ખર્ચ મંજૂર કરવો.

૭. યુનિવર્સિટી માટે સ્ટીલ તથા વૂડન ફર્નિચર ખરીદવા માટે દૈનિકપત્રમાં જાહેરાત આપી ભાવ મંગાવવા કે વેપારીઓની પેનલ બનાવવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, સ્ટીલ ફર્નિચર તથા વૂડન ફર્નિચર જ્યારે જ્યારે ખરીદવાનાં થાય ત્યારે સંબંધકર્તા ઑર્ડિનન્સ મુજબ જરૂરી ટેન્ડર પત્રવ્યવહારથી કે વર્તમાનપત્રોમાં જાહેરખબર આપીને મંગાવવાનું રાખવું.

૮. યુનિવર્સિટીનાં એજ્યુકેશન મિડિયા રિસર્ચ સેન્ટરમાં ગુરુનાનક ભવનમાં ઇન્ટરકૉમ સિસ્ટમ માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૯. કૉમ્પ્યુટર વિભાગના વેક્ષ—૧૧—૭૩૦—કૉમ્પ્યુટરના કેટલા યુનિટ આયાત કરી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૦. કૉમ્પ્યુટર વિભાગના વેક્ષ—૧૧—૭૩૦—કૉમ્પ્યુટરના મે. સી.એમ.સી. લિમિટેડ સાથે વાર્ષિક ધોરણે નહિ પરંતુ કાયમી ધોરણે મેઇન્ટેનન્સ કૉન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કૉમ્પ્યુટર વિભાગના વેક્ષ—૧૧—૭૩૦ કૉમ્પ્યુટરના મેઇન્ટેનન્સ માટે મે. સી.એમ.સી. લિમિટેડ સાથે કાયમી ધોરણે મેઇન્ટેનન્સ કૉન્ટ્રાક્ટર કરવા.

ક્રમાંક ૧૧ થી ૨૧ બાબતની વિચારણા મુલત્વી રાખવામાં આવી હતી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જાડેજા
કુલસચિવવતી.

પરિશિષ્ટ " ગ/૨ "
કામકાજ ક્રમાંક ૬૧

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૨૮–૧–૧૯૮૫ને સોમવારના રોજ સવારના ૧૧–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૫. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગ માટે પંદર લાખ કાર્ડઝ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટર માટે હાલ ૧૦ લાખ કાર્ડઝ આઈ. ડી. એમ. કંપની પાસેથી સૌથી ઓછા ભાવ હોવાથી તેમ જ ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ રૂ. ૪૬–૬૦ પૈસા ૧,૦૦૦ એક હજારના દરે ખરીદવા.

૨. યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગ માટે કન્ટિન્યુઅસ સ્ટેશનરી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગ માટે ટેન્ડરમાં જણાવેલ શરતો અનુસાર માર્કસ સ્ટેટમેન્ટનાં ૧,૭૧,૦૦૦ ફોર્મ કિરણ પ્રિન્ટિંગ એન્ડ પેકિંગ, મુંબઈ પાસેથી તેમની પાસેથી ભૂતકાળમાં ખરીદવામાં આવેલ માલ સંતોષકારક જણાયેલ હોવાથી રૂ. ૨૫૩–૦૪ પૈસા ૧૦૦૦ ફોર્મોના ભાવે ખરીદવાનું રાખવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે (૧) ઑફિસ રજિસ્ટર, (૨) કોલેજ કોપીસિંગલ પાર્ટ તથા (૩) કોલેજ ઇન્ટર ઇવેલ્યુએશન માર્કસશિટ રજિસ્ટર ત્રણ પાર્ટમાં ખરીદવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના એરકન્ડિશન પ્લાન્ટનો મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ તા. ૧૫–૮–૧૯૮૪થી ૧૫–૮–૧૯૮૫ સુધી મે. વોલ્ટાસ લિમિટેડ સાથે કરવા અને આ અંગે રૂ. ૮,૭૫૦–૦૦ (રૂપિયા આઠ હજાર સાતસોને પચાસ)ના ખર્ચને મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના એરકન્ડિશન પ્લાન્ટ મે. વોલ્ટાસ બનાવટના હોવાથી તેમની સાથે મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ તા. ૧૫–૮–૧૯૮૪થી તા. ૧૫–૮–૧૯૮૫ સુધી કરવો અને આ અંગે રૂ. ૮,૭૫૦–૦૦ (રૂપિયા આઠ હજાર સાતસોને પચાસ)નું ખર્ચ મંજૂર કરવું.

૪. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ માટે એક વધુ ઈલેક્ટ્રિક ડુપ્લિકેટિંગ મશીન ગેસ્ટેટનર બનાવટનું મે. ઈન્ડિયન ડુપ્લિકેટિંગ કું. લિ. પાસેથી ખરીદવા વિચારણા કરવા બાબત. [આ અંગે રૂ. ૧૮,૦૦૦—૦૦ (રૂપિયા અઢાર હજાર)ના અંદાજી ખર્ચ થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ માટે એક નવું ઈલેક્ટ્રિક ડુપ્લિકેટિંગ મશીન ગેસ્ટેટનર બનાવટનું મે. ઈન્ડિયન ડુપ્લિકેટર કું. લિ. પાસેથી કંપની ભાવે અને શરતોએ ખરીદવું અને આ અંગે રૂ. ૧૮,૦૦૦ (રૂપિયા અઢાર હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૫. યુનિવર્સિટીના એજ્યુકેશન મિડિયા રિસર્ચ સેન્ટર માટે સોની કૉર્પોરેશન, જાપાન પાસેથી વિડિયો ટેપ નંગ ૩૧૨ ત્રણસોને બાર આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૬૭,૨૦૦ (રૂપિયા સડસઠ હજાર બસો) થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટર માટે ૩૧૨ (ત્રણસો બાર) નંગ વિડિયો કેસેટ સોની કૉર્પોરેશન જાપાન પાસેથી મુક્તિના પરવાના મેળવીને આયાત કરવી અને આ અંગે રૂ. ૬૭,૨૦૦ (રૂપિયા સડસઠ હજાર બસો) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે રાજ્યના નકશામાં કલર સ્લાઈડો તથા બીજી ઉપયોગી વસ્તુઓ ભારત એજ્યુકેશન સ્ટોર, મીરઠ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૬,૦૦૦—૦૦ (રૂપિયા છ હજાર) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે રાજ્યના નકશાઓ કલર સ્લાઈડ વિગેરે અધ્યક્ષશ્રીના તારીખ ૧૭—૧૨—૧૯૮૪ના પત્રાંક ૮૦૧માં દર્શાવ્યા પ્રમાણેના મે. ભારત એજ્યુકેશન સ્ટોર્સ, મીરઠ કે જેઓ આવા સાધનોના સોલ ડિસ્ટ્રિબ્યુટર્સ છે તેમની પાસેથી ખરીદવા અને આ અંગે રૂ. ૬,૦૦૦—૦૦ (રૂપિયા છ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે ગુજરાત રાજ્યના કોમ્પ્લેક્ષ મોડલ ટોપો કોમ્પ્લેક્ષ લેબોરેટરી પુના પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૮,૫૦૦ (રૂપિયા આઠ હજાર પાંચસો) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે ગુજરાત રાજ્યના ટોપો કોમ્પ્લેક્ષ મોડેલ ટોપો કોમ્પ્લેક્ષ લેબોરેટરી પુના જેઓ ભારતમાં એકલા જ આવા મોડેલ બનાવે છે તેમની પાસેથી ખરીદવા અને આ અંગે રૂ. ૮,૫૦૦—૦૦ (રૂપિયા આઠ હજાર પાંચસો) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે જરૂરી સાધનસામગ્રી ભારત એજ્યુકેશન સ્ટોર્સ મીરઠ, પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૬,૬૭૫—૦૦ (રૂપિયા છ હજાર છસો પંચોતેર) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે અધ્યક્ષશ્રીના તારીખ ૧૭—૧૨—૧૯૮૪ના પત્રાંક ૮૦૪માં જણાવ્યા પ્રમાણેના સાધનો મે. ભારત એજ્યુકેશન સ્ટોર્સ મીરઠ, જે આખા ભારતમાં આવાં સાધનોના સોલ ડિસ્ટ્રિબ્યુટર્સ છે તેમની પાસેથી ખરીદવા અને આ અંગે રૂ. ૬,૬૭૫—૦૦ (રૂપિયા છ હજાર છસોને પંચોતેર) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૯. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે માઇક્રોવેવ ઇન્સ્ટ્રુમેન્ટ્સ તથા માઇક્રોવેવ કમ્પોનેન્ટ્સ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૩૪,૦૪૭–૦૦ થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિભાગ માટે માઇક્રોવેવ ઇન્સ્ટ્રુમેન્ટ્સ તથા માઇક્રોવેવ કોમ્પોનન્ટ્સ આ સાથેના **પરિશિષ્ટ "અ"** (છાપેલ નથી)માં બતાવ્યા પ્રમાણેના માઇક્રોવેવ ઇન્સ્ટ્રુમેન્ટ્સ તથા કમ્પોનેન્ટ્સ મે. સાયન્ટિફિક ઇન્સ્ટ્રુમેન્ટ્સ કંપની ગઝિયાબાદ જેઓ ભારતમાં માઇક્રોવેવ ઇન્સ્ટ્રુમેન્ટ્સ અને કંમ્પોનેન્ટ્સ એકલા જ બનાવે છે અને તેઓનું એકલાનું જ ટેન્ડર આવ્યું હોવાથી તેમની પાસેથી ખરીદવા અને આ અંગે રૂ. ૩૪,૦૪૭–૦૦ (રૂપિયા ચોત્રીસ હજાર સુડતાલીસ) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ આ સાથેના **પરિશિષ્ટ "બ"** (છાપેલ નથી)માં દર્શાવ્યા પ્રમાણેના ખરીદવા અને આ અંગે ખર્ચ રૂ. ૧,૬૧,૦૦૦–૦૦ (રૂપિયા એક લાખ એકસઠ હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના ડી. એસ. ટી. પ્રોજેક્ટ માટે વૈજ્ઞાનિક સાધનો આયાત કરી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નકાલ કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨,૩૦,૦૦૦–૦૦ (રૂપિયા બે લાખ ત્રીસ હજાર) થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના ડી.એસ.ટી. પ્રોજેક્ટ માટે આ સાથેના **પરિશિષ્ટ "ક"** (છાપેલ નથી)માં દર્શાવ્યા પ્રમાણેના વૈજ્ઞાનિક સાધનો જકાત મુકિતનો પરવાનો મેળવીને તેમના ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ, આયાત કરી મંગાવવાં અને આ અંગે રૂ. ૨,૩૦,૦૦૦ (રૂપિયા બે લાખ ત્રીસ હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૨. યુનિવર્સિટીની જાહેરાતના એજન્ટ નીમવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આવેલાં ટેન્ડરો પૈકી સૌથી વધુ કમિશન ટાંકનાર પેઢી મે. કલ્પના પબ્લિસિટીને હાલ તા. ૧–૪–૧૯૮૫થી ૩૦–૯–૧૯૮૫ સુધી ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ, પ્રાયોગિક ધોરણે, કામ સોંપવું અને બાકીના સમય માટે એજન્ટ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

[**નોંધ.**—કલ્પના પબ્લિસિટીએ દૈનિકપત્રોની જાહેરાત પર નીચે પ્રમાણે કમિશન આપવાનું સ્વીકારેલું છે:

૧. સ્થાનિક તેમ જ બહારનાં ગુજરાતી દૈનિકની જાહેરાત પર ... ૧૩ ટકા કમિશન

૨. સ્થાનિક તેમ જ બહારના અંગ્રેજી દૈનિકની જાહેરાત પર ... ૯ ટકા કમિશન]

૧૩. યુનિવર્સિટી માટે ડુપ્લિકેટિંગ પેપર, સ્ટેન્સીલ પેપર તથા ડુપ્લિકેટિંગ શાહી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી માટે નીચે પ્રમાણે જે તે પેઢીઓ તેના ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદ કરવાનું રાખવું :

ક્રમ	નામ	જથ્થો	ભાવ	વેપારી	નોંધ
૧.	ડુપ્લિકેટિંગ પેપર ૨.૩ કેજ્ડ	૧૦૦૦ રીમ પાંચહજાર રીમ	૩૧--૪૧	પરેશ ઍન્ડ કોસો.	બેલાપુર ત્રણ ચેકોમાં સૌથી ઓછા ભાવ હોવાથી, બેલાપુર ત્રણ ચેકા કાગળ સારીજાતનો આવતો હોવાથી, હાલમાં યુનિ.માં આ કાગળ વપરાતો હોઈ તથા તે સંતોષ કારક જણાયો હોઈ,
૨.	સ્ટેન્સીલ પેપર ગેસ્ટેટનર--૬૧	૩૧૦ ક્વાયર્સ	૪૧--૧૦	ઈન્ડિયન ડુપ્લિ.	સારી જાતના આવતા હોવાથી અને આપણી પાસે તેઓના મશીન હોવાથી
૩.	ડુપ્લિકેટિંગ ઈન્ક ટ્યુબ	૨૧૦ નંગ	૨૧—૭૮	,,	,
૪.	સ્ટેન્સીલ પેપર કોરસ ડાઈ ટાઈપ	૩૫૦ ક્વાયર્સ	૩૭—૫૮	રવાણી અંન્ડ કં.	સારી જાતના આવતા હોવાથી અને કોરસ ડ્રાઈ ટાઈપના સૌથી ઓછા ભાવ હોવાથી
૫.	ડુપ્લિકેટિંગ ઈન્ક ટ્યુબ	૨૫૦ નંગ	૧૫—૨૧	ટોરકોસ ઈન્ડિયા	સૌથી ઓછા ભાવ હોવાથી

૧૪. યુનિવર્સિટીના "અભિનવ વૈદિક પાઠાવલી" પુસ્તકને ઓફસેટ પ્રોસેસથી છાપકામ કરાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૮,૬૧૦—૦૦ (રૂપિયા આઠ હજાર છસોને દસ) થશે.] જે અંગે વેપારીઓના ભાવ નીચે પ્રમાણે છે :

૧.	નકુલ ઓફસેટ વર્કસ	રૂ. ૮,૬૧૦—૦૦
૨.	કૃતિ ઓફસેટ	રૂ. ૧૨,૦૦૦—૦૦
૩.	નવજીવન ટ્રસ્ટ	રૂ. ૧૪,૨૩૫—૦૦

આથી કરાવવામાં આવે છે કે "અભિનવ પાઠાવલી"નું ઓફસેટ કામ નકુલ ઓફસેટ વર્કસ પાસે કરાવવું અને આ અંગે રૂ. ૮,૬૧૦—૦૦ રૂપિયા (આઠ હજાર છસો દસ)નું ખર્ચ મંજૂર કરવું.

૧૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યો (જાણ સારુ) :

૧. એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટર માટે સુથારી કામનાં સાધનો ખરીદવા માટે રૂ. ૧,૪૦૦—૦૦ (રૂપિયા એક હજાર ચારસો)ના ખર્ચની મંજૂરી આપી;

૨. ગ્રંથાલયની ખુરશીઓ ભરાવવા માટે રૂ. ૩,૦૦૦—૦૦ (રૂપિયા ત્રણ હજાર)ના ખર્ચની મંજૂરી આપી;

૩. શ્રમિક વિદ્યાકેન્દ્રની મોટરકાર નં. જીજેજી ૭,૭૯૦ને રિપેર કરાવવા રૂ. ૪,૪૪૫—૦૦ વત્તા અન્ય ખર્ચ જુદા ગણી ખર્ચની મંજૂરી આપી;

૪. એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટર માટે કબાટ ખરીદવા માટે મંજૂરી આપી;

૫. યુનિવર્સિટી પ્રેસ માટે કાગળ ખરીદવા રેલ્વે નૂર તથા કાર્ટિંગ માટે રૂ. ૬,૭૦૦—૦૦ (રૂપિયા છ હજાર સાતસો)ના ખર્ચની મંજૂરી આપી;

૬. યુનિવર્સિટી પ્રેસ માટે ઉત્તરવહીઓના કાગળ રુલિંગ કરાવવા માટે રૂ. ૬,૮૭૫—૦૦ (રૂપિયા છ હજાર આઠસોને પંચોતેર)ના ખર્ચની મંજૂરી આપી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૬. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ-વિજ્ઞાન વિભાગ માટે આ સાથેના પરિશિષ્ટ "ડ" (છાપેલ નથી)માં દર્શાવ્યા પ્રમાણેના વૈજ્ઞાનિક સાધનો જે તે પેઢીઓના ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવા અને આ અંગે રૂ. ૧,૧૦,૦૦૦—૦૦ (રૂપિયા એક લાખ દશ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૭. યુનિવર્સિટીના એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટર ગુરુનાનક ભવનમાં ઈન્ટરકોમ સિસ્ટમ માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આ બાબતના સંદર્ભમાં આવેલ ટેન્ડરો આપનાર પેઢીઓને રૂબરૂ નિદર્શન (ડેમોસ્ટ્રેશન) રજૂ કરવા જણાવવામાં આવ્યું હતું. તે પૈકી ટેલિટ્રોનિક સિસ્ટમ તથા પંચાલ ટ્રેડિંગ કંપનીએ પોતાનાં સાધનોનું નિદર્શન રજૂ કર્યું હતું. તે પછી કેટલીક ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ટેલિટ્રોનિક સિસ્ટમ પાસેથી શાર્પ બનાવટના એલ.ઈ.ડી. સગવડતાવાળા ત્રણ ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને બાકીના સાદા મોડેલના બાર લાઈનની સિસ્ટમ તેમના ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જાડેજા
કુલસચિવવતી.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૬૭

કર્મચારી ગણના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની સભા મંગળવાર તા. ૨૯—૧—૧૯૮૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૩. આચાર્યશ્રી બી. એમ. પીરજાદા	હાજર
૪. શ્રી. કનુભાઈ એ. શાહ	હાજર
૫. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૬. શ્રી. એ. આર. શાહ	હાજર
૭. શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર.

૧. તા. ૨૮—૧૧—૧૯૮૪ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૨૮—૧૧—૧૯૮૪ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી પ્રેસના હેલ્પરો તથા ગેલીમેન ઍટેન્ડન્ટોને યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારી ગણી છત્રી, સેન્ડલ વિગેરે લાભો આપવા અંગે તા. ૬—૭—૧૯૮૪ તેમ જ તા. ૧૦—૭—૧૯૮૪ની સંલગ્ન અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કાયમી હેલ્પરો તથા ગેલીમેન એટેન્ડન્ટોને સરકારી મધ્યસ્થ પ્રેસના ધોરણે છત્રી તથા ચંપલ આપવાનું રાખવું.

૩. સ્ટાફ કવાર્ટર્સના સર્વિસ ચાર્જીસ સુધારવા અંગે એસ્ટેટ વિભાગના તા. ૨૧—૬—૧૯૮૪ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સર્વિસ ચાર્જીસમાં લાઈટ (કોમન લાઈટ) હલાલખોર કર અને પાણી વેરાના દર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ ઈલેકિટ્રક કંપની તરફથી જે ધોરણે લેવામાં આવે તે જ ધોરણે આ વખતે અને ભવિષ્ય માટે પણ યુનિવર્સિટીના આવાસમાં રહેતા કર્મચારીઓ પાસેથી વસૂલ લેવાનું રાખવું, અને તે પ્રમાણમાં દરેક સ્ટાફ કવાર્ટર્સ માટે વધારાની જે વસૂલાત કરવાની થાય તે આ વખતે તા. ૧—૪—૧૯૮૪થી કરવાનું રાખવું અને ભવિષ્યમાં જ્યાં કરવેરામાં જે ફેરફાર થાય તે મુજબ વહીવટી રાહે તે બાબત પાત્રને તે મુજબ વસૂલાત કરવાનું રાખવું. વધુમાં ઠરાવવામાં આવ્યું કે બાકીના કર વધારા અંગેની વિચારણા આવતી સભામાં કરવાનું રાખવું.

૪. ભૂતપૂર્વ ગ્રંથપાલશ્રી પી. એફ. પટેલને સસ્પેન્ડ કર્યા પહેલાંની હક રજાને રોકડમાં રૂપાંતર કરવા અંગે તેમની તા. ૧૯—૧—૧૯૮૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સસ્પેન્ડ કર્યા પહેલાં તેમના ખાતે ૧૨૪ હક રજા જમા હતી.)

આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. પી. એફ. પટેલને સસ્પેન્ડ કર્યા પહેલાંની તેઓના ખાતે નીકળતી હક રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા માટેની તેમની વિનંતી મંજૂર કરવી.

૫. યુનિવર્સિટી પ્રેસમાં ઓવરસિયરની જગ્યા માટે વરણી સમિતિએ તા. ૨૦—૬—૧૯૮૪ની સભામાં લાયકાતનાં ધોરણો સૂચવ્યા છે તે અંગે પ્રેસ-મૅનેજરના તા. ૧૬—૭—૧૯૮૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૬. યુનિવર્સિટી પ્રસના કર્મચારીઓને રાજ્ય સરકારના મધ્યસ્થ પ્રેસ પ્રમાણે "ઓડ અવર્સ" ઍલાવન્સ આપવા અંગે પ્રેસ-મૅનેજરના તા. ૧૪—૬—૧૯૮૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ બાબતમાં સરકારી મધ્યસ્થ પ્રેસમાં વિગતવાર માહિતી મળવીને, જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. પ્રકાશનના કામને પહોંચી વળવા એક પ્રકાશન વેચાણ અધિકારી તેમ જ એક જુનિયર કલાર્ક અને પુસ્તક વેચાણ વિભાગમાં એક કલાર્ક અને એક પેકર-કમ-પટાવાળાની કાયમી ધોરણે નવી જગ્યાઓ સ્થાપવા અંગે પ્રકાશન અધિકારીની તા. ૧—૧૦—૧૯૮૪ની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૮. રાજ્યસરકારશ્રીના હાઉસ બિલ્ડિંગ લોન અંગેના તા. ૨૧—૯—૧૯૮૪ના ઠરાવના સંદર્ભમાં યુનિવર્સિટીના કર્મચારીઓને સ્ટેટચ્યુટ ૧૮૮(૨) પ્રમાણે બિલ્ડિંગ લોન આપીએ છીએ, તે બંને લાભ મળી શકે કે કેમ તે અંગે યુનિવર્સિટી કાર્યાલયની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓ ઉપર પ્રમાણેની બન્ને લોનમાંથી ફક્ત એક જ લોનનો લાભ, જે તે સંસ્થાના નિયમોને આધીન લઈ શકશે એમ સ્પષ્ટતા કરવી, અને તે માટે અરજીપત્રમાં અરજી કરનાર કર્મચારીની બાંયધરી અંગેની જોગવાઈ ઉમેરવી, તથા સ્ટે. ૧૮૮(૨)માં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી કરવી.

૯. યુનિવર્સિટી વિજ્ઞાન ભવનમાં ૩૦ પટાવાળા હોવાથી એક જમાદારની જગ્યા ઊભી કરવા અંગે વિજ્ઞાન ભવનના પટાવાળાઓનો તા. ૨૪—૯—૧૯૮૪ની સંયુકત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એકિઝક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૦. કૅમ્પસ પર પાણીપુરવઠા અંગે જાહેર રજાઓ દરમિયાન જરૂરી કર્મચારીગણ ઉપલબ્ધ રહે તે બાબત અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીમાં પાળવામાં આવતા શનિ—રવિ, ઇત્યાદિ રજાઓ સિવાયની બાકીની જાહેર રજાઓના દિવસોએ તેઓને તે દિવસનું વેતન ફરજ પર બોલાવવામાં આવે તો તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તે દિવસનું વેતન ગણીને આપવાનું રાખવું.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગમાં ક્લાર્ક-ટાઈપિસ્ટની કાયમી જગ્યા સ્થાપવા માટે વિભાગના વડાના તા. ૨૪—૮—૧૯૮૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગણિતવિભાગ અને આંકડાશાસ્ત્ર વિભાગ બન્ને વિભાગને હાલના તેમના સ્ટાફને બદલે બન્ને જગ્યાઓએ એક-એક ક્લાર્ક-કમ-ટાઈપિસ્ટની સેવાઓ ઉપલબ્ધ થાય તે પ્રમાણેનું હાલનું માળખું બદલીને જરૂરી વ્યવસ્થા યથા સમયે કરવાનું રાખવું.

૧૨. કૉમ્પ્યુટર સેન્ટરના નવા શરૂ થયેલા ત્રણ કોર્સ માટે એક સ્ટેનોગ્રાફરની કાયમી જગ્યા સ્થાપવા માટે માનદ-કો-ઑર્ડિનેટરના તા. ૨૭—૧૧—૧૯૮૪ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકુફ રાખવી.

૧૩. એકેડેમિક વિભાગમાં કાર્યકારી સેકશન ઑફિસર તરીકે કામ કરતા શ્રી. એસ. ડી. ભટ્ટની તા. ૨૦—૫—૧૯૬૨થી તા. ૩૦—૬—૧૯૬૨ની બિનપગારી રજાઓનો સમય ઈજાફા માટે ગણવાની તેઓની તા. ૧૨—૪—૧૯૮૩ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪. હાલ વૉટર બેરર તરીકે સેવા બજાવતા કાયમી કર્મચારીઓને પટાવાળા તરીકે નિમણૂક આપવા અને તેમના સ્થાને જુનિયર કાયમી થયેલા પટાવાળાઓને વૉટર બેરર તરીકે નીમવા ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઇઝ યુનિયનની તા. ૧૭—૯—૧૯૮૪ના પત્રથી કરેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ માગણી સ્વીકારી શકાય તેમ નથી, પરંતુ વધુમાં ડિસ્પેચ રાઈડર(નાયક)ની બઢતીની ચેનલમાં વૉટર બેરરનો પણ સમાવેશ કરવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૬૮

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Deputy Registrar in Gujarat University, was held on Wednesday the 16th January, 1985 at 3–00 p.m. at the office of Gujarat University, Ahmedabad–9 Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri Vice–Chancellor	Present
2.	Shri K. C. Parikh Pro-Vice–Chancellor	Present
3.	Dr. M. N. Desai	Present
4.	Prin. B. M. Pirzada	Present
5.	Shri Sudhir I. Nanavati	Absent
6.	Shri N. M. Parikh	Absent
7.	Shri S. V. Shastri, Registrar	Present

The following Candidates were called for interview :

1.	Shri S. J. Amrelia	Present
2.	Shri P. D. Brahmani	Present
3.	Shri B. S. Chauhan	Present
4.	Shri K. M. Dabgar	Present
5.	Shri C. M. Patel	Present
6.	Shri M. S. Parmar	Present

After interviewing the candidates present and considering their relative merits the committee is of the opinion that the post be readvertised so as to ensure letter competition.

(K. S. Shastri)
(K. C. Parikh)
(M. N. Desai)
(B. M. Pirzada)
(S. V. Shastri)

પરિશિષ્ટ "છ"

કામકાજ ક્રમાંક ૭૩

બી.એડ. પ્રવેશ ધારાધોરણમાં જો કોઈ સુધારા સૂચવવા યોગ્ય જણાય તો તે માટે પોતાનો સુચિંતિત હેવાલ આપવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની એક સભા તા. ૭–૧–૧૯૮૫ અને તા. ૧૫–૧–૧૯૮૫ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે અને ૩-૦૦ વાગ્યે અનુક્રમે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. આચાર્યશ્રી ઘનશ્યામભાઈ બી. પરીખ, (કન્વીનર)	હાજર	હાજર
૨. ડૉ. જે. એચ. શાહ	હાજર	ગેરહાજર
૩. આચાર્યશ્રી બી. સી. પટેલ	ગેરહાજર	હાજર
૪. આચાર્યશ્રી પી. એ. પટેલ	ગેરહાજર	હાજર
૫. આચાર્યશ્રી દાઉદભાઈ એ. ઘાંચી	હાજર	ગેરહાજર
૬. શ્રી. એચ. પી. ચૌહાણ	હાજર	હાજર
૭. શ્રી. એ. ટી. અજમેરા	હાજર	હાજર
૮. શ્રી. મનુભાઈ પટેલ	હાજર	હાજર
૯. શ્રી. એમ. સી. બુટાલા	હાજર	હાજર
૧૦. ડૉ. કે. એસ. સુથાર	હાજર	હાજર.

સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખે સંભાળ્યું હતું.

ચર્ચાવિચારણા કર્યા બાદ નીચે પ્રમાણે ધારાધોરણોનો સુધારાવધારા સાથેનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો :

(૧) પ્રવેશ અંગેની ગુણવત્તા યાદી માટેનાં ધોરણો :

૧. ગુણવત્તા યાદી તૈયાર કરવા માટે નીચે પ્રમાણે કુલ ગુણાંકન ગણવાના રહેશે :

(અ) ટી.વાય.ના જે ટકા હોય તે ટકા

(બ) અનુસ્નાતક દ્વિતીય ભાગના પરીક્ષામાં પ્રાપ્ત થયેલ ટકાના ૨૦ ટકા.

[નોંધ.—(૧) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ગુણાંકનની ગણતરીમાં આંતરિક ગુણાંક લક્ષમાં લેવાશે નહીં.

(૨) ઉપર મુજબ કરેલ ગુણાંકનમાં કોઈ પણ બે કે તેથી વધુ પ્રવેશાર્થીઓના ગુણાંકન એક સરખાં થતાં હોય તો જે તે પ્રવેશાર્થીઓના તેમણે પસાર કરેલ નીચેની પરીક્ષાઓના કુલ ગુણની ટકાવારી ધ્યાનમાં લઈને તેમાં જે પ્રવેશાર્થીના ટકા વધારે હોય તેને પ્રથમ પસંદગી આપવી :

૧. એસ.વાય.ની પરીક્ષા

૨. એફ.વાય.ની પરીક્ષા

(૩) તમામ શૈક્ષણિક લાયકાતોની માર્કશિટની સુવાચ્ય પ્રમાણિત ઝેરોક્ષ નકલો અરજીપત્રક સાથે જોડવાની રહેશે.]

(૨) વિષયપદ્ધતિની પસંદગીનાં ધોરણો :

(અ) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના સ્નાતક- અનુસ્નાતક માટે :

(૧) કૉલેજોમાં અપાતી વિષયપદ્ધતિઓ પૈકીનો એક વિષય સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકનના ક્રમ પ્રમાણે એ વિષયની પદ્ધતિમાં પ્રથમ પ્રવેશ અપાશે.

[**નોંધ.**—(અ) વિજ્ઞાનના સ્નાતકોને ગણિત વિષય માટે ગણિત અથવા વાણિજ્ય ગણિત તથા વિજ્ઞાનના કોઈપણ વિષય માટે મુખ્ય વિષય તરીકે વિજ્ઞાનપદ્ધતિ મળી શકશે.

(બ) વાણિજ્યના અનુસ્નાતકોને જ તેમને કોઈપણ વિષય માટે મુખ્ય વિષય તરીકે (૧) બુક કીપિંગ, અથવા (૨) વાણિજ્ય પદ્ધતિ મળી શકશે.

(ક) ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિષયો જે ધોરણ ૧૧–૧૨માં શીખવાતા હોય તેવા અર્થશાસ્ત્ર, વાણિજ્ય ગણિત, બુક કીપિંગ અને કૉમર્સ વિષયોનીપદ્ધતિઓ અનુસ્નાતક પરીક્ષા ઉત્તીર્ણ થનાર પ્રવેશાર્થીઓને જ મળી શકશે.

(ડ) બી.એ.,બી.એસસી. આંકડાશાસ્ત્ર વિષય માટે મુખ્ય વિષયપદ્ધતિ વાણિજ્ય ગણિત મળી શકશે.]

(૨) ઉપર (૧) મુજબ પ્રવેશ અપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો પ્રથમ અનુસ્નાતક તથા પછીથી સ્નાતક કક્ષાએ પ્રથમ ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમનાં ગુણાંકનના ક્રમ પ્રમાણે એ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમનાં ગુણાંકનના ક્રમ પ્રમાણે એ વિષય પદ્ધતિમાં પ્રવેશ અપાશે.

(૩) ઉપર (૨) મુજબ પ્રવેશ અપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો પ્રથમ અનુસ્નાતક તથા પછીથી સ્નાતક કક્ષાએ દ્વિતીય ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના ગુણાંકનના ક્રમ પ્રમાણે એ વિષય પદ્ધતિમાં પ્રવેશ અપાશે.

(૩) ઉપર (૧), (૨) અને (૩) મુજબ પ્રવેશ અપાયા બાદ ખાલી જગ્યા રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય કે ગૌણ વિષયો તરીકે નીચેનાં વિષયો ધરાવતાં હોય તેવા પ્રવેશાર્થીઓને તેમનાં ગુણાંકનના ક્રમ પ્રમાણે નીચે જણાવેલ વિષયોની સામે જણાવેલી વિષય પદ્ધતિમાં પ્રવેશ અપાશે :

મુખ્ય ગૌણ વિષય	વિષય પદ્ધતિ
(૧) સોશિયોલોજી	ઇતિહાસ
(૨) ફિલોસોફી	ઇતિહાસ
(૩) સાયકોલોજી	ઇતિહાસ
(૪) પોલિટિકલ સાયન્સ / ભારતીય સંસ્કૃતિ	ઇતિહાસ
(૫) પર્શિયન	હિંદી
(૬) ઉર્દૂ	હિંદી
(૭) અરેબિક	હિંદી

(૮) હોમ સાયન્સ (બી.એ.)	ભૂગોળ
(૯) પ્રાકૃત	સંસ્કૃત
(૧૦) અર્ધમાગધી	સંસ્કૃત
(૧૧) હોમ-સાયન્સ	વિજ્ઞાન
(૧૨) કોમર્સ (બી.કોમ.)	ભૂગોળ
(૧૩) અર્થશાસ્ત્ર (બી.એ.)	ભૂગોળ

(૪) ઉપર (૧), (૨), (૩), અને (૪) મુજબ પ્રવેશ અપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ તે વિષયને અનુરૂપ વિષય ધરાવતાં પ્રવેશાર્થીઓને તેમનાં ગુણાંકનનાં ક્રમ પ્રમાણે તે વિષયને અનુરૂપ પદ્ધતિમાં પ્રવેશ અપાશે.

(૩) પ્રત્યેક કૉલેજોમાં કુલ જગ્યાઓમાં નીચે પ્રમાણે જુદા જુદા પ્રકારની જગ્યાઓની ટકાવારી રહેશે :

(અ) (૧) કૉલેજમાં યુનિવર્સિટી દ્વારા જે તે સમયે નક્કી કરવામાં આવે તે પ્રમાણે અનામત જગ્યાઓ રાખવામાં આવશે. અનામત જગ્યાઓ માટેના ઉમેદવારોને ગુણવત્તા પ્રમાણે બિનઅનામતમાં પ્રવેશ આપ્યા પછી અનામત જગ્યાઓમાં પણ તેમાંના કુલ ગુણાંકન અને વિષય અગ્રતાક્રમમાં ઉતરતાં ક્રમમાં પ્રવેશ આપવામાં આવશે. પરંતુ નિયત સમયમર્યાદામાં જો અનામત જગ્યાઓ ન ભરાય તો ત્યાર બાદ જ જે તે જગ્યાઓ બિનઅનામત ગણી પ્રતિક્ષા યાદીમાંથી પ્રવેશાર્થીઓને ક્રમાનુસાર પ્રવેશ અપાશે.

(૨) વિશિષ્ટ સંજોગો માટે આચાર્યશ્રીએ ભલામણ કરેલી વધુમાં વધુ પાંચ ટકા જગ્યાઓ રહેશે, જે કુલપતિશ્રીની મંજૂરી મેળવ્યા પછી ભરી શકાશે. આ માટે પ્રવેશાર્થીઓએ નિયતપત્રકમાં નિયત સમયમાં અરજી કરેલી હોવી જોઈએ.

(૩) ઉપર (૧) અને (૨) સિવાયના બિનઅનામત પ્રવેશાર્થીઓ માટે રહેશે.

(બ) ઉપર ૩ (અ)ની (૧) અને (૩) જગ્યાઓમાં ચાલુ વર્ષના ઉત્તીર્ણ થનાર સ્નાતકો માટે ઓછામાં ઓછા ૨૦ ટકા જગ્યાઓ રહેશે.

(૪) બિનઅનામત કેટેગરીમાં ગુજરાત યુનિવર્સિટી રાજયની અન્ય યુનિવર્સિટી રાજય બહારની યુનિવર્સિટી અને "હાર્ડ કેસ" માટે નીચે પ્રમાણેનું પ્રમાણ રાખવામાં આવશે :

(૧) પ્રથમ જિલ્લાની ગુજરાત યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક-અનુસ્નાતક થયેલા પ્રવેશાર્થીઓ, જિલ્લાના કાયમી વતની કે જેમણે જિલ્લા બહારની કૉલેજ-યુનિવર્સિટીમાંથી સ્નાતક કે અનુસ્નાતક પદવી મેળવી હોય, તેમ જ જિલ્લાના કાયમી વતની સાથે સંલગ્ન કરેલા સ્ત્રી પ્રવેશાર્થી હોય, અને જિલ્લા બહારની કૉલેજો—યુનિવર્સિટીમાંથી સ્નાતક-અનુસ્નાતકની પદવી મેળવી હોય તેવા પ્રવેશાર્થીઓનું પ્રમાણ ઓછામાં ઓછું ૬૦ ટકા રહેશે.

[**નોંધ.**– પેરા નિયમ ૪ (૧) પ્રમાણેની જગ્યા પૂરી થયા પછી બાકીની જગ્યા નીચેના પેરા નિયમ ૪(૨) અન્વયે પૂરી કરવામાં આવશે.]

(૨) ૪(૧) સિવાયના ગુજરાત યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક પ્રવેશાર્થીઓ વધુમાં વધુ ૧૦ ટકા રહેશે.

[**નોંધ.**—પેરા નિયમ ૪(૧) અને (૨) અન્વયેની જગ્યા પૂરી થયા પછી બાકીની જગ્યા નીચેના પેરા નિયમ ૪(૩) અન્વયે પૂરી કરવામાં આવશે.]

(૩) રાજ્યની અન્ય યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક અનુસ્નાતક પ્રવેશાર્થીઓનું પ્રમાણ વધુમાં વધુ ૧૫ ટકા રહેશે.

(૪) રાજ્ય બહારની યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક અનુસ્નાતક થયેલ પ્રવેશાર્થીઓનું પ્રમાણ વધુમાં વધુ ૨ ટકા રહેશે. આવા પ્રવેશાર્થીઓને જે તે તાલીમાર્થી જે ભાષામાં પાઠો આપવા ઇચ્છતા હશે તે ભાષામાં પાઠ આપવાની સગવડ હશે તો જ તાલીમાર્થીઓ તે સગવડ માટેનો આગ્રહ રાખી શકશે.

(૫) ગુજરાત રાજ્યમાં રહેતા અથવા ગુજરાત રાજ્યમાં નોકરી કરતા ઉમેદવારો માટે "હાર્ડકેસ" નીચેના વિશિષ્ટ સંજોગોને આધારે વધુમાં વધુ ત્રણ ટકા પ્રવેશાર્થીઓને પ્રવેશ અપાશે :

(અ) માધ્યમિક ઉચ્ચ માધ્યમિક શાળાના પૂર્ણકાલીન બિનતાલીમી શિક્ષકો કે જેમને ઓછામાં ઓછો એક વર્ષનો વર્ગશિક્ષકનો અનુભવ ધરાવતા હોય.

(બ) વિધવા, નિરાધાર અને ત્યકતા બહેનો હોય (જે માટે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અને સોગંદનામું રજૂ કરવાનું રહેશે).

(ક) દેશની સંરક્ષણ હરોળ કે લશ્કરમાં કામ કરનારાના કે નજીકના સગા એટલે પતિ, પત્ની, પુત્ર, પુત્રી હોય.

[**નોંધ.**—"હાર્ડકેસ"ની શ્રેણીમાં નહીં ભરાયેલી જગ્યા ઉપર પેરા નિયમ ૪(૧), (૨) અને (૩) અન્વયે પૂરી કરવામાં આવશે.]

(૫) સામાન્ય નિયમો :

(૧) પ્રવેશાર્થીને જે તે કૉલેજમાં પ્રવેશ અપાયા પછી નિયત સમયમર્યાદામાં નિયમાનુસાર ફી કૉલેજમાં ભરવાની રહેશે, તેમ નહીં કરવામાં આવશે તો પ્રવેશ રદ થવાને પાત્ર બનશે.

(૨) પ્રવેશ સંબંધી કોઈપણ વિવાદ જો અને જ્યારે ઊભો થાય ત્યારે તેની ઉકેલનો પ્રશ્ન કુલપતિશ્રીને સોંપવામાં આવશે અને તેમનો નિર્ણય આખરી રહેશે.

(૩) કૉલેજના શિસ્ત અંગેના નિયમો પ્રવેશ માંગેલ વિદ્યાર્થીઓ માટે બંધનકર્તા રહેશે.

(૪) બી.એડ.નો અભ્યાસક્રમ યોગ્ય રીતે કરવા સક્ષમ ન હોય તેવા પ્રવેશાર્થીઓ તથા કૉલેજમાં નવિદ્ન પોતાનું શિક્ષણ લઈ શકે તે માટે પોતાની સતત હાજરી શકય ન બને તેવા નોકરીયાત પ્રવેશાર્થીઓ પ્રવેશ માટે પાત્ર રહેશે નહીં.

(૫) પ્રવેશાર્થીઓને તેમના સ્નાતક-અનુસ્નાતક પદવીના ઉપર નિયમ-૨માં જણાવ્યા પ્રમાણે વિષયો પ્રમાણે એક વિષયની પદ્ધતિ સાથે યુનિવર્સિટીની બી.એડ. પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ અપાશે.

(૬) પ્રવેશાર્થીને બીજી વિષય પદ્ધતિ તે જે કૉલેજમાં પ્રવેશ મેળવે તે કૉલેજમાં જગ્યા હોય તો તેમની ગુણાંકન કક્ષા, શૈક્ષણિક લાયકાત, કૉલેજમાં જે તે વિષય પદ્ધતિની ક્ષમતાને ધ્યાનમાં લઈ કૉલેજ નક્કી કરીને આપશે અને તે બાબતમાં કૉલેજનો નિર્ણય આખરી રહેશે.

(૭) બી.એ. પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશાર્થીઓનો પ્રવેશ કૉલેજ માટે બંધનકર્તા રહેશે.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૭૪ (ક)

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૦-૧૨-૧૯૮૪ને ગુરુવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	હાજર
૩.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૪.	ડૉ. વી. જે. મિસ્ત્રી	હાજર
૫.	ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૬.	શ્રી. દીપક નવનીતલાલ	ગેરહાજર
૭.	શ્રી. પી. બી. પટેલ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૮—૮—૧૯૮૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા.૨૮—૮—૧૯૮૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરના મકાનમાં સુધારા-વધારા કરવા તથા પેઇન્ટિંગના કામ અંગે રૂ. ૨૨૦૩-૫૦ પૈસાનું ખર્ચ કર્યાનું;

(૨) યુનિવર્સિટી ગેસ્ટ હાઉસના વિકાસ બાંધકામ અંગે સ્થપતિશ્રી આર. કે. ચોકસી તરફથી આવેલ રીવાઈઝ્ડ પ્લાન મંજૂર કર્યાના;

(૩) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના છાત્રાલયો તથા વિદ્યાર્થિઓનીઓના છાત્રાલયોમાં વ્હાઈટવૉશ કરવાના કામ અંગે આવેલા ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી જિગર આર્ટ્સનું રૂ. ૩૧,૮૫૦નું ટેન્ડર મંજૂર કર્યાના;

(૪) યુનિવર્સિટીના એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરમાં લાઇબ્રેરી રૂમ હવે એડિટિંગ રૂમ તરીકે વાપરવાનો હોવાથી તે રૂમમાં મારબલ્સ ટાઈલ્સનું ફ્લોરિંગ કરાવવા મંજૂરી આપ્યાના;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નીચેનાં કામો મંજૂર કર્યાં તેની નોંધ લેવી.

(૧) યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરના મકાનમાં સુધારા–વધારા કરવા તથા પેઈન્ટિંગના કામ અંગે રૂ. ૨૨૦૩-૫૦ પૈસાનું ખર્ચ કર્યાના;

(૨) યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસના વિકાસ બાંધકામ અંગે સ્થપતિશ્રી આર. કે. ચોકસી તરફથી આવેલ રિવાઈઝ્ડ પ્લાન મંજૂર કર્યાના;

(૩) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના છાત્રાલયો તથા વિદ્યાર્થીનીઓનાં છાત્રાલયોમાં વ્હાઈટવોશ કરવાના કામ અંગે આવેલા ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી જિગર આર્ટ્સનું રૂ. ૩૧,૮૫૦-૦૦નું ટેન્ડર મંજૂર કર્યાના;

(૪) યુનિવર્સિટીના એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરમાં લાઇબ્રેરી રૂમ હવે ઑડિટિંગરૂમ તરીકે વાપરવાના હોવાથી તે રૂમમાં મારબલ્સ ટાઈલ્સનું ફ્લોરિંગ કરાવવા મંજૂરી આપ્યાના.

૩. વિદ્યાર્થીઓના છાત્રાલયના મકાનબાંધકામ અંગે સ્થપતિશ્રી હસમુખ સી. પટેલ તરફથી આવેલ રૂ. ૧૦,૨૫,૦૦૦-૦૦ના રિવાઈઝ્ડ અંદાજ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(અ) વિદ્યાર્થીઓના છાત્રાલયના મકાનનો સ્થપતિશ્રી હસમુખ સી. પટેલ તરફથી આવેલ રૂ. ૧૦,૨૫,૦૦૦નો અંદાજ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે હૉસ્ટેલના પ્લાન અંગે સ્થપતિશ્રી હસમુખ સી. પટેલ સાથે ચર્ચા વિચારણા કરીને તે અંગે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. વિદ્યાર્થિનીઓના છાત્રાલયના મકાન બાંધકામ માટે સ્થપતિશ્રી હસમુખ સી. પટેલ તરફથી આવેલ રૂ. ૧૦,૦૦૦૦૦-૦૦ના રીવાઇઝ્ડ અંદાજ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(અ) વિદ્યાર્થિનીઓના છાત્રાલયના મકાનનો સ્થપતિશ્રી હસમુખ સી. પટેલ તરફથી આવેલ રૂ. ૧૦,૦૦૦૦૦,૦૦૦-૦૦નો અંદાજ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે લેડીઝ હૉસ્ટેલના પ્લાન અંગે સ્થપતિશ્રી હસમુખ સી. પટેલ સાથે ચર્ચા વિચારણા કરી તે અંગે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. કોમ્પ્યુટર સેન્ટરના વિકાસ બાંધકામ માટે સ્થપતિશ્રી હસમુખ સી. પટેલ તરફથી આવેલ સ્કેચ-પ્લાન તથા રૂ. ૩,૨૦,૦૦૦-૦૦ ના અંદાજ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સેન્ટરના વિકાસ બાંધકામ માટે સ્થપતિશ્રી હસમુખ સી. પટેલ તરફથી સભામાં રજૂ થયેલા પ્લાન તથા રૂ. ૩,૨૦,૦૦૦-૦૦ ના અંદાજ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. પેવેલિયનના બાંધકામ માટેના સ્થપતિશ્રી એટેલીઅર તલાટી તરફથી આવેલા પત્ર નં. ૨૬૫-૫૬ તા. ૭-૧૨-૧૯૮૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિશ્રી એટેલીઅર તલાટીના પત્રની નોંધ લેવી અને ભવિષ્યના પ્રોજેક્ટ આવે ત્યારે આ ધ્યાનમાં રાખવું.

૭. ટેકસટાઇલ કેમિસ્ટ્રીના મકાન બાંધકામ અંગે એડવોકેટશ્રી સુરેશભાઈ શેલત તરફથી આવેલા અભિપ્રાય અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેકસટાઇલ કેમિસ્ટ્રીના બાકી બાંધકામ અંગે સ્થપતિશ્રી હસમુખ સી. પટેલનો નિર્ણય મેળવીને આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૮. ટી. વી. સ્ટુડિયોના વધારાના કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટી. વી. સ્ટુડિયોના બાંધકામમાં વધારાના કામકાજના દર આ સાથેની યાદી "ક" (અત્રે છાપેલ નથી) મુજબ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૯. બોયઝ હૉસ્ટેલ "જી" બ્લોકના બાકી બાંધકામ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉયઝ હૉસ્ટેલ "જી" બ્લોકના બાંધકામના કંત્રાટીની માગણી અંગે સ્થપતિશ્રી હસમુખ સી. પટેલનો નિર્ણય મેળવી આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૧૦. લૉ ભવનના કામ માટેની કંત્રાટી મે. વાદી ઍન્ડ પટવાની માલસામાનની "ઈંટો" પરત લેવા અંગેની માંગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લૉ ભવનના કામ માટેના કંત્રાટી મે. વાદી ઍન્ડ પટવાની માલ સામાન (ઈંટો) પરત સોંપવાની માંગણી અંગેની બાબત સ્થાપિત શ્રી. હસમુખ સી. પટેલનો નિર્ણય મેળવીને આગામી સભાગૃહ સમક્ષ આ બાબત રજૂ કરવાનું રાખવું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવવતી

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૭૪(ખ)

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૯–૧–૧૯૮૫ ને મંગળવારના રોજ સાંજના ૪–૦૦ કલાકે મળી હતી. જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	હાજર
૩.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૪.	ડૉ. વી. જે. મિસ્ત્રી	ગેરહાજર
૫.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૬.	શ્રી. દીપક નવનીતલાલ	ગેરહાજર
૭.	શ્રી. પી. બી. પટેલ	હાજર.

૧. બાંધકામ સમિતિના તા. ૨૦–૧૨–૧૯૮૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૦–૧૨–૧૯૮૪ ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયના બાંધકામ માટે આવેલાં ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયના બાંધકામ માટે આવેલાં કુલ ૧૭ ટેન્ડરોમાંથી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ કરેલા બાંધકામ અને અનુભવની વિગતો જોતાં, ઠરાવવામાં આવ્યું કે મે. વિનોદ કસ્ટ્રકશન કંપનીનું ટેન્ડર ટેન્ડર ભાવથી ટેન્ડર ભાવ વત્તા ચાર ટકા રાજ્ય સરકારના શેડયુલ ઑફ રેઈટ મુજબ ટેન્ડરની રકમ રૂ. ૧૧,૦૨,૦૫૯ ઉપર પ્રત્યેક આઈટેમમાં ચાર ટકા ઊંચા ટેન્ડર, સદરહુ ટેન્ડરની શરતો મુજબ, મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વિદ્યાર્થીઓના છાત્રાલયના (બૉયઝ હૉસ્ટેલ) બાંધકામ માટે આવેલાં કુલ ૧૬ ટેન્ડરોમાંથી, કૉન્ટ્રાક્ટરોએ કરેલા બાંધકામ અને અનુભવની વિગતો જોતાં, સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે, મે. નવીન એ પરીખનું રૂ. ૧૧,૦૨,૦૫૯ વત્તા ચાર ટકાનું (ટેન્ડરના પ્રત્યેક આઈટેમમાં ચાર ટકા ઊંચા) રાજ્ય સરકારની શેડયુલ ઑફ રેઈટ મુજબનું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી વિસ્તારમાં ગેસ્ટ હાઉસના વિકાસ-બાંધકામ માટે આવેલા ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગેસ્ટ હાઉસના વિકાસ બાંધકામ માટે આવેલાં કુલ અગિયાર ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ભરનાર પેઢી મે. અશોક એન. શાહનું રાજ્ય સરકારના શેડયુલ ઑફ રેઈટ મુજબનું રૂ. ૧,૫૪,૧૭૮—ઓછા ત્રણ પોઈન્ટ એકત્રીસ (૩·૩૧) ટકા (ટેન્ડરની પ્રત્યેક આઈટેમમાં ૩·૩૧ ટકા બાદ)નું ટેન્ડર, સદરહુ ટેન્ડરોની શરતો મુજબ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી વિસ્તારમાં આવેલ રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના વિકાસ બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સેન્ટરના વિકાસ બાંધકામ માટે આવેલાં કુલ તેર ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. અશોક એન. શાહનું રાજ્ય સરકારના શેડયુલ રેઈટ મુજબનું રૂ. ૨,૪૭,૭૯૬-૫૦—ઓછા બે પોઈન્ટ એકવીસ ટકા (૨·૨૧ ટકા) (ટેન્ડરની પ્રત્યેક આઈટેમમાં ૨·૨૧ ટકા બાદ)નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટીનાં નીચેનાં બાંધકામો માટે સ્ટ્રકચરલ એન્જિનિયરની નિમણૂક કરવા બાબત :

૧. વિદ્યાર્થીઓનું છાત્રાલય
૨. વિદ્યાર્થિનીઓનું છાત્રાલય
૩. ગેસ્ટ હાઉસ
૪. કૉમ્પ્યુટર
૫. લાઇબ્રેરી

[નોંધ.—યુનિવર્સિટીની પેનલ પર મે. આર્ગોન એન્જિનિયર્સ અને મે. વી. એમ. એસ. બંને પેનલ પર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના અને વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયના બાંધકામ માટે સ્ટ્રકચરલ એન્જિનિયર તરીકે મે. આર્ગોન એન્જિનિયરની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે ગેસ્ટ હાઉસ, કૉમ્પ્યુટર અને લાઇબ્રેરીના મકાનના સ્ટ્રકચરલ એન્જિનિયર મે. વી. એમ. એસ. હોઈ તેના વિકાસ બાંધકામ માટે તે જ સ્ટ્રકચરલ એન્જિનિયર મે. વી. એમ. એસ.ની (વકીલ, મહેતા, રોઠ) નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયનાં બાંધકામના સાઇટ પ્લાન તથા મકાનના પ્લાન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયના બાંધકામ માટે જૂની હોસ્ટેલના સ્થપતિ શ્રી બી. વી. દોશીની નિમણૂક કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી કરાવવામાં આવે છે કે સદરહુ મકાનની સાઈટ પશ્ચિમ બાજુની વાડને સમાંતર નવા 'બી' બ્લોક તથા વોર્ડનશ્રીના મકાન વચ્ચે રાખવી.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના સ્થપતિ તરીકે હોસ્ટેલ 'સી', 'ડી' બ્લોકના સ્થપતિ શ્રી બી. વી. દોશીની નિમણૂક કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોયઝ હોસ્ટેલની સાઈટ 'સી' અને 'ડી' બ્લોકની વચ્ચે બંને બ્લોકને સમાંતર આવે તે રીતે રાખવી.

કુલપતિશ્રી તરફથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૭. લાઇબ્રેરીના પ્લાન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લાઈબ્રેરી અને ભાષાભવનનાં મકાન વચ્ચે થનાર સૂચિત ગ્રંથાલયના પ્લાન, ડિપાર્ટમેન્ટની જરૂરિયાત મુજબ જરૂરી ફેરફાર સાથે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮ જિમનેશ્યમના મકાનમાં દીવાલમાં બહારની બાજુએ સેન્ડફેઈસ પ્લાસ્ટર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જિમનેશ્યમના મકાનની સેન્ડફેઈસ પ્લાસ્ટર કરવા માટેનો અંદાજી ખર્ચ રૂ. ૧૮,૦૦૦ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવવતી

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ—૩૮૦ ૦૦૯.

૧૧૯૭-૫૦૦-૪-૮૫

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ : તા. ૬-૩-૧૯૮૫

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ખાસ સભા બુધવાર, તા. ૬-૩-૧૯૮૫ના રોજ બપોરના ૧-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૩-૧૯૮૫
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. ઉજમશીભાઈ એ. કાપડિયા	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	હાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	ગેરહાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૪.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૧૫.	ડા. પી. પી. મહેતા	ગેરહાજર
૧૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૭.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૧૮.	શ્રી. જિતેન્દ્ર ચિનુભાઈ શાહ	ગેરહાજર
૧૯.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	ગેરહાજર
૨૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ અંબાલાલ શાહ	હાજર
૨૪.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	હાજર

૧. કુલપતિશ્રીએ મંજૂર રાખેલું નીચેનું કાર્ય (જાણ સારુ) :

શિક્ષણ સંસ્થાઓમાં જગ્યાઓ અનામત રાખવાની બાબતમાં રાજ્ય સરકારે જાહેર કરેલી નીતિના વિરોધમાં અમદાવાદ શહેરમાં વિદ્યાર્થીઓનું સોમવાર, તા. ૧૮-૨-૧૯૮૫થી શરૂ થયેલ આંદોલનનું સ્વરૂપ વધુ ઉગ્ર થાય તેવી દહેશત અંગે સ્થાનિક કૉલેજોના આચાર્યો/સંચાલકો. વિદ્યાભવનોના અધ્યક્ષોએ કરેલી રજૂઆતના સંદર્ભમાં અમદાવાદની સ્થાનિક કૉલેજો અને વિદ્યાભવનોનું કામકાજ અનિશ્ચિત સમય સુધી સ્થગિત કર્યાનું

એક સભ્યશ્રીના વિરોધ સાથે સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૨. અમદાવાદ શહેરમાં વિદ્યાર્થીઓના પ્રવર્તમાન આંદોલન અને તેનાથી ઊભી થયેલી પરિસ્થિતિના સંદર્ભમાં વિદ્યાશાખાઓના અધ્યક્ષો, સ્થાનિક શિક્ષકો, કૉલેજોના સંચાલકો તથા આચાર્યોના કેટલાક પ્રતિનિધિઓ તેમ જ અનુસ્નાતક વિદ્યાભવનોના અધ્યક્ષોની એક સમિતિની સમીક્ષા (Review)ના તા. ૬-૩-૧૯૮૩ના રોજ રજૂ થનાર હેવાલ પર વિચારણા કરીને જરૂરી નિર્ણય લેવા બાબત.

લંબાણ ચર્ચા-વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ઉપરોક્ત સમિતિની તા. ૬-૩-૧૯૮૫ ના રોજ મળેલી સભાનો અહેવાલ, તા. ૯-૩-૧૯૮૫ ના રોજ મળનારી આ કાઉન્સિલની સભામાં વધુ વિચારણા માટે મોકૂફ રાખવો.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ. / ૧૧૧૨૨૨ / ૧૯૮૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૨-૪-૧૯૮૫

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૯-૩-૧૯૮૫ના રોજ બપોરના ૧-૩૦ વાગ્યે અને રવિવાર તા. ૧૦-૩-૧૯૮૫ના રોજ સવારે ૮-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૯-૩-૧૯૮૫	તા. ૧૦-૩-૧૯૮૫
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર	હાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. ઉજમશીભાઈ એ. કાપડિયા	ગેરહાજર	ગેરહાજર
૭.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	હાજર	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર	હાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	ગેરહાજર	ગેરહાજર
૧૩	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૪	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર	ગેરહાજર
૧૫.	ડૉ. પી. પી. મહેતા	હાજર	ગેરહાજર
૧૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૭.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર	હાજર
૧૮.	શ્રી. જિતેન્દ્ર ચોનુભાઈ શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૯.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	હાજર	હાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	ગેરહાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ અંબાલાલ શાહ	હાજર	હાજર
૨૪	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	હાજર.	ગેરહાજર.

૧,૧૯૬-૫૦૦-૪-૮૫

એકિઝકયુટિવ કાઉન્સિલ

માર્ચ માસની સભા : તા. ૯/૧૦-૩-૧૯૮૫

૧. તા. ૨-૨-૧૯૮૫ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨-૨-૧૯૮૫ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૬૭ના પરિશિષ્ટ "ઘ"માં ઠરાવ નં. ૮, પાના નં. ૬૭ની છેલ્લી લીટીના શબ્દો "તથા સ્ટે. ૧૮૮(૨)માં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી કરવી" રદ કરવા; અને

બાબત નં. ૭૨ના ઠરાવને અંતે ઑ. ૧૧૦ કાર્યાલયે રજૂ થયેલ મુસદ્દા પ્રમાણે સુધારી પરિશિષ્ટ તરીકે સામેલ કરેલ નથી, જે આ સાથે **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) માર્ચ-એપ્રિલ ૧૯૮૩માં લેવાયેલ સેકન્ડ બી.કૉમ.ની પરીક્ષાના વિદ્યાર્થી નં. ૮૮૧ને સદરહુ પરીક્ષામાં તેમના ગુણમાં પરીક્ષક દ્વારા થયેલ અનધિકૃત ફેરફારના સંદર્ભમાં નાપાસ જાહેર કરતાં તેમણે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સી. એ. નં. ૬૬૯/૧૯૮૫થી દાદ માંગેલ હોઈ આ બાબતમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકવાના અને તે અંગે આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાના;

(૨) ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૫થી બી.એસસી. (સ્પે)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેની અરજી ઑ. ૧૨૦ની સમયમર્યાદા કરતાં મોડી હોવા છતાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની જોગવાઈ અનુસાર તે સ્વીકાર્યાનું તથા સદરહુ કૉલેજની સ્થાનિક તપાસ સમિતિ પર ડૉ. વી. સી. શાહની નિમણૂક કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩. ઝાલોદ કેળવણી મંડળ, ઝાલોદ તરફથી ઝાલોદ ખાતે વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)

અનુસાર જરૂરિયાત સ્વીકારવામાં આવી ન હતી, તે માટે સંસ્થાએ રાજ્ય સરકાર સમક્ષ કરેલી અપીલ નકારી કાઢયાની જાણ કરતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૮–૧–૧૯૮૫ના પત્રાંક પરચ/૧૫૮૪/૬૧૫૬૩/ખની નોંધ લેવા બાબત.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૭-૧-૧૯૮૫ના પત્રાંક એફ. ૨૪-૨૦/૮૪(આઈસી-૩)થી તા. ૧૮-૨-૧૯૮૫થી તા. ૧૦-૩-૧૯૮૫ સુધી "શોર્ટ ટર્મ ઇન્સ્ટ્રક્ચર ઓન સમ ફન્ડામેન્ટલ એન્ડ એપ્લાઇડ આસ્પેક્ટ્સ ઓફ ટીચિંગ ફિલોસોફી વિથ સ્પેશ્યલ રેફરન્સ ટુ મોડર્ન લૉજિક ફિલોસોફી ઓફ એજ્યુકેશન" યોજવા માટે કુલ રૂ. ૬૨,૫૪૦/- (રૂપિયા બાસઠ હજાર પાંચસો ચાલીસ) મંજૂર કરેલ તેની નોંધ લેવા બાબત.

સભાગૃહે સદરહુ બાબતની સાભાર નોંધ લીધી.

૫. યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેઓના પ્રોવિડંટ ફંડ ભંડોળમાંથી સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન ખરીદવા/મરામત માટે લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	લોનની રકમ	અગાઉ લોન લીધી છે કે કેમ?	કારણ
૫.	શ્રી વી. બી. પટેલ (જુ. સુપરિન્ટેન્ડેન્ટ)	રૂ. ૨૯,૫૦૦/-	ના, જી	હાલના રહેઠાણ પર બે રૂમ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં જુ. સુપરિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરતા શ્રી. વી. બી. પટેલને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે, તેમના નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૬. યુનિવર્સિટીના શ્રમિક વિદ્યાકેન્દ્રમાંની નીચેની જગા અંગેની વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

જગા	પગારધોરણ
૧. અધ્યક્ષ	રૂ. ૧,૧૦૦–૧,૬૦૦
૨. પ્રોગ્રામ ઑફિસર	રૂ. ૭૦૦–૧,૩૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં વરણી સમિતિની રચના કરવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં ગાર્ડન સુપરવાઈઝર તરીકે કામ કરતા શ્રી સી. કે. શાહને રૂ. ૪૨૫–૧૫–૫૦૦–ઈ.બી.–૧૫–૫૬૦–૨૦–૬૦૦–ઈ.બી.–૨૦–૭૦૦ના પગારધોરણમાં રૂ. ૬૦૦/- પછીની કાર્યક્ષમતા (efficiency bar) તા. ૧–૨–૧૯૮૫થી ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યને રૂ. ૪૨૫–૧૫–૫૦૦–ઈ.બી.–૧૫–૭૬૦–૨૦–૬૦૦–ઈ.બી.–૨૦–૭૦૦ના પગારધોરણમાં રૂ. ૬૦૦/– પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧–૨–૧૯૮૫થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૮. યુનિવર્સિટી કાર્યાલય (ડિસ્પેચ વિભાગ માટે) નવું લ્યુના મોપેડ ખરીદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય (ડિસ્પેચ વિભાગ માટે) એક નવું લ્યૂના મોપેડ ખરીદવાનું રાખવું.

૯. ઑર્ડિ. ૭૫(૧) સ્પષ્ટતા માટે નીચેની વ્યાખ્યા નોંધ તરીકે ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

Note.—Vacation means the period between the conclusion of the one term and the commencement of the next term.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૭૫(૧)માં સ્પષ્ટતા માટે ઉપરની વ્યાખ્યા નોંધ તરીકે ઉમેરવાનું મંજૂર રાખવું.

૧૦. જૂન, ૧૯૮૫ થી બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટે સાબર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતિજ તરફથી આવેલી અરજીઓ ઓ. ૧૨૦ની સમયમર્યાદા કરતાં મોડી હોવા છતાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ તે સ્વીકારવા ભલામણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. શ્રીમતી એ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજના ડીન તથા શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચના અધ્યક્ષપદ પર એક જ વ્યક્તિ કામ કરે તે વ્યવસ્થા સદરહુ સંસ્થાના વ્યવસ્થાપક મંડળની તા. ૨૩–૪–૧૯૮૦ની સભાના ઠરાવ પ્રમાણે તબીબી શિક્ષણના હિતમાં અને વ્યવહારુ જણાતી હોઈ તે માટે મંજૂરી આપવા માટે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચના અધ્યક્ષશ્રી તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજના ડીન તરીકે એક વ્યક્તિ તથા શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ–ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચના અધ્યક્ષ તરીકે એક અલગ વ્યક્તિ રાખવાનો આગ્રહ રાખવો, અને તે પ્રમાણે પગલાં લેવા ઉપરોક્ત સંસ્થાઓને જાણ કરવી.

૧૨. યુનિવર્સિટીના વધતા જતા પરીક્ષા ખર્ચના સંદર્ભમાં જુદી જુદી પરીક્ષાની ફી જે ઓ. ૧૨૯ મુજબ નિયત કરવામાં આવી છે તેમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૩. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ તરફથી બી.એસસી. (નર્સિંગ)ના પદવી કક્ષાનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૫—૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી એસસી. (નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૫થી તા. ૧૪—૬—૧૯૮૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલના ધારાધોરણ અનુસાર જરૂરી શિક્ષણગણની નિમણૂંક કરવામાં આવે;

૨. વ્યાખ્યાન ખંડ, પ્રાયોગિક ખંડ ઇ. માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલના ધારાધોરણ અનુસાર પ્રાયોગિક શૈક્ષણિક કાર્ય કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦-૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. ગ્રંથાલયમાં નવા અભ્યાસક્રમના સંદર્ભમાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂંક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે; અને

૮. વધુમાં વધુ ૩૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૪. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૫થી બી.કૉમ.(ગૌણ)માં એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૧–૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી. કૉમ. (ગૌણ)માં એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૫થી તા. ૧૪–૬–૧૯૮૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમમાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક-વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

(**નોંધ.** –સ્થાનિક તપાસ સમિતિએ કાયમના જોડાણની ભલામણ કરી છે. શિરસ્તા પ્રમાણે જોડાણના બીજો તબક્કો હોઈ ૩ વર્ષના જોડાણની મુદત અત્રે દર્શાવી છે.)"

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૫. શ્રીમતી એસ. સી. પટેલ ફરતી ફૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈને જૂન ૧૯૮૪થી પોતાના નવા બંધાયેલા મકાનમાં સ્થળાંતર કરવા બાબતમાં ઓ. ૧૨૦–જે અનુસાર તેના આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પરત્વે તપાસસમિતિની રચના કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત. તથા

સદરહુ તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમો શ્રીમતી એસ. સી. પટેલ ફરતી ફૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈના મકાનની ફેરબદલી બાબતમાં સ્થળ

પર જઈ તપાસ કરી તેનો સુચિંતિત હેવાલ રજૂ કરવા જણાવવું, અને તે આવ્યેથી તે પર વિચારણા કરવાનું રાખવું :

૧. પ્રો. એમ. એન. દેસાઈ
૨. પ્રિ. આર. એચ. વ્યાસ
૩. શ્રી. યુ. એ. કાપડિયા.

૧૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) ઓર્ડ. એમ.ડી.૧-બીમાં સ્પેશિયાલિટી બ્રાન્ચ-૩ નેફ્રોલોજી ઉમેર્યાનું તથા ઓર્ડિ. એન.એસ-૧બીમાં સ્પેશિયાલિટી બ્રાન્ચ-૫ યુરોલોજી ઉમેર્યાનું;

(૨) મ્યુનિ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મહેસાણા તરફથી બી.કોમ. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો જૂન, ૧૯૮૫થી શીખવવા માટે નિયત સમયમર્યાદા પછી મોડી આવેલી વધારાના જોડાણ માટેની અરજીમાં આ અભ્યાસક્રમ શરૂ કરવાનું તા. ૩૧-૩-૧૯૮૪ પછી ઠરાવ્યું હોવાથી તે વિશિષ્ટ સંજોગોને લક્ષમાં લઈ, તે એકિઝક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું તથા તે બાબતમાં સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

(૩) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ધારાની કલમ ૨(એફ) અને ૧૨-એ અન્વયે માન્ય થયેલી કોલેજને જ કમિશનની આર્થિક સહાયને પાત્ર બનતી હોઈ, આ બાબતમાં કોલેજને કાયમી જોડાણ આપવાના પ્રક્રિયા ત્વરિત હાથ પર લઈ ઝડપી બનાવવા માટે એકઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૨-૧૯૮૫ની સભામાં ઠરાવ ક્રમાંક ૭૦થી ઠરાવ્યું છે તેના સંદર્ભમાં કુલપતિશ્રીએ નિયુક્ત સમિતિની ભલામણમાં જણાવેલી શરતોનું પરિપાલન નીચેની કોલેજોએ કર્યું હોઈ તેના નામ સામે જણાવેલી તારીખે કાયમી જોડાણ આપ્યાનું :

૧.	ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોમર્સ, નડિયાદ	...તા. ૨૬-૨-૧૯૮૫થી
૨.	શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કોલેજ, તલોદ	...તા. ૨૬-૨-૧૯૮૫થી
૩.	એલ. જે. કોલેજ ઑફ કોમર્સ, અમદાવાદ	...તા. ૨૬-૨-૧૯૮૫થી
૪.	દેસાઈ સી. એન. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વીરમગામ.	...તા. ૨૬-૨-૧૯૮૫થી

(૪) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં ચાલતા જિયોલોજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના અનુસ્નાતક વિદ્યાર્થીઓને વર્ષ ૧૯૮૪-૮૫ દરમ્યાન અભ્યાસપ્રવાસ માટે રૂ. ૫૦૦૦/— એડવાન્સ પેટે મંજૂર કર્યાનું;

નોંધ.— ઉપરોક્ત કેન્દ્રને ફિલ્ડવર્કના પ્રવાસ માટેના ૫૦% રકમ યુ. જી. સી. ગ્રાન્ટ ખાતે પડશે, જ્યારે બાકીના ૫૦% યુનિવર્સિટી ફંડ ખાતે પડશે.

(૫) એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧-૧૨-૧૯૮૪ની સભામાં બાબત ક્રમાંક ૭૦થી સ્થાયી સમિતિની તા. ૨૬-૧૧-૧૯૮૪ની સભાની ભલામણ અન્વયે ઇન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટરની યોજના માટેની જગાઓમાં ટેકિનશિયન (ઇલેક્ટ્રિશિયન)ની જગ્યાને બદલે ટેકનિશિયન 'સી' (ઇલેક્ટ્રોનિક) તેમ જ સીનિ. ઇલેક્ટ્રોનિકસની જગાને (આસિ. ઈલેક્ટ્રોનિક શોપ માટે) બદલે સીનિયર ટેકિનકલ આસિસ્ટન્ટ (ઇલેક્ટ્રોનિક વર્કશોપ માટે) વંચાવ તે મુજબ સુધારો કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૧૭. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરમાં ટેકિનકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતાં કુ. ઝંખના જે. મહેતાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૯—૬-૧૯૮૫ ના રોજ પૂરો થતો હોઈ તેઓને રૂ. ૪૭૫-૨૦-૬૧૫-ઈ.બી.-૨૫-૮૦૦ ના પગારધોરણમાં તા. ૧૦-૧-૧૯૮૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતાં કુ. ઝંખના જે. મહેતાને તા. ૯-૧-૧૯૮૫થી કાયમ કરવાં.

૧૮. બી. કે સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી જે. એમ. પટેલને રૂ. ૨૬૦-૬-૩૦૮—૬બી—૬-૩૨૬-૮-૩૫૦—૬બી-૮-૩૯૦-૧૦-૪૦૦ ના પગારધોરણમાં તા. ૧૫-૧૦-૧૯૮૪ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. જે. એમ. પટેલને તા. ૧૫-૧૦-૧૯૮૪થી કાયમ કરવા.

૧૯. ભાષા-સાહિત્ય ભવનની લેંગ્વેજ લેબોરેટરી માટે ૧૯૮૫-૮૬ ના વર્ષ દરમિયાન એરકન્ડિશનર વગેરે કામકાજ માટે રૂ. ૩૯,૫૦૦ની બજેટ-જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૦. ઇન્ડિયન સોસાયટી ફોર કૉમ્યુનિટી એજ્યુકેશન, અમદાવાદના અધ્યક્ષશ્રીના તા. ૨--૨—૧૯૮૫ ના પત્રના સંદર્ભમાં યુનિવર્સિટીએ સદરહુ સંસ્થાના આજીવન સભ્ય થવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ :—(૧) આજીવન સભ્ય થવાના રૂ. ૧૦૦૦/— ભરવાના છે.

(૨) જો સભ્ય થઈએ તો કાર્યવાહીનો હેવાલ ૨૦% ડિસ્કાઉન્ટથી મળે તેમ જણાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. ઓર્ડિ. ૬૬ અન્વયે શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની ૧૯૮૪-૮૫ ના શૈક્ષણિક વર્ષ દરમિયાન આવેલ માહિતીમાં ઉપસ્થિત થયેલ મુદ્દાઓ કે જે એક કરતાં વધુ કૉલેજમાં છે તે મુદ્દાઓ જોઈતપાસી અહેવાલ આપવા વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓની કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિએ

તેની તા. ૧૨–૯–૧૯૮૪ અને તા. ૨૧–૯–૧૯૮૪ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણ (૩) પર વિચારણા કરવા બાબત :

"(૩) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં કામ કરતા ખંડ સમયના શિક્ષકોને જે વેતન-પગાર મળે છે તે પ્રમાણે કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોના ખંડ સમયના શિક્ષકોના વેતન-પગાર ચૂકવવા અંગે સરકારશ્રી અનુદાન અંગે આખરી નિર્ણય લે કે ન લે તોપણ તેઓને ઉપર જણાવેલ વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોના ખંડ સમયના શિક્ષકોની જેમ જ વેતન ચૂકવવા માટે આગ્રહ રાખવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સર્વ પાસાંઓ અંગે વિચારીને તે અંગે સુચિંતિત અહેવાલ રજૂ કરવા નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવી :

૧. શ્રી. કુ. એ. કાપડિયા
૨. પ્રો. વી. સી. શાહ
૩. પ્રિ. આર. એચ. વ્યાસ
૪. પ્રિ. એમ. ડી. પંચોલી
૫. પ્રિ. એમ. સી. શાહ
૬. શ્રી. સુધીરભાઈ નાણાવટી
૭. પ્રો. કનુભાઈ શાહ.

૨૨. શૈક્ષણિક વર્ષ ૧૯૮૪–૮૫માં કેટલાક વિદ્યાર્થીઓએ કામચલાઉ પ્રમાણપત્ર મેળવ્યા બાદ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) મેળવી લીધેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

[O. 70 :

The Registrar may, however, issue a Provisional Certificate of Eligibility if he is satisfied that the applicant is prime-face eligible for admission to this University, at his own risk, and on condition that he obtains a final certificate of Eligibility before the close of the academic term in which the student is provisionally admitted to the University.

કામચલાઉ પ્રવેશપત્રમાં નીચે પ્રમાણે જણાવેલ છે :

તા.ક. ક્રમાંક-૨ : જો છેવટનું પ્રવેશપત્ર ચાલુ સત્રના અંત પહેલાં લેવામાં નહીં આવે તો વિદ્યાર્થી સત્ર દરમિયાન રાખેલી હાજરી અને ભરેલી ફી ગુમાવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૧૯૮૪–૮૫ દરમ્યાન જે વિદ્યાર્થીઓએ કામચલાઉ પ્રવેશપત્રો મેળવ્યાં છે તેઓને પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) મેળવી લેવા માટેની મુદત તા. ૩૦–૪–૧૯૮૫ સુધી લંબાવવી.

૨૩. ભવન્સ આર્ટ્સ, સાયન્સ ઍન્ડ શ્રીમતી જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોરનું નામ બદલીને નીચે પ્રમાણે રાખવા માટે પરવાનગી માંગતા ભારતીય વિદ્યાભવન, ડાકોર કેન્દ્રના ચેરમેનશ્રી તરફથી આવેલ તા. ૬-૨-૧૯૮૫ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

"ભારતીય વિદ્યાભવન્સ શ્રી ઈશ્વરલાલ લાભશંકર પંડ્યા આર્ટ્સ ઍન્ડ સાયન્સ ઍન્ડ જશોદાબેન શાહ કૉમર્સ કૉલેજ, ડાકોર".

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર્ટ્સ, સાયન્સ ઍન્ડ શ્રીમતી જશોદાબેન કૉમર્સ કૉલેજ, ડાકોરનું નામ બદલીને "ભારતીય વિદ્યાભવન્સ–શ્રી ઈશ્વરલાલ લાભશંકર પંડ્યા આર્ટ્સ ઍન્ડ સાયન્સ ઍન્ડ જશોદાબેન શાહ કૉમર્સ કૉલેજ, ડાકોર" રાખવા મંજૂરી આપવી.

૨૪. સંલગ્ન કૉલેજોના આચાર્યોની ૩૫ બેઠકો માટેના સ્ટે. ૧૦(અ)નો પ્રોવિઝો રદ કરવાની બાબત ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧-૧૨-૧૯૮૪ની સભાએ સ્ટેચ્યૂટ્સ સમિતિની વિચારણા માટે મોકલી હતી. સદરહુ સમિતિએ તા. ૧૨-૨-૧૯૮૫ની સભામાં સ્ટે. ૧૦(અ)નો પ્રોવિઝો રદ કરવા કરેલ નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

ચર્ચાવિચારણાના અંતે સ્ટેચ્યૂટ ૧૦–અ નો નીચે જણાવેલો પ્રોવિઝો રદ કરવા આ સમિતિ ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

Provided that it shall be competent for the Executive Council to revise the above fixation of seats to the minimum extent necessary in the event of the total number of affiliated colleges failing below 140.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેચ્યૂટ સમિતિની તા. ૧૨-૨-૧૯૮૫ની ભલામણ મુજબ સ્ટે. ૧૦(અ)નો ઉપરોક્ત પ્રોવિઝો રદ કરી તે મુજબ સુધારેલો સ્ટે. ૧૦(અ) મંજૂર કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સદરહુ સ્ટે. ૧૦(અ)ની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૫. આ યુનિવર્સિટીની પરીક્ષાઓના તથા પદવી મેળવવા માટેનાં આવેદનપત્રો નિયત તારીખ પછી ચૌદ દિવસ સુધી લેઈટ ફી સાથે સ્વીકારવા અંગેના કાર્યાલયે સૂચવેલ ઑર્ડિનાન્સના મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયે સૂચવેલ ઑર્ડિ. ૧૨૯(બી) મંજૂર રાખવો અને તે તાત્કાલિક અમલમાં મૂકવાનું રાખવું.

(સદરહુ ઑર્ડિ. ૧૨૯(બી) **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૬. વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, મહેસાણા તરફથી જૂન ૧૯૮૫થી ડિપ્લોમા ઇન લેબર લાઝ ઍન્ડ પ્રૅક્ટિસ તથા ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ નીચે કરેલી ભલામણ મંજૂર કરવી :

"આથી ઠરાવવામાં આવે છે કે, વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, મહેસાણા, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૮૫ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫થી તા. ૧૪-૬-૧૯૮૮ સુધીનું ચાલુ જોડાણ આપણા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમમાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક-વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

૨૭. બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સના સને ૧૯૮૩-૮૪ના વાર્ષિક હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સદરહુ હેવાલની નોંધ લેવી.

૨૮. અનુદાન મેળવતી તમામ બિનસરકારી આર્ટ્સ-કૉમર્સ-સાયન્સ અને બી.એડ. કૉલેજોના આચાર્યોને શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક જગ્યાઓ વર્કલોડ/વિદ્યાર્થી સંખ્યા સચવાઈ રહે ત્યાં સુધી ગ્રાન્ટ મંજૂર રહેવા સંબંધી ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીએ તેમના તા. ૧૮-૨-૧૯૮૫ના પત્ર ક્રમાંક ઉબક/સરપ્લસ/૩-૧/૧૭૫૩/૧૯૭૫થી જણાવ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કૉલેજ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૯. યુનિવર્સિટી કૉમ્પ્યુટર વિભાગમાં જૂના કૉમ્પ્યુટર આઈબીએમ ૧૬૨૦ ને બદલે વીએએક્સ ૧૧/૭૩૦ કૉમ્પ્યુટર વસાવવાને કારણે નીચે પ્રમાણેની જે જગ્યાઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેના તા. ૨૬-૪-૧૯૮૪ ના પત્રથી મંજૂર કરવામાં આવી છે તેના સંદર્ભમાં હાલની યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટરમાંની કેટલીક જગ્યાઓને આવી Corresponding જગ્યાઓ સામે કઈ જગાઓનો સમાવેશ (Absorb) કરવો અને તે સિવાયની કઈ કઈ જગ્યાઓની જાહેરાત આપીને ભરવી; તેના સંદર્ભમાં કૉમ્પ્યુટર સમિતિની તા. ૧૧-૧-૧૯૮૫ ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામાભિધાન	જગ્યાની સંખ્યા	પગારધોરણ	રોસ્ટર ક્રમ
૧.	હેડ ઑફ કૉમ્પ્યુટર સેન્ટર	૧	રૂ. ૧૫૦૦–૨૦૦૦	G.D.
૨.	સિસ્ટમ ઍન્જિનિયર	૧	રૂ. ૧૧૦૦–૧૬૦૦	G.D.
૩.	પ્રોગ્રામર્સ	૨	રૂ. ૧૧૦૦–૧૬૦૦	G.D., G.D.
૪.	સીનિયર કૉમ્પ્યુટર ઑપરેટર	૧	રૂ. ૫૫૦–૯૦૦	G.D.
	જુનિયર કૉમ્પ્યુટર ઑપરેટર	૩	રૂ. ૪૨૫–૭૦૦	S.T., G.D., G.D.
૫.	ફ્રી-પંચ ઑપરેટર્સ	૩	રૂ. ૨૬૦–૪૦૦	B.P., G.D. G.D.
૬.	સીનિયર મેઈન્ટેનન્સ ઍન્જિનિયર	૧	રૂ. ૧૧૦૦–૧૬૦૦	G.D.
	જુનિયર મેઈન્ટેનન્સ ઍન્જિનિયર	૨	રૂ. ૭૦૦–૧૩૦૦	G.D., G.D.
૭.	જુનિયર ક્લાર્ક (સ્કીમ પ્રમાણે આ જગ્યા લોઅર ડિવિઝન ક્લાર્કની છે)	૧	રૂ. ૨૬૦–૪૦૦	S.T.
	સીનિયર ક્લાર્ક (સ્કીમ પ્રમાણે આ જગ્યા અપર ડિવિઝન ક્લાર્કની છે)	૧	રૂ. ૩૩૦–૫૬૦	G.P.
	સીનિયર ક્લાર્ક (સ્કીમમાં આ જગ્યાનું નામાભિધાન 'આસિસ્ટન્ટ' છે)	૧	રૂ. ૩૩૦–૫૬૦	G.P.
૮.	સિસ્ટમ ઍનાલિસ્ટ	૧	રૂ. ૧૧૦૦–૧૬૦૦	G.D.
૯.	ટ્રેઈની પ્રોગ્રામર	૧	રૂ. ૬૦૦–ઉચ્ચક પ્રતિમાસ	—
૧૦.	ટ્રેઈની ઑપરેટર્સ	૨	રૂ. ૪૦૦–ઉચ્ચક પ્રતિમાસ	—
૧૧.	જૉબ રિસેપ્શિન્ટ (સ્કીમ પ્રમાણે આ જગ્યા અપર ડિવિઝન ક્લાર્કની છે)	૧	રૂ. ૩૩૦–૫૬૦	G.D.
૧૨.	ટેઈપ ડિસ્ક લાઇબ્રેરિયન	૧	રૂ. ૩૩૦–૫૯૦	G.D.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નીચેના સભ્યોની બનેલી એક સમિતિ રચી, તે સમિતિને ઉપરોક્ત જુદી જુદી જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત, પગારધોરણ ઇત્યાદિ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કોઈ ધારાધોરણ કે માર્ગદર્શક ભલામણ કરી હોય તો તેના ઉપલક્ષમાં, આ પ્રશ્ન તપાસી પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા જણાવવું :

૧. પ્રો. એમ. એન. દેસાઈ
૨. પ્રિ. એચ. એમ. દેસાઈ
૩. શ્રી એચ. બી. દવે
૪. પ્રિ. કે. આર. પટેલ
૫. શ્રી એસ. આર. ડાકોર
૬. શ્રી આર. પી. સોની.

૩૦. ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વિભાગમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. કરસન ભૂવા ગરિયલને સ્ટે. ૧૮૮/૨ પ્રમાણે તેઓના પ્રોવિડંટ ફંડમાંથી રૂ. ૧૨,૦૦૦ ની લોન મકાનમરામત કરવા માટે આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઉપરોક્ત લોનની રકમમાંથી તેઓના ખાતે નીકળતી લોન તથા તે પરના વ્યાજની રકમ કાપી લેવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગમાં કામ કરતા શ્રી કરસન ભૂવા ગરિયલને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેમના ખાતે નીકળતી રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૩૧. બાંધકામ સમિતિની તા. ૧-૩-૧૯૮૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૩-૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧-૩-૧૯૮૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૬) ગુજરાતની વડી અદાલતમાં નીચેની વિગતની રજૂ થયેલ અરજીઓના કામમાં શ્રી. સુરેશભાઈ શેલતની એડવોકેટ તરીકે નિમણૂક કર્યાના તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાના :

૧. સ્પે. સિવિલ એપ્લિકેશન નંબર ૧૭૮૦/૮૪	ડૉ. સી. એન. ચોકસી વિરુદ્ધ સિલેકશન કમિટી —ડૉ. લતીફ, શારદાબેન હૉસ્પિટલ, અમદાવાદ. —ડૉ. ભારદ્વાજ, વી. એસ. હૉસ્પિટલ, અમદાવાદ વગેરે.

૨. સ્પે. સિવિલ એપ્લિકેશન નંબર ૮૭૨/૮૫	જી. એલ. એસ. આર્ટ્સ કોલેજ, અમદાવાદના ગ્રંથપાલ શ્રી. બી. કે. બોડીવાલા વિરુદ્ધ ગુજરાત સરકાર વગેરે. ગ્રંથપાલના સુધારેલ પગારના ધોરણ તથા લાયકાતો અંગે.

(૨) તબીબી વિદ્યાશાખાની ભલામણ મુજબ બેઝિક કોર્સ ઇન બી.એસસી. નર્સિંગના અભ્યાસક્રમને લગતા નીચેના ઑર્ડિ. નર્સિંગ ૧, ૨ અને ૩ મંજૂર કર્યાના :

Ordinance (Nursing) I :

To be eligible for admission to the degree of B.Sc. (Nursing) the candidate shall—

(*i*) have passed at least the Higher Secondary School Examination with Science or Arts subjects of Gujarat State Board or Pre–University Science or Arts or its equivalent with 45% minimum in aggregate 40% for BC/SC/ST candidate

(*ii*) have taken English as a subject at the above mentioned examination if the medium of instruction has not been English at the School, and have secured at least 40% marks in it,

(*iii*) be not less than 17 years of age

(*iv*) have satisfactory health as demonstrated by pre–entrance Physical Examination.

The candidate will be required to pass examination at the end of each Semester.

B.Sc. (N)–I

Ordinance (Nursing)–II

Candidate before presenting themselves for the examination shall produce a certificate of having attended the courses in the subjects mentioned in Regulation (Nursing)–I to the stisfaction of the head of the college.

B.Sc. (N)–II

Ordinance (Nursing)–III

Candidate before presenting themselves for the examination shall produce a certificate of having attended the courses in the subjects mentioned in Reg. (Nursing)–II to the satisfaction of the head of the college.

(૩) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડી.એલ.ઓ. અભ્યાસમાં પ્રવેશ ન મળતાં ડૉ. શ્રી. હર્ષ મજમુદારે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સિવિલ એપ્લિકેશન ન. ૧૫૯૭/૮૪થી દાદ માગેલ છે. તેના સંદર્ભમાં ગુજરાતની વડી અદાલતના તા. ૨૦-૨-૧૯૮૫ ના ફાઈનલ જજમેન્ટ અનુસાર ડૉ. હર્ષ મજમુદારનું ડી.એલ.ઓ. પરીક્ષાનું પરિણામ જાહેર કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩૩. સ્વ. જયેશ જે. માંકડ ચંદ્રકનો હાલનો નિયમ 'સ્વ. જયેશ જે. માંકડ ચંદ્રક' એ નામનો આશરે રૂ. ૬૪૦ ની કિંમતનો એક ચંદ્રક દરવર્ષે યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી ઓક્ટોબર માસની ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજીની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી જેણે થર્ડ એમ.બી.બી.એસ.ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ કરી હોય અને આવા પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થઈ ઉપરોક્ત ડિપ્લોમા પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી જે સૌથી વધુ ગુણાંક મેળવતો હોય તેને એનાયત કરવો. દાતાના તા. ૧૩-૨-૧૯૮૫ના પત્રમાં જણાવ્યા અનુસાર ડિપ્લોમા ઇન ક્લિનિકલ પેથોલોજીની પરીક્ષામાં વિદ્યાર્થીઓ બેસતા ન હોવાથી ઉપરોક્ત ચંદ્રક ઓક્ટોબર માસમાં લેવાનાર એમ.ડી. પેથોલોજીની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીએ સેકન્ડ એમ.બી.બી.એસ. પરીક્ષામાં પેથોલોજી વિષયમાં યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવે તેને એનાયત કરવો.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ચંદ્રક ઑક્ટોબર માસમાં લેવાનાર એમ.ડી. (પેથોલોજી)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી સેકન્ડ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં પેથોલોજી વિષયમાં યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવે તેને એનાયત કરવાનું રાખવું.

૩૪. તા. ૧-૧૨-૧૯૮૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણ અનુસાર પ્રો. બી. એન. પટેલ અને પ્રો. એમ. આર. રાઠોડને બે વર્ષ માટે અમાન્ય કરવાનું ઠરાવ્યું હોવાથી તેઓએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ-અરજી કરી હતી અને કોર્ટમાં જણાવ્યા પ્રમાણે આ બન્ને શિક્ષકો તરફથી આવેલ રજૂઆતને આધારે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૩૫. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪-૨-૧૯૮૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૨-૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪-૨-૧૯૮૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૩૬. ફાઇનાન્સ સમિતિની તા. ૨૬-૨-૧૯૮૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા ૨૬—૨—૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬-૨-૧૯૮૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૭. જર્મની ખાતે તા. ૬થી ૧૦ મે ૧૯૮૫ દરમ્યાન યોજાનાર થર્ડ ઇન્ટરનેશનલ સીડ સિમ્પોઝિયમમાં હાજરી આપવા બોટની વિભાગના ડૉ. ઓ. પી. સકસેનાને, ઇન્ટરનેશનલ સોસાયટી ફૉર હોર્ટિકલ્ચરલ સાયન્સ ઍન્ડ રિસર્ચ સ્ટેશન, જર્મની તરફથી આમંત્રણ મળેલ હોઈ સને ૧૯૮૫-૮૬ના વર્ષ માટેની યુ.જી.સી.ની અનઍસાઇન્ડ ગ્રાન્ટમાંથી રૂ. ૯,૬૬૧ આપવાની તેમના તા. ૨૯-૧-૧૯૮૫ના પત્રથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગના ડૉ. ઓ. પી. સકસેનાને જર્મની ખાતે તા. ૬ થી ૧૦ મે, ૧૯૮૫ દરમ્યાન યોજાનાર થર્ડ ઇન્ટરનેશનલ સીડ સિમ્પોઝિયમમાં હાજરી આપવા જવા મંજૂરી આપવી અને તે અંગે અન્ય કોઈ સંસ્થા તરફથી તેમને ૫૦ ટકા જેટલી આર્થિક સહાય મળ્યેથી, બાકીના ખર્ચના ૫૦ ટકા જેટલી આર્થિક સહાય અને રજા યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણ મુજબ આપવાનું રાખવું.

૩૮. એપ્રિલ—મે ૧૯૮૫ માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા માટે જે તે કૉલેજોના આચાર્યશ્રીઓએ કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એપ્રિલ—મે ૧૯૮૫માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા માટે આવેલી ભલામણો ઉપરથી જરૂરી નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૯. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૬-૨-૧૯૮૫, ૧૩-૨-૧૯૮૫ અને ૨૦-૨-૧૯૮૫ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની સભાઓએ કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૬—૨—૧૯૮૫, તા. ૧૩—૨—૧૯૮૫ અને તા. ૨૦—૨—૧૯૮૫ની સભાઓની ભલામણો મંજૂર રાખવી

(સદરહુ સમિતિઓની સભાઓની કાર્યવાહીની નોંધની નકલો આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૪૦. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગમાં રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. એ. એ. શેખને વિઝિટિંગ પ્રોફેસર તરીકે Bright star University of Technology, Benghazis Libiya જવા માટે બે વર્ષની રજા આપવા અંગે તેઓની તા. ૨૮-૧-૧૯૮૫ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા ડૉ. એ. એ. શેખને વિઝિટિંગ પ્રોફેસર તરીકે બ્રાઈટ સ્ટાર યુનિવર્સિટી ઑફ ટેકનોલોજી, બેન્ગાઝી, લિબિયામાં કામ કરવા માટે એક વર્ષની નીચેની શરતોએ વગર પગારની રજાઓ ખાસ રજાઓ તરીકે મંજૂર કરવી :

૧. ડૉ. શેખ રજા ઉપર જાય તે સમયગાળા માટે તેમને વેતન કે એકપણ ભથ્થું કે ઈજાફો આપવામાં આવશે નહિ;

૨. તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદત પૂરી થાય કે તરત જ તેમણે યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થવાનું રહેશે અને તે પછી ઓછામાં ઓછા બે વર્ષ સુધી તેઓ તે જગા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે એ મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે;

૩. તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં;

૪. ઉપર જણાવેલ શરત નં. ૧, ૨ અને ૩નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને ૩ માસનો પગાર (ભથ્થાં સહિત) જેટલી રકમ નોટિસ-પે તરીકે તેમણે યુનિવર્સિટીને ભરપાઈ કરવાની રહેશે;

૫. ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેમણે આપવાની રહેશે.

૪૧. યુનિવર્સિટીના મનોવિજ્ઞાનના નીચેના શિક્ષકોનું તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણ અને જે તે તારીખે મૂલ્યાંકન કરવા અંગેની મૂલ્યાંકન સમિતિની તા. ૨-૩-૧૯૮૫ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	પગારધોરણ	મૂલ્યાંકનનો લાભ આપવાની તારીખ
૧.	ડૉ. જે. એચ. શાહ	રીડર	રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧૬૦૦ મૂલ્યાંકન ૬૦–૧૯૦૦	૬–૧૧–૧૯૮૩ થી
૨.	ડૉ. (મિસ.) યુ. જી. જોશી	વ્યાખ્યાતા	રૂ. ૭૦૦–૪૦–૧૧૦૦–૫૦–૧૩૦૦ મૂલ્યાંકન ૫૦–૧૬૦૦	૧૫–૬–૧૯૮૩ થી

સદરહુ શિક્ષકોની કામગીરી અંગેના મૂલ્યાંકન સમિતિના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં અને તારીખથી અનુક્રમે રૂ. ૧,૬૦૦ અને રૂ. ૧,૩૦૦ પછીના વાર્ષિક ઇજાફાને માટે પાત્ર ગણવા.

૪૨. શિક્ષણ સંસ્થાઓમાં જગ્યાઓ અનામત રાખવાની બાબતમાં અમદાવાદ શહેરમાં વિદ્યાર્થીઓના પ્રવર્તમાન આંદોલનને કારણે અમદાવાદની સ્થાનિક કૉલેજો અને વિદ્યાભવનોનું કામકાજ અનિશ્ચિત મુદત સુધી બંધ રાખવાનું ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં વિદ્યાશાખાઓના અધ્યક્ષો તેમજ કેટલાક સ્થાનિક શિક્ષકો, કૉલેજનાં સંચાલક મંડળો તથા આચાર્યોના પ્રતિનિધિઓની બનેલી સમીક્ષા સમિતિએ તેની તા. ૬–૩–૧૯૮૫ની સભામાં રજૂ કરેલ રિપોર્ટ કે જે પર આ સભાગૃહે તેની તા. ૬–૩–૧૯૮૫-ની સભામાં વધુ વિચારણા માટે મોકૂફ રાખવાનું ઠરાવેલું તે રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

તા. ૯–૩–૧૯૮૫ની સભામાં આ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી; પરંતુ થોડી ચર્ચા બાદ સભ્યોની સંમતિથી આ બાબતની વિચારણા તા. ૧૦–૩–૧૯૮૫ પર મુલતવી રાખવામાં આવતાં, આ બાબત વધુ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

દરમિયાન આ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૯–૩–૧૯૮૫ની સભામાં પણ રજૂ થયેલ હોઈ ઍકેડેમિક કાઉન્સિલે તે અંગે કરેલી ભલામણ લંબાણ ચર્ચાવિચારણા બાદ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે અમદાવાદ શહેરની સ્થાનિક કૉલેજો તેમજ વિદ્યાભવનોનું શૈક્ષણિક કામકાજ જે શિક્ષણ સંસ્થાઓમાં જગ્યાઓ અનામત રાખવાની બાબતમાં અમદાવાદ શહેરમાં વિદ્યાર્થીઓના પ્રવર્તમાન આંદોલનને કારણે મોકૂફ રાખવામાં આવ્યું હતું તે મંગળવાર, તા. ૧૨–૩–૧૯૮૫થી પુનઃ ચાલુ કરવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને ઇજનેરી વિદ્યાશાખાની પરીક્ષાઓ માટે ૧૯૮૫ના વર્ષમાં આંતરિક ગુણાંકન રાખવું નહિ અને આ વિદ્યાશાખાઓની યુનિવર્સિટી પરીક્ષાઓ ૧૦૦ ટકાના ધોરણે લેવાનું રાખવું અને આ અંગે ઍકેડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ અનુસાર નીચેનો ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

Transitory Ordinance

(1) Notwithstanding anything contained elsewhere in the Ordinances and Regulations it is hereby provided that for the examinations to be held in the calendar year 1985, there shall be no internal evaluation in the Faculties of Arts, Science, Commerce, Engineering and such other Faculties as may be deemed necessary by the the Vice-Chancellor, and the marks earmarked for internal evaluation in each of these examinations shall be transferred to the University examinations which will, on such transfer being effected, carry for the calendar year 1985 cent percent marks for each of the University examinations concerned in the aforementioned faculties, viz. Arts, Science, Commerce and Engineering and such other Faculties as may be deemed necessary by the Vice-Chancellor.

(2) It is further provided that notwithstanding anything contained elsewhere in the Ordinances and Regulations of the University Examinations during the calendar year 1985 shall be declared on the basis of the marks obtained by them in the various University Examinations in the Faculties of Arts, Science, Commerce, Engineering and such other Faculties as may be deemed necessary by the Vice–Chancellor as per provisions contained in Sub-clause (1) above.

The provisions contained in this Transistory Ordinance shall be in force for the calendar year 1985 only.

આ ઉપરાંત એમ ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની જે પરીક્ષાઓ જાહેર થયેલા કાર્યક્રમ મુજબ તા. ૨–૪–૧૯૮૫થી શરૂ થનાર હતી તે પરીક્ષાઓ હવે તા. ૮–૪–૧૯૮૫થી શરૂ કરવી અને તે પછીની તમામ પરીક્ષાઓ જાહેર કરેલ તારીખ કરતાં એકાદ અઠવાડિયું મોડી શરૂ કરવાનું રાખવું, અને તે અંગેનું સુધારેલું સમયપત્રક મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું કે આ અંગે આનુષંગિક જે કોઈ પ્રશ્નો ઊભા થાય અથવા કોઈ સ્પષ્ટતા જરૂરી જણાય તો તે માટે નીચેના સભ્યોની બનેલી એક સમિતિ કુલપતિશ્રીના અધ્યક્ષપણા નીચે નીમવી અને તેની ભલામણ ઉપરથી જે તે બાબતોમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. કુલપતિશ્રી
૨. તમામ વિદ્યાશાખાના અધ્યક્ષો
૩. પ્રો. એમ. એન. દેસાઈ
૪. શ્રી. કનુભાઈ શાહ
૫. પ્રિ. બી. એમ. પીરઝાદા
૬. પ્રિ. એમ સી. શાહ
૭. પ્રિ. સી. એલ. શાસ્ત્રી.

૪૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૧ ફેબ્રુઆરી, ૧૯૮૫ના પત્રાંક ડી.ઓ.એફ. ૧૫–૧૧–૧૯૮૪ (સી.પી.) થી કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની તંત્રરચનાની યોજનાની મુદત તા. ૩૦ સપ્ટેમ્બર ૧૯૮૫ સુધી વધાર્યાની નોંધ લેવા બાબત.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી અને ઠરાવવામાં આવ્યું કે હાલની વ્યવસ્થા ૩૦ સપ્ટેમ્બર ૧૯૮૫ સુધી ચાલુ રાખવી.

૪૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલું નીચેનું કાર્ય (જાણ સારુ) :

રાજ્ય સરકારના નાણા વિભાગના તા. ૧૬–૨–૧૯૮૫ના ઠરાવ ક્રમાંક વીએલબી–૧૧૮૫–૨૧૦–રથી તા. ૧–૮–૧૯૮૪, તા. ૩૧–૧૦–૧૯૮૪ અને તા. ૧–૧૧–૧૯૮૪થી વધારાના મોંઘવારી ભથ્થાના દરોમાં તેમ જ એડહોક મોંઘવારી ભથ્થાના દરોમાં વધારો થયો છે તેનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને, સંલગ્ન કોલેજોને તથા માન્ય સંસ્થાઓના કર્મચારીઓને આપવાનું મંજૂર કર્યાનું

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૪૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની જગ્યા અંગેની તા. ૧૯-૨-૧૯૮૫ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ પરથી ઍકેડેમિક કાઉન્સિલે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની જગ્યા પર ડૉ. વીણા એસ. વાણીની રૂ. ૭૦૦–૪૦–૧૧૦૦–૫૦–૧૩૦૦ એસેસમેન્ટ ૫૦–૧૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની સભાની ભલામણ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૬. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર સુપરિન્ટેન્ડેન્ટની ત્રણ કાયમી જગ્યા અંગેની વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં જુ. સુપરિન્ટેન્ડેન્ટની ૩ કાયમી જગ્યા પર ક્રમાનવર્તી (૧) શ્રી. બી. કે. વાળંદ, (૨) શ્રી. જી. જે. ઠાકોર અને (૩) શ્રી. એ. ડી. ત્રિવેદીની નિમણૂક રૂ. ૫૦૦–૨૫–૬૫૦–૨૫–૭૫૦–૩૦–૯૦૦ ના પગારધોરણમાં એક વર્ષના અજમાયશી ધોરણે કરવી અને શ્રી. સી. એમ. વ્યાસનું નામ આ જગ્યા માટે ઉપરના ત્રણમાંથી કોઈ ન જોડાય તો નિમણૂક કરવા માટે રિઝર્વમાં રાખવું.

૪૭. સંલગ્ન કૉલેજોમાં કરવામાં આવેલી નિમણૂકો પશ્ચાદ્વર્તી તારીખથી આપવા માટે ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫-૭-૧૯૮૦ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની તા. ૧૮–૨–૧૯૮૫ની સભાની ભલામણ અનુસાર નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી પશ્ચાદ્વર્તી માન્યતા આપવા વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજ	શિક્ષકનું નામ	વિષય	નિમણૂકનું પદ	માન્યતા/તારીખ
૧.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	શ્રીમતી બી. કે. શાહ	ફાર્માકોગ્નોસી	ટ્યૂટર	૧૮-૨-૧૯૮૫
		શ્રી. ડી. એસ. પટેલ	ફાર્માસ્યુટિકલ ટેકનોલોજી	ડેમોન્સ્ટ્રેટર	,,
૨.	સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદ	ડૉ. એચ. પી. કોટડાવાલા	ઓરલ સર્જરી	ટ્યૂટર	,,
		ડૉ. દિનીયાર બી. ડૉક્ટર	ઓર્થોડોન્શિયા	,,	,,
૩.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. એમ. બી. દવે	ભૂગોળ	વ્યાખ્યાતા	,,

૪.	લુણાવાડા આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, લુણાવાડા	શ્રી. જયંતિભાઈ જે. પટેલ	એકાઉન્ટન્સી	વ્યાખ્યાતા	,,
૫.	શેઠ એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા	ડૉ. એ. વોરા	અંગ્રેજી	,,	,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮-૨-૧૯૮૫ની સભાની ભલામણો અન્વયે ઉપર જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી પાશ્ચાદ્વર્તી માન્યતા આપવી.

૪૮. આચાર્યશ્રી, કલોલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના પત્ર તા. ૧૮-૨-૧૯૮૫, આચાર્યશ્રી એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના પત્ર તા. ૫-૨-૧૯૮૫ તેમ જ આચાર્યશ્રી, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પાટણના પત્ર તા. ૧૮-૧-૧૯૮૫ માં જણાવ્યા પ્રમાણે અનુસ્નાતક નિયમ ૩૬(ઇ)(૨)માં દર્શાવેલ નોન-ટીચિંગ સ્ટાફના મહેનતાણાના દરમાં વધારો કરવાની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ.—હાલનો અનુસ્નાતક નિયમ ૩૬(ઇ)(૨) નીચે પ્રમાણે છે :

"Rs. 12.50 per student per term or Rs. 350/- per term, whichever is more for payment of remuneration to the Library, Laboratory and office staff for all Post-graduate centre taken together.

In addition thereto Rs. 10/- per term per student is also payable as remuneration to the Laboratory staff only for the Science subjects out of the Financial assistance admissible according to the rates mentioned in P.G. Rule 44 (b)."

આથી ઠરાવવામાં આવે છે કે હાલનો અનુસ્નાતક નિયમ ૩૬(ઇ)(૨) નીચે પ્રમાણે વંચાવ તેમ સુધારવો :

"Rs. 17.50 per student per term or Rs. 350 per term, whichever is more, for payment of remuneration to the Library, Laboratory and office staff for all Post-graduate centres instituted at a College or Institution concerned taken together.

In addition thereto, a sum of Rs. 15 per term per student is also payable as remuneration to the Laboratory staff only for the Science subjects out of Financial assistance admissible according to the rates mentioned in P. G. Rule 44(b)."

૪૯. ગુજરાત રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ તથા યુ.જી.સી.ની રિસર્ચ ફેલોશિપ એનાયત કરવા અંગે વિચારણા કરીને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિની તા. ૬-૩-૧૯૮૫ ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે આ સાથે સામેલ છે.)

૫૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ):

યુનિવર્સિટીના યુવક કલ્યાણ વિભાગ માટે એકસ્ટ્રામ્યુરલ બોર્ડના ઉપક્રમે યોજવામાં આવતાં વ્યાખ્યાનો ટેપ કરવા માટે એક ઊંચી જાતનું પોર્ટેબલ ટેપ રેકોર્ડર તથા કેસેટ નંગ ૨૦ ખરીદવાના રૂ. ૩૦૦૦-૦૦ (ત્રણ હજાર)નો ખર્ચ મંજૂર કર્યાનું :

(**નોંધ.**—યુનિવર્સિટી બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૩૦-૯-૧૯૮૦ની સભામાં ફિલ્મ અને ટેપ લાઇબ્રેરીની તા. ૩-૯-૧૯૮૦ની સભાની ભલામણ મંજૂર કરવામાં આવી છે.)

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૫૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. સી. જી. વાળોદરાને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામત-ખરીદવા અંગે પ્રોવિડંટ ફંડ ભંડોળમાંથી રૂ. ૭,૫૦૦ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સફાઇ કામદાર શ્રી. સી. જી. વાળોદરાને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામત-ખરીદી અંગે તેમના નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી મંજૂર કરવી.

૫૨. બિનસરકારી કોલેજોમાં ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરો અને લાઇબ્રેરિયનોમાંથી નવી ભરતી માટેની સમિતિ નીમવા બાબત ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ ૧૮૮૪-૧૧૪૭૯-ખ.થી સમિતિની રચના કરવામાં આવી છે તે અંગેની સમિતિઓ પર સભ્યોની નિમણૂંક માટેના તજ્જ્ઞોની પેનલ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે આ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૫૩. શ્રી. ઉમાશંકર જે. જોશી, શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ ('સ્નેહરશ્મિ'), શ્રી. ત્રિભુવનદાસ પુ. લુહાર ('સુન્દરમ્'), શ્રી. જશવંત ઠાકર અને પ્રો. કિત્સુ

સાકાકીબારાને ડી.લિટ્.ની માનાર્હ પદવી આપવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૬૩૮૮૬/૧૯૮૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૪-૪-૧૯૮૫

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૪

STATUTES—10(a)

(1) In case of election of Principals of affiliated Colleges under clause (ix) of Section 16(1) Class II (A) the Registrar shall prapare a roll of Principals of affiliated Colleges as on 31st December just preceding the date of election, and not less than 21 clear days before the date of election shall publish in newspapers selected by the Vice-Chancellor a notice of election to be held by ballot in accordance with the procedure prescribed for the same.

(2) Not more than 35 Principlas of affiliated colleges in the proportion of one for every four Principals of such colleges shall be elected from among thamselves in the manner specified herebelow :

Faculty of Arts	10
Faculty of Education	3
Faculty of Commerce	7
Faculty of Science	8
Faculty of Medicine	1
Faculty of Technology including Engineering	1
Faculty of Pharmacy	1
Faculty of Law	3
Faculty of Dental Surgery	1
	35

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૧

O. 129-B

No application for admission to any of the various examinations (Regular or External) and no application for admission to a degree or a diploma either in person or in absentia shall ordinarily be entertained, provided that the Registrar may, in his discretion, accept such application if it is received within not more than two weeks or fourteen days after the prescribed date on the applicant paying a late fee of Rs. 10/- (ten rupees) only in a such cases.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૧

O. 110 :

Every person who passes an examination for a degree or a post-graduate diploma of the University shall, on payment of a fee of Rs. 20, be eligible to be admitted to the respective degree or diploma, in person or in absentia at his option, at a convocation and in testimony whereof a degree or a diploma, as the case may be, shall be awarded to him.

In the case of an under-graduate diploma, a certificate shall be given to the candidate on his passing the examination for the same on payment of a fee of Rs. 10/-.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૧

બાંધકામ સમિતિની એક સભા તા. ૧–૩–૧૯૮૫ને શુક્રવારના રોજ સાંજના ૪–૦૦ કલાકે કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીના પ્રમુખપદે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. ઉપકુલપતિશ્રી	હાજર
૩. શ્રી. પી. બી. પટેલ	હાજર
૪. ડૉ. વી. જે. મિસ્ત્રી	હાજર
૫. ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૬. શ્રી. દીપક નવનીતલાલ	ગેરહાજર
૭. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૯–૧–૧૯૮૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૯–૧–૧૯૮૫ની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. A. S. Patel	Absent
4.	Prof. T. B. Naik	Present
5.	Dr. V. P. Shah (Invitee)	Present

Shri A. R. Shah and Shri D. B. Desai were called for an interview and were present before the Selection Committee.

After evaluating the work of the candidates concerned including their Research Publications, Book reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc., and interviewing them and also considering the Reports of the referees and judging the merits of the candidates the Committee recommends as under :

On considering merits of the candidates who have been interviewed today, the Committee finds Shri A. R. Shah suitable for promotion from a Lecturer's post to a Reader's post in Sociology and recommands that he be promoted as such.

K. S. Shastri
K. C. Parikh
T. B. Naik

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૧(૧૦)

A meeting of the Selection Committee under the U. G. C. Merit Promotion Scheme for University Teachers for recommending names for promotion to the post of Reader in the University School of Social Sciences; History, Gujarat University, Ahmedabad-380 009 under the U. G. C.'s cheme of Merit Promotion of Teachers working in University Departments was held on Saturday, the 23rd March, 1985 at 5-15 p.m.

Prof. K. S. Shastri, Vice Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Shri R. N. Mehta	Present
4.	Shri Dwijendra Tripathi	Present
5.	Shri R. G. Parikh	Present

Kum. U. G. Bhatt was called for an interview and was present before the Selection Committee.

After evaluating the work of the candidate concerned including her Research Publications, Books reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc. and interviewing her and also considering the Report of the Referees and judging the merits of the candidate the Commiitee recommends as under :

Kum. U. G. Bhatt, Lecturer in History at present is found suitable for promotion to the post of Reader in History and she be promoted as such.

K. S. Shastri
K. C. Parikh
R. N. Mehta
Dwijendra Tripathi
R. G. Parikh

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૧\૫૧/(1)

A meeting of the Selection Committee under the U. G. C. Merit Promotion Scheme for University Teachers for recommending names for promotion to the post of Reader in the University School of Psychology, Philosophy and Education; Psychology, Gujarat University, Ahmedabad-380 009 under the U. G. C.'s scheme of Merit promotion of Teachers working in University Departments was held on Saturday, the 23rd March, 1985 at 6-16 p.m.

Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri,	Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh,	Pro-Vice-Chancellor	Present
3.	Shri A. S. Patel		Present
4.	Shri Pramod Kumar		Present
5.	Shri N. H. Pathak		Present

Dr. K. K. Bhatt and Shri N. M. Parikh were called for an interview and Dr. K. K. Bhatt was present and Shri N. M. Parikh was absent.

After evaluating the work of the candidates concerned including their Research Publications, Book reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc., and interviewing the candidate present and also considering the Report of the referees and judging the merits of the candidates the Committee recommends as under : -

On considering the merits of the candidate who has been interviewed today, the Committee finds Miss Kusum K. Bhatt suitable for promotion from a Lecturer's post to a Reader's post in Psychology and recommends that she be promoted as such.

K. S. Shastri
K. C. Parikh
A. S. Patel
Pramod Kumar
N. H. Pathak

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૧(૧૧)(ii)

A meeting of the Selection Committee under the U. G. C. Merit Promotion Scheme for University Teachers for recommending names for promotion to the post of Professor in the University School of Psychology, Philosophy and Education; Psychology, Gujarat University, Ahmedabad -380009 under the U. G. C's scheme of Merit Promotion of Teachers working in University Departments was held on Saturday, the 23rd March, 1985 at 5-45 p.m.

Prof. K. S. Shastri, Vice-Chancellor, Guiarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellr	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Shri A. S. Patel	Present
4.	Shri Pramod Kumar	Present
5.	Shri N. H. Pathak	Present

Dr. H. D. Badami was called for an interview and was present before the Selection Committee.

After evaluating the work of the candidate concerned including his Research Publications, Book reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc., and interviewing him and also considering the Report of the Referees and judging the merits of the candidate the Committee recommends as under :

On considering the merits of the candidate who has been interviewed today, the Committee is of the opinion that the question of merit promotion from a Reader's post to a Professor's post in Psychology be postponed for the present.

K. S. Shastri
K. C. Parikh
A. S. Patel
Pramod Kumar
N. H. Pathak

પરિશિષ્ટ "૫"

કામકાજ ક્રમાંક ૧(૧૨) (i)

A meeting of the Selection Committee under the U. G. C. Merit Promotion Scheme for University Teachers for recommending names for promotion to the post of Professor in the University School of Languages; English, Gujarat University, Ahmedabad–380009, under the U. G. C. 's scheme of Merit Promotion of Teachers working in University Departments was held on Sunday, the 24th March, 1985 at 11-00 p.m.

Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Shri R. A. Dave	Present
4.	Prof. V. J. Trivedi	Present
5.	Prof. C. N. Patel	Present
6.	Dr. R. A. Malagi (Invitee)	Present

Shri Digish N. Mehta was called for an interview and was present before the Selection Committee.

After evaluating the work of the candidate concerned including his Research Publications, Book reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc., and interviewing him and also considering the Report of the referees and judging the merits of the candidate the Committee recommend as under :

On considering the merits of the candidate who has been interviewed today, the Committee finds Shri Digish N. Mehta, suitable for promotion from a Reader's post to a Professor's post in English and recommends that he be promoted as such.

K. S Shastri
K. C. Parikh
R. A. Dave
V. J. Trivedi
C. N. Patel

પરિશિષ્ટ "ન"

કામકાજ ક્રમાંક ૧(૧૨)(ii)

A meeting of the Selection Committee under the U. G. C. Merit Promotion Scheme for University Teachers for recommending names for promotion to the post of Reader in the University School of Languages; English, Gujarat University, Ahmedabad–380 009 under the U. G. C.'s scheme of Merit Promotion of teachers working in University Departments was held on Sunday the 24th March, 1985 at 12-45 p.m.

Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. V. J. Trivedi	Present
4.	Prof. C. N. Patel	Present
5.	Shri R. A. Dave	Present
6.	Dr. R. A. Malagi (Invitee)	Present

Dr. B. Singh was called for an interview and was present before the Selection Committee.

After evaluating the work of the candidate concerned including his Research Publications, Book reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc., and interviewing him and also considering the Report of the referees and judging the merits of the candidate the Commlttee recommends as under :

On considering the merits of the candidate who has been interviewed today, the Committee finds Dr. B. Singh suitable for promotion from a Lecturer's Post to a Reader's post in English and recommends that he be promoted as such.

K. S. Shastri
K. C. Parikh
V. J. Trivedi
C. N. Patel
R. A. Dave

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૧(૧૩)

A meeting of the Selection Committee under the U. G. C. Merit Promotion Scheme for University Teachers for recommending mames for promotion to the post of Reader in the University School of Languages; Hindi, Gujarat University, Ahmedabad–380 009 under the U. G. C.'s scheme of Merit Promotion of Teachers working in University Departments was held on Sunday, the 24th March, 1985 at 2–30 p.m.

Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. S. K. Mishra	Present
4.	Prof. S. R. Trivedi	Present
5.	Prof. M. G. Gupta	Absent
6.	Dr. A. S. Nagar (Invitee)	Present

Shri R. G. Gupta and Shri R. D. Chaudhari were called for an interview before the Selection Committee. Shri R. G. Gupta was present and Shri R. D. Chaudhari was absent.

After evaluating the work of the candidate concerned including their Research Publications, Book reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc., and interviewing the candidate present and also considering the merits of the candidates the Committee recommends as under :

On considering the merits of the candidate who has been interviewed today, the Committee finds Shri R. G. Gupta suitable for promotion from a Lecturer's post to a Reader's post in Hindi and recommends that he be promoted as such.

K. S. Shastri
K. C. Parikh
S. K. Mishra
S. R. Trivedi

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૧ (૧૪) (i)

A meeting of the Selection Committee under the U. G. C. Merit Promotion Scheme for University Teachers for recommending names for promotion to the post of Professor in the University School of Commerce; Commerce, Gujarat University, Ahmedabad-380 009 under the U. G. C.'s scheme of Merit Promotion of Teachers working in University Departments was held on Sunday the 24th March, 1985 at 4-30 p.m.

Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. M. M. Shah	Present
4.	Prof. S. C. Kuchhal	Present
5.	Prof. K. C. Mehta	Absent

Shri H. K. Trivedi, Shri B. H. Desai and Shri N. Das Gupta were called for an interview and were present before the Selection Committee.

After evaluating the work of the candidates concerned including their Research Publications, Book reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc., and interviewing them and also considering the Reports of the referees and judging the merits of the candidates the Committee recommends as under :

On considering the merits of the candidates who have been interviewed today, the Committee finds Shri H. K. Trivedi suitable for promotion from a Reader's post to a Professor's post in Commerce and recommends that he be promoted as such.

K. S. Shastri
K. C. Parikh
M. M. Shah
S. C. Kuchhal

પરિશિષ્ટ "બ"

કામકાજ ક્રમાંક ૧ (૧૪) (ii)

A meeting of the Selection Committee under the U. G. C. Merit Promotion Scheme for University Teachers for recommending names for promotion to the Post of Reader in the University School of Commerce; Commerce, Gujarat University, Ahmedabad–380009 under the U. G. C.'s scheme of Merit promotion of Teachers working in University Departments was held on Sunday, the 24th March, 1985 at 5-00 p.m.

Prof. K. S. Shastri, Vice–Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro–Vice-Chancellor	Present
3.	Prof. M. M. Shah	Present
4.	Prof. S. C. Kuchhal	Present
5.	Prof. K. C. Mehta	Absent

Shri A. C. Brahmbhatt, Smt. M. K. Mehta and Shri V. A. Pathak were called for an interview and were present before the Selection Committee.

After evaluating the work of the candidate concerned including their Research Publications, Book reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc., and interviewing them and also considering the Reports of the referees and judging the merits of the candidates the Committee recommends as under :

On considering the merits of the candidates who have been interviewed today, the Committee finds Shri A. C. Brahmbhatt suitable for promotion from a Lecturer's post to a Reader's post in Commerce and recommends that he be promoted as such.

K. S. Shastri
K. C. Parikh
M. M. Shah
S. C. Kuchhal

પરિશિષ્ટ "મ"
કામકાજ ક્રમાંક ૧(૧૫)

A meeting of the Selection Committee under the U. G. C. Merit promotion Scheme for University Teachers for recommending names for promotion to the post of Reader in the University School of Law; Laws, Gujarat University, Ahmedabad-380 009 under the U. G. C.'s scheme of Merit Promotion of Teachers working in University Departments was held on Sunday the 24th March, 1985 at 5-15 p.m.

Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Prof. K. S. Shastri,	Vice-Chancellor	Preseat
2. Shri K. C. Parikh,	Pro-Vice-Chancellor	Present
3. Prof. M. S. Pandit		Present
4. Shri Niranjan K. Mehta		Present
5. Shri N. C. Dholakia		Absent

Shri S. P. Teredesai was called for an interview and was present before the Selection Committee.

After evaluating the work of the candidate concerned including his Research Publications, Book reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc., and interviewing him and also considering the Report of the referees and judging the merits of the candidate the Committee recommends as under :

The Committee is of the opinion that Shri S. P. Teredesai's case for consideration for promotion from the post of a Lecturer to that of a Reader be postponed for the present.

K. S. Shastri
K. C. Parikh
M. S. Pandit
Niranjan K. Mehta

પરિશિષ્ટ "ક"

ઠરાવ ક્રમાંક ૧(૧૬)

A meeting of the Selection Committee under the U. G. C. Merit Promotion Scheme for University Teachers for recommending names for promotion to the post of Professor in the University B. K. School of Business Management; Business Management, Gujarat University, Ahmedabad–380 009 under the U. G. C.'s scheme of Merit Promotion of Teachers working in University Departments was held on Sunday, the 24th March, 1985 at 5–45 p.m.

Prof. K. S. Shastri, Vice-Chanceller, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof M. M. Shah	Present
4.	Prof. S. C. Kuchhal	Present
5.	Prof. K. C. Mehta	absent
6.	Prof. G. P. Keshav (Invitee)	Present

Shri Dhawal Mehta was called for an interview and was present before the Selection Committee.

After evaluating the work of the candidate concerned including his Research Publications, Book reviews, Curriculum development, Teaching aids, Innovation in teaching methods, equipment developed, etc., and interviewing him and also considering the Report of the referees and judging the merits of the candidate the Committee recommends as under :

On considering the merits of the candidate who has been interviewed today, the Committee finds Shri Dhawal Mehta suitable for promotion from a Reader's post to a Professor's post in Business Management and recommends that he be promoted as such.

K. S. Shastri
K. C. Parikh
M. M. Shah
S. C. Kuchhal

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા રવિવાર, તા. ૨૮—૭—૧૯૮૫ના રોજ સાંજે ૫—૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮—૭—૧૯૮૫
૧.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનભાઈ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	હાજર
૬.	શ્રી. ઉજ્જમશીભાઈ એ. કાપડિયા	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	ગેરહાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	ગેરહાજર
૧૪.	શ્રી. નરહરિ એમ. પરીખ	હાજર
૧૫.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૭.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૧૮.	શ્રી. જિતેન્દ્રભાઈ ચિનુભાઈ શાહ	હાજર
૧૯.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	ગેરહાજર
૨૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ અંબાલાલ શાહ	હાજર
૨૪.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	ગેરહાજર.

એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮-૭-૧૯૮૫ના રોજ મળેલી સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી :

તા. ૨૮—૭—૧૯૮૫ના રોજ સભા શરૂ થતાં પહેલાં ગુજરાત રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં જે નિર્દોષ વ્યકિતઓના જાન ગયા છે તે અંગે શોક પ્રદર્શિત કરતો નીચેનો ઠરાવ સર્વાનુમતે મંજૂર રાખવામાં આવ્યો :

ઠરાવ

"એકિઝક્યુટિવ કાઉન્સિલની આ સભા ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાક વખતથી અનામત વિરોધી આંદોલનને કારણે પ્રવર્તેલી પરિસ્થિતિ દરમિયાન કેટલીક નિર્દોષ વ્યકિતઓએ પોતાના જાન ગુમાવ્યા છે તે પ્રત્યે શોક અને દુઃખની લાગણી અનુભવે છે અને તેમના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરે છે."

ત્યાર બાદ સભ્યોએ ઊભા થઈ બે મિનિટનું મૌન પાળી સદરહુ ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

[એકિઝક્યુટિવ કાઉન્સિલ : તા. ૨૪—૮—૧૯૮૫

એકિઝકયુટિવ કાઉન્સિલ

સભા : તા. ૨૮-૭-૧૯૮૫

૧. સને ૧૯૮૫ના શૈક્ષણિક સત્ર તેમજ પરીક્ષાઓ બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮—૭—૧૯૮૫ને રવિવારના રોજ મળેલી સભામાં કરેલ નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"સમગ્ર ચર્ચાવિચારણા બાદ સર્વાનુમતે નીચે મુજબ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી અને આના સંદર્ભમાં કાર્યાલયે રજૂ કરેલ ટ્રાન્ઝિટરી ઑર્ડિ. મંજૂર રાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી.

૧૯૮૫ના માર્ચ-એપ્રિલ માસમાં જે પરીક્ષાઓ યોજી શકાઈ નથી તે પરીક્ષાઓને જ ફકત ચાલુ વર્ષ માટે તદર્થ (એડ-હોક) ધોરણે લાગુ પડશે તે સ્પષ્ટતા સાથે નીચે પ્રમાણેની ભલામણ કરવામાં આવે છે :

(૧) યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો તથા વિદ્યાભવનોમાં ચાલુ વર્ષે લંબાવેલ વૅકેશન રવિવાર, તા. ૨૫મી ઑગસ્ટ, ૧૯૮૫ના રોજ સમાપ્ત જાહેર કરીને નવા વર્ષનું કામકાજ સોમવાર, તા. ૨૬મી ઑગસ્ટ, ૧૯૮૫ના રોજ શરૂ કરવામાં આવે તથા તે હેતુ માટે કૉલેજો અને વિદ્યાભવનો તથા છાત્રાલયો તા. ૨૬મી ઑગસ્ટથી પુનઃ ખોલવામાં આવે;

(૨) બી.એડ.ની થિયરી પરીક્ષા સોમવાર, તા. ૨૬મી ઑગસ્ટ ૧૯૮૫ના રોજ શરૂ કરવામાં આવે;

(૩) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની પરીક્ષાઓ સોમવાર, તા. ૨૩ સપ્ટેમ્બર ૧૯૮૫થી શરૂ કરવામાં આવે અને તે પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા વિદ્યાર્થીઓ જે કૉલેજમાં ભણતા હોય તે કૉલેજો/ભગિની સંસ્થાઓનાં મકાનોમાં સ્થાનિક ધોરણે કરવા માટે જે તે કૉલેજના આચાર્યો દ્વારા વ્યવસ્થા કરવામાં આવે;

(૪) ઉપર નં. (૩)માં જણાવેલ પરીક્ષાઓમાં બેસનાર ઉમેદવારોનાં ઉત્તરપત્રોનું ત્વરિત મૂલ્યાંકન કરીને પરિણામ શકય તેટલું વહેલું જાહેર કરવા માટે ચાલુ વર્ષે તદર્થ (એડ-હોક) ધોરણે જરૂર મુજબ ધારાધોરણમાં ફેરફાર કરીને પણ ઘટતી તજવીજ કરવામાં આવે;

(૫) ચાલુ વર્ષે વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ અને બીજા વર્ષની પરીક્ષાઓમાં પ્રાયોગિક પરીક્ષા રદ કરવામાં આવે;

(૬) વિવિધ વિદ્યાશાખાઓમાં પદવી પરીક્ષાઓ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણ મુજબ શકય તેટલી વહેલી યોજવામાં આવે તથા તેનાં પરિણામો ત્વરિત જાહેર કરવાની વ્યવસ્થા કરવામાં આવે અને તે પછી અનુસ્નાતક તેમજ અન્ય સ્નાતકોત્તર વર્ગમાં વિદ્યાર્થીઓનાં પ્રવેશ તથા શિક્ષણકાર્ય શરૂ કરવા માટે જરૂરી તજવીજ કરવામાં આવે;

(૭) પ્રવર્તમાન પરિસ્થિતિમાં ૧૯૮૫—૮૬ના શૈક્ષણિક વર્ષ દરમિયાન વૅકેશન તથા સત્રોના આયોજન અંગે નીચે મુજબ વ્યવસ્થા કરવી :

(ક) પ્રથમ સત્ર : તા. ૨૪—૧૨—૧૯૮૫ સુધી (દિવાળી વૅકેશન તા. ૫મી નવેમ્બરથી તા. ૧૫મી નવેમ્બર)

(ખ) દ્વિતીય સત્ર : તા. ૨—૧—૧૯૮૬થી તા. ૭—૫—૧૯૮૬ સુધી;

(૮) ૧૯૮૫ના વર્ષની પરીક્ષાઓમાં પુનર્મૂલ્યાંકનની વ્યવસ્થા સ્થગિત કરવી;

(૯) ઉપરનાં સૂચનોના અમલમાંથી ઊભી થતી વિગતોના પ્રશ્નો હલ કરવા માટે યુનિવર્સિટીને મદદ કરવા માટે ચાર-પાંચ સભ્યોની બનેલી એક તદર્થ (એડ-હોક) સમિતિ રચવામાં આવે;

(૧૦) ઉપર સૂચવેલ વ્યવસ્થા પ્રવર્તમાન વિશિષ્ટ પરિસ્થિતિમાં ફક્ત તદર્થ (એડ-હોક) ધોરણે અને ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ કરવામાં આવે છે તેની સ્પષ્ટતા કરવામાં આવે;

(૧૧) ચન્દ્રકો, પારિતોષિકો, શિષ્યવૃત્તિઓ ઇત્યાદિ ૧૯૮૫ના વર્ષ માટે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની પરીક્ષાઓ માટે ચાલુ વર્ષ પૂરતાં સ્થગિત કરવાનું રાખવું;

(૧૨) એક્સ્ટર્નલ પરીક્ષાઓ ડિસેમ્બર માસમાં યોજવાનું રાખવું;

(૧૩) ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણોના સંદર્ભમાં એક કમિટી નીમવા કુલપતિશ્રીને સત્તા આપવા આ સભા ભલામણ કરે છે.

(૧૪) તબીબી અનુસ્નાતક તથા એલએલ.એમ. પરીક્ષાઓ શક્ય તેટલી વહેલી એટલે કે ઑગસ્ટના છેલ્લા અઠવાડિયામાં બને તો લેવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણો સભા દરમ્યાન થયેલ સૂચન મુજબ કેટલાક શાબ્દિક ફેરફાર સાથે નીચે મુજબ સુધારી સર્વાનુમતે મંજૂર કરવી, અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ પણ મંજૂર રાખવો. આ ટ્રા. ઓ.માં જણાવ્યા પ્રમાણે તેનો અમલ ૧૯૮૫ના વર્ષ પૂરતો જ રાખવો.

મૂળ ક્રમાંક ૧૦ (નવો ક્રમાંક ૯) :

ઉપર સૂચવેલ વ્યવસ્થા પ્રવર્તમાન વિશિષ્ટ પરિસ્થિતિમાં ફક્ત તદર્થ (એડહોક) ધોરણે અને ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ કરવામાં આવે છે તેની સ્પષ્ટતા કરવામાં આવે.

મૂળ ક્રમાંક ૧૧ (નવો ક્રમાંક ૧૦) :

(ક) ઉપર નં. ૩માં જણાવેલ પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને મળેલા ગુણને પદવી પરીક્ષામાં હાલ આપવામાં આવતું વેઈટેજ રદ કરવામાં આવે.

(ખ) ચન્દ્રકો, પારિતોષિકો, શિષ્યવૃત્તિઓ, ઈત્યાદિ ચાલુ વર્ષ પૂરતાં સ્થગિત કરવાનું રાખવું.

મૂળ ક્રમાંક ૧૨ (નવો ક્રમાંક ૧૧) :

એકસટર્નલ પરીક્ષાઓ ડિસેમ્બર માસમાં યોજવાનું રાખવું.

મૂળ ક્રમાંક ૧૩ (નવો ક્રમાંક ૧૨) :

એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણોના સંદર્ભમાં એક કમિટી નીમવા કુલપતિશ્રીને સત્તા આપવા આ સભા ભલામણ કરે છે.

મૂળ ક્રમાંક ૧૪ (નવો ક્રમાંક ૧૩) :

તબીબી અનુસ્નાતક તથા એલએલ.એમ. પરીક્ષાઓ શક્ય તેટલી વહેલી એટલે કે ઑગસ્ટના છેલ્લા અઠવાડિયામાં બને તો લેવાનું રાખવું.

મૂળ ક્રમાંક ૯ (નવો ક્રમાંક ૧૪) :

ઉપરનાં સૂચનોના અમલમાંથી તે લગતી વિગતો તથા તે અમલમાંથી ઊભા થતા પ્રશ્નો હલ કરવા માટે યુનિવર્સિટીને મદદ કરવા માટે ચાર--પાંચ સભ્યોની બનેલી એક તદર્થ (એડહોક) સમિતિ રચવામાં આવે અને તે સમિતિ પર આ કાઉન્સિલના પ્રતિનિધિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે.

(ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨. જૂન ૧૯૮૬થી નવી કૉલેજો શરૂ કરવા/વિદ્યાશાખાઓ ઉમેરવા માટે આવેલી અરજીઓના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત (need) નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની ભલામણ પરત્વે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮–૭–૧૯૮૫ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ નીચેના સુધારા સાથે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

સમિતિની ભલામણ ક્રમાંક ૪, ૧૦, ૧૩ અને ૧૪ની ભલામણો નીચે મુજબ વંચાય તે રીતે મંજૂર કરવા ભલામણ કરવી :

સદરહુ કૉલેજ શરૂ કરવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે હાલને તબક્કે જરૂરિયાત સ્વીકારવી નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણો સર્વાનુમતે મંજૂર કરવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ. / ૧૫૦૨૦૨ / ૧૯૮૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.
તા. ૧૭–૮–૧૯૮૫

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૧

Transitory Ordinance :

(1) Notwithstanding anything contained elsewhere in the Ordinances and Regulations, it is hereby provided as a measure of expediency for the examinations to be held in September, 1985, that–

(*a*) there shall be no practical examination in any of the subjects for the First Year B.Sc. and Second Year B.Sc. Examinations. Only the marks for the theory examination to be conducted by the University will be taken into account for the purpose of deciding the result and awarding the classes in these examinations.

(*b*) Candidates appearing at the First Year B.A./B.Sc./B.Com. examinations and Second Year B.A. / B.Sc. / B Com. examinations shall not be considered eligible for award of a medal or a prize or a scholarship and any other award for the First B.A. / B.Sc. / B.Com. and Second Year B.A. / B.Sc. / B.Com. examinations. It is further provided that no weightage shall be given for marks obtained at F.Y.B.A. /F.Y.B.Sc. / F.Y.B.Com. and S.Y.B.A. / S.Y.B.Sc./S.Y.B.Com. examinations held in the first half of the year 1985 for deciding credit marks at the Third Year (Degree) examination in the concerned faculty for the candidates passing the First Year B.A. / B.Sc. / B.Com. or Second Year B.A. / B.Sc. / B.Com. examinations to be held in September, 1985.

(2) Notwithstanding anything contained in Ordinance–75 it is hereby provided as a measure of expendiency that the arrangement of the terms for the year 1985–86 will be as under :

Faculty	*First Term*	*Second Term*
All Faculties (i.e.) Arts, Science, Commerce, Medical, Pharmacy, Dental & Education.	26th August 1985 to 25th Dec. 1985 (including of Diwali Holidays from 5th Nov. 1985 to 15th Nov. 1985)	2nd January, 1986 to 7th May, 1986.

It is futher provided that the arrangement of the terms in the faculties of Law and Technology including Engineering will be such as may be fixed by the Vice-Chancellor.

(3) Notwithstanding anything contained in relevant Ordinance 149, for the examinations to be held in September 1985, information as to whether a candidate's answers in any head or heads of a University examination have been examined and marks are entered will be supplied to the candidate on his applying for the same within FOUR weeks of the declaration of the said examination results, an application accompanied by a prescribed fee as mentioned in the relevent ordinance.

The provisions contained in this Transitory Ordinance shall be in force for the calendar year 1985 only, and Ordinance (2) Shall be in force for the academic year 1985-86.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨

જૂન ૧૯૮૬થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલી અરજીઓના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની સભાઓ તા. ૨૦-૪-૧૯૮૫, તા. ૨૮-૫-૧૯૮૫, તા. ૧૪-૬-૧૯૮૫, તા. ૧-૭-૧૯૮૫, તા. ૫-૭-૧૯૮૫ અને તા. ૧૨-૭-૧૯૮૫ના રોજ મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

	૨૦-૪-'૮૫	૨૮-૫-'૮૫	૧૪-૬-'૮૫	૧-૭-'૮૫	૫-૭-'૮૫	૧૨-૭-'૮૫
૧. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર
૨. આચાર્ય બી. એમ. પીરઝાદા	હાજર	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર
૩. શ્રી. ઉજમશીભાઈ કાપડિયા	ગેરહાજર	હાજર	હાજર	હાજર	ગેરહાજર	હાજર
૪. આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર
૫. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર	હાજર
૬. આચાર્ય એમ. ડી. પંચોલી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર
૭. આચાર્ય એચ. એમ. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર
૮. ડૉ. ભાનુબહેન ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર

છેલ્લી સભાનું પ્રમુખસ્થાન પ્રા. ઉજમશીભાઈ કાપડિયાએ સંભાળ્યું હતું.

નીચે જણાવેલી સંસ્થાઓ તરફથી તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસક્રમો વિદ્યાશાખા માટે નિયત સમયમાં અરજીઓ આવી હતી :

ક્રમાંક	સંસ્થાનું નામ	વિદ્યાશાખા/કૉલેજ	સ્થળ
૧.	પ્રેમપ્રકાશ સેવામંડળ, અમદાવાદ	વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ	અમદાવાદ, સરસપુર ઇત્યાદિ (લઘુમતી કોમ)
૨.	ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા	,, ,,	મહેસાણા (બહેનો માટેની)
૩.	શ્રી. સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા	,, ,,	મહેસાણા (બહેનો માટેની)
૪.	શ્રી. હારીજ કેળવણી મંડળ, હારીજ	,, ,,	હારીજ
૫.	શ્રી. ખેરાલુ તાલુકા ઉત્તર વિભાગ કેળવણી મંડળ, ખેરાલુ	,, ,,	ખેરાલુ

૬.	ગ્રામવિકાસ ટ્રસ્ટ, રૂપપુર (ચાણસ્મા)	વિનયન અને વાણિજ્યની નવ કૉલેજ	રૂપપુર (ચાણસ્મા)
૭.	કાંકરેજ તાલુકા કેળવણી મંડળ, થરા	,, ,,	થરા (બનાસકાંઠા)
૮.	શ્રી. ચિઠોડા ગ્રૂપ કેળવણી મંડળ, ચિઠોડા, તા. વિજયનગર	,, ,,	ચિઠોડા
૯.	આદિવાસી શિક્ષણ નાના ખેડૂત સેવાસંઘ, બાવેટા	વિનયનની નવી કૉલેજ	ટ્રાયબલ વિસ્તારમાં
૧૦.	શ્રીમતી મણિબહેન ખરાઉ શેઠિયા મેમોરિયલ ટ્રસ્ટ, કલકત્તા	ઇંજનેરી કૉલેજ	મુ. અરેરી, તા. મહેમદાવાદ, જિ. ખેડા.
૧૧.	હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર	કાયદાની નવી કૉલેજ	હિંમતનગર
૧૨.	,, ,,	શિક્ષણની નવી કૉલેજ	હિંમતનગર
૧૩.	શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	ડિપ્લોમા ઇન ફાર્મસી	પાટણ
૧૪.	ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા	ડિપ્લોમા ઇન ફાર્મસી	મહેસાણા
૧૫.	સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, મહેસાણા	,, ,,	મહેસાણા

૧. પ્રેમપ્રકાશ સેવામંડળ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે જૂન ૧૯૮૬થી વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વિદ્યાર્થીપ્રવેશ-ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૪–૮૫માં આ જ પ્રકારની કૉલેજોમાં વિદ્યાર્થીપ્રવેશ-સંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની તથા વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૨. ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા તરફથી મહેસાણા ખાતે બહેનો માટેની જૂન ૧૯૮૬થી વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વિદ્યાર્થીપ્રવેશ-ક્ષમતા છે, તે જોતાં તથા ૧૯૮૪–૮૫માં આ જ પ્રકારની કૉલેજોમાં વિદ્યાર્થીપ્રવેશ-સંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની તથા વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૩. શ્રી. સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા તરફથી મહેસાણા ખાતે જૂન ૧૯૮૬થી બહેનો માટેની વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વિદ્યાર્થીપ્રવેશ-ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૪–૮૫માં આ જ પ્રકારની કૉલેજોમાં વિદ્યાર્થીપ્રવેશ-સંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની તથા વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૪. શ્રી. હારીજ કેળવણી મંડળ, હારીજ તરફથી હારીજ ખાતે જૂન ૧૯૮૬થી વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજીઓ પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વિદ્યાર્થીપ્રવેશ-ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૪–૮૫માં આ જ પ્રકારની કૉલેજોમાં વિદ્યાર્થીપ્રવેશ-સંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની તથા વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૫. શ્રી. ખેરાલુ તાલુકા ઉત્તર વિભાગ કેળવણી મંડળ, ખેરાલુ તરફથી ખેરાલુ ખાતે જૂન ૧૯૮૬થી વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વિદ્યાર્થીપ્રવેશ-ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૪–૮૫માં આ જ પ્રકારની કૉલેજોમાં વિદ્યાર્થીપ્રવેશ-સંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની તથા વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૬. ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર તરફથી રૂપપુર (ચાણસ્મા) ખાતે જૂન, ૧૯૮૬થી વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વિદ્યાર્થી-પ્રવેશ-ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૪–૮૫માં આ જ પ્રકારની કૉલેજોમાં વિદ્યાર્થીપ્રવેશ-સંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની તથા વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૭. કાંકરેજ તાલુકા કેળવણી મંડળ, થરા તરફથી થરા મુકામે જૂન ૧૯૮૬થી વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વિદ્યાર્થીપ્રવેશ-ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૪–૮૫માં આ જ પ્રકારની કૉલેજોમાં વિદ્યાર્થીપ્રવેશ-સંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની તથા વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૮. શ્રી. ચિઠોડા ગ્રુપ કેળવણી મંડળ, ચિઠોડા તરફથી ચિઠોડા મુકામે જૂન ૧૯૮૬થી વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ જ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વિદ્યાર્થીપ્રવેશ-ક્ષમતા છે તે જોતાં તથા ૧૯૮૪–૮૫માં આ જ પ્રકારની કૉલેજોમાં વિદ્યાર્થીપ્રવેશસંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની તથા વાણિજ્યની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૯. આદિવાસી શિક્ષણ નાના ખેડૂત સેવા-સંઘ, બાલેટા તરફથી પછાત વિસ્તારમાં જૂન ૧૯૮૬થી વિનયનની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વિદ્યાર્થીપ્રવેશસંખ્યા છે તે જોતાં તથા સને ૧૯૮૪—૮૫માં આ જ પ્રકારની કૉલેજોમાં વિદ્યાર્થીપ્રવેશ-સંખ્યાને લક્ષમાં લેતાં વિનયનની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૧૦. શ્રીમતી મણિબહેન ખરાઉ શેઠિયા મેમોરિયલ ટ્રસ્ટ, કલકત્તા તરફથી જૂન ૧૯૮૬થી અરેરી ગામે (ખેડા જિલ્લો) ઇજનેરીની નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી કૉલેજ માટે નાણાકીય સાધનોની કાયમી ધોરણે જવાબદારી અદા કરવાનું તથા તેનું સંચાલન કરવાનું સરકાર સિવાયની અન્ય સંસ્થાને સોંપવું યોગ્ય કે જરૂરી જણાતું નથી અને આ પ્રકારના શિક્ષણની પર્યાપ્ત વ્યવસ્થા હાલ ઉપલબ્ધ છે તે જોતાં, ઇજનેરી કૉલેજ શરૂ કરવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૧૧. હિમતનગર કેળવણી મંડળ, હિમતનગર તરફથી હિમતનગર મુકામે જૂન ૧૯૮૬થી કાયદાની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં આવેલી આ પ્રકારની કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પર્યાપ્ત વિદ્યાર્થીપ્રવેશ-ક્ષમતા છે તે જોતાં તથા સને ૧૯૮૪—૮૫માં આ જ પ્રકારની કૉલેજોમાં વિદ્યાર્થીપ્રવેશ-સંખ્યાને લક્ષમાં લેતાં કાયદાની કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૧૨. હિમતનગર કેળવણી મંડળ, હિમતનગર તરફથી હિમતનગર મુકામે જૂન ૧૯૮૬થી શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

ગુજરાત રાજ્યમાં ૪૫ માધ્યમિક શિક્ષક તાલીમી કૉલેજો છે અને તેમાંથી બી.એડ.ની તાલીમ પામેલા ૬૦૦૦ શિક્ષકો પ્રતિવર્ષ બહાર પડે છે. રાજ્યની માધ્યમિક શાળાઓમાં ૧/૩ નિવૃત્તિદર, પ્રતિવર્ષ ૨૦૦ જેટલી માધ્યમિક શાળાઓનો વધારો અને ચાલુ શાળાઓના વિસ્તરણને કારણે આશરે ૨૦૦૦ થી ૨૨૦૦ નવા શિક્ષકોની નિમણૂકો માટે અવકાશ રહે છે. તેથી પ્રતિવર્ષ રાજ્યમાં તાલીમ મેળવી તૈયાર થતા આશરે ૩૫૦૦ થી ૪૦૦૦ તાલીમ પામેલા શિક્ષકો માટે નોકરી મેળવવાને અવકાશ રહેતો નથી તે જોતાં, જૂન ૧૯૮૬થી શિક્ષણની નવી કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૧૩. શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ તરફથી પાટણ ખાતે જૂન ૧૯૮૬માં ડિપ્લોમા ઇન ફાર્મસીની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

પ્રવર્તમાન શૈક્ષણિક પરિસ્થિતિનો સમગ્રતયા અભ્યાસ કર્યા પછી ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમ માટે નવી કૉલેજ શરૂ કરવા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયેની જરૂરિયાત હાલના તબક્કે નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૧૪. ન્યૂ પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા તરફથી મહેસાણા ખાતે જૂન ૧૯૮૬થી ડિપ્લોમા ઇન ફાર્મસીની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

પ્રવર્તમાન શૈક્ષણિક પરિસ્થિતિનો સમગ્રતયા અભ્યાસ કર્યા પછી ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમ માટે નવી કૉલેજ શરૂ કરવા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયેની જરૂરિયાત હાલના તબક્કે નહીં સ્વીકારવા ભલામણ કરવી.

૧૫. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, મહેસાણા તરફથી મહેસાણા ખાતે જૂન ૧૯૮૬થી ડિપ્લોમા ઇન ફાર્મસીની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

પ્રવર્તમાન શૈક્ષણિક પરિસ્થિતિનો સમગ્રતયા અભ્યાસ કર્યા પછી ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમ માટે નવી કૉલેજ શરૂ કરવા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયેની જરૂરિયાત હાલના તબક્કે નહીં સ્વીકારવા ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ્રં. દવે
કલસચિવ વતી

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૩૮૦૦૦૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૨૪-૮-૧૯૮૫ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪-૮-૧૯૮૫
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. ઉજમશીભાઈ કાપડિયા	ગેરહાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ ઇન્દ્રવદન નાણાવટી	હાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	ગેરહાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૪.	શ્રી. નરહરિ એમ. પરીખ	ગેરહાજર
૧૫.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર
૧૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૭.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૧૮.	શ્રી. જિતેન્દ્રભાઈ શાહ	હાજર
૧૯.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	હાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	ગેરહાજર
૨૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ અંબાલાલ શાહ	હાજર
૨૪.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	ગેરહાજર

તા. ૨૪—૮—૧૯૮૫ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી :

સુધારો. — (૧) તા. ૨૪—૮—૧૯૮૫ની સભાની બાબત ક્રમાંક-૭૩માં સુધારેલ ઑર્ડિનન્સ-૧૫૯માં ક્રમાંક-૩ પછી ૪ રોમનમાં લખવો જોઈએ અને તેમાં (*a*) પછી જે (*b*) દર્શાવેલ છે તેને બદલે (*c*) વાંચવો.

(૨) બાબત ક્રમાંક-૬૬ના પરિશિષ્ટમાં સ્થાયી સમિતિની સભાની નોંધને અંતે કુલસચિવ વતી સહી કરનારનું નામ 'મ. દ. ત્રિવેદી' છપાયું છે તે સુધારીને 'એમ. પી. જડિયા' કરવું.

(૩) બાબત નં. ૨(૧૬)માં જણાવેલાં કુલપતિશ્રીનાં કાર્યની નોંધ લેવામાં આવી તેના સંદર્ભમાં વધુમાં ઠરાવવામાં આવ્યું કે ડૉ. એમ. એન. દેસાઈને તેમના અહીંના કામકાજમાં હરકત ન આવે તે રીતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકે માનાર્હ ધોરણે કામ કરવા માટે મંજૂરી આપવી.

[એક્ઝિક્યુટિવ કાઉન્સિલ : તા. ૫-૧૦-૧૯૮૫

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ

સભા : તા. ૨૪-૮-૧૯૮૫

૧. તા. ૬—૩—૧૯૮૫, તા. ૯/૧૦—૩—૧૯૮૫, તા. ૨૫—૩—૧૯૮૫ અને તા. ૨૮—૭—૧૯૮૫ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૬—૩—૧૯૮૫, તા. ૯/૧૦—૩—૧૯૮૫, તા. ૨૫—૩—૧૯૮૫ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ યથાવત રીતે તથા તા. ૨૮—૭—૧૯૮૫ના રોજ મળેલી સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી :

તા. ૨૮—૭—૧૯૮૫ના રોજ સભા શરૂ થતાં પહેલાં ગુજરાત રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં જે નિર્દોષ વ્યકિતઓના જાન ગયા છે તે અંગે શોક પ્રદર્શિત કરતો નીચેનો ઠરાવ સર્વાનુમતે મંજૂર રાખવામાં આવ્યો:

ઠરાવ

"એક્ઝિક્યુટિવ કાઉન્સિલની આ સભા ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાક વખતથી અનામત વિરોધી આંદોલનને કારણે પ્રવર્તેલી પરિસ્થિતિ દરમિયાન કેટલીક નિર્દોષ વ્યકિતઓએ પોતાના જાન ગુમાવ્યા છે તે પ્રત્યે શોક અને દુઃખની લાગણી અનુભવે છે અને તેમના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરે છે."

ત્યાર બાદ સભ્યોએ ઊભા થઈ બે મિનિટનું મૌન પાળી સદરહુ ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) એમ. એન. કે દલાલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદનાં અધ્યાપિકા શ્રીમતી બ્રહ્મજ્ઞા ત્રિવેદીએ ગુજરાત એફિલિયેટેડ કૉલેજીસ સર્વિસ ટ્રિબ્યુનલને તા. ૧—૧ -૧૯૭૩થી લેકચરરના ગ્રેડમાં ફિક્સ કરવા તથા પ્રમોશન આપવા માટે અરજી ક્રમાંક ૧૦૯/૮૨ અને ૧૧૦/૮૨ કરેલ ટ્રિબ્યુનલે અરજી ક્રમાંક ૧૦૯ ડિસમિસ કર્યાના હુકમ કરેલ અને અરજી ક્રમાંક ૧૧૦ પરત્વે તા. ૧ ૮ -૧૯૮૧થી લેકચરર તરીકે પ્રમોશન આપવા હુકમ કરેલ તે પરત્વે તેઓએ ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૫૩૫૨/૮૫ કરી છે. તે કામમાં યુનિવર્સિટીને પક્ષકાર કર્યા હોઈ શ્રી. સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર રાખ્યાનું;

(૨) "સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં ૧૯૮૫--૮૬ના શૈક્ષણિક વર્ષનું નવું સત્ર તા. ૧૫મી જૂન, ૧૯૮૫થી શરૂ થનાર હતું તે પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને હાલ પૂરતું મોકૂફ રાખ્યાનું તથા તે દરમિયાન વૅકેશન ચાલુ રહેશે તેમ સ્પષ્ટતા કર્યાનું;

(૩) વિદ્યાર્થીઓના આંદોલનને કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિના કારણે સમીક્ષા સમિતિની ભલામણને અનુલક્ષીને ૧૯૮૫ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર પરીક્ષાઓ મોકૂફ રાખ્યાના અને આ પરીક્ષાઓનો કાર્યક્રમ બે અઠવાડિયાં પહેલાં વર્તમાનપત્રો દ્વારા જાહેર કરવામાં આવશે તેવો નિર્ણય કર્યાનું;

(૪) યુનિવર્સિટીના એજ્યુકેશન મિડિયા રિસર્ચ સેન્ટરના ટી.વી. સ્ટુડિયો માટે જાપાનથી આવેલ સાધનો મુંબઈ મુકામેથી છોડાવવા માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી એસ. વી. શાસ્ત્રી તથા કો-ઑર્ડિનેટર શ્રી. ધીરેન અવાશિયાને મુંબઈ મુકામે હવાઈ પ્રવાસ દ્વારા જવા-આવવાની તથા તે અંગે થનાર અંદાજી ખર્ચ રૂ. ૧,૪૫૦ મંજૂર કર્યાના;

(૫) સી.એમ.સી. કંપનીએ જૂના મેન્ટેનન્સના ત્રણ કરારો નં. ૦૧૧—૦૧૮—૮૭૪૫૦૦, ૮૭૪૫૦૧, ૮૭૪૫૦૨માંથી આપણે જણાવ્યા પ્રમાણે આઈ.બી.એમ. ૧૬૨૦ કૉમ્પ્યુટર—૪૪૭, ૦૭૭ અને એમ ૦૮૨ મશીનોને કાઢીને નવેસરથી મોકલેલા એક જ કરારપત્ર નં. ૦૧૧—૦૧૮—૮૭૪૫૦૪ પ્રમાણે માસિક રૂ. ૪,૪૪૯--૬૦ પૈસાના ખર્ચને મંજૂરી આપ્યાના;

(૬) અંકુરના પ્રકાશન માટે તા. ૨૩—૬—૧૯૮૪ની સભામાં રૂ. ૧,૨૫૦ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી હતી. પરંતુ ખર્ચ રૂ. ૧,૨૭૩—૫૧ થતાં રૂ. ૨૩—૫૧નો વધારાનો ખર્ચ મંજૂર કર્યાનું;

(૭) શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ. એસ. બ્રાંચ ૪માં પ્રવેશની બાબતમાં ડૉ. સંજય ચૌધરીએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૬૫૪૨ બાબતમાં ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૮) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં અનુસ્નાતક કક્ષાએ મેડિકલમાં પ્રવેશની બાબતમાં ડૉ. વિજય એન. મિસ્ત્રીએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૨૦૨૪ બાબતમાં ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૯) ફિઝિક્સ વિભાગના ડૉ. એ. ડી. વ્યાસે તેમના તા. ૧—૩--૧૯૮૫ના પત્રથી કરેલ વિનંતી મુજબ 'ઇન્ડિયન સિમ્પોઝિયમ કમ વર્કશોપ ઑન રીમોટ સેન્સીંગ' જે સ્પેસ એપ્લિકેશન સેન્ટર અમદાવાદ દ્વારા તા. ૧૧ થી ૧૫ માર્ચ, ૧૯૮૫ દરમિયાન યોજાઈ હતી તેમાં ભાગ લેવા માટે રૂ. ૨૫૦ (રૂપિયા બસો પચાસ) રજિસ્ટ્રેશન ફી અપવાદ તરીકે ભરપાઈ કરવાનું મંજૂર કર્યાનું;

(૧૦) ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, મોડાસા તરફથી ધનસુરા ખાતે જૂન, ૧૯૮૫થી શરૂ થનાર બહેનો માટેની વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ વિનયનમાં ગુજરાતી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને પ્રથમ વર્ષ વાણિજ્યમાં ઍડવાન્સ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૫થી તા. ૫૪—૬—૧૯૮૬ સુધીના જોડાણ માટેની ઍકેડેમિક

કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કેળવણી ટ્રસ્ટ, મોડાસા; નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને થાય તે રીતે તા. ૧૫—૫—૧૯૮૫ સુધીમાં કરે તો તેને બહેનો માટેની વિનયન અને વાણિજ્ય કૉલેજમાં પ્રથમ વર્ષ વિનયનમાં ગુજરાતી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા વાણિજ્યમાં ઍડવાન્સ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫થી તા. ૧૪—૬—૧૯૮૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

૧. આચાર્ય

૩. અંગ્રેજીના એક વ્યાખ્યાતા

૩. ગુજરાતીના એક વ્યાખ્યાતા

૪. સંસ્કૃતના એક વ્યાખ્યાતા

૫. ઇતિહાસના એક વ્યાખ્યાતા

૬. મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

૭. એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

૮. વાણિજ્યના એક વ્યાખ્યાતા

૯. અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

૧૦. વ્યાયામ શિક્ષક અને

૧૧. ગ્રંથપાલ

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.

—શિક્ષકોની નિમણૂકો અંગે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તે અંગેની જાણ કરવામાં આવે.);

(૨) કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થીદીઠ ૮ ચોરસફૂટ લેખે જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો,

૨. વર્ગખંડો અને ટયુટોરિયલ માટેના જરૂરી ખંડો,

૩. શિક્ષકો માટેનો ખંડ,

૪. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો).

૫. પ્રત્યેક વિદ્યાશાખાની ઓછામાં ઓછી ૧૦ ટકા વિદ્યાર્થિનીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય,
૬. આચાર્ય માટેનો ખંડ,
૭. પીવાના પાણી માટેનો ખંડ,
૮. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

(૩) ઓછામાં ઓછી પચીસ વિદ્યાર્થિનીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના રેક્ટર માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

(૪) ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

૧. પુસ્તકો માટે	...	રૂ.	૫,૦૦૦
૨. સામયિકો માટે	...	રૂ.	૧,૦૦૦
૩. સંદર્ભગ્રંથો માટે	...	રૂ.	૧,૦૦૦

(૫) ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી ખુલ્લી જગા હોવી આવશ્યક ગણાશે;

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

(૭) આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

(૮) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

(૯) કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

(૧૦) પ્રત્યેક વિદ્યાશાખાદીઠ રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને તે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટેનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનના અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેવું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

(૧૧) જૂન, ૧૯૮૬થી નવી કૉલેજ શરૂ કરવા માટે વિદ્યાશાખા ઉમેરવા માટે નિયત સમયમાં આવેલી અરજીઓ પરત્વે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત (Need) નક્કી કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિની રચના કર્યાનું :

૧. શ્રી. ઉજમશીભાઈ કાપડિયા (અધ્યક્ષ, વિનયન વિદ્યાશાખા)
૨. આચાર્ય આર. એચ. વ્યાસ (અધ્યક્ષ, વાણિજ્ય વિદ્યાશાખા)
૩. આચાર્ય જી. બી. પરીખ (અધ્યક્ષ, શિક્ષણ વિદ્યાશાખા)
૪. આચાર્ય એમ. ડી. પંચોલી (અધ્યક્ષ, કાયદા વિદ્યાશાખા)
૫. આચાર્ય એચ. એમ. દેસાઈ
૬. ડૉ. એમ. એન. દેસાઈ
૭. આચાર્ય બી. એમ. પીરઝાદા
૮. આચાર્યા ભાનુબહેન ત્રિવેદી (અધ્યક્ષ, ફાર્મસી વિદ્યાશાખા);

(૧૨) શાહ કે. એમ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત તથા બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયેની સમયમર્યાદા કરતાં મોડી આવી હોવા છતાં સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ તે સ્વીકારીને સ્થાનિક તપાસ સમિતિની નિમણૂક કર્યાનું;

(૧૩) ભારતીય વિદ્યાભવન્સ ઈશ્વરલાલ લાભશંકર પંડ્યા આર્ટ્સ ઍન્ડ સાયન્સ ઍન્ડ જશોદાબહેન શાહ કૉમર્સ કૉલેજ, ડાકોરને જૂન ૧૯૮૫થી બી.એસસી. (જનરલ)માં દ્વિતીય ગૌણ વિષય તરીકે વનસ્પતિવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે "એડહૉક" ધોરણે પરવાનગી આપ્યાનું;

(૧૪) જૂન, ૧૯૮૫થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ શીખવવા માટે (૧) જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ તથા (૨) એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી આવેલી અરજી સ્વીકારી સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

(૧૫) સરકારી ઈજનેરી કૉલેજ, મોડાસાના ૧૯૮૫ની બીજા સેમેસ્ટરની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓના પ્રવેશ તદર્થ ધોરણે (Adhoc) ગ્રાહ્ય રાખ્યાનું;

(નોંધ.—જૂન, ૧૯૮૪થી શરૂ થયેલ કૉલેજ માટે જોડાણની શરતોનું યથાર્થ પરિપાલન ન થવાથી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું નથી.)

(૧૬) યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વડા અને પ્રાધ્યાપક ડૉ. એમ. એન. દેસાઈની નિમણૂક, એમ. એસ. યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકે રાજ્ય સરકારે કરતાં આ પદ તેઓને માનાર્હ ધોરણે સ્વીકારવાની અને સાથે સાથે તેમની પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીની જગાની કામગીરી ચાલુ રાખવાની તેઓની તા. ૧૭–૪–૧૯૮૫ની વિનંતી લાલ વૅકેશનના ગાળા દરમિયાન મંજૂર રાખ્યાનું;

(૧૭) ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કરીને ગુજરાત યુનિવર્સિટીના મેડિસિનના તેમજ એન્જિનિયરિંગના અભ્યાસક્રમમાં દાખલ થનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી ગુણવત્તાને ધોરણે

સર્વશ્રેષ્ઠ હોય તેમજ આર્થિક મુશ્કેલીને કારણે આગળ અભ્યાસ કરી ન શકે તેવી શક્યતા હોય તો તેને શિષ્યવૃત્તિ આપવા માટે તે બન્ને વિદ્યાશાખાઓમાં પ્રત્યેક વિદ્યાશાખાદીઠ રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)નું એક એવાં કુલ બે પ્રદાનો આપવા માટે ડૉ. દમયંતીબહેન પી. વોરાની તા. ૧૨–૪–૧૯૮૫ની આવેલ દરખાસ્ત સ્વીકાર્યા અંગે;

(૧૮) યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગમાં નિમાયેલાં આંકડાશાસ્ત્રનાં લેકચરર કુ. વીણા એસ. વાણીને તેમને તેમની મૂળ સંસ્થા એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં મળતા મૂળ માસિક પગારને અનુલક્ષીને રૂ. ૭૦૦–૪૦–૧૧૦૦–૫૦–૧૩૦૦ એસેસમેન્ટ–૫૦–૧૬૦૦ ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૭૦૦ને બદલે રૂ. ૧૦૬૦ નિયત કર્યાનું;

(૧૯) બી.એસસી. (મુખ્ય)માં ઇલેક્ટ્રોનિક્સ, બી.એસસી. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સ અને બી.કોમ. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો જૂન, ૧૯૮૫થી શીખવવા માટે રજની પારેખ આર્ટ્સ, કે. બી. કોમર્સ અને બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત તરફથી આવેલ વધારાના જોડાણ માટેની અરજી તા. ૩૧–૩–૧૯૮૪ પછી સદરહુ અભ્યાસક્રમ શરૂ કરવાનું ઠરાવ્યું હોવાથી વિશિષ્ટ સંજોગોને લક્ષમાં લઈ, તે એક્ઝિક્યુટિવ વતી સ્વીકાર્યાનું તથા તે બાબતમાં સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

(૨૦) બિનસરકારી સંલગ્ન વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને તથા યુનિવર્સિટીઓના શિક્ષકવર્ગના કર્મચારીઓને રજા-પ્રવાસ રાહતનું રોકડમાં રૂપાંતર કરવા અંગેના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૫ ૪–૧૯૮૫ના ઠરાવ ક્રમાંક એનજીસી. ૧૫૮૪-૫૧૦૧૧-ખનો અમલ કરવા માટે તમામ સંલગ્ન કૉલેજોના આચાર્યોને તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાની ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળના પ્રમુખશ્રીની વિનંતી માન્ય રાખ્યાનું;

(૨૧) ગુજરાત રાજ્ય રોજગાર અને તાલીમ સંચનાલય, અમદાવાદની પ્રાદેશિક કચેરીના નાયબ નિયામકના તા. ૧૪–૩–૧૯૮૫ના પત્રથી એપ્રેન્ટિસશિપ ઍક્ટ, ૧૯૬૧ અન્વયે જુદા જુદા વ્યવસાયો માટે એપ્રેન્ટિસની ફાળવણી કરવામાં આવેલ છે, જેમાં એપ્રેન્ટિસો રોકવાની કાયદેસરની ફરજ હોઈ, જુદા જુદા વ્યવસાયો પૈકી ત્રણ વ્યવસાયો માટે ફાળવેલ કુલ ૧૬ બેઠકો સ્વીકારવાનું;

(નોંધ.—જુદા જુદા વ્યવસાયો પૈકી નીચે પ્રમાણે ત્રણ વ્યવસાયો માટે નીચે મુજબ ફાળવણી કરવામાં આવી છે :

	એપ્રેન્ટીસ
૧. બુકકીપિંગ અને એકાઉન્ટન્સી	૮
૨. કલાર્ક જનરલ વ્યવસાય માટે	૭
૩. સ્ટોરકીપર વ્યવસાય માટે	૧
	૧૬

(૨૨) (૧) યુનિવર્સિટી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના બિઝનેસ મૅનેજમેન્ટના રીડર શ્રી. ધવલ મહેતાની યુ.જી.સી. મેરિટ પ્રમોશન ફૉર યુનિવર્સિટી ટીચર્સની યોજના હેઠળ બિઝનેસ મૅનેજમેન્ટના પ્રોફેસરની જગા પર બઢતી અંગેનો નિમણૂકપત્ર આપાતાં પહેલાં તે ભવનના રીડર ડૉ. એચ. એસ. છાબરાની ગુજરાતની વડી અદાલતમાં રિટ-અરજી (સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. એસ.સી.એ. ૨૨૭૧/૮૫) પરથી વડી અદાલતે તા. ૨૫–૩–૧૯૮૫ના રોજ આપેલ મનાઈહુકમ તા. ૨૮–૩–૧૯૮૫નારોજ ઉઠાવી લેતાં શ્રી. ધવલ મહેતાનો સદરહુ રિટ-અરજીનો નિકાલ આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે શ્રી. મહેતાને પ્રોફેસરની બઢતીની જગ્યાનો ચાર્જ લેવાની મંજૂરી આપેલ હોઈ તેની નોંધ લેવા બાબત,

(૨) ઉપરોક્ત કેસમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ એન. શેલતને રોકવાનું;

(૨૩) વિજ્ઞાન વિદ્યાભવન ઝૂલોજી વિભાગના રિસર્ચ પ્રોજેક્ટ અંગેના "હ્યુમન જેનેટિક્સ ઍન્ડ રીપ્રોડક્શન" અંગે (૧) કામા મોટર્સ પ્રા. લિ. તરફથી મળેલ પ્રદાન રૂ. ૨૫,૦૦૦ તથા (૨) આર. જે. કામા ઍન્ડ કંપની પ્રા. લિ. તરફથી મળેલ રૂ. ૪૦,૦૦૦નું પ્રદાન સ્વીકાર્યાના તેમજ સદરહુ રિસર્ચ પ્રોજેક્ટનું નામ "શ્રી. રુસ્તમ જહાંગીર કામા રિસર્ચ પ્રોજેક્ટ ઑન હ્યુમન જેનેટિક્સ ઍન્ડ રીપ્રોડક્શન" આપવા મંજૂરી આપ્યાના તેમજ ઝૂલોજી વિભાગ દ્વારા તે પ્રદાનમાંથી જરૂરી ખર્ચના બજેટને મંજૂર રાખ્યાના, તથા દાતા તરફથી સદરહુ પ્રોજેક્ટ માટે હવે પછીનાં બીજાં બે વર્ષ સુધી તે ઉપર મુજબ કુલ વાર્ષિક રૂ. ૬૫,૦૦૦ (રૂ. ૨૫,૦૦૦ + રૂ. ૪૦,૦૦૦)નું પ્રદાન આપશે તેમ તેમણે જણાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત;

(૨૪) સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ લાઈબ્રેરી ખાતે રૂ. ૨૦,૦૦૦ની જોગવાઈ ૧૯૮૫–૮૬ના વર્ષ માટે કરવામાં આવી હતી તેમાં રૂ. ૨૫,૦૦૦નો વધારો કરી કુલ જોગવાઈ રૂ. ૪૫,૦૦૦ કર્યાનું;

(૨૫) "એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ઑક્ટોબર, ૧૯૮૩ની કાર્યવાહીમાં બાબત નં. ૮ના પાઠમાંથી નોંધ તથા રૂ. ૩૦,૦૦૦ ઈન્સ્ટોલેશન અને ડેમોન્સ્ટ્રેશન ચાર્જ મળીને કુલ આશરે રૂ. ૧,૫૦,૦૦૦નું ખર્ચ થશે" ને બદલે ".....તથા રૂ. ૩૩,૦૦૦ ઈન્સ્ટોલેશન અને ડેમોન્સ્ટ્રેશન ચાર્જના મળીને કુલ આશરે રૂ. ૧,૫૦,૦૦૦નું ખર્ચ થશે" એમ વંચાય તે રીતે સુધાર્યાનું;

(૨૬) પ્રવર્તમાન આંદોલન અને તેનાથી ઊભી થયેલી પરિસ્થિતિના સંદર્ભમાં અમદાવાદની કૉલેજો અને વિદ્યાભવનોનાં કામકાજ અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવાના નિર્ણય સામે ડૉ. રમેશ સી. શાહે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૮૭૬ અને શ્રી. રોહિતકુમાર એન. પટેલે કરેલ સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૮૭૭ બાબતમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૨૭) સ્ટેટ ગવર્નમેન્ટ એમ્પ્લોઈઝ ઈન્સ્યુરન્સ સ્કીમ, ૧૯૭૯ અને રાજ્ય સરકાર કર્મચારી જૂથ વીમા યોજના, ૧૯૮૧ જે યુનિવર્સિટી કર્મચારીઓ માટે લાગુ પાડેલ તે તા. ૧-૩-૧૯૮૧થી બંધ કર્યાના અને કર્મચારીઓ સ્કીમ અન્વયે સ્વીંગ ફંડની ચૂકવવાપાત્ર રકમ વ્યાજ સહિત રૂપિયા ૪,૭૩,૬૨૧-૮૦ (અંકે રૂપિયા ચાર લાખ તોત્તેર હજાર છસો પચ્ચીસ અને એંસી પૈસા) ચૂકવ્યા અંગેનું;

(નોંધ.— ૧. રાજ્ય સરકાર નાણાં ખાતાના ઠરાવ નં. એ.પી.બી.—૧૯૭૮-૩૯૯૯-૭૯ ઝેડ તા. ૨૩-૧૧-૧૯૭૯ મુજબ સ્ટેટ ગવર્નમેન્ટ એમ્પ્લોઈઝ ઈન્સ્યુરન્સ સ્કીમ જે યુનિવર્સિટી કર્મચારીઓને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦-૯-૧૯૮૦ની સભાના ઠરાવથી લાગુ પાડેલ હતી, અને

૨. રાજ્ય સરકાર કર્મચારી જૂથ વીમા યોજના, ૧૯૮૧ રાજ્ય સરકાર નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક એ.પી.બી. ૧૦૮૧-૩૧-૭૪ તા. ૧૦—૧૧—૧૯૭૯ મુજબ યુનિવર્સિટી કર્મચારીઓને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૩૦-૧—૧૯૮૨ની સભાના ઠરાવ ક્રમાંક ૮૮થી તા. ૧-૪-૧૯૮૨થી લાગુ પાડેલ હતી.)

(૨૮) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ગ્રંથપાલ શ્રી. બી. કે. ભોઈવાલા અને બીજાઓએ તેમનાં સુધારેલાં પગારધોરણો, લાયકાતનાં ધોરણો ઈત્યાદિ બાબતમાં ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નંબર ૮૭૨/૧૯૮૧ કરી છે તે કામ માટે શ્રી. સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૨૯) બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના "ઈન્ટરનેશનલ કન્વેન્શન ફૉર બેટર લીવિંગ" અંગેના તા. ૨૨—૧૦—૧૯૮૧થી તા. ૧૯—૧૨—૧૯૮૧ સુધી ઈન્ટરનેશનલ કલ્ચરલ ફેસ્ટિવલ માટે યુનિવર્સિટીની માનવમંદિર રોડ પાસેની ખુલ્લી જમીન ફક્ત જરૂરી સર્વિસ ચાર્જ (પાણી. મ્યુનિ. ટેક્ષ, વીજળી વગેરે) વસૂલ લઈને વાપરવા માટે પરવાનગી આપ્યાના;

(૩૦) ફિઝિક્સ વિષયમાં ડૉ. કે. ગોપાલનના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. માટે નોંધાયેલ વિદ્યાર્થી શ્રી. આર. વી. કિશ્નમૂર્તિ લાલ પરદેશ લોઈ તેમની મૌખિક પરીક્ષા પરદેશમાં યોજવા માટે, ઓ. ૩૨૧(એ)ની જોગવાઈ પ્રમાણે પરવાનગી આપ્યાનું;

(૩૧) ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ ઍન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડરનો જૂન, ૧૯૮૧થી કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણની અરજી ઓ. ૧૨૦ અને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની સમયમર્યાદા કરતાં મોડી હતી છતાં શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ ભલામણ કર્યાનું તેમ જ તે માટે સ્થાનિક તપાસ સમિતિની નિમણૂક કર્યાનું;

(૩૨) સરકારી એન્જિનિયરિંગ કૉલેજ, મોડાસાની જૂન, ૧૯૮૧થી ચાલુ જોડાણ મેળવવાની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની જોગવાઈ જોતાં સમયમર્યાદા બહાર આવી છે, તેમ છતાં શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ સદરહુ કલમની જોગવાઈ અનુસાર ભલામણ કર્યાનું તેમજ તે માટે જરૂરી તપાસ સમિતિની નિમણૂક કર્યાનું;

(૩૩) ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ ઍન્ડ ટેકનોલોજી તરફથી મંજૂર થયેલ ડૉ. એ. બી. વોરાની સંશોધન યોજનામાંથી પ્રવાસ અંગેનો તથા તે અંગેનો આનુષંગિક અંદાજી ખર્ચ રૂ. ૩૨,૫૦૦ (રૂપિયા બત્રીસ હજાર પાંચસો) કરવાની ડૉ. એ. બી. વોરાને કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાનું;

(૩૪) રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક વલ્લભ-૧૧૮૫-૮૯૪-જ તા. ૧૬—૫—૧૯૮૫થી વધારાના મોંઘવારી ભથ્થાના દરોમાં તા. ૧—૧—૧૯૮૫થી વધારો કરવામાં આવ્યો છે તેનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને, સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના કર્મચારીઓને રાજ્ય સરકારના સદરહુ ઠરાવમાં જણાવેલી શરતોને આધીન આપવાનું મંજૂર કર્યાનું;

(૩૫) યુનિવર્સિટીના ગ્રંથાલયમાં ડિસ્પેચ રાઈડર તરીકે કામ કરતા શ્રી. કે. એસ. રાણાને તેઓની તા. ૨૧—૫—૧૯૮૫ની અરજીના સંદર્ભમાં સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણેની રૂ. ૧૮,૦૦૦ની પ્રૉવિડન્ટ ફંડ લોન મંજૂર કર્યાનું;

(નોંધ.—ઉપરોક્ત લોનમાંથી તેઓના ખાતે નીકળતી લોનની રકમ તથા તે પરનું વ્યાજ કાપી લેવામાં આવશે.)

(૩૬) "કાવસ મહેરવાનજી કોઠાવાલા ચંદ્રક" એ નામનો ચન્દ્રક ઝૂલોજી વિષયમાં ઉત્કૃષ્ટ સંશોધન કરનારને આપવા અંગે વર્ષ ૧૯૮૪—૮૫માં આવનાર સંશોધનપત્રોના અભિપ્રાય માટે ઝૂલોજી વિભાગ તરફથી આવેલ ૧૨ નિષ્ણાત સભ્યોની યાદીમાંથી ક્રમાનુવર્તી ત્રણ સભ્યોની પેનલ રચ્યાનું;

(૩૭) પૂના મુકામે યોજવામાં આવેલ ઈન્ડો-બ્રિટિશ ટીવી વર્કશોપની સ્ટીયરિંગ કમિટીમાં હાજરી આપવા જવા માટે ઈ. એમ. આર.સી. ના કો-ઑર્ડિનેટર શ્રી. ધીરેન અવાસિયાને હવાઈ પ્રવાસ કરવાની તથા તે અંગે થનાર અંદાજી ખર્ચ રૂ. ૧,૦૦૦ (રૂપિયા એક હજાર) મંજૂર કર્યાનું;

(૩૮) ભારત સરકારની એન.એસ.ઓ. યોજના હેઠળ ઍસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ તરફથી ઉનાળાની રજાઓમાં બાસ્કેટ બોલ (બહેનો માટે) અને બેડમિન્ટન (ભાઈઓ-બહેનો માટે)ના પ્રશિક્ષણ શિબિરો યોજવા માટે અંદાજે રૂ. ૧૭,૧૦૦ (અંકે રૂપિયા સત્તર હજાર એકસો પૂરા)ની આર્થિક સહાય મળનાર છે તેની તથા આ અંગે અંદાજે રૂપિયા ૧૭,૧૦૦ (રૂ. સત્તર હજાર એકસો)નો ખર્ચ મંજૂર કર્યાનું;

(૩૯) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડી. એમ. પદવી નેફ્રોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ શરૂ કરવા માટે પરવાનગી આપ્યાનું;

(૪૦) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૯—૩—૧૯૮૫ના રોજ મળેલ સભામાં બાબત નં. ૪૮થી સુધારેલ અનુસ્નાતક નિયમ ૩૬-ઈ (૨)નો અમલ વર્ષ ૧૯૮૪—૮૫ના પ્રથમ સત્રથી કર્યાનું;

(૪૧) બી. જે. મેડિકલ કૉલેજ ઍન્ડ સિવિલ હૉસ્પિટલ, અમદાવાદે ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ પેથોલોજી બી.એસસી. (AST)ના અભ્યાસક્રમો જૂન, ૧૯૮૫થી શીખવવા માટે માન્યતા મેળવવા માટે આવેલી અરજી સ્વીકારી તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ પર ડૉ. બી. મલ્લિકાર્જુનની નિમણૂક કર્યાનું;

(૪૨) બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૮—૯—૧૯૮૪ની સભાની ભલામણ, જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧—૧૨—૧૯૮૪ની સભામાં મંજૂર કરી છે તે અન્વયે સુધારવામાં આવેલ એમ.ફિલ. ઑડિ. ૧૨માં ડેઝર્ટેશન રજૂ કરવાની મુદત, ઠરાવ પ્રમાણે સુધાર્યાનું;

(નોંધ.—એમ.ફિલની પરીક્ષા બાદ છ માસમાં ડેઝર્ટેશન રજૂ કરવાની જોગવાઈ હતી તેને બદલે બાર માસમાં રજૂ કરવા અંગે ઠરાવ મુજબ સુધારો કરવામાં આવ્યો છે.)

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૭—૫—૧૯૮૫ના પત્રાંક એફ. ૨૩-૧/૮૪ (એચ. આર. ૧)થી યુનિવર્સિટીના સેન્ટર ફૉર ડેવલપમેન્ટલ કૉમ્યુનિકેશનનાં શ્રીમતી સંધ્યા દેસાઈના "સ્ટડી ઑન ઈન્ટરડિસિપ્લિનરી બેઝિસ (ગુજરાત) એરિયા ટ્રાયબલ ડાન્સીસ ઑફ ગુજરાત ઍન્ડ કથ્થક ડાન્સ સ્ટાઈલ પ્રીવેલન્ટ ઈન ગુજરાત" માટેના રિસર્ચ પ્રોજેક્ટ અંગે નીચેની વિગતે રૂ. ૮૭,૪૦૦ (રૂપિયા સત્યાસી હજાર ચારસો)ની આર્થિક સહાય બે વર્ષ માટે મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત :

અનુ. નં.	મંજૂર થયેલી બાબતો	મંજૂર થયેલી રકમ
૧	રિસર્ચ ઈન્વેસ્ટિગેટર રૂ. ૬૦૦ પ્રત્યેક માસ માટે બે વર્ષ માટે	રૂ. ૧૪,૪૦૦
૨	બુક્સ ઍન્ડ જર્નલ્સ	રૂ. ૧૦,૦૦૦
૩	કૉમ્પ્યુટેશન ચાર્જિસ	રૂ. ૧૫,૦૦૦
૪	ફિલ્ડ વર્ક/ટ્રાવેલ	રૂ. ૨૦,૦૦૦
૫	ઈક્વિપમેન્ટ (ઑડિયો/વિડિયો ઈક્વિપ. વીથ સ્ટીલ કૅમેરા ઍન્ડ પ્રોજેક્શન સિસ્ટમ)	રૂ. ૧૫,૦૦૦
૬	કન્ટિન્જન્સી	રૂ. ૧૦,૦૦૦
૭	સ્ટેશનરી ઍન્ડ પોસ્ટેજ	રૂ. ૩,૦૦૦
		રૂ. ૮૭,૪૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. ૧૯૮૪ના વર્ષ માટેનો હરિ ઓમ આશ્રમ પ્રેરિત એલેમ્પિક સંશોધન ઍવોર્ડ (૧) "સર્જિકલ ઍન્ડ ઈલાઈડ બ્રાન્ચીઝ"ના વિષય માટેનો ડૉ. જવાહર તુલસીદાસ જેઠવાને અને (૨) "મેડિકલ ઍન્ડ પેડિયાટ્રિક્સ" ના વિષય માટેનો ડૉ. દિવ્યેશ મહેતા તથા ડૉ. રમેશ વોરાને (સંયુક્ત રીતે) પાત્ર જાહેર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના રીડરની જગ્યા માટે તા. ૨૭—૩—૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ અન્વયે ડૉ. સી. એચ. ઠાકરની રૂ. ૧,૩૦૦ના મૂળ માસિક પગારથી રૂ. ૧૨૦૦—૫૦—૧૩૦૦—૬૦—૧૬૦૦—મૂલ્યાંકન—૬૦—૧૯૦૦ના પગારધોરણમાં રીડર-ઈન-ઈકોનોમિક્સ તરીકે નિમણૂક કર્યાની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૦—૨—૧૯૮૫ના પત્રાંક એફ. ૧૫-૭/૮૩ (સી.પી.) અન્વયે આ યુનિવર્સિટી માટેની છઠ્ઠી પંચવર્ષીય યોજનાઓ હેઠળ મંજૂર કરેલ વિકાસ યોજનાઓ માટે યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનો-વિભાગો માટે શિક્ષકો વગેરેની વધારાની જગાઓ મંજૂર કરેલ તે ઉપર નિમણૂકો કરવા માટેની સમયમર્યાદા તા. ૩૧—૩—૧૯૮૬ સુધી લંબાવ્યાની તથા ૩૧—૩—૧૯૮૮ સુધી મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કોમ્પ્યુટર સેન્ટરમાં "replacement and augmentation of the existing VAX-11/730 system" માટે અગાઉ રૂ. ૧૨ લાખની આર્થિક સહાય મંજૂર કરેલ તેના સંદર્ભમાં રૂ. ૩,૭૬,૩૬૭ના વધારાના ખર્ચ માટે તેમના તા. ૧૮—૫—૧૯૮૫ના પત્ર ક્રમાંક એફ. ૧૭-૧૧/૮૨(ટી)થી વધારાની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૮. પ્રેમપ્રકાશ સેવામંડળ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૫થી, અમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટેની જરૂરિયાત સ્વીકારવામાં ન આવતાં તે સામે સંસ્થાએ, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૪) હેઠળ રાજ્ય સરકારને અપીલ કરી હતી તે રાજ્ય સરકારે નકારી કાઢી હોઈ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯. સોશ્યલ સર્વિસ સર્કલ ટ્રસ્ટ, ગાંધીધામ તરફથી જૂન ૧૯૮૫થી ગાંધીધામ ખાતે શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટેની જરૂરિયાત સ્વીકારવામાં ન આવતાં તે સામે સંસ્થાએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૪) હેઠળ રાજ્ય સરકારને અપીલ કરી હતી તે રાજ્ય સરકારે નકારી કાઢી હોઈ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦. (૧) સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા, યુનિવર્સિટી બ્રાન્ચ, (૨) સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા, ભદ્ર, (૩) બૅંક ઑફ ઈન્ડિયા, નવરંગપુરા, (૪) બૅંક ઑફ બરોડા, કૅમ્પસ બ્રાન્ચ સાથે બૅંકોના કામકાજની લેવડદેવડ કરવા માટે એ.કા. એ તેની તા. ૨૯—૧—૧૯૮૩ની સભામાં બાબત નં. ૫૮થી નીચે જણાવેલ સભ્યોને સહી કરવાની સત્તા આપેલ છે :

(૧)	શ્રી. કે. એસ. શાસ્ત્રી	કુલપતિશ્રી
(૨)	શ્રી. કે. સી. પરીખ	ઉપકુલપતિશ્રી
(૩)	શ્રી. એમ. એન. દેસાઈ	એ.કા.ના સભ્ય
(૪)	શ્રી. એન. એમ. પરીખ	,, ,,
(૫)	શ્રી. એમ. પી. ભટ્ટ	,, ,,
(૬)	શ્રી. એમ. સી. શાહ	,, ,,
(૭)	શ્રી. એસ. વી. શાસ્ત્રી	કુલસચિવશ્રી

તેમાંથી સભ્યશ્રી. એમ. એન. દેસાઈ, એમ. એસ. યુનિવર્સિટીમાં કુલપતિશ્રી તરીકે નિમાયેલા હોવાથી શ્રી. એમ. એન. દેસાઈની ચેકોમાં સહીઓ લેવાની અનુકૂળતા ઓછી થવાને કારણે બૅંકોની લેવડદેવડના કામની સરળતા માટે વધારાના સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બૅંકોના કામકાજની લેવડદેવડ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯—૧—૧૯૮૩ની સભામાં બાબત નં. ૧૮થી ઉપર જણાવેલ સભ્યોને સહી કરવાની સત્તા આપેલ છે, તે ઉપરાંત નીચેના બે વધુ સભ્યોને પણ સહી કરવાની સત્તા આપવી :

(૧) પ્રિ. ડી. એમ. શીખ

(૨) પ્રિ. આર. એચ. વ્યાસ.

૧૧. એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરના કો-ઑર્ડિનેટરના નિવાસસ્થાને ટેલિફોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે કુલ ખર્ચ નીચે પ્રમાણે થશે :

ટેલિફોન ફોર્મના	રૂ.	૧૦—૦૦
ટેલિફોન નાંખાવવાની ડિપોઝિટ	રૂ.	૧,૦૦૦—૦૦
ટેલિફોન ઈન્સ્ટોલેશન વિ.	રૂ.	૫૨૫—૦૦
	રૂ.	૧૫૩૫—૦૦

તથા દર માસે રૂ. ૧૭૫/- ટેલિફોનનું ભાડું તથા કૉલચાર્જની જે રકમ થાય તે ચૂકવવાની થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૨. ગુજરાત યુનિવર્સિટી "સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેનિંગ"ના માનાર્હ કો-ઑર્ડિનેટર શ્રી. અંબુભાઈ દેસાઈના નિવાસસ્થાને ટેલિફોનની સગવડ અંગે તા. ૪—૫—૧૯૮૫ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૩. યુનિવર્સિટી કર્મચારીગણના પ્રશ્નો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૦—૫—૧૯૮૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૦—૫—૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૦—૫—૧૯૮૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૪. એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રના વર્ષ ૧૯૮૧—૮૨ના બચતમાંથી પુસ્તકો, સામયિકો, ઈત્યાદિ ખરીદવા માટે અનુ. નિયમ ૩૯(૩) પ્રમાણે બચતના ૫૦ ટકા આર્થિક સહાય આપવા માટે સદરહુ કેન્દ્રના પ્રોફેસર ઈન-ચાર્જની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) નિયમ પ્રમાણે વર્ષની આખરમાં પ્રસ્તાવ મોકલવો જોઈએ.

(૨) સદરહુ અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૮૧—૮૨ની કુલ બચત રૂ. ૬૬,૮૭૭/- છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના વિકાસ માટે "The Exhibition on Evolution of Life" નો પ્રોજેક્ટ "Viksat Nehru Foundation for Development, Ahmedabad" ની મદદથી હાથ ધરવા અંગે યુ.જી.સી. તરફથી છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળ રૂપિયા દોઢ લાખની આર્થિક સહાય મંજૂર થયેલ છે તેના સંદર્ભમાં "સેન્ટર ફૉર એન્વાયરમેન્ટ એજ્યુકેશન નહેરૂ ફાઉન્ડેશન" તરફથી કુલ રૂપિયા ત્રણ લાખના અંદાજી ખર્ચ સાથે તે તબક્કામાં પ્રોજેક્ટ પૂરો કરવા માટે હાલમાં રૂપિયા દોઢ લાખનું કામ હાથ પર લેવા માટે રૂપિયા એક લાખની "ઑન એકાઉન્ટ" ચુકવણી કરવા અંગેના તેમના તા.૧૬–૩–૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૧–૩–૧૯૮૫ના પત્ર ક્રમાંક ઝુલ વીસી એસ. ૩૯૬થી રજૂ થયેલ પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ પ્રોજેક્ટ અંગે યુ. ગ્રા. ક.ની મુલાકાતી સમિતિ(Visiting Committee)એ તેના હેવાલમાં નીચે મુજબ જણાવેલ છે;)

Interdisciplinary Course in Life Sciences

An interdisciplinary course in Life Sciences is being run under the School of Sciences, 30 students have been admitted to the course and the space is being made available in the extension building of the Zoology Department. Teachers of the Botany, Microbiology, Chemistry and Zoology Departments are taking active interest to run the course.

The Committee noted that while expertise was available in different areas for running the course from the above departments, no teacher is available for Bio-Chemistry and Environmental Biology.

The department proposes to develop a permanent exhibition on evolution of Life in colloboration with Viksat Nehru Foundation for Development, Ahmedabad. The Committee visited the Viksat and examined the model developed by them for this exhibition and was impressed by this new idea. The exhibition will be housed in the extension building of the department of Zoology. The committee therefore, recommends that the following assistance may be provided, for interdisciplinary course in Life Sciences :

1. Teaching Staff. Readers-2 one in Bio-Chemistry &
   one, Environmental Biology
2. Exhibition / Musium.....Rs. 1.5 Lakhs.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૨૧–૩–૧૯૮૫ના પત્ર ક્રમાંક ઝુલ. વીસીએસ. ૩૯૬ થી રજૂ કરેલ પ્રસ્તાવ મંજૂર રાખવો.

૧૬. "આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક" અંગેનો હાલનો નિયમ નીચે પ્રમાણે છે :

A medal named "Principal Dr. K. G. Naik Medal" of the value of Rs. 190/- shall be awarded annually alternately by turns in the Faculty of

Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions or in Departments of Gujarat University whose research work published during the five years preceding the convocation at which the medal is to be awarded is adjusted to be of the highest merit by a special committee of experts who have made their mark in their respective fields of work but not necessarily confined to Gujarat University. The Committee shall be appointed by the Executive Council of Gujarat University every year and its decision shall be final.

જેમાં નીચે પ્રમાણે ઉમેરો કરવા બાબત :

"The person who has been once awarded Dr. K. G. Naik Medal" will not be eligible to contest again for the award of the said medal for a period of five years from the year in which the said medal has been awarded."

આથી ઠરાવવામાં આવે છે કે "આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક" અંગેના હાલના નિયમમાં ઉપર મુજબનો સૂચવેલ ઉમેરો મંજૂર કરવો અને તે પ્રમાણે હાલના નિયમમાં તેનો ઉમેરો કરવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આવા પ્રકારના સંલગ્ન કૉલેજોના શિક્ષકોને માટે સંશોધન કાર્ય અંગે નિયત થયેલ અન્ય ચંદ્રકો માટે પણ જ્યાં આવી પાંચ વર્ષની ઍવોર્ડ માટેની શરત ન હોય ત્યાં પણ તે શરત ઉમેરવી.

૧૭. હરિઓમ આશ્રમ પ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાલા એન્જિનિયરિંગ સંશોધન ઍવોર્ડ, ૧૯૮૫ના વર્ષ માટે

1. Structural Engineering including Bridge Engineering
2. Soil Mechanics & Foundation Engineering.

—એમ બંને વિષયો માટે નિષ્ણાત સમિતિની સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(શ્રી. ઘનશ્યામભાઈ જી. વૈદ્ય—હરિઓમ આશ્રમના કાયમી પ્રતિનિધિ તરીકે નિમણૂક થયેલ છે.)

આગળના વર્ષે નીચે પ્રમાણે સભ્યો હતા :

શ્રી. ઘનશ્યામભાઈ જી. વૈદ્ય
શ્રી. આર. સી. સોનપાલ
શ્રી. એન. એસ. ડી. ખંભાતા.
શ્રી. એસ. બી. કુમતા
શ્રી. વી. કે. ચાવડા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮. હરિઓમ આશ્રમ પ્રેરિત ઍલેમ્બિક સંશોધન ઍવોર્ડ–૧૯૮૫ના વર્ષ માટે

1. Gynaecology, Obstetrics and Family Planning.
2. Specialities Like—Pathology, Radiology & Psychiatry.

બંને વિષય માટે નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

ડૉ. સુમંત એમ. શાહ—હરિઓમ આશ્રમના કાયમી પ્રતિનિધિ તરીકે નિમણૂક થયેલ છે)

આગળના વર્ષે નીચે પ્રમાણે સભ્યો હતા :

ગાયનેકોલોજી	પેથોલોજી
ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	ડૉ. ડી. બી. બલાર
ડૉ. આર. એમ. નાડકર્ણી	ડૉ. એન. એ. દવે
ડૉ. આર. કે. નાણાવટી	ડૉ. એ. વી. શાહ
ડૉ. સુમંત એમ. શાહ	ડૉ. સુમંત એમ. શાહ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૯. હરિ ઓમ આશ્રમ પ્રેરિત શ્રી. જયકૃષ્ણ ઇન્દ્રજી સંશોધન ઍવોર્ડ ૧૯૮૫ના વર્ષ માટે (૧) બોટની, (૨) ઝૂલોજી—એમ બંને વિષયો માટેની નિષ્ણાત સમિતિઓના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

ગયા વર્ષે નીચે પ્રમાણે સભ્યો હતા :

બોટની	ઝૂલોજી
ડૉ. સી. કે. શાહ	ડૉ. વી. સી. શાહ
પ્રો. એચ. વાય. મોહનરામ	પ્રો. એચ. બી. તિવારી
પ્રો. એન. કે. બોટાની	પ્રો. એસ. આર. વી. રાવ
પ્રો. એચ. પી. ગાંધી	પ્રો. પી. એન. શ્રીવાસ્તવ
	મિસ એન. જે. ચિનોય

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૦. હરિઓમ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બાંભડોઈ સંશોધન ઍવોર્ડ ૧૯૮૫ના વર્ષ માટે (૧) કેમેસ્ટ્રી, (૨) ફિઝિક્સ—એમ બંને વિષયો માટે નિષ્ણાત સમિતિઓના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

ગયા વર્ષ નીચે પ્રમાણે સભ્યો હતા :

કેમિસ્ટ્રી	ફિઝિક્સ
પ્રો. વાય. કે. ગુપ્તા	ડૉ. એસ. પી. પંડ્યા
ડૉ. આર. ડી. પટેલ	ડૉ. એ. આર. પટેલ
ડૉ. એસ. સી. શ્રીવાસ્તવ	ડૉ. પી. આર. પીશારોટી
પ્રો. વી. એસ. મૂર્તિ	ડૉ. એ. વી. નાર્લીકર
ડૉ. એમ. એન. દેસાઈ	પ્રો. એચ. એસ. ભાવસાર

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ ભૂગોળ વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં વિદ્યાર્થીની અપૂરતી સંખ્યાને કારણે જૂન, ૧૯૮૫થી સદરહુ કેન્દ્ર બંધ કરવા અંગે આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૮૨—૮૩ના વર્ષમાં ફક્ત એક જ વિદ્યાર્થી આ કેન્દ્રમાં પાર્ટ ૧માં દાખલ થયો હતો તે પણ ચાલુ સાલે રહ્યો નથી અને ૧૯૮૩—૮૪ તથા ૧૯૮૪—૮૫માં એક પણ વિદ્યાર્થી દાખલ થયેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી અને ભૂગોળ વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની બનેલી એક સમિતિ નીમી તેને આ બાબતમાં તપાસ કરી પોતાનો સુચિંતિત હેવાલ આપવા જણાવવું.

૨૨. સદરહુ બાબતની વિચારણા બાબત ક્રમાંક ૧૨૮ સાથે કરવામાં આવી, જેની નોંધ ક્રમાંક ૧૨૮ સાથે છે.

૨૩. કાપડિયા એન. એમ. એમ. એસ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડાનો સમય જૂન ૧૯૮૫થી બપોરના ૧૨-૧૫ થી ૪-૧૫નો રાખવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૨૨—૨—૧૯૮૫ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કૉલેજનો હાલનો સમય સવારના ૭-૪૫ થી ૧૧-૪૫ વાગ્યા સુધીનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજનો સમય બપોરના ૧૨—૧૫ થી સાંજના ૪—૧૫ સુધીનો રાખવાની સંખેડા કૉલેજના આચાર્યશ્રીની વિનંતી મંજૂર રાખવી.

૨૪. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના પરિશિષ્ટ ૨ના સ્ટે. ૫ હેઠળ બોર્ડ ઑફ એક્સ્ટ્રા મ્યુરલ સ્ટડીઝ પર ત્રણ વર્ષ માટે નિયુક્ત કરવામાં આવેલ સભ્યોમાંથી આચાર્ય હરિહર શુક્લ તથા ઍકેડેમિક કાઉન્સિલમાંથી નીમવામાં આવેલ ત્રણ સભ્યોમાંથી આચાર્ય આર. વી. પંડ્યાની જગ્યાએ અન્ય સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૨૬ ૩ ૧૯૮૩ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં સદરહુ બોર્ડની રચના કરવા માટે કુલપતિશ્રીને આપેલ સત્તા મુજબ કુલપતિશ્રીએ આ બોર્ડ પર નીચેના સભ્યો નિયુક્ત કર્યા છે:

(૧) પ્રિ. આર. એચ. વ્યાસ
(૨) પ્રિ. એચ. એમ. દેસાઈ
(૩) પ્રિ. આર. વી. પંડ્યા
(૪) પ્રિ. હરિહર શુક્લ
(૫) પ્રિ. ચંદ્રકાંત ટોપીવાલા
(૬) શ્રી. એ. ટી. દેસાઈ
(૭) પ્રિ. જયેશભાઈ દેસાઈ.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય હરિહર શુક્લ તથા ઍકેડેમિક કાઉન્સિલમાંથી નીમવામાં આવેલ શ્રી. આર. વી. પંડ્યા અને પ્રિ. ચંદ્રકાંત ટોપીવાલાની જગ્યાએ અન્ય સભ્યોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. તા. ૧૫—૨—૧૯૮૫ના રોજ મળેલ બોર્ડ ફૉર સ્ટુડન્ટ વેલ્ફેરની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આગામી ઉનાળા, દિવાળી અને નાતાલની રજાઓમાં કે સત્ર દરમિયાન નીચેની પ્રવૃત્તિઓ પૈકી નાણાકીય જોગવાઈઓ, વ્યવસ્થાતંત્ર, ચૅકેશનનો સમય, ઉપલબ્ધ સાધનો વગેરે બાબતોને અનુલક્ષીને કઈ કઈ પ્રવૃત્તિઓ યોજવી તે નક્કી કરવા માટે તથા તેના અગ્રતાક્રમ નક્કી કરવા માટે અને તે અંગે જરૂરી તમામ કાર્યવાહી અને ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા માટે આ બોર્ડે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(નોંધ.—સદરહુ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે:

૧. વિદ્યાર્થી ભાઈઓ માટે બે પર્વતારોહણ તાલીમ શિબિર

૨. વિદ્યાર્થિની બહેનો માટે એક પર્વતારોહણ તાલીમ શિબિર

૩. હાઈ ઑલ્ટિટ્યુડ કોકીંગ/આઈસ ઍન્ડ સ્નો કન્ડેન્સ્ડ કોર્સ

૪. જળ રમત શિબિર, સઢવાળી નૌકાથી પાણી પર સરકવું અને કેનોઈંગની તાલીમ/હોડીપ્રવાસ

૫. લાંબા અંતરનો સાઈકલ પ્રવાસ

૬. જંગલ પ્રવાસ / પગપાળા પ્રવાસ

૭. જૂડો તાલીમ

૮. યોગ તાલીમ

૯. બોર્ડ ફૉર સ્ટુડન્ટ વેલ્ફેરના સભ્યો માટે આંતર-રાજ્ય, આંતર-યુનિવર્સિટી સાંસ્કૃતિક પ્રવાસ કાર્યક્રમ ઓછામાં ઓછા ૧૫ વિદ્યાર્થી સભ્યો પ્રવાસમાં જોડાય તો તા. ૧૪ જૂન, ૧૯૮૫ પહેલાં આંતર-રાજ્ય, આંતર-યુનિવર્સિટી પ્રવાસ કાર્યક્રમ યોજવો.

૧૦. નાટ્યતાલીમ શિબિર

૧૧. અભિવ્યકિત તાલીમ શિબિર

૧૨. સંગીત તાલીમ શિબિર

૧૩. નૃત્ય તાલીમ શિબિર

૧૪. નિદર્શન સહિત નૃત્ય અને અભિનય, સંગીત કલા, ઈત્યાદિ પરનાં વ્યાખ્યાનો

૧૫. યુવક મહોત્સવ

૧૬. ઘોડેસવારી અભિયાન—ઘોડેસવારી શિબિર કે વર્ગ

૧૭. મોટરસાઈકલ પ્રવાસ

૧૮. હિમાલય અભિયાન

૧૯. બોર્ડના વિદ્યાર્થી સભ્યો માટે એક દિવસનો કાર્યક્રમ "તમે તમારી યુનિવર્સિટીને ઓળખો" એ વિષય પર રાખવો, જેમાં યુનિવર્સિટી તંત્ર બોર્ડનું બંધારણ અને સભ્યોની ફરજોથી માહિતગાર થઈ શકે તેવી વ્યવસ્થા કરવા પ્રયત્ન કરવો. અન્યથા તે અંગેની પુસ્તિકા પ્રસિદ્ધ કરવા પ્રકાશન વિભાગને ઘટતું કરવા જણાવવું.

૨૦. વાચન શિબિરો.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૫–૨–૧૯૮૫ના રોજ મંડલ બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની સભાની ઉપરોક્ત ભલામણો મંજૂર કરવી.

૨૬. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગમાં પંચ ઑપરેટર તરીકે કામ કરતાં શ્રીમતી ધર્મિષ્ઠા જી. મોદીને રૂ. ૩૫૦–૧૨–૪૧૦–ઈબી–૧૨–૪૭૦–ઈબી–૧૫–૫૬૦ના પગારધોરણમાં રૂ. ૪૭૦/- પછીના કાર્યક્ષમતા-અંતરાય (ઈ.બી.) તારીખ ૧૧–૩–૧૯૮૫થી ઓળંગવા આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યુ કે યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગમાં પંચ ઑપરેટર તરીકે કામ કરતાં શ્રીમતી ધર્મિષ્ઠા જી. મોદીને રૂ. ૩૫૦–૧૨–૪૧૦–ઈબી–૧૨–૪૭૦–ઈબી–૧૫–૫૬૦ના પગારધોરણમાં રૂ. ૪૭૦/- પછીનો કાર્યક્ષમતા–અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૨૭. કાયદાશાસ્ત્ર ભવનના ચાલુ નાણાકીય વર્ષના અંદાજ ૧૯૮૫–૮૬ના વર્ષમાં ફર્નિચર તથા સામગ્રી મથાળા હેઠળ રૂ. ૨૦,૦૦૦ની જોગવાઈ વધારીને રૂ. ૬૦,૦૦૦-ની જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાયદાશાસ્ત્ર ભવનમાં ૧૯૮૫–૮૬ના વર્ષમાં ફર્નિચર તથા સામગ્રી મથાળા હેઠળ બજેટની જોગવાઈ રૂ. ૨૦,૦૦૦થી વધારીને રૂ. ૬૦,૦૦૦/- કરવી.

૨૮. ભાષા-સાહિત્ય ભવનની લૅંગ્વેજ લેબોરેટરી માટે ફર્નિચર અંગે ૧૯૮૫–૮૬ દરમિયાન રૂપિયા ૨૫,૦૦૦ની બજેટ-જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવન લૅંગ્વેજ લેબોરેટરી માટે ફર્નિચર અંગે ૧૯૮૫–૮૬ના વર્ષ દરમિયાન રૂ. ૨૫,૦૦૦ની બજેટ–જોગવાઈ કરવી.

૨૯. ભાષા-સાહિત્ય ભવનની લૅંગ્વેજ લેબોરેટરી માટે ૧૯૮૫–૮૬ના વર્ષ દરમિયાન ઓરકન્ડિશનર વગેરે કામકાજ માટે રૂ. ૩૯,૫૦૦ની બજેટ-જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવન લૅંગ્વેજ લેબોરેટરી માટે ૧૯૮૫–૮૬ના વર્ષ દરમિયાન ઓરકન્ડિશનર વગેરે કામકાજ માટે રૂ. ૩૯,૫૦૦–ની બજેટ જોગવાઈ કરવી.

૩૦. સદરહુ બાબતની વિચારણા બાબત ક્રમાંક ૭૬ની સાથે કરવામાં આવી. તેની નોંધ ક્રમાંક ૭૬ સાથે છે.

૩૧. લૉ કૉલેજ, ગોધરાના આચાર્યશ્રીએ તા. ૫–૧૨–૧૯૮૪ના પત્રથી જણાવ્યું કે શિક્ષકો માટેના રજાઓના નિયમો મુજબ પૂર્ણ સમયના વ્યાખ્યાતાઓ અને ખંડ સમયના વ્યાખ્યાતાઓ માટે યુનિવર્સિટીએ કરેલ જોગવાઈ અને રાજ્ય સરકારે ઘડેલ નિયમોની જોગવાઈ વચ્ચે વિસંગતો હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવાનું રાખવું.

૩૨. તા. ૧૬—૩—૧૯૮૫ના રોજ મળેલ કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની સભામાં થયેલ નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત:

(૧) આ યુનિવર્સિટી સાથે સંલગ્ન જે કૉલેજો, યુનિવર્સિટી અને રાજ્ય સરકારે નિયત કરેલાં ધોરણો અનુસાર ચાલતી હોય તેઓને, તેઓ જો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નિયત કરેલ ધોરણો પ્રમાણે ગ્રાન્ટને પાત્ર થતી ન હોય તેવા કેટલાક કેસોમાં જો યુનિવર્સિટી તે અંગે ખાસ કેસ તરીકે ગ્રાન્ટને પાત્ર ગણવા ભલામણ કરે તો તેવા કેસોમાં ગ્રાન્ટ આપવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

(૨) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં અંગ્રેજી વિષય પ્રથમ, દ્વિતીય અને તૃતીય ત્રણ વર્ષોમાં ફરજિયાત વિષય તરીકે શિખવાડવામાં આવતો હોઈ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ગ્રાન્ટની પાત્રતા અંગેનાં ધોરણોના સંદર્ભમાં અંગ્રેજી વિષયને વિભાગ (ડિપાર્ટમેન્ટ) તરીકે ગણવો.

(૩) યુનિવર્સિટીએ તેની પરીક્ષાઓમાં કેન્દ્રીય પરીક્ષણની વ્યવસ્થા, પુનર્મૂલ્યાંકન અને ડમી પદ્ધતિ દાખલ કરી છે. તદુપરાંત યુનિવર્સિટીની બધી પરીક્ષાઓ માટેનાં પ્રશ્નપત્રોની હસ્તપ્રતો અને ઉત્તરવહીઓ સુવ્યવસ્થિત રહે તે માટે તથા સમગ્ર પરીક્ષાઓનું સંચાલન વધુ કાર્યક્ષમ રીતે થઈ શકે તે માટે પરીક્ષા ભવન ઊભું કરવા માટે આર્થિક સહાય આપવા માટે કમિશન અને રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪) ૭મી પંચવર્ષીય યોજના નીચે કૉલેજોને આર્થિક સહાય આપવા બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી માર્ગદર્શક સિદ્ધાંતો મળ્યેથી તેના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓના જુદાં જુદાં જૂથો યોજીને તેમને માટે ઓરિયેન્ટેશન કાર્યશિબિરો (workshop) યોજવાનું રાખવું.

(૫) યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં જ્યારે જ્યારે મહત્ત્વના ફેરફારો થાય ત્યારે ત્યારે જે તે વિષયોના સુધારેલા અભ્યાસક્રમો અંગે સંબંધકર્તા અધ્યાપકો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સહાયથી કાર્યશિબિરો (workshop) યોજવાનું રાખવું.

(૬) ૭મી પંચવર્ષીય યોજના નીચે સંલગ્ન કૉલેજોને આર્થિક સહાય આપવા બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી માર્ગદર્શક સિદ્ધાંતો મળ્યેથી તેના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોના સંચાલક મંડળના હોદ્દેદારોને તે બાબતમાં માહિતગાર કરવા માટે તેમની એક સભા યોજવાનું રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની તા. ૧૬—૩—૧૯૮૫ની સભાનાં ઉપરોક્ત સૂચનો મંજૂર રાખી તે અંગે આગળની ઘટતી કાર્યવાહી કરવી.

૩૩. આ યુનિવર્સિટી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ આજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તેમજ પ્રાશ્નિકો પરીક્ષકો નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૩—૩—૧૯૮૫, તા. ૨૪—૩—૧૯૮૫, તા. ૨૭—૩—૧૯૮૫ તા. ૧૦—૪—૧૯૮૫ અને તા. ૨૪—૪—૧૯૮૫ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૩—૩—૧૯૮૫, તા. ૨૪—૩—૧૯૮૫, તા. ૨૭—૩—૧૯૮૫, તા. ૧૦—૪—૧૯૮૫ અને તા. ૨૪—૪—૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩૪. ડૉ. એન. જે. શાહના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રીમતી બી. ટી. સાવને રજૂ કરેલ મહાનિબંધ પરના અહેવાલ અંગે Tie (મતભેદ) પડતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ ચોથા રેફ્રી ડૉ. એસ. જી. કાંટાવાલાના અહેવાલ પર વિચારણા કરવા બાબત :

(૧) ડૉ. વી. જી. રાહુલકર.....મહાનિબંધ સ્વીકારે છે.

(૨) ડૉ. એ. ડી. શાસ્ત્રી.....મહાનિબંધ સ્વીકાર્ય ગણતા નથી.

(૩) ડૉ. એન. જે. શાહ.....શ્રી. શાસ્ત્રીના અહેવાલ સાથે સંમત નથી. ગાઈડ ચોથા રેફ્રી

(૪) ડૉ. એસ. જી. કાંટાવાલા.....મહાનિબંધને સ્વીકારવા ભલામણ કરે છે.

સદરહુ વિદ્યાર્થીની Viva યોજવાની રહી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. ટી. સાવને રજૂ કરેલ મહાનિબંધ પરના ચોથા રેફ્રીનો અહેવાલ સ્વીકારી સદરહુ વિદ્યાર્થિનીની મૌખિક પરીક્ષા યોજવા માટે આગળ કાર્યવાહી કરવી.

૩૫. ફાઈનાન્સ સમિતિની તા. ૨૬—૪—૧૯૮૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬—૪—૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬—૪—૧૯૮૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૬. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિશાસ્ત્ર વિભાગની બોટનિકલ સોસાયટી તરફથી "અંકુર"નો અંક પ્રકાશિત કરવા અંગે વર્ષ ૧૯૮૫—૮૬ માટે રૂ. ૧,૩૦૦ની આર્થિક સહાય આપવા અંગે વનસ્પતિશાસ્ત્ર વિભાગના વડાનો અધ્યક્ષશ્રી મારફત આવેલ તા. ૨૯—૪—૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સને ૧૯૮૪—૮૫ના વર્ષ માટે રૂ. ૧,૨૫૦ (અંકે રૂપિયા એક હજાર બસો પચાસ પૂરા)ની આર્થિક સહાય આપવામાં આવેલી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગની બોટાનિકલ સોસાયટી તરફથી "અંકુર"નો અંક પ્રકાશિત કરવા માટે ૧૯૮૫—૮૬ના વર્ષ માટે રૂ. ૧,૩૦૦ની આર્થિક સહાય આપવાનું મંજૂર કરવું.

૩૭. શ્રી. આર. કે. સાયન્સ કૉલેજ, પેટલાદ તરફથી જૂન, ૧૯૮૬થી બી.એસસી. (મુખ્ય)માં ઈલેક્ટ્રોનિક્સનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે વધારાના જોડાણની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની સમયમર્યાદા કરતાં મોડી આવી હોવા છતાં, વિષયની અગત્ય જોતાં, ગુજરાત યુનિવર્સિટી ધારાની સદરહુ કલમની જોગવાઈઓ અનુસાર કુલપતિશ્રીએ તે માટે ભલામણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા માટે તથા આગળની કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૮. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૬થી બી.એસસી. (સ્પે.)માં ઈલેક્ટ્રોનિક્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની અરજી, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ની

સમયમર્યાદા કરતાં મોડી હોવા છતાં, સદરહુ કલમની જોગવાઈઓ અનુસાર વિષયોના વૈવિધ્ય માટે જે હેતુસર કુલપતિશ્રીએ ભલામણ કરી હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા માટે તથા આગળની કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૯. સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલો શિક્ષકવર્ગના કે બિનશિક્ષકવર્ગના કર્મચારી ગણાય તેની સ્પષ્ટતા કરવા બાબત રજની પારેખ આર્ટ્સ, શ્રી. કે. બી. કૉમર્સ અને શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના આચાર્યશ્રીએ તા. ૯—૧—૧૯૮૫ના પત્રથી કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ગુજરાત સરકારે કૉલેજોના ગ્રંથપાલોનો સમાવેશ પેન્શન આપવા બાબતના સરકારના ઠરાવમાં શિક્ષકોમાં કર્યો છે. જ્યારે યુનિવર્સિટીએ ગ્રંથપાલોનો સમાવેશ બિનશિક્ષક કર્મચારીઓમાં કર્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે હાલ આ બાબતમાં કોઈ ફેરફાર કરવો નહિ, અને હાલ જે પરિસ્થિતિ છે તે યથાવત્ ચાલુ રાખવી.

૪૦. યુનિવર્સિટી મુદ્રણાલયમાં હેલ્પર તરીકે કામ કરતા શ્રી. આર. એલ. પન્નાને રૂ. ૧૯૬—૩—૨૨૦ ઈબી—૩—૨૩૨ના પગારધોરણમાં તા. ૧૯—૫—૧૯૮૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી મુદ્રણાલયમાં હેલ્પર તરીકે કામ કરતા શ્રી. આર. એલ. પન્નાને રૂ. ૧૯૬—૩—૨૨૦—ઈબી—૩—૨૩૨ના પગારધોરણમાં તા. ૧૯—૫—૧૯૮૫થી કાયમ કરવા.

૪૧. શ્રી. લુણાવાડા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડાના ગણિતશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી. વી. એલ. શુક્લ, જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા ન હોવાથી, તેમની નિમણૂક અમાન્ય કરી હતી. પરંતુ પાત્રતા ધરાવતા શિક્ષક પછાત વિસ્તારમાં પ્રાપ્ત નહીં હોવાથી આ નિમણૂક ગ્રાહ્ય રાખવા કૉલેજે તેના તા. ૨૯—૫—૧૯૮૫ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—'બી પ્લસ' ધરાવે છે પરંતુ "Consistantly good academic record" ધરાવતા નહીં હોવાથી નિમણૂક અમાન્ય થઈ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. લુણાવાડા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડાના ગણિતશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી. વી. એલ. શુક્લની નિમણૂક કૉલેજના આચાર્યશ્રીની વિનંતીને લક્ષમાં લઈ ૧૯૮૪—૮૫ના વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી, અને ઑગસ્ટ ૧૯૮૫થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ માટે યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવા માટે તે કૉલેજને જણાવવું.

૪૨. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના હસ્તકની નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદમાં કાર્યકારી આચાર્ય તરીકે નિમણૂક પામેલ શ્રી. એમ. એ. પટેલની નિમણૂક ગ્રાહ્ય રાખવા તા. ૧૩—૬—૧૯૮૫ના પત્રથી વિનંતી કરી છે તે પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** ૧. શ્રી. એમ. એ. પટેલની કાર્યકારી આચાર્ય તરીકે ૧૨—૭—૧૯૮૪થી નિમણૂક કરી છે.)
૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૬—૬—૧૯૮૩ની સભાના ઠરાવ અનુસાર એક વર્ષથી વધુ સમય માટે કાર્યકારી આચાર્ય તરીકેની નિમણૂક આપી શકાય નહીં.
૩. શ્રી. એમ. એ. પટેલ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ ડૉ. વી. સી. શાહ અને રસાયણવિજ્ઞાન વિભાગના વડા ડૉ. એમ. એન. દેસાઈની બનેલી એક સમિતિ નીમવી અને આ સમિતિને સદરહુ બાબતમાં તપાસ કરી પોતાનો સુચિંતિત હેવાલ આપવા જણાવવું; અને તે આવ્યા બાદ સદરહુ બાબતમાં વિચારણા કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે અન્ય કઈ કઈ કૉલેજોમાં કાર્યકારી આચાર્યની વ્યવસ્થા છે તે અંગે પણ માહિતી મેળવવી.

૪૩. સને ૧૯૮૪—૮૫ના શૈક્ષણિક વર્ષની ઑર્ડિ. ૯૬ અન્વયે એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદની આવેલ માહિતીમાં તેઓની ભગિની કૉલેજ એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદના પૂરા સમયના વ્યાયામશિક્ષક શ્રી. કે. જે. પોરાણિયાને "સિવિલ ડિફેન્સ" વિષયને ત્રણ તાસનો વધુ કાર્યભાર ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું સોંપ્યાનું ગ્રાહ્ય રાખવા અંગે એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીએ તેઓની તા. ૧૮—૧૦—૧૯૮૪ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદના પૂરા સમયના વ્યાયામ શિક્ષક શ્રી. કે. જે. પોરાણિયાને "સિવિલ ડિફેન્સ" વિષયના ૩ તાસનો વધુ કાર્યભાર ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું સોંપ્યાનું ગ્રાહ્ય રાખવાની એસ. વી. આર્ટ્સ કૉલેજના આચાર્યની વિનંતી મંજૂર રાખવી.

૪૪. ખંભાતની કૉલેજોનું સંકુલ થવાને કારણે ફાજલ બનેલા કાયમી આચાર્ય જે. પી. અમીનનું આચાર્ય તરીકેનું પગારધોરણ આરક્ષિત કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૩—૬—૧૯૮૪ની સભાના ઠરાવ અન્વયે રાજ્ય સરકાર સમક્ષ પુનઃ રજૂઆત કરતાં સરકારશ્રીના શિક્ષણ વિભાગે તેમના તા. ૧૩-૫-૧૯૮૫ના પત્રથી "માગણી સ્વીકારી શકાય તેમ નથી" તેમ જણાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા નીમવામાં આવેલ સમિતિ સમક્ષ સદરહુ બાબત મૂકવાનું રાખવું.

૪૫. ગાંધી લેબર ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૬થી માન્યતા મેળવવા માટે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.— ૧. સદરહુ અરજી ઑર્ડિ. ૧૨૦સી અનુસાર સમયમર્યાદામાં (તા. ૩૧-૮-૧૯૮૫ પહેલાં) આવી છે.
૨. અરજી સ્વીકારવામાં આવે તો તપાસસમિતિ નિયુક્ત કરવાની થાય.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨—૨—૧૯૮૫ની સભાના ઠરાવ અન્વયે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના રીડર ડૉ. પી. વી. દેસાઈ પાસેથી વસૂલ કરવાની રહેતી રકમમાંથી મુક્તિ આપવા અંગેના તેઓના તા. ૧૨—૬—૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત. (દરમિયાન તેમનું રાજીનામું તા. ૧૮—૮—૧૯૮૩થી મંજૂર કરવામાં આવેલ છે.)

(નોંધ.— એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨—૨—૧૯૮૫ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :
"આથી ઠરાવવામાં આવે છે કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના રીડર શ્રી. પી. વી. દેસાઈનું રાજીનામું તા. ૧૮-૮-૧૯૮૩થી નોટિસ-પે વસૂલ કરીને મંજૂર કરવું

અને વધુમાં તેમણે જે રકમ ઉપરોકત શરત નં. ૪ મુજબ ભરપાઈ કરવાની રહે છે તે રકમ ભરપાઈ કરવામાંથી મુકિત આપવાની તેમની વિનંતી માન્ય રાખવી નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૭. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના ટીચિંગ રિસર્ચ, ઍસોસિયેટને વ્યાખ્યાતાનું રૂ. ૭૦૦—૧૬૦૦નું પગારધોરણ આપવાની મંજૂરી રાજ્ય સરકારે આપી છે, પણ તેઓને ટીચિંગ રિસર્ચ ઍસોસિયેટને બદલે લેકચરરનું નામાભિધાન આપવાની યુનિવર્સિટીની ભલામણ સ્વીકારી શકાય તેમ નથી તેમ જણાવતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના પત્રાંક રાજ્ય—૧૩૮૩—૫૪૦૯૯—૮૪—ખ તા. ૨૬—૨—૧૯૮૫ના પત્ર પર તેમજ તેના સંદર્ભમાં બી. કે. સ્કૂલના ટીચિંગ રિસર્ચ ઍસોસિયેટની તા. ૨૦—૩—૧૯૮૫ની સંયુકત અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૨૦—૩—૧૯૮૨ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં ટીચિંગ રિસર્ચ ઍસોસિયેટનું પગારધોરણ સુધારવા તથા લેકચરરનું નામાભિધાન આપવા અંગે રાજ્ય સરકારને ભલામણ કરવા નક્કી કરેલ હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં રાજ્ય સરકાર સમક્ષ ફરી યોગ્ય રજૂઆત કરવાનું રાખવું અને રાજ્ય સરકાર પાસેથી મંજૂરી મળ્યેથી [illegible] કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૮. "કાવસ મલેરવાનજી કોઠાવાલા ચંદ્રક" એ નામના બે ચન્દ્રક અનુક્રમે ગુજરાત યુનિવર્સિટીની (૧) એમ.એસસી. પદવી પરીક્ષા માઈક્રોબાયોલોજીના મુખ્ય વિષય સાથે પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એક ચન્દ્રક તથા બીજો ચંદ્રક (૨) ઝૂલોજી વિષયમાં ઉત્કૃષ્ટ સંશોધન માટેના પ્રત્યેક વર્ષે એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચંદ્રકો એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ નિયમોની નકલ આ સાથે **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૯. ગુજરાત યુનિવર્સિટી ટી. વાય. બી.કૉમ.ની પરીક્ષા ઍડવાન્સ એકાઉન્ટન્સી અને ઑડિટિંગ વિષય સાથે પસાર કરી આગળ એમ.કૉમ.નો અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને "શ્રી. પી. વી. ભાવસાર શિષ્યવૃત્તિ" આપવા અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત શિષ્યવૃત્તિ આપવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ નિયમોની નકલ આ સાથે **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૫૦. "સ્વ. પ્રો. એન. જી. સહસ્રબુદ્ધે ચંદ્રક" એ નામનો ચંદ્રક ગુજરાત યુનિવર્સિટીની બી.ઈ. (ટેકસ્ટાઈલ ટેકનોલોજી)ની પદવી પરીક્ષામાં આપવા અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ચન્દ્રક એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ નિયમોની નકલ આ સાથે **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૫૧. **એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૩—૬—૧૯૮૪ની સભામાં "સ્વ. જી. આર. નાનજિયા સ્કોલરશિપ" અંગેના નિયમો પૈકી નિયમ નંબરોમાં સુધારો કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્કોલરશિપ અંગેના નિયમો પૈકી નિયમ નં. ૨માં સુધારો કરવાનું મંજૂર રાખવું.

(સદરહુ સુધારેલ નિયમની નકલ આ સાથે **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૫૨. **એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨—૨—૧૯૮૫ની સભામાં સ્વીકારવામાં આવેલ ટી.વાય. બી.એસસી.(પ્રાણીવિજ્ઞાન વિષયમાં)ની પદવી પરીક્ષામાં "સ્વ. પ્રભુદાસ ત્રિકમલાલ પટેલ ચંદ્રક" એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ચન્દ્રક એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ નિયમોની નકલ આ સાથે **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૩. **એમ.એ. તથા પીએચ.ડી.માં સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થી માટેની "સ્વ. ડૉ. ઈન્દુકલાબહેન ઝવેરી શિષ્યવૃત્તિ" અંગેના નિયમો મંજૂર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ નિયમોની નકલ આ સાથે **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૫૪. **યુ.જી.સી.એ આ યુનિવર્સિટી માટે છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળ વિકાસ અંગેની મંજૂર કરેલ વિવિધ યોજનાઓ માટે રાજ્ય સરકાર તરફથી તેમના ફાળા તરીકેની અનાવર્તક પ્રકારનાં કામો માટે રૂપિયા ૬૧,૧૩,૦૦૦ની આર્થિક સહાય આપવાનું તથા આવર્તક પ્રકારની યોજનાઓ હેઠળ મંજૂર થયેલ વધારાની જગાઓ માટેની તા. ૩૧—૩—૧૯૮૮ પછીની આર્થિક જવાબદારી (પ્લાન સમય બાદ) સ્વીકાર્ય અંગેની ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૮—૩—૧૯૮૫ના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૩૮૪—૭૦૧૩ ૮૫—ખની નોંધ લેવા બાબત.**

સભાગૃહે સદરહુ બાબતની સાભાર નોંધ લીધી.

૫૫. **ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ તરફથી આ યુનિવર્સિટીને સને ૧૯૮૫—૮૮ના ત્રિવાર્ષિક ગાળા માટે અંતિમ બ્લૉક મેન્ટેનન્સ ગ્રાન્ટ નક્કી કરવાની બાકી હોઈ વચગાળાના સમય માટે ચાલુ નાણાકીય વર્ષ માટે પ્રથમ હપતા તરીકે રૂ. ૩૧,૬૨,૫૦૦(રૂપિયા એકત્રીસ લાખ બાસઠ હજાર પાંચસો)ની ગ્રાન્ટ એડહોક ધોરણે આપવાનું મંજૂર કર્યા અંગેના સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧૨—૪—૧૯૮૫ના ઠરાવ ક્રમાંક યવસ—૧૩૮૫—૧૭૦૩૩—ખની નોંધ લેવા બાબત.**

સભાગૃહે સદરહુ બાબતની સાભાર નોંધ લીધી.

૫૬. **મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદે તેમના તા. ૯—૪—૧૯૮૫ના પત્રથી જણાવ્યા મુજબ ભાડાના મકાનમાંથી પોતાના મકાનમાં સ્થળાંતર કર્યું છે, તે બાબતમાં તપાસ સમિતિ નીમ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા તે તપાસસમિતિના હેવાલને અનુલક્ષીને સ્થળાંતર ગ્રાહ્ય રાખવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી, અમદાવાદે ભાડાના મકાનમાંથી પોતાના મકાનમાં સ્થળાંતર કર્યું છે તે બાબતમાં તપાસ સમિતિ નીમ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી તેમજ તપાસ સમિતિના હેવાલને અનુલક્ષીને સદરહુ સંસ્થાએ કરેલ સ્થળાંતર ગ્રાહ્ય રાખવું.

૫૭. શિક્ષકોની જગ્યાઓ માટેના પગારધોરણમાં મૂલ્યાંકન કરવા માટેની સમિતિ સમક્ષ અધ્યાપકે નિયત પત્રકમાં આપેલ માહિતી ભરીને મોકલવા માટે ગુજરાત રાજયના સંયુકત શિક્ષણ નિયામકશ્રીના તારીખ ૨૮—૩—૧૯૮૫ના પત્રાંક ઉબક—સરપ્લસ—૬—૧—૭૭—૩૮૧૧—૪૦૪૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ડાયરેકટર ઑફ એજ્યુકેશન સમક્ષ રજૂઆત કરવાનું રાખવું કે શિક્ષકોની જગ્યાઓ માટેના પગારધોરણમાં મૂલ્યાંકન કરવા માટે યુનિવર્સિટીએ નક્કી કરેલ જે નિયત પત્રક હાલ ભરવાનું હોય છે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૫૮. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડી.એમ. (કાર્ડિયોલોજી) વિષયનું અનુસ્નાતક શિક્ષણ શરૂ કરવા આવેલ અરજીના સંદર્ભમાં તપાસ-સમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજમાં ડી. એમ. (કાર્ડિયોલોજી) વિષયનું અનુસ્નાતક શિક્ષણ શરૂ કરવા માટે, નીચેની શરતોને આધીન, મંજૂરી આપવાનું રાખવું :

(*a*) Special permission from M.C.I. for condoning the qualifications and experience of the Director and Asst. Professors may be sought,

(*b*) Expeditious repairs and proper maintenance of various equipments;

(*c*) The vacancies in staff-2 Asst. Prof. of Cardiology and one tutor in I.C.C.U. be filled up;

(*d*) New posts of 4 registrars in Cardiology and 2 Technicians be created; and

(*e*) small auditorium with audiovisual facilities be provided.

૫૯. તોલાણી ઈન્સ્ટિટયૂટ ઑફ ફાર્મસી, આદિપુર તરફથી જૂન ૧૯૮૪થી ડિપ્લોમા ઈન ફાર્મસીનો અભ્યાસક્રમ શરૂ કરવા આવેલી અરજીના સંદર્ભમાં ઍકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટિવ કાઉન્સિલ તરફથી મૂકાયેલી શરતોના પરિપાલન બાબતમાં ચકાસણી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી ઈન્સ્ટિટયૂટ ઑફ ફાર્મસી, આદિપુરમાં ડિપ્લોમા ઈન ફાર્મસીનો અભ્યાસક્રમ ચાલુ કરવા માટે મંજૂરી આપવી.

૬૦. સિટીઝનશિપ ડેવલપમેન્ટ સોસાયટી, નવી દિલ્હીના આજીવન સભ્ય થવા માટે તે સોસાયટીના સભ્ય સચિવશ્રીએ તેમના તારીખ ૯—૫—૧૯૮૫ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—યુનિવર્સિટી જેવી સંસ્થાઓ માટે આજીવન સભ્યપદની ફી રૂ. ૫,૦૦૦/- (પાંચ હજાર) છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૧. તા. ૨૧—૫—૧૯૮૫ ને મંગળવારના રોજ મળેલી બાંધકામ સમિતિની સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૨૧-૫-૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની તા. ૨૧-૫-૧૯૮૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા બાબત ક્રમાંક ૧૨૮ની સાથે કરવામાં આવી, જેની નોંધ ક્રમાંક ૧૨૮ની સાથે છે.

૬૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમની સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામત/ખરીદી માટેની પ્રૉવિડંટ ફંડ લોન મંજૂર કર્યાનું :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ. પૈસા
૧.	શ્રી. એલ. જે. સોમૈયા (ડિસ્પેચ રાઈડર)	૧૮,૦૦૦–૦૦
૨.	શ્રી. પી. સી. ચૌહાણ (પ્યૂન)	૧૫,૦૦૦–૦૦
૩.	શ્રી. કે. એસ. લેઉઆ (જુ. ક્લાર્ક)	૧૬,૦૦૦–૦૦
૪.	શ્રી. સી. કે. વાઘેલા (ડિસ્પેચ રાઈડર)	૧૯,૦૦૦–૦૦
૫.	શ્રી. બી. જે. મકવાણા (સિનિયર આસિસ્ટંન્ટ)	૩૪,૫૦૦–૦૦

(૨) યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રના કમ્પાઉન્ડર શ્રી. ડી. જે. ચૌધરીને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની રૂ. ૧૭,૫૦૦ની પ્રૉવિડંટ ફંડ લોન મંજૂર કર્યાનું;

(૩) યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગમાં ડિસ્પેચ રાઈડર તરીકે કામ કરતા શ્રી. નગીનભાઈ એલ ચૌધરીની સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામત કરાવવા અંગે પ્રૉવિડંટ ફંડ લોન આપ્યાનું;

(**નોંધ.**--ઉપરોક્ત રકમમાંથી તેઓના ખાતે નીકળતી મકાન મરામત લોન તથા પ્રૉવિડંટ ફંડ લોન તથા તે પરના વ્યાજની રકમ કાપીને બાકીની રકમ આપવામાં આવશે.)

(૪) એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના એમ.એ. પાર્ટ ૧ના વર્ગમાં અભ્યાસ કરતાં નીચેનાં વિદ્યાર્થિનીઓની ૧૯૮૪–૮૫ના વર્ષ દરમિયાન બંને સત્રોની ખૂટતી હાજરી અપવાદરૂપે માફ કર્યાનું :

૧. કુ. હસ્તિર અમિષ પ્રેમકુમાર

૨. કુ. પટેલ નંદિની ચંદુલાલ;

(૫) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીને તેના આઈનોસ્ફેરિક રિસર્ચ પ્રોજેક્ટ (Ionospheric Research Project) માટે તા. ૧–૪–૧૯૮૦ના વર્ષથી વાપરવા માટે આપવામાં આવેલ એક રહેઠાણનું મકાન સ્ટાફ ક્વાટર્સ નં. ૫/૨૫ની મુદત વધુ એક વર્ષ માટે લંબાવી આપ્યાનું;

(૬) યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના શિક્ષણ વિભાગના રીડર ડૉ. જે. એચ. શાહને ૩૨મી આઈ.સી.ઈ.ટી. વર્લ્ડ ઍસેમ્બલી, વાનકુંવર-કેનેડા ખાતે જુલાઈ ૨૨થી ૨૬ ૧૯૮૫ દરમિયાન મળનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા જવા સારુ તેમણે તેમના તા. ૧૬–૭–૧૯૮૫ના પત્રથી આર્થિક સહાય માટે કરેલ માગણીના સંદર્ભમાં તેઓએ માગેલ મુસાફરી ખર્ચના રૂ. ૧૬,૦૦૦ના માત્ર ૫૦ ટકા પ્રમાણેના રૂ. ૮,૦૦૦/- (રૂપિયા આઠ હજાર) યુ.જી.સી. અનએસાઈન્ડ ગ્રાન્ટની શરતો મુજબ હાલ ઍડવાન્સ તરીકે મંજૂર કર્યાનું;

(૭) વિજ્ઞાન વિદ્યાભવનના માઈક્રોબાયોલોજી વિભાગ માટે હાઈસ્પીડ રેફ્રીજરેટેડ સેન્ટ્રીફ્યુઝના રોસ્ટર ખરીદવા માટે રૂ. ૧,૬૦૦ (રૂપિયા એક હજાર છસો)ના ખર્ચની મંજૂરી કુલપતિશ્રીએ આપ્યાનું.

(૮) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.સી.એચ. પદવી યુરોલોજી (સ્પેશ્યાલિટી) વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની મંજૂરી આપ્યાનું;

(૯). ૧. સંલગ્ન કૉલેજોમાં કુલપતિશ્રીએ જે શિક્ષકોની નિમણૂકોને માન્ય રાખી છે તેની યાદી.
૨. સંલગ્ન કૉલેજોમાં કુલપતિશ્રીએ જે શિક્ષકોની નિમણૂકો અમાન્ય કરી છે તેની યાદી
૩. આ અગાઉ માન્ય થયેલા અને તેમના પદમાં કોઈ ફેરફાર થયો નથી અને તેમની નિમણૂકોની નોંધ લેવાની છે તેવા શિક્ષકોની યાદી;

(સદરહુ યાદીઓની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

(૧૦) જૂન ૧૯૮૪ તથા જૂન ૧૯૮૫થી જોડાણ મેળવવા માટે આવેલી અરજીઓ પર મૂકેલી શરતોના પરિપાલનની ચકાસણી કરવા માટે નિયુક્ત થયેલી સમિતિની તા. ૧૪–૬–૧૯૮૫ની સભાની ભલામણ અનુસાર નીચેની કૉલેજોના જોડાણ અંગેનાં જાહેરનામાં બહાર પાડવાનું :

(અ) જૂન ૧૯૮૪થી જોડાણ મેળવવા અંગે :

૧. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ
૨. આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર
૩. મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
૪. શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી. ઍન્ડ શ્રીમતી પી. કે. કાંટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ.

(બ) જૂન ૧૯૮૫થી જોડાણ મેળવવા અંગે

૧. સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨. સરકારી કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
૩. એમ. ઍન્ડ વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ
૪. સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
૫. એસ. વી. વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
૬. કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા

(૧૧) યુનિવર્સિટીનાં નીચેનાં જુદાં જુદાં વિદ્યાભવનોના વ્યાખ્યાતા/રીડરના મૂલ્યાંકન અંગે તા. ૧૨—૩—૧૯૮૫ના રોજ તથા ૧૩—૩—૧૯૮૫ના રોજ મળેલી મૂલ્યાંકન સમિતિની સભા નીચે જણાવેલા શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં જે તે તારીખથી મૂલ્યાંકન ઓળંગવાની કરેલ ભલામણ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના :

ક્રમાંક	નામ તથા હોદ્દો	ભવન	પગારધોરણ	કઈ તારીખે
૧.	ડૉ. પી. કે. દવે (વ્યાખ્યાતા)	સમાજવિદ્યા ભવન (અર્થશાસ્ત્ર વિભાગ)	રૂ. ૭૦૦--૪૦--૧૧૦૦--૫૦--૧૩૦૦--મૂલ્યાંકન--૫૦--૧૬૦૦	૧૫--૬--૮૪થી
૨.	શ્રી. વી. પી. ભારદ્વાજ (રીડર)	(„ „)	રૂ. ૧૨૦૦--૫૦--૧૩૦૦--૬૦--૧૬૦૦--મૂલ્યાંકન--૬૦--૧૯૦૦	૧--૧--૮૩થી
૩.	શ્રી. એન. સી. શાહ (વ્યાખ્યાતા)	વિજ્ઞાન વિદ્યાભવન (આંકડાશાસ્ત્ર વિભાગ)	રૂ. ૭૦૦--૪૦--૧૧૦૦--૫૦--૧૩૦૦--મૂલ્યાંકન--૫૦--૧૬૦૦	૧--૪--૮૩થી
૪.	શ્રી. એન. કે. યાદવ (વ્યાખ્યાતા)	વિજ્ઞાન વિદ્યાભવન (કીટાણુ વિભાગ)	રૂ. ૭૦૦--૪૦--૧૧૦૦--૫૦--૧૩-૦૦--મૂલ્યાંકન--૫૦--૧૬૦૦	૧૯--૬--૮૫થી
૫.	શ્રી. કે. જી. જાની (રીડર)	વિજ્ઞાન વિદ્યાભવન (ફિઝિકસ વિભાગ)	રૂ. ૧૨૦૦--૫૦--૧૩૦૦--૬૦--૧૬૦૦--મૂલ્યાંકન--૬૦--૧૯૦૦	૧૫--૬--૮૪થી
૬.	ડૉ. આઈ. એમ. ભટ્ટ (રીડર)	વિજ્ઞાન વિદ્યાભવન (કેમેસ્ટ્રી વિભાગ)	રૂ. ૧૨૦૦--૫૦--૧૩૦૦--૬૦--૧૬૦૦--મૂલ્યાંકન--૬૦--૧૯૦૦	૧૭--૬--૮૫થી
૭.	ડૉ. એ. બી. વોરા (રીડર)	વિજ્ઞાન વિદ્યાભવન (બોટની વિભાગ)	રૂ. ૧૨૦૦--૫૦--૧૩૦૦--૬૦--૧૬૦૦--મૂલ્યાંકન--૬૦--૧૯૦૦	૧૫--૬--૮૪થી
૮.	ડૉ. એસ. જી. દેસાઈ (રીડર)	વિજ્ઞાન વિદ્યાભવન (કીટાણુ વિભાગ)	રૂ. ૧૨૦૦--૫૦--૧૩૦૦--૬૦--૧૬૦૦--મૂલ્યાંકન--૬૦--૧૯૦૦	૧૦--૧૧--૮૪થી
૯.	ડૉ. બી. એચ. દેસાઈ (રીડર)	વાણિજ્ય વિદ્યાભવન	રૂ. ૧૨૦૦--૫૦--૧૩૦૦--૬૦--૧૬૦૦--મૂલ્યાંકન--૬૦--૧૯૦૦	૧૫--૬--૮૪થી

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૬૪. "આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક" ૧૯૮૧–૮૨ના વર્ષ માટે ચન્દ્રક માટેની સમિતિની ભલામણ અન્વયે ડૉ. કુમારપાળ દેસાઈને સંશોધનની ઉત્કૃષ્ટ ગુણવત્તા ધરાવતાં તેમની કામગીરી માટે એનાયત કરવાનું જાહેર કરવામાં આવ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૫. સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિક ઍન્ડ સોશ્યલ રિસર્ચ (અમદાવાદ)ના પ્રો. રોહિત શુકલની "સ્ટડી ઑફ સોસ્યો-કલ્ચરલ ટ્રાયટસ સસ્ટેઈનિંગ ઈકો-સિસ્ટમ ઈન માઈક્રો-રિજિયન ઈન નોર્થ ગુજરાત" અંગેની સંશોધન યોજના અંગે મિનિસ્ટ્રી ઑફ એન્વાયરમેન્ટ ઍન્ડ ફોરેસ્ટસ ભારત સરકારે તેના તારીખ ૬–૬–૧૯૮૫ના પત્રાંક ૧૭–૨–૮૪-ઈએન-૧ પ્રોજે. ૯થી રૂ. ૬૧,૪૦૦(એકસઠ હજાર ચારસો પૂરા)ની આર્થિક સહાય મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૬. ૧૯૮૫–૮૬ દરમિયાન સ્કૂલ ઑફ લૉ દ્વારા "રીફ્રેશર કોર્સ ઈન ધી લૉ ઑફ કૉન્ટ્રેક્ટ" યોજવા અંગે યુ.જી.સી.એ તેના તા. ૨૫–૬–૮૫ના પત્રાંક એફ ૮-૩-૮૫ (આઈ.સી. ૩)થી કુલ રૂ. ૬૦,૬૨૫ (રૂપિયા સાઈઠ હજાર છસો પચીસ)ની આર્થિક સહાય મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૭. વિદ્યા-એ માનવવિદ્યા(હ્યુમેનિટીઝ)ના તંત્રીમંડળના એક સભ્ય ડૉ. એમ. પી. કેકરની જગ્યાએ અન્ય કોઈ સભ્યની નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૮. ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પાસ કર્યા પછી ઑર્ડિ. એમ.બી.,બી.એસ. ૧૬ અને ૧૭ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે સાબરમતી ડેવલપમેન્ટ સોસાયટી સંચાલિત શેઠશ્રી પુખરાજ રાયચંદ જનરલ હૉસ્પિટલ, સાબરમતી, અમદાવાદને માન્યતા આપવા બાબતમાં સંસ્થાના માનદ વ્યવસ્થાપકના તારીખ ૨૮–૫–૧૯૮૫ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલની માન્યતાની અરજીની બાબતમાં સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૯. ગુજરાત યુનિવર્સિટીની ટી.વાય.બી.એસસી. (રસાયણશાસ્ત્ર વિષયમાં)ની પદવી પરીક્ષામાં "ડૉ. ડી. એમ. દેસાઈ ચંદ્રક" એનાયત કરવા અંગે તેઓ તરફથી આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

[પ્રદાનની રકમ રૂ. ૭,૫૦૦/-(અંકે રૂપિયા સાત હજાર પાંચસો પૂરા) યુનિવર્સિટીને મળેલ છે]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રક એનાયત કરવાની દરખાસ્તનો સાભાર સ્વીકાર કરવો.

૭૦. ગુજરાત યુનિવર્સિટીની એન્જિનિયરિંગ પરીક્ષામાં ફાઈનલ બી.ઈ. (મિકે.)ની પદવી પરીક્ષામાં જે વિદ્યાર્થીએ પ્રથમ પ્રયત્ને સેમેસ્ટર ૭ તથા ૮માં મશીન ડિઝાઈનના વિષયમાં સંયુક્ત રીતે સૌથી વધારે ગુણ

મેળવેલા હોય તેને "આચાર્ય ડૉ. વી. જે. જાની ચંદ્રક" એનાયત કરવા અંગે ડૉ. એસ. પી. કેલોગ તરફથી આવેલ તા. ૨૯—૭—૧૯૮૫ની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(આ અંગેનું પ્રદાન રૂ. ૭,૫૦૦/- યુનિવર્સિટીમાં રસીદ નં. ઈએનડી-૭૬૧ તા. ૨૯—૭—૧૯૮૫થી જમા કરવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રક એનાયત કરવાની દરખાસ્તનો સાભાર સ્વીકાર કરવો.

૭૧. "આચાર્યશ્રી એમ. સી. દેસાઈ ચંદ્રક" અંગેના હાલના નીચેના નિયમમાં નીચે પ્રમાણે વધારો (ઉમેરો) કરવા બાબત :

Rule in force at present

A medal named "Principal M. C. Desai Medal" of the value of about Rs. 200/- shall be awarded in any subject in Social Sciences viz. Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education etc. annually to a teacher who is working in any affiliated Colleges of the University or a recognised Institution of the University or any post-graduate department of the University and whose research work published during the two calendar years preceding the convocation is adjudged to be of the highest merit by a special committee of experts who have made their mark in their respective fields of work. This committee shall be appointed by the Executive Council of Gujarat University every year and the decision of the Committee in the matter shall be final. A person who has been awarded "Principal M. C. Desai Medal" onces shall not be eligible to contest again for the award of the said medal for a period of next five years after the year for which the said medal has been awarded.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ચન્દ્રક અંગેના હાલના નિયમમાં ઉપર પ્રમાણેનો ઉમેરો કરવો.

૭૨. આ યુનિવર્સિટીની ૧૯૮૬માં લેવાનાર પરીક્ષાઓ માટે ઑ. ૧૨૨ મુજબ પરીક્ષકોની અરજીઓ મંગાવવી જરૂરી છે, પરંતુ ૧૯૮૫ના વર્ષની પરીક્ષાઓ હજી સુધી લઈ શકાઈ નથી. તે જોતાં અરજીઓ મંગાવવા અંગેના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ યુનિવર્સિટીની પરીક્ષાઓ પૂરી થયેથી સદરહુ બાબત અંગે વિચારવાનું રાખવું.

૭૩. બોર્ડ ઑફ સ્પોર્ટસની તા. ૧૧—૪—૧૯૮૫ની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આગામી વર્ષથી એટલે કે ૧૯૮૫—૮૬ના શૈક્ષણિક વર્ષથી દરેક વિદ્યાર્થીદીઠ, સત્રદીઠ જીમખાના ફી હાલમાં જે રૂ. ૭ ઉઘરાવવામાં આવે છે તેના બદલે રૂ. ૧૦ ઉઘરાવવા તેમજ યુનિવર્સિટી

કક્ષાએ રમતગમતની પ્રવૃત્તિઓના વિકાસ માટે યુનિવર્સિટી સ્પોર્ટર્સ ફી તરીકે રૂ. ૧ ઉઘરાવવાનું અને તેના સંદર્ભમાં ફી અંગેના ઑર્ડિ. ૧૫૯માં નીચે પ્રમાણે સુધારો કરવાનું મંજૂર કરવા બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

Ord. 159 :

(3) The following shall be the rates of fees other than the tution fees per term for affiliated Arts, Science, Commerce, Education and Law Colleges

(4) (*a*) Gymkhana Fee Rs. 10–00
(*b*) University Sports Fees Rs. 1–00

(૨) સરકારી કૉલેજોમાં રમતગમતના વિદ્યાર્થીઓને રા (અર્ધી) ટકા સ્પોર્ટ્સ સ્કૉલરશિપ આપવામાં આવે છે તેમ આ ફ્રીશિપનો લાભ અન્ય કૉલેજોના વિદ્યાર્થીઓને મળે તે માટે સરકારશ્રી સમક્ષ ઘટતી રજૂઆત કરવા આ બોર્ડ યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૩) કૉલેજોમાં કામ કરતા જીમખાનાના પટાવાળાની મહેકમમાં જોગવાઈ કરવા અંગે ઘટતી રજૂઆત કરવા આ બોર્ડ યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(નોંધ.—૧. હાલ રૂ. ૭ છે તેના બદલે જો ઑર્ડિ.માં આ મુજબ સુધારો કરીએ તો. રૂ. ૧૧ લેવાના થાય,

૨. અને યુનિવર્સિટી દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવાની રહે.)

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરોક્ત ભલામણ નં. ૧ મંજૂર રાખવી, અને ભલામણ નં. ૨ અને ૩ અંગે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા માટે નીમવામાં આવેલ કમિટી સમક્ષ સદરહુ બાબત મૂકવાનું રાખવું.

૭૪. બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૧–૪–૧૯૮૫ની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) હાલની વિષમ મોંઘવારીને લક્ષમાં લઈને ૧૯૮૫–૮૬ના વર્ષની જુદી જુદી રમતોની આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જનાર ગુજરાત યુનિવર્સિટીની ટીમના ખેલાડીઓને હાલમાં જે દૈનિક ભથ્થું રૂ. ૧૬ આપવામાં આવે છે તેના બદલે રૂ. ૨૫ અને મૅનેજર-કોચને હાલમાં જે રૂ. ૨૦ દૈનિક ભથ્થું આપવામાં આવે છે તેના બદલે રૂ. ૩૦ આપવાનું મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) ૧૯૮૫–૮૬નું વર્ષ આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ તરીકે ઉજવવાનું હોઈ વિદ્યાર્થી ભાઈ–બહેનો માટે ડિપ્લોન, ટ્રાયલોન, મેરેથોન દોડ ભાઈઓ માટે, ૨૦ કિ.મી.ની દોડ બહેનો માટે વગેરે વિશિષ્ટ કાર્યક્રમો યોજવા અને તે માટે અંદાજે રૂ. ૧૦,૦૦૦(રૂપિયા દશ હજાર પૂરા)ની રકમ યુવાવર્ષની ઉજવણી નિમિત્તે મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૩) યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા વ્યાયામ, શિક્ષક ભાઈ–બહેનોનું નામાભિધાન હાલમાં જે "ફિઝિકલ ટ્રેનિંગ ઇન્સ્ટ્રક્ટર (**Physical Training Instructor**) છે તે

બદલીને "વ્યાખ્યાતા શારીરિક શિક્ષણ" (Lecturer Physical Education) રાખવાનું મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(નોંધ.—૧. અંદાજે રૂ. ૧૩,૦૦૦ (તેર હજાર) ખર્ચ વધવા સંભવ છે. બજેટમાં જોગવાઈ છે તેથી હાલ આ અંગે કોઈ નવી જોગવાઈ કરવાની રહેશે નહીં.

૨. રૂ. ૧૦,૦૦૦ (દશ હજાર)ની નવી જોગવાઈ કરવાની રહે.

૩. અગાઉ આ નામાભિધાન બદલવાનું મંજૂર થયેલ છે, પરંતુ તેનો અમલ મોકૂફ રાખવામાં આવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) આંતર–યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા યુનિવર્સિટી ટીમના ખેલાડીઓને દૈનિક ભથ્થું હાલ રૂ. ૧૬/- આપવામાં આવે છે તે વધારીને રૂ. ૨૦/- દૈનિક ભથ્થું મંજૂર કરવું. અને મેનેજર/કોચને હાલમાં દૈનિક ભથ્થું રૂ. ૨૦/- આપવામાં આવે છે તે વધારીને રૂ. ૨૫/- કરવું.

(૨) બોર્ડ ઑફ સ્પોર્ટ્સની આર્થિક સહાય અંગેની ઉપરોક્ત ભલામણ મંજૂર રાખવી.

(૩) યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં કામ કરતાં વ્યાયામ શિક્ષક ભાઈ/બહેનોનું નામાભિધાન જે હાલમાં ફિઝિકલ ટ્રેઈનિંગ ઇન્સ્ટ્રક્ટર છે તે બદલીને ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન રાખવું.

૭૫. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અંગેના ઑર્ડિ. ૭ની કલમ— ૭ અને ૮ અન્વયે અનુક્રમે ત્રણેય વિભાગોમાંથી (ઉત્તર-દક્ષિણ અને અમદાવાદ વિભાગ) એક એક વ્યાયામ શિક્ષક અને એક એક વિદ્યાર્થી પ્રતિનિધિની એક વર્ષ માટે નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૦. સંલગ્ન કૉલેજોમાં યુવક મહોત્સવ અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિકાસ માટે ઑર્ડિ. ૧૫૯ અન્વયે યુનિયન ફી લેવાની છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—હાલ યુનિયન ફી રૂ. ૫—૦૦ છે.)

અને

૭૬. યુવક મહોત્સવ યોજવા અંગે નિયુક્ત થયેલી સમિતિની તા. ૨૬–૯–૧૯૮૪ના રોજ મળેલી અનૌપચારિક બેઠકમાં કરવામાં આવેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ભલામણ :

યુવક મહોત્સવના સાંસ્કૃતિક ખર્ચને પહોંચી વળવા હાલ ઓ. ૧૭૦ મુજબ રૂ. ૦—૫૦ પૈસાની ફી સત્ર દીઠ ઉઘરાવવામાં આવે છે તે વધારીને આગામી વર્ષથી રૂ. ૧—૦૦ પૈસાની ફી સત્ર દીઠ ઉઘરાવવી અને યુવક મહોત્સવના આનુષંગિક ખર્ચ પેટે એકત્રિત રકમના ૫૦ ટકા કૉલેજ પોતાની પાસે રાખે તે મુજબ આ અંગેના ઓ. ૧૭૦માં જરૂરી ફેરફાર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

જરૂરી ફેરફાર સાથેનો ઓ. ૧૭૦ નીચે મુજબ છે :

"Every student admited to an affiliated College, recognised institution and University Department shall pay a fee of Rs. 1-00 paisa per term towards the expenses for organising cultural activities in the University, out of which Rs. 0-50 paise per student shall be remitted to the University by the College / Institution / University Department whithin one month from the date of commencement of the term. The amount shall be used by the University towards the expenditure incurred in the organisation of the cultural activities of the University students community and the remaining amount of Rs. 0.50 paise per student per term can be retained and shall be used by the College / Institution /University Department for promotion of the Cultural activities of the respective College/Institute / University Department."

સદરહુ બાબતોની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી અને તેને અનુલક્ષીને સુધારેલ ઑર્ડિ. ૧૭૦ મંજૂર રાખવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૭૭. યુનિવર્સિટીનાં વિદ્યાભવનો અને છાત્રાલયો માટે વધુમાં વધુ પાંચ કલર ટી.વી. સેટ્સ ખરીદવા માટે અનુદાન આપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તા. ૧૦—૬—૧૯૮૫ના પત્રાંક એફ. ૧—૮—૧૯૮૫ (એમ.સી.) પર વિચારણા કરવા બાબત.

(નોંધ..—યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન તરફથી કલર ટીવી ખરીદવા માટે રૂ. ૪,૦૦૦ નું ગુરુતમ અનુદાન મળવાપાત્ર છે, બાકીના ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રહે છે.)

કલર ટી.વી. ખરીદવા બાબતમાં સૂચનો કરવા કુલપતિશ્રીએ નીમેલ સમિતિ નીચે પ્રમાણે ફાળવણી કરવા સૂચવ્યું છે :

(૧)	૧. ભાઈઓનાં છાત્રાલયો	૨
	૨. વિજ્ઞાન અને કૉમ્પ્યુટર વિભાગ માટે	૧
	૩. સમાજવિદ્યા ભવન, મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર તથા બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે	૧
	૪. ભાષાભવન, વાણિજ્યભવન તથા ધારાશાસ્ત્ર ભવન માટે	૧

(૨) આ ટી.વી. સેટ્સ ક્યાં રાખવા તથા તેની જાળવણી ઈ. અંગેનું કામ કયા શિક્ષકને સોંપવું તે અંગેનો નિર્ણય લેવાનો રહે છે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી કલર ટી.વી. ખરીદવા માટે મળેલ ગુરુતમ અનુદાન અંગેના પત્રની સાભાર નોંધ લઈ તે ખરીદવામાં યુનિવર્સિટીએ પોતાના ભાગે આવતો ખર્ચ ભોગવીને પાંચ કલર ટી.વી. સેટ ખરીદવાનું રાખવું, અને આ સેટ્સ કુલપતિશ્રીએ નીમેલ સમિતિએ કરેલાં સૂચનોને લક્ષમાં લઈ ક્યાં મૂકવા અને તેની જાળવણી અંગેનું કામ કયા શિક્ષકને સોંપવું તે બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૮. જે સંલગ્ન કૉલેજો–માન્ય સંસ્થાઓની સને ૧૯૮૫–૮૬ના વર્ષમાં ત્રિવાર્ષિક તપાસ કરવાની થાય છે તે માટે સ્ટે. ૨૧૦ અનુસાર ત્રિવાર્ષિક તપાસ સમિતિઓની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ત્રિવાર્ષિક તપાસ સમિતિઓની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૯. સંલગ્ન કૉલેજો તરફથી જૂન, ૧૯૮૬થી ચાલુ વધારાના જોડાણ માટે આવેલી અરજીઓ બાબતમાં સ્થાનિક તપાસ સમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૦. કાપડિયા એન.એમ.એમ.એલ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડાનું નામ બદલીને નવું નામ નીચે જણાવ્યા પ્રમાણે રાખવા અંગે જરૂરી કાર્યવાહી કરવા સદરહુ કૉલેજની સામાન્ય સભાના ઠરાવ સાથે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત :

"કાપડિયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટ્સ ઍન્ડ ધી સંખેડા નાગરિક સહકારી બૅંક સાર્વજનિક કૉમર્સ કૉલેજ, સંખેડા"

આથી ઠરાવવામાં આવે છે કે સંખેડા કૉલેજના આચાર્યશ્રીએ તેમના પત્રમાં કૉલેજનું ઉપર જણાવ્યા પ્રમાણેનું નવું નામ બદલવાની કરેલી વિનંતી સ્વીકારવી.

૮૧. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદને યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ અન્વયેની માન્યતા કાયમી ધોરણે ૧૯૫૬થી આપવામાં આવેલી છે, પરંતુ તા. ૧–૮–૧૯૮૫થી પોતાની માન્યતા રદ કરવા (પોતાને Derecognised ગણવા) જણાવતાં સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીના તા. ૧૯–૬–૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી તપાસ કરીને પોતાનો સુચિંતિત લેખાલ આપવા માટે નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવી :

(૧) શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી
(૨) ડૉ. વી. સી. શાહ, અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાશાખા
(૩) ડૉ. એમ. એન. દેસાઈ.

૮૨. કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, ધંધુકા તરફથી આવેલ જૂન ૧૯૮૬થી બી.એ. (પ્રિ) માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સમો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, ઈતિહાસ, સંસ્કૃત, બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., એડ. બિઝનેસ મૅનેજમેન્ટ, કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની સમયમર્યાદા કરતાં મોડી આવી હોવા છતાં શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ ગુજરાત યુનિવર્સિટી ધારાની સદરહુ કલમની જોગવાઈઓ અનુસાર કુલપતિશ્રીએ તે સ્વીકારવા ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીની ભલામણ અનુસાર સદરહુ કૉલેજમાં ઉપરોક્ત વિષયના અભ્યાસક્રમો શીખવવા માટેની કાયમી જોડાણ માટેની અરજી સ્વીકારવી અને આગળ કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૩. જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ તરફથી જૂન, ૧૯૮૬થી ડિપ્લોમા ઈન ફાઈન આર્ટ્સ (નૃત્ય)ના અભ્યાસક્રમો શીખવવા માટે આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં તપાસ કરીને પોતાનો સુચિંતિત હેવાલ આપવા માટે નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવી :

(૧) શ્રી. ઉજમશી કાપડિયા, ડીન, વિનયન વિદ્યાશાખા
(૨) પ્રિ. આર. એચ. વ્યાસ, ડીન, વાણિજ્ય વિદ્યાશાખા
(૩) ડૉ. વી. સી. શાહ, ડીન, વિજ્ઞાન વિદ્યાશાખા.

૮૪. ક. લા. સ્વાધ્યાય મંદિર, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૬થી કંપેરેટિવ લિંગ્વિસ્ટિક્સ, કંપેરેટિવ લિટરેચર, ગુજરાતી લૅંગ્વેજ ઍન્ડ લિટરેચર, એન્સાઈક્લોપીડિયા ઑફ ગુજરાતી લિટરેચર અને ડિક્શનેરીઝના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા માટે ચાલુ માન્યતા માટેની અરજીની બાબતમાં સ્થાનિક તપાસ સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૫. શિક્ષણના બધા સ્તરે કન્યાઓને ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવા અંગે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના તા. ૬–૭–૧૯૮૫ના પત્રાંક એમઆઈએસ–૧૦૮૪–૨૯૬૧૭–ખ થી જણાવ્યું હોઈ તેના સંદર્ભમાં નીચે જણાવ્યા પ્રમાણેનો ઑર્ડિ. ૧૫૯ એ મંજૂર કરવા બાબત :

Ord. 159-A :

Notwithstanding what is provided in Ord. 151-D, Ord. 151-E and Ord. 159 or anywhere in the statute or ordinances of the University regarding prescribing of the rates of tuition fees for students both at undergraduate and post-graduate study, in any of the affiliated Colleges or University Departments, no tuition fees shall be collected from female students, such fees being payable by the State Government through its concerned Department.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવ્યા પ્રમાણેનો ઑર્ડિ. ૧૫૯-એ મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૮૬. યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓની તેમનાં નામ સામે જણાવેલ સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન–મરામત/ખરીદવા માટે પ્રૉવિડંટ ફંડ લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	અગાઉ લોન લીધેલ છે કે કેમ	કારણ
(૧)	શ્રી. જે. એન. શાહ (સૅમો. આસિ.)	૨૩,૦૦૦	ના	મકાન મરામત માટે
(૨)	શ્રી. આઈ. બી. સાડીવાલા (સી. આસિ., ટાઈપ)	૨૫,૦૦૦	ના	,, ,,

(૩)	શ્રી. એસ. જે. રાણા (પટાવાળા)	૭,૦૦૦	હા	,,	,,
(૪)	શ્રી. પી. ડી. મિસ્ત્રી (યુનિ. એન્જિનિયર)	૯૦,૦૦૦	હા	,,	,,
(૫)	શ્રી. કે. પી. કોડિયા (પટાવાળા)	૧૭,૦૦૦	ના	,,	,,

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન સ્ટે. ૧૮૮(૨) હેઠળ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૮૭. ગુજરાત યુનિવર્સિટીના સ્ટાફ સ્પોર્ટ્સ ઍન્ડ રિક્રિયેશન કલબને વર્ષ ૧૯૮૩–૮૪ માટે રૂ. ૪૦૦૦ (અંકે રૂપિયા ચાર હજાર પૂરા)ની આર્થિક સહાય આપવા અંગે તેના પ્રમુખશ્રીએ તા. ૧૧–૭–૧૯૮૫ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ઍન્ડ રિક્રિયેશન કલબને ૧૯૮૩-૮૪ના વર્ષ માટે રૂ. ૪,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરવી.

૮૮. ૧૯૮૩–૮૪માં બી.એડ્.માં પ્રવેશ આપવાની કામગીરી બી.એડ. પ્રવેશ એકમ સંભાળતું હોવા છતાં ૧૯૮૪ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૩૯૬ શ્રી. ચેલારામ ચૌધરીને બીજા સત્રથી પ્રવેશ આપવામાં આવ્યો હોવાથી આ અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની ભલામણ અનુસાર આ વિદ્યાર્થીનો પ્રવેશ રદ જાણી પરિણામ રદ જાણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૮૩–૮૪માં બી.એડ.માં પ્રવેશ મેળવી ૧૯૮૪ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૩૯૬ શ્રી. ચેલારામ ચૌધરીના પ્રવેશ અંગેની તપાસ માટે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની ભલામણ અન્વયે સદરહુ વિદ્યાર્થીનું પરિણામ રદ કરવું.

૮૯. અનામત વિરોધી આંદોલનને કારણે ૧૯૮૫ના વર્ષની યુનિવર્સિટી પરીક્ષાઓ હજુ લઈ શકાઈ નથી તે સંજોગોમાં યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં વિદ્યાર્થી પ્રવેશ અંગેની અરજીઓ મંગાવવા વર્તમાન પત્રોમાં જાહેરખબર આપવા અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યુનિવર્સિટીની પરીક્ષાઓ લેવાયા બાદ યથાસમયે કાર્યવાહી કરવાનું રાખવું.

૯૦. ગુજરાત સરકારના માનવશક્તિ ખાતા (મેનપાવર ડિપાર્ટમેન્ટ) તરફથી મળતી આર્થિક સહાય જાન્યુઆરી ૧૯૮૪થી બંધ થતાં વિદ્યાર્થીઓ પાસેથી ફી લઈને ૧૯૮૪–૮૫ના વર્ષ માટે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો પ્રાયોગિક ધોરણે ચાલુ રાખવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તા. ૨૩–૬–૧૯૮૪થી મંજૂરી આપેલી હતી. સદરહુ યોજના પ્રમાણે સને ૧૯૮૫-૮૬ના વધુ એક વર્ષ માટે નીચેના દરથી વિદ્યાર્થી પાસેથી ફી લઈ

ચાલુ રાખવા માટે એચ. કે. સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગના માનદ કો-ઑર્ડિનેટરશ્રીના તા. ૨૩—૭—૧૯૮૫ના પત્રથી આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

ક્રમાંક	અભ્યાસક્રમનું નામ	સમય	સત્ર દીઠ ટ્યુશન ફી	રજિ. ગ્રંથાલય ફી
(૧)	સ્ટેનોગ્રાફી ઍન્ડ ટાઇપ-રાઇટિંગ (અંગ્રેજી)	૧ વર્ષ	રૂ. ૩૦૦/-	રૂ. ૨૫+૧૫
(૨)	ઇંગ્લિશ ઇમ્પ્રુવમેન્ટ	૬ માસ	રૂ. ૨૦૦/-	રૂ. ૨૫+૧૫
(૩)	મૅનેજમેન્ટ અભ્યાસક્રમો	૬ માસ	રૂ. ૨૦૦/-	રૂ. ૨૫+૧૫
	(અ) બૅંકિંગ મૅનેજમેન્ટ			
	(બ) ઑફિસ મૅનેજમેન્ટ			
	(ક) માર્કેટિંગ ઍન્ડ સેલ્સમેનશિપ.			

આથી ઠરાવવામાં આવે છે કે ગત વર્ષની માફક ૧૯૮૫—૮૬ના વર્ષ દરમિયાન ઉપરોક્ત વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો પ્રાયોગિક ધોરણે ચાલુ રાખવા અને ઉપર જણાવેલ દર પ્રમાણેની ફી વિદ્યાર્થીઓ પાસેથી લેવા માટે એચ. કે. સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગના માનદ કો-ઑર્ડિનેટરશ્રીની દરખાસ્ત મંજૂર કરવી.

૯૧. યુનિવર્સિટીના ટીચર્સ હૉસ્ટેલના ક્વાર્ટર્સ, પીએચ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થી/શિક્ષકોને ફાળવવા બાબતે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન તરફથી સુધારેલી ફેલોશિપ યોજનાના પરિપત્ર ક્રમાંક એફ.૨૧-૧/૮૪ (R.F.I.) તા. ૧૨—૧૧—૧૯૮૪ના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ નીચેની ભલામણ પર પુનર્વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઈ.સી. તા. ૧—૯—૧૯૮૪ની સભામાં (ક્રમાંક ૨૩) નીચે પ્રમાણેની સ્થાયીની ભલામણ મંજૂર થયેલી છે:

"આથી ઈ.સી.ને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ.ડી.નો અભ્યાસ કરતાં વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓને યુનિવર્સિટીના ટીચર હૉસ્ટેલ ક્વાર્ટર્સ હવે પછી ફાળવવાનું રાખવું નહિ.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી સમિતિ સમક્ષ ફેરવિચારણા માટે મૂકવાનું રાખવું.

૯૨. સાતમી યોજનામાં જે જગ્યાઓની ફાળવણી આ યુનિવર્સિટીને કરવામાં આવશે તેમાં પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે બે લેકચરરની જગ્યાઓને "First Charge" ગણવામાં આવશે તો શરતે ઊભી કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને તેમના તા. ૧૯—૬—૧૯૮૫ના પત્ર ક્રમાંક એફ. ૨૨—૨—૧૯૮૨(એસ.આર. ૧)થી આપેલ સ્વીકૃતિ અનુસાર ઉપરોક્ત જગ્યાઓ ઊભી કરવા ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(ઍકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ ઉપરોક્ત ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણનો સ્વીકાર કરવો.

૯૩. યુ.જી.સી.એ યુનિવર્સિટીમાં અનુસૂચિત જાતિઓ તથા અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ અંગે ખાસ સેલ ઊભો કરવા માટેની આર્થિક સહાય ૧૦૦ ટકાના ધોરણે તા. ૩૧–૩–૧૯૮૮ સુધીની આપવાનું મંજૂર કરેલ તે માટે અન્ય વહીવટી તેમજ તા. ૧–૪–૧૯૮૮ પછીની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકાર, યુનિવર્સિટીની થતી હોવાથી સરકારને આ અંગે જરૂરી અનુમતિ માટે વિનંતી કરવામાં આવતાં સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૦૮૩/૧૨૪૯૫/૮૫/ખ તા. ૧–૪–૧૯૮૫થી જણાવે છે કે "આ સેલ માટે યુ.જી.સી. તરફથી ૧૦૦ ટકાની આર્થિક સહાય મળે ત્યાં સુધી ચાલુ રાખવા અનુમતિ આપવામાં આવેલ છે. રાજ્ય સરકારની ઈચ્છા છે તો યુ.જી.સી.ની આર્થિક સહાય બંધ થયેથી આ યોજના બંધ કરવાની રહેશે, અને રાજ્ય સરકાર કોઈ નાણાકીય અને વહીવટી જવાબદારી સ્વીકારશે નહિ તે શરતે આ મંજૂરી આપવામાં આવે છે." આ સંજોગોમાં આવો સેલ ઊભો કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ "Special cell" ઊભો કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તારીખ ૩–૨–૧૯૮૩ના પત્રમાં નીચેની શરતો મૂકેલી છે :

1. That the scale of pay and allowances for the posts indicated above will be the same use for the corresponding posts in the University.
2. That the University will continue to implement reservation orders issued in favour of SC and ST students in the matter of admissions and appointments and will also provide incentives to those candidates which have been notified by the Commission of and on.
3. That the University will supply information as quickly as possible which the Commission may seek, pertaining to welfare of SC and ST students and other allied matters.
4. That the University will implement evaluate and monitor the programmes. relating to the candidate of SC and ST Communities.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં રાજ્ય સરકાર સમક્ષ ફરી રજૂઆત કરવાનું રાખવું.

૯૪. યુનિવર્સિટીની કેન્ટીન સમિતિના સભ્યોના સભ્યપદની મુદત તા. ૩૧–૩–૧૯૮૫ના રોજ પૂરી થઈ હોઈ તે સમિતિની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—હાલમાં નીચેના ત્રણ સભ્યો છે :

(૧) આચાર્ય બી. એમ. પીરઝાદા
(૨) શ્રી. નરહરિભાઈ એચ. અમીન
(૩) શ્રી. શરદભાઈ એમ. પટેલ]

આથી ઠરાવવામાં આવે છે કે કેન્ટીન સમિતિ પર ઉપરોક્ત સભ્યોની ચાલુ વર્ષ માટે પુનઃ નિમણૂક કરવી.

૯૫. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના રીડર ડૉ. વી. બી. ગોહિલને રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧૬૦૦ મૂલ્યાંકન ૬૦–૧૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧૬૦૦/- પછીનો પગારવધારો તા. ૨૮–૮–૧૯૮૫ થી આપવા અંગેની સમિતિની તા. ૧૩–૩–૧૯૮૫ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના રીડર ડૉ. વી. બી. ગોહિલને રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧૬૦૦–મૂલ્યાંકન–૬૦–૧૯૦૦ના પગારધોરણમાં સમિતિની ભલામણ અનુસાર રૂ. ૧૬૦૦/- પછીના પગારવધારો તા. ૨૮–૮–૧૯૮૫થી મંજૂર કરવો.

૯૬. યુનિવર્સિટીમાં ચીફ એકાઉન્ટ્સ ઑફિસર શ્રી. એમ. એસ. શાહનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૫–૯–૧૯૮૫ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૬–૯–૧૯૮૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીમાં ચીફ એકાઉન્ટ્સ ઑફિસર તરીકે કામ કરતા શ્રી. એમ. એસ. શાહને તા. ૬–૯–૧૯૮૫થી તે જગ્યા પર કાયમ કરવા.

૯૭. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. (મિસિસ) એસ. કે. મૂર્તિની સને ૧૯૮૫–૮૬ના વર્ષ "German Exchange Service (DAAD) ની ફેલોશિપ માટે પસંદગી થઈ હોઈ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧–૧૨–૧૯૮૪ની સભામાં જે બિનપગારી રજા મંજૂર કરી હતી તેના બદલે ડૉ. મૂર્તિને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પત્રાંક એફ. ૧-૧૭/૮૪ (આઈ.સી. ૨) તા. ૧૬–૫–૧૯૮૫ના પત્ર અન્વયે આ રજાઓને "On duty" ગણવા તથા આ સમયનો પૂરો પગાર (ભથ્થાં સહિત) આપવા અંગેના ડૉ. મૂર્તિના તા. ૨૮–૫–૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ૧. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૫–૧૨–૧૯૮૪ના ઠરાવ અન્વયે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

("આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિજ્ઞાનના ડૉ. (શ્રીમતી) એસ. કે. મૂર્તિની ફેલોશિપ માટેની અરજીના સંદર્ભમાં તેમને જણાવવાનું કે યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણો મુજબ તેમને સવેતન (પૂરા પગાર અને ભથ્થાં સહિત) અભ્યાસ-રજા આપવાની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી."

૨. ઉપરોક્ત સમયની તા. ૧૬–૬–૧૯૮૫ થી તા. ૩૦–૯–૧૯૮૬ સુધીની બિનગપારી રજા મંજૂર કરવામાં આવી છે અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની જાણ માટે મૂકવામાં આવી છે.

૩. ડૉ. મૂર્તિનો મૂળ માસિક પગાર રૂ. ૭૮૦/- છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. (મિસિસ) એસ. કે. મૂર્તિની તેમને સવેતન (પૂરા પગાર અને ભથ્થાં સહિત) અભ્યાસ-રજા આપવાની વિનંતી મંજૂર કરવી નહિ.

૯૮. શહેરની માર્ચ, ૧૯૮૫થી અશાંત પરિસ્થિતિના કારણે જે દિવસોએ કરફ્યુ જાહેર રહેલ તે–દિવસોએ યુનિવર્સિટીના કર્મચારીઓ આ સંચારબંધીના કારણે તેઓની ફરજ ઉપર આવી શકયા ન હતા, તો આ સંજોગોમાં આવા કર્મચારીઓની ગેરહાજરી અંગે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ શહેરમાં માર્ચ ૧૯૮૫થી ઊભી થયેલી અશાંત પરિસ્થિતિને કારણે જે દિવસોએ સંચારબંધી જાહેર કરવામાં આવેલ હોય તે દિવસોએ યુનિવર્સિટીના કર્મચારીઓ આ સંચારબંધીને કારણે તેઓની ફરજ પર આવી શકયા ન હતા તે કર્મચારીઓની રહેલી ગેરહાજરી વિશિષ્ટ સંજોગોમાં ક્ષમ્ય ગણવી.

૯૯. અમદાવાદની અશાંત પરિસ્થિતિના સંદર્ભમાં તા. ૧૯–૪–૧૯૮૫ના રોજ યુનિવર્સિટી કર્મચારીઓ તેમનાં પોતપોતાનાં નીચેનાં યુનિયનોના આદેશથી ૧૨-૩૦ કલાકે કામકાજ બંધ કર્યું હતું તે પર વિચારણા કરવા બાબત :

(૧) ગુજરાત યુનિવર્સિટી બિનશિક્ષક કર્મચારી સંઘ

(૨) ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઈઝ યુનિયન

(૩) ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોઈઝ યુનિયન

(૪) ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશન

(૫) ગુજરાત યુનિવર્સિટી વર્ગ-૩ કર્મચારી સંઘ.

અને

૧૦૦. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, ભવનો, ગ્રંથાલય, પ્રેસ વિગેરેના કેટલાક કર્મચારીઓ તારીખ ૧૮–૩–૧૯૮૫, તા. ૭–૫–૧૯૮૫, તા. ૭–૬–૧૯૮૫ તથા તા. ૧૮–૬–૧૯૮૫થી ૨૦–૬–૧૯૮૫ના રોજ આકસ્મિક રજા અને/અથવા હડતાળ પર રહી સામૂહિક ગેરહાજર રહ્યા હતા તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતોની વિચારણા એકસાથે કરવામાં આવી.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે અમદાવાદની અશાંત પરિસ્થિતિના સંદર્ભમાં તા. ૧૯–૪–૧૯૮૫ના રોજ યુનિવર્સિટી કર્મચારીઓએ તેમના પોતપોતાના યુનિયનોના આદેશથી કામકાજ બંધ કર્યું હતું તેમજ તારીખ ૧૮–૩–૧૯૮૫, તા. ૭–૫–૧૯૮૫, તા. ૭–૬–૧૯૮૫, તથા તા. ૧૮–૬–૧૯૮૫થી તા. ૨૦–૬–૧૯૮૫ના રોજ આકસ્મિક રજા અને/અથવા હડતાળ પર રહી સામૂહિક ગેરહાજર રહ્યા હતા તેમના કેસોમાં ૪ ખાસ રજાઓ (સ્પેશિયલ લીવ) અને ૨ આકસ્મિક રજાઓ અને આકસ્મિક રજા ન હોય તો અન્ય પ્રકારની રજા મળી શકે તેમ હોય તે મંજૂર કરવાનું રાખવું.

૧૦૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તેમજ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો, અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૦-૩-૧૯૮૫, તા. ૧૦-૫-૧૯૮૫, તા. ૨૮-૬-૧૯૮૫ અને તા. ૧૨-૭-૧૯૮૫ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૩-૧૯૮૫, તા. ૧૦–૫–૧૯૮૫, તા. ૨૮–૬–૧૯૮૫ અને તા. ૧૨-૭-૧૯૮૫ના રોજ મળેલી સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની કાર્યવાહીની નોંધોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૦૨. Raitan Private Limited, Bombay તરફથી સુરેન્દ્રનગર વિસ્તારની બિનક્ષારીકરણ સંશોધન યોજનાના સંદર્ભમાં રૂ. ૨૦,૦૦૦ (અંકે રૂપિયા વીસ હજાર પૂરા)ના પ્રદાન માટેની દરખાસ્ત અંગે તેઓના તારીખ ૨૪–૫–૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પ્રદાનની રકમ રૂ. ૨૦,૦૦૦ (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) યુનિવર્સિટીને મળી ગયેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૧૦૩ યુનિવર્સિટી કોર્ટે તેની તારીખ ૩૦/૩૧—૩—૧૯૮૪ના રોજ મળેલ સભામાં સુધારેલ સ્ટે. ૧૮૦-સી કુલાધિપતિશ્રીએ રીફર-બેક કરેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ સ્ટેચ્યૂટ ૧૮૦-સી અંગે સદરહુ પત્રમાં જણાવેલ મુદ્દાઓ અંગે જરૂરી સ્પષ્ટતા કરીને તે મંજૂર કરવા માટે કુલાધિપતિશ્રીને મોકલી આપવો.

૧૦૪. ગુજરાત રાજ્ય સરકારની સંશોધન શિષ્યવૃત્તિ તથા યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ એનાયત કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા નીમેલ સમિતિની તારીખ ૩૧—૭—૧૯૮૫ના રોજ મળેલ સભામાં કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૧—૭—૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૧—૭—૧૯૮૫ની સભાની કાર્યવાહીની નોંધ આ સાથે પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૧૦૫. હરિઓમ આશ્રમ પ્રેરિત નીચેની (૪)-ચાર એવોર્ડમાં હાલનો નિયમ નંબર ૧૪ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) ઍલેમ્બિક સંશોધન એવોર્ડ

(૨) શ્રી. કે. એમ. કાંટાવાલા એન્જિનિયરિંગ સંશોધન ઍવોર્ડ

(૩) શ્રી. ગોકુલદાસ બાંભડોઈ સંશોધન ઍવોર્ડ

(૪) શ્રી. જયકૃષ્ણ ઈન્દ્રજી સંશોધન ઍવોર્ડ

સુધારેલ નિયમ

Research work shall be original and not done with any other person. Research work should not have been presented to any other University / Institution for purpose of any award with a view that the same research work should not be considered again for which once the award has been granted.

આથી ઠરાવવામાં આવે છે કે હરિઓમ આશ્રમ પ્રેરિત ઉપરોક્ત ઍવોર્ડના નિયમો પૈકી નિયમ ૧૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

સુધારેલ નિયમ :

Research work shall be original and not done in collaboration with any other person. Research work should not have been presented to any other University / Institution for the purpose of any award so as to ensure that the same research work should not be considered again for which once the award has been granted.

૧૦૬. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઉપસચિવશ્રીએ તેમના તારીખ ૨૬—૭—૧૯૮૫ના પરિપત્રથી ભારતના રાજ્યબંધારણની કલમ નં. ૩૦૯ હેઠળ રાજ્ય સરકારના કર્મચારીઓની સેવાઓની શરતોની

જોગવાઈ કરવા માટે રાજ્ય સરકારને જ સત્તા છે તેમ જણાવીને નીચે મુજબ વિનંતી કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"સબબ શિક્ષણ વિભાગ હેઠળની યુનિવર્સિટીઓને વિનંતી કરવામાં આવે છે કે જ્યારે સંલગ્ન કૉલેજોના કર્મચારીઓની સેવાને લગતી બાબતો અંગે સૂચનાઓ, નિયમો, વિનિમયો કે ઠરાવો બહાર પાડે ત્યારે તેવી સૂચનાઓ, નિયમો, વિનિમયો સરકારી કૉલેજોના કર્મચારીઓને લાગુ પડશે નહિ તેવી સ્પષ્ટતા પણ કરે. આ ઉપરાંત હાલ આ અંગેના જે નિયમો-ઠરાવો, સૂચનાઓ યુનિવર્સિટીએ બહાર પાડયાં હોય તેમાં ઉપર મુજબ સુધારો કરવા વિનંતી કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૭. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં હિંદી, માનસશાસ્ત્ર, ઇતિહાસ, તથા બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૬-૮-૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ.; (સબો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, હિંદી; તથા બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૫ થી તા. ૧૪-૬-૧૯૮૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પૂરતી સુવિધાવાળા વર્ગખંડો, અધ્યાપકખંડ ઇત્યાદિની વ્યવસ્થા કરવામાં આવે તથા મકાનમાં જરૂરી સમારકામ સત્વરે કરવામાં આવે;

૨. અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા અધ્યાપકોને નિયમ પ્રમાણે કાર્યભાર સોંપવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજ પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે".

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૦૮. એસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ, નવી દિલ્હી તરફથી AIU Dimond Jubilee Celebrations તા. ૨૬–૧૧–૧૯૮૫થી તા. ૨૮–૧૧–૧૯૮૫ દરમિયાન યોજાનાર ઉજવણીના સંદર્ભમાં સ્પેશ્યલ કોન્ટ્રિબ્યુશન રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) મોકલવા અંગે AIUના પ્રમુખશ્રીના સૂચનને અનુલક્ષીને વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ, નવી દિલ્હી તરફથી AIU Diamond Jubilee celebrations ની ઉજવણીના સંદર્ભમાં રૂ. ૫,૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)ની રકમ ફાળા તરીકે મોકલી આપવાનું રાખવું.

૧૦૯. કેન્ટીન સમિતિની તારીખ ૧૦–૭–૧૯૮૫ ને બુધવારના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સમિતિની તા. ૧૦–૭–૧૯૮૫ની ભલામણ મંજૂર રાખવી.

(સદરહુ સમિતિની તા. ૧૦–૭–૧૯૮૫ની સભાની કાર્યવાહીની નકલ આ સાથે **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૧૧૦. યુનિવર્સિટીના શ્રમિક કેન્દ્રના કેટલાક કર્મચારીઓએ તેઓને કાયમ કરવાના તથા બીજી કેટલીક માગણીઓના સંદર્ભમાં ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ ઑપ્લિકેશન નં. ૫૧૨૧–૮૪ થી કરેલ પિટિશનના આવેલ ચુકાદાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) ઑર્ડિ. ૯૬ અન્વયે સંલગ્ન કૉલેજોના શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણ અંગેની માહિતી તા. ૧૬મી ઑગસ્ટ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મળે તે રીતે મોકલવાની હોય છે, પરંતુ ચાલુ શૈક્ષણિક વર્ષે અસાધારણ પરિસ્થિતિને કારણે પરીક્ષણકાર્ય, વિદ્યાર્થી–પ્રવેશ ઈત્યાદિને અનુલક્ષીને સદરહુ માહિતી મોકલવાની મુદત તા. ૩૧–૧૦–૧૯૮૫ સુધી લંબાવ્યાનું;

(૨) વરિષ્ઠ અદાલતના ચુકાદાના સંદર્ભમાં અનુસ્નાતક કક્ષાએ મેડિકલ ડિગ્રી/ડિપ્લોમા અભ્યાસમાં પ્રવેશ માટેના રેગ્યુલેશન એમ.ડી.-૧એ અને એમ.એસ.-૧એ તેમજ એમ.ડી.એસ. (ડેન્ટલ સર્જરી) ડિગ્રી અભ્યાસમાં પ્રવેશ માટેના રેગ્યુલેશન ૨૬૦-એ ને તબીબી વિદ્યાશાખા અને ડેન્ટલ એડલોક સમિતિએ સુધાર્યાનું. આ સુધારેલ નિયમો જાન્યુઆરી ૧૯૮૬થી અમલમાં આવશે.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૧૧૨. કૉલેજના જોડાણ અંગે મૂકવામાં આવેલી શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તે ચકાસી ભલામણ કરવા માટે નિયુક્ત થયેલી સમિતિની તા. ૧૬–૮–૧૯૮૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬–૮–૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬–૮–૧૯૮૫ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ણ"** તરીકે આ સાથે સામેલ છે.)

૧૧૩. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન, ૧૯૮૫થી બી.એસસી. (સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; બીએસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજીની બાબતમાં મૂકવામાં આવેલી શરતોનું કૉલેજે યથાર્થ પરિપાલન કરેલું હોઈ તેના જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવા માટે સંબંધકર્તા સ્થાયી સમિતિએ તેની તા. ૩—૮—૧૯૮૫ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત કૉલેજની કાયમી જોડાણ માટેની અરજીની બાબતમાં મૂકવામાં આવેલ શરતોનું યથાર્થ પરિપાલન થયેલ હોઈ તેના જોડાણ અંગેનું જાહેરનામું. સંબંધકર્તા સ્થાયી સમિતિની તા. ૩—૮—૧૯૮૫ની સભાની ભલામણને અનુલક્ષીને બહાર પાડવું.

૧૧૪. શ્રી. ધનસુરા પીપલ્સ કો.-ઓ. બૅંક. લિ. મહિલા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધનસુરા તરફથી જૂન ૧૯૮૬થી એફ. વાય. બી.એ. તથા એફ. વાય. બી.કૉમ.નું ચાલુ જોડાણ તથા એસ. વાય. બી.એ.(મુખ્ય)માં ગુજરાતી—અર્થશાસ્ત્ર અને એસ.વાય.,બી.એ.(ગૌણ)માં માનસશાસ્ત્ર, ઈતિહાસ તથા એસ.વાય.બી.કૉમ.(મુખ્ય)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઓડિટિંગ તથા એસ. વાય. બી.કૉમ.(ગૌણ)માં એસ.પી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી ઑ. ૧૨૦માં નિયત કરેલી સમયમર્યાદા બાદ આવેલી, પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની જોગવાઈઓ અનુસાર તે સ્વીકારવા ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૫. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીની સપ્ટેમ્બર ૧૯૮૫થી અંદાજે ૪ માસની યુનિવર્સિટી ઑફ પીટર્સબર્ગ, યુ.એસ.એ.માં full time Research in Central for Multivariate Analysisના રિસર્ચ માટેની Special Leave આપવા અંગેની ડૉ. ખત્રીની તા. ૨—૮—૧૯૮૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ૧. આ અંગે ડૉ. ખત્રીને ૧૧,૦૦૦/- ડૉલર મળશે.

૨. આ અગાઉ શ્રી. ખત્રીને આપણે અંદાજે કુલ ૮ વખત આ પ્રકારની રજા આપવામાં આવી છે, તેમાં છેલ્લે તેમને તા. ૧૫—૬—૧૯૭૯થી તા. ૩૦—૬—૧૯૭૯ સુધી રજા આપવામાં આવી હતી તેનો સમાવેશ થાય છે.

૩. ડૉ. ખત્રીનો મૂળ માસિક પગાર રૂ. ૨૫૦૦/- છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. સી. જી ખત્રીની યુનિવર્સિટી ઑફ પીટસબર્ગ, યુ.એસ.એ.માં Full time research in central for multivariate analysisના કાર્ય માટે સપ્ટેમ્બર ૧૯૮૫ની તેઓ ૪ માસ પછી તેમની ફરજ પર અચૂક હાજર થશે, અને જો હાજર નહિ થાય તો તે તેમની સેવાઓનો ભંગ (સરવિસ બ્રેક) ગણાશે અને યુનિવર્સિટીમાં સમયસર ફરજ પર હાજર ન થાય તો આમ સમયસર હાજર ન થવા યુનિવર્સિટી જે કાંઈ પેનલ્ટી કરે તે તેમને બંધનકર્તા રહેશે તે શરતે અને તે મુજબની તેમની બાંયધરી આવ્યેથી ૪ માસની સ્પેશ્યલ લીવ મંજૂર કરવી.

૧૧૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં આસિસ્ટંટ તરીકે કામ કરતા શ્રી. જે. એમ. દવેને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેઓના પ્રૉવિડંટ ફંડમાંથી મકાન મરામત કરાવવા માટે રૂ. ૧૯,૫૦૦ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ગ્રંથાલયમાં આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. જે. એમ. દવેને સ્ટે. ૧૮૮(૨) હેઠળ રૂ. ૧૯,૫૦૦ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૧૧૭. તા. ૨૨–૮–૧૯૮૫ના રોજ મળનાર ફાઈનાન્સ સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૨૨–૮–૧૯૮૫ની ભલામણો મંજૂર કરવી. (સદરહુ સમિતિની તા. ૨૨–૮–૧૯૮૫ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૧૧૮. બાંધકામ સમિતિની તા. ૨૦–૮–૧૯૮૫ની સભાની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૨૦–૮–૧૯૮૫ની ભલામણો મંજૂર કરવી. (સદરહુ સમિતિની તા. ૨૦–૮–૧૯૮૫ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૧૧૯. યુનિવર્સિટી કાર્યાલય માટે ૧૯૮૫–૮૬ના વર્ષમાં એક નવી એમ્બેસેડર મોટરકાર ખરીદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—રાજ્ય સરકારના ધોરણ મુજબ ૧૫,૦૦૦ કિ.મી. અને પાંચ વર્ષ મોટરકાર વપરાય તો નવી લેવાય. આપણી બે ગાડીઓ ખરીદ્યે ૭ વર્ષ ઉપર થયાં છે અને ૪ થી ૫ લાખ કિ.મી. ફરી છે અને સમારકામ ખર્ચ બહુ આવે છે તો નવી ગાડી નોંધાવવાની જરૂર જણાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે એક નવી એમ્બેસેડર મોટરકાર ખરીદવાનું રાખવું. વધુમાં બીજી એક નવી એમ્બેસેડર મોટરકાર ખરીદતી વખતે તે ડિઝલથી ચાલે તેવી ગાડી ખરીદવાનું રાખવું.

૧૨૦. પ્રથમ વર્ષ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં પ્રવેશ માટેના નિયમોમાં સુધારો કરવા સુપ્રિમ કોર્ટના જજમેન્ટમાં આપેલ ભલામણો અન્વયે મેડિકલ કોલેજમાં પ્રવેશની બાબત રાજ્ય સરકારના હેલ્થ ઍન્ડ મેડિકલ સરવિસીસના ડાયરેક્ટર હસ્તક હોઈ નિયમોમાં સુધારો કરવાની કાર્યવાહી રાજ્ય સરકારે કરવાની થાય છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૧. ઍસોસિયેશન ઑફ ઈન્ડિયા યુનિવર્સિટીઝ (નવી દિલ્હી)ને "AIU House" માટે સ્વૈચ્છિક મકાન ફાળો આપવા અંગે રાજ્ય સરકાર તરફથી આવેલ પત્ર નંબર ૧૩૮૩-૨૯૭૭૫(૮૫)કે.એચ. તારીખ ૬–૮–૧૯૮૫ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના ઉપરોક્ત પત્રની નોંધ લેવી.

૧૨૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. કનુભાઈ શાહના નીચેના પ્રસ્તાવ પરત્વે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી અને તેની સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને (અને શારીરિક શિક્ષણના અધ્યાપકોને) જૂના નિયમોમાં ઉપલબ્ધ થયેલા રજાના લાભો જે એક્યુમ્યુલેટ થયા હોય તો તેને કેરી ફોરવર્ડ કરી અને તેનો લાભ અધ્યાપકોને આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી અને તેની સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને આચાર્યો સહિતને (અને શારીરિક શિક્ષણના અધ્યાપકોને) જૂના નિયમોમાં થયેલ રજાના લાભો જે એકયુમ્યુલેટ થયા હોય તે તેમના કેસોમાં કેરી ફોરવર્ડ કરી અને તેનો લાભ અધ્યાપકોને (આચાર્ય સહિત) અને શારીરિક શિક્ષણના અધ્યાપકોને આપવો.

૧૨૩. "સ્વ. આર. એમ. ત્રિવેદી"ના નામનો ચંદ્રક ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની ડિગ્રીમાં ગુજરાતી મુખ્ય વિષય સાથે સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને આપવા અંગે આવેલ ન્યૂ એજ્યુકેશન ટ્રસ્ટના તા. ૧૭–૮–૧૯૮૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ : (રૂ. ૭,૧૦૦) અંકે રૂપિયા સાત હજાર પાંચસો પૂરા, યુનિવર્સિટી રસીદ નં. ઈએનડી. ૦૭૬૩ તા. ૨૦–૮–૧૯૮૫થી જમા લીધેલ છે.]

આથી ઠરાવવામાં આવ્યું છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૧૨૪. રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં બે વૉટરકુલ્ડ એરકન્ડિશનિંગ પ્લાન્ટ યુનિટ ૫ ટનના વોલ્ટાસ બનાવટનાં તથા એક નંગ ૫ ટનનું એરકુલ્ડ પૅકેજ યુનિટ ૧૯૭૫માં મૂકવામાં આવેલ. તેની આવરદાનાં દશ વર્ષ પૂરાં થઈ ગયાં હોવાથી (Cooling Efficiency) બહુ જ ઓછી આવે છે તે સંજોગોમાં નવા એરકુલ્ડ પાંચ ટનના પૅકેજ પ્લાન્ટ ખરીદવા સને ૧૯૮૫–૮૬ના વર્ષમાં અંદાજી ખર્ચ રૂ. ૨,૦૦,૦૦૦ (રૂપિયા બે લાખ પૂરા)ની જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ચાલુ વર્ષના બજેટમાં જરૂરી જોગવાઈ કરવાનું રાખવું.

૧૨૫. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફના ૭૫ ટકા ઉપરાંતના સભ્યો તરફથી લાઈફ ઈન્સ્યોરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાની "Gujarat University Employees Group Saving-Linked Insurance Scheme"માં જોડાવા સંમતિ આવ્યા બાદ કર્મચારીઓ માટેની માસ્ટર પૉલિસી મેળવવા માટે એલ.આઈ.સી.એ મુકરર કરેલ માસ્ટર દરખાસ્ત તેમ જ ઘડેલા નિયમો લાઈફ ઈન્સ્યોરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાને મોકલી આપ્યાની નોંધ લેવા બાબત.

(નોંધ.—આ યોજના હેઠળના સ્ટાફના સભ્યોની તેઓના પગારમાંથી દર મહિને પ્રિમિયમની થયેલ કપાતનો રકમ દર મહિનાની ૨૦ તારીખ સુધીમાં એલ.આઈ.સી.ને મોકલવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૬. સમાજ વિદ્યાભવનના રાજ્યશાસ્ત્ર વિભાગ મારફતે "સમર, ઈન્સ્ટિટ્યૂટ ઑન કલેક્ટિવ પોલિટિકલ વાયોલેન્સ થિયરી ઍન્ડ રિસર્ચ એપ્રોચીસ" યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તારીખ ૧૨–૮–૧૯૮૫ના પત્રાંક એફ. ૨૫–૧૪/૮૫ (આઈસી-૩)થી કુલ રૂ. ૫૬,૦૯૦ રૂપિયા (છપ્પન હજાર નેવું)ની આર્થિક સહાય મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી,

૧૨૭. યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમ સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાનમરામત/ખરીદવા માટે પ્રૉવિડંટ ફંડમાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	લોનની રકમ	અગાઉ લોન લીધી છે કે કેમ ?	કારણ
(૧)	શ્રી. પી. એમ. ત્રિવેદી	૧૦,૦૦૦	હાજી	મકાનમરામત
(૨)	શ્રી. બી. બી. મકવાણા (પ્લમ્બર)	૧૬,૦૦૦	,,	,,
(૩)	શ્રી. કે. પી. સોલંકી (સફાઈ કામદાર)	૧૩,૫૦૦	,,	,,
(૪)	શ્રી. અરવિંદ બી. દવે (જુ. સુપ્રિ.)	૪૧,૫૦૦	,,	,,
(૫)	શ્રી. કે. એ. શાહ	૪૪,૦૦૦	નાજી	,,
(૬)	શ્રી. કે. ડી. વાઘેલા	૧૪,૦૦૦	હાજી	,,

(**નોંધ.**—ઉપરોક્ત લોનમાંથી જે તે કર્મચારીની નીકળતી પ્રૉવિડંટ ફંડ તથા બિલ્ડિંગ લોનની જે રકમ તથા તે પર નીકળતું વ્યાજ કાપી લેવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારીઓને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રૉવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૨૨. સંલગ્ન કૉલેજોના કર્મચારીઓના પ્રોવિડંટ ફંડના નિયમોમાં નિયમ--૧૩ 'એ'થી ઍડવાન્સ તરીકે રકમ મેળવવાની જોગવાઈ છે. પરંતુ અંશત: રકમના આખરી ઉપાડ (patial final with drawal)ની જોગવાઈ નથી. આવી જોગવાઈ કરવા અંગે પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજના આચાર્યના તા. ૨૮—૨—૮૫૧૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

૬૨. સંલગ્ન કૉલેજો (માન્ય સંસ્થાઓના શિક્ષકો અને બિનશિક્ષક કર્મચારીઓની સેવાની શરતો, ઈત્યાદિ અંગેના પ્રશ્નો અંગેની સમિતિની તા. ૮—૫—૧૯૮૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૧૨૮. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો અને બિનશિક્ષક કર્મચારીઓની સેવાની શરતો, ઈત્યાદિ અંગેના જે પ્રશ્નો ઊભા થાય તે પરત્વે ચર્ચાવિચારણા કરી ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯—૧—૧૯૮૩ તથા તા. ૧૨—૧—૧૯૮૪ની સભામાં આપેલ સત્તાની રૂએ કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૭—૮—૧૯૮૫, તા. ૧૪—૮—૧૯૮૫ તથા તા. ૨૨—૮—૧૯૮૫ના રોજની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતોની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૭-૮-૧૯૮૫ અને તા. ૧૪-૮-૧૯૮૫ની તથા તા. ૨૨—૮—૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર રાખવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૭/૧૪/૨૨—૮—૧૯૮૫ની કાર્યવાહીની નોંધોની નકલ **પરિશિષ્ટ "દ"** તરીકે આ સાથે સામેલ છે.)

૧૨૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની એડલ્ટ ઍન્ડ કન્ટિન્યુઈંગ એજ્યુકેશન પ્રોગ્રામ યોજના હેઠળ મંજૂર થયેલી એકાઉન્ટન્ટની જગ્યા માટે તા. ૨૪—૬—૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી, ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. (ઍકે. કાઉ. બાબત ક્રમાંક ૪) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૨૪—૬—૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ એકાઉન્ટન્ટની જગ્યા પર નીચેના ઉમેદવારો પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શ્રી. યુ. જે. ત્રિવેદી
૨. શ્રી. એ. સી. ત્રિવેદી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના હેઠળ મંજૂર થયેલી એકાઉન્ટન્ટની જગ્યા અંગે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ શ્રી. યુ. જે. ત્રિવેદીની નિમણૂક એક વર્ષના અજમાયશી ધોરણે કરવી અને તેઓના મૂળ માસિક પગાર અંગે નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૨૪—૬—૧૯૮૫ની સભાની ભલામણ આ સાથે પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૧૩૦. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૭—૪—૧૯૮૫ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત. (ઍકે.કાઉ.બા.ક. ૫):

"આથી ઠરાવવામાં આવે છે કે જાહેરાત આપવા છતાં જો આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા પ્રાપ્ત ન થઈ શકે તો વાણિજ્યના વ્યાખ્યાતા-આંકડાશાસ્ત્ર મુખ્ય વિષય સાથે એમ.કૉમ. થયેલ હોય તો તેમને વાણિજ્યના કાર્યભાર આપવા ઉપરાંત કાર્યભાર આપી શકાતો હોય તો બિઝનેસ સ્ટેટિસ્ટિક્સ (ફરજિયાત) (તૃતીય વર્ષ બી.કૉમ.)ના તાસ આપી શકાય. આ પ્રકારે કાર્યભારની સોંપણી માટે જે તે કૉલેજે યુનિવર્સિટીની પરવાનગી મેળવવાની રહેશે અને આ પ્રકારની વ્યવસ્થા મહત્તમ ચાર તાસ માટે જ ગોઠવી શકાશે.

હાલમાં કામ કરતા આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાઓને આ કારણે વિપરીત અસર થવી જોઈએ નહીં."
આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૩૧. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૯—૩—૧૯૮૫ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત. (એ.કા. બા. ક. ૭) :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.કૉમ. (એક્સ્ટર્નલ) ઑર્ડિ. ૨માં નોટ વિથ સ્ટૅન્ડિંગથી શરૂ થતી જોગવાઈમાં "એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઑફ" શબ્દો કાઢી નાખીને ઑર્ડિનાન્સની સદરહુ જોગવાઈ નીચે મુજબ સુધારવા ભલામણ કરવી :

"Notwithstanding anything contained above, the candidates who have offered any one of the subjects, viz. Advanced Economics or Business Manage-

ment or Banking or Economics of Cotton or Economics of Transport or Cooperation at the B.Com. Degree examination as optional subjects shall select any two of the following papers :

1. Industry Paper I (Industry and Labour)
2. Modern Finance : Paper I (Banking)
3. Agriculture (Economics of Agriculture)
4. Modern Business : Paper I (Advanced Business Economics carrying 100 marks and of 3 our's duration each."

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૩૨. યુનિવર્સિટીમાં એડલ્ટ એજ્યુકેશન વિભાગમાં આસિસ્ટંટ ડાયરેક્ટર તથા પ્રોજેક્ટ ઑફિસરની બે જગ્યાઓ હંગામી ધોરણે ભરવા માટે તા. ૧૦–૬–૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણો પર વિચારણા કરી ઑકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. (ઑકે. કાઉ. બા. ક્ર. ૧૨) :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૦–૬–૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ આસિસ્ટન્ટ ડાયરેક્ટરની જગ્યા માટે ફરીથી જાહેરાત આપવા અને પ્રોજેક્ટ ઑફિસરની એક જગ્યા પર કુ. સંધ્યા બી. ઠક્કરની નિમણૂક કરવા માટે તથા બીજી જગ્યા માટે ફરીથી જાહેરાત આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઑકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ એડલ્ટ એજ્યુકેશન વિભાગમાં આસિસ્ટંન્ટ ડાયરેક્ટરની જગ્યા માટે ફરીથી જાહેરાત આપવી અને પ્રોજેક્ટ ઑફિસરની જગ્યા પર કુ. સંધ્યા બી. ઠક્કરની રૂ. ૭૦૦–૪૦–૯૮૦–ઈબી–૪૦–૧૧૦૦–૫૦–૧૨૦૦–ઈબી–૫૦–૧૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી હંગામી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૦–૬–૧૯૮૫ની સભાની ભલામણનો નકલ પરિશિષ્ટ "ન" તરીકે આ સાથે સામેલ છે).

૧૩૩. તબીબી વિદ્યાશાખાની તા. ૧૦–૭–૧૯૮૫ની સભાની ભલામણ ઑકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં શાબ્દિક ફેરફાર સાથે મંજૂર કરી લોઈ નીચે મુજબ સુધારેલી ઑકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત. (ઑ. કા. બા. ક્ર. ૧૪) :

"એમ.ડી.–એમ.એસ. ડિગ્રી અને મેડિકલ ડિપ્લોમામાં રજિસ્ટ્રેશન લીધું હોય તેવા ઉમેદવારોને હોસ્પિટલ કે મેડિકલ કૉલેજમાં હાઉસમેનશિપ જેવી સમકક્ષ જગ્યાઓ ઉપર સેવાઓ આપેલ હોય તો તેવા ઉમેદવારોને મેડિકલ કાઉન્સિલની ભલામણ અનુસાર સત્રમુક્તિ આપવી અને તે માટે સંબંધકર્તા નિયમમાં નીચે મુજબ જોગવાઈ કરવી :

"Candidate who are admitted to the post-graduate courses and who have done Housemanship or equivalent training at P.–G. level in a teaching

institution recognised by Medical Council of India in the same or allied subject will be entitled to an exemption upto maximum period of one year in the duration of training for the Post-graduate Course."

આથી ઠરાવવામાં આવે છે કે ઑકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૩૪. સને ૧૯૮૩—૮૪ના વર્ષના ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક તપાસ સમિતિના હેવાલ પરત્વે ઑકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં લીધેલ નોંધના સંદર્ભમાં વિચારણા કરવા બાબત. (ઑ.કા. બા. ક. ૧૦) :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૫. મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૫થી વૈદિક સાયન્સીઝ અને વૈદિક ફિલોસોફીના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે કાયમી માન્યતા માટેની અરજી પર તા. ૨૩—૮—૧૯૮૫ના રોજ મળેલા ઑકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઑ. કા. બા. ક. ૧૦) :

ઑકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી, અમદાવાદને નીચે જણાવેલ શરતોએ 'વૈદિક સાયન્સીસ' અને 'વૈદિક ફિલોસોફી'ના વિષયોમાં પીએચ.ડી. માટે સંશોધન કાર્ય કરવા માટે તા. ૧૧—૬—૧૯૮૫થી કાયમી માન્યતા આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી:"

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઑકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૩૬. તોલાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્મસી, આદિપુર તરફથી જૂન, ૧૯૮૫થી પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી પરત્વે તા. ૨૩—૮—૧૯૮૫ના રોજ મળેલી ઑકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઑ. કા. બા. ક. ૧૫) :

ઑકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્મસી, આદિપુર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તારીખ

તા. ૯—૧૯૮૫ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧—૬—૧૯૮૫થી તા. ૧૪—૬—૧૯૮૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે: ફાર્મસીની નિમણૂક માટે બે, બાકી રહેલા વ્યાખ્યાતાની નિમણૂક માટે

(નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજ પોતાના ભંડોળમાંથી કુલ રૂ. ૯૯ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદ કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાંઓછા રૂ. ૪,૦૦૦ના આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે કૉલેજના મકાનની તથા પ્રયોગશાળાઓની જોગવાઈ કરવામાં આવે;

૫. પુસ્તકો માટે રૂ. ૭,૦૦૦ના અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. જરૂરી સામયિકો મંગાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભત્તું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભત્તું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે. તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૩૭. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી જૂન, ૧૯૮૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી પરત્વે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ. કા. બા. ક. ૧૬) :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૯—૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૫થી તા. ૧૪—૬—૧૯૮૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નવી મેથડ્સ માંગવામાં આવે તો તે માટે જરૂરી શિક્ષકની નિમણૂક કરવામાં આવે અને નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી લઈ યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણેની પૂરતી જોગવાઈ ધરાવતું મકાન ઉપલબ્ધ કરવામાં આવે અને આવશ્યક ફર્નિચરથી સુસજ્જ કરવામાં આવે;
૩. મકાનની ક્ષમતા અંગે એન્જિનિયરિંગનું પ્રમાણપત્ર મેળવી મોકલવામાં આવે;
૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. રમતગમતનાં સાધનો વસાવવામાં આવે;
૭. પૂરતાં સંદર્ભ પુસ્તકો વસાવવામાં આવે;
૮. પાણીનું જોડાણ તાત્કાલિક મેળવવામાં આવે;
૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડું ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષક વર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૩૮. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૫થી ઑડિયોલોજી ઍન્ડ સ્પીચ પેથોલોજી (બી.એસસી.) (એએસટી)ના અભ્યાસક્રમો શીખવવા માટે યુનિવર્સિટી ધારાની કલમ ૩૫-એ અન્વયે આવેલી માન્યતા માટેની અરજી પરત્વે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩—૮—૧૯૮૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ. કા. બા. ક્ર. ૨૦) :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તારીખ ૩૦—૮—૧૯૮૫ સુધીમાં કરે તો તેને ઑડિયોલોજી ઍન્ડ સ્પીચ પેથોલોજી (બી.એસસી.) (એએસટી.)ના વિષયમાં શિક્ષણ અને સંશોધન માટે તા. ૧૫—૬—૧૯૮૫થી તા. ૧૪—૬—૧૯૮૬ સુધીની માન્યતા આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અધ્યક્ષશ્રી
   (૨) એક રીડર
   (૩) બે વ્યાખ્યાતા
   (૪) આવશ્યક સંખ્યામાં રિસર્ચ ફેલોઝ

૨. ગ્રંથાલય, સેમિનારનું વર્ગખંડ, ઑડિયોવિઝ્યુઅલ હૉલ વગેરે જરૂરી સુવિધાઓ સાથેનાં મકાનોની વ્યવસ્થા કરવામાં આવે;

૩. ઑર્ડિ. ૧૨૦-સીની નીચે મુજબની કંડિકા ૩ અનુસાર ગ્રંથાલય સુસજ્જ કરવામાં આવે;
આ. ૧૨૦-સી(૩) :

That it has a well-equipped library with an adequate number of books, periodicals, old numbers of periodicals manuscripts, if necessary, etc. in the subject.

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, પ્રૉવિડંટ ફંડ તેમજ ગ્રેચ્યુઇટી ફંડના લાભો આપવામાં આવે.

૫. અનુસ્નાતક કક્ષાનો આ સંસ્થા માટે બંધારણમાં સુયોગ્ય જોગવાઈ કરવામાં આવે અને

૬. ગ્રંથાલયમાં પુસ્તકો માટે રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૩૯. શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૫થી બી.એસસી. (સ્પે.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી પરત્વે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍ.કા.ભા.ક. ૨૧) :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૯—૧૯૮૫ સુધીમાં કરે તો તેનાં બી.એસસી. (સ્પે.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૫થી તા. ૧૪—૬—૧૯૮૭ સુધીનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે અને નિમણૂક કરતાં પહેલાં રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા પ્રાણીવિજ્ઞાનને લગતાં ઓછામાં ઓછાં ૨ સામયિકો મંગાવવામાં આવે;

૫. Muscle–Twitch and Sphegno memometer વિગેરે સાધનોના સંપાદન માટે રૂ. ૫,૦૦૦ની જોગવાઈ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, માંદગીરજા, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડાભત્તું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૪૦. મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન વૉકેશનલ ગાઇડન્સની જગ્યા માટે તા. ૭—૮—૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૭—૮—૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન વૉકેશનલ ગાઇડન્સની જગ્યા પર ડૉ. સી. બી. પટેલની નિમણૂક કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન વૉકેશનલ ગાઇડન્સની જગ્યા પર ડૉ. સી. બી. પટેલની નિમણૂક રૂ. ૧૨૦૦—૫૦—૧૩૦૦—૬૦—૧૬૦૦—એસેસમેન્ટ—૬૦—૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૨૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૨૪—૮—૧૯૮૫ની સભાની ભલામણનો નકલ પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૧૪૧. મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન ફિલોસોફીની બે જગ્યાઓ માટે તા. ૧૭—૮—૧૯૮૫ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૭—૮—૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન ફિલોસોફીની એક જગ્યા પર ડૉ. જે. જે. શુકલની નિમણૂક કરવા તથા બીજી જગ્યા માટે ફરીથી જાહેરાત આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન ફિલોસોફીની એક જગ્યા પર ડૉક્ટર જે. જે. શુકલની નિમણૂક રૂ. ૧૨૦૦—૫૦—૧૩૦૦—૬૦—૧૬૦૦—એસેસમેન્ટ—૬૦—૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૩૬૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી તથા બીજી જગ્યા માટે ફરીથી જાહેરાત આપવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૪—૮—૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૪૨. મનોવિજ્ઞાન ભવનમાં પ્રોફેસર ઑફ એજ્યુકેશનની જગ્યા માટે તા. ૭--૮--૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઑકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩--૮--૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૭--૮--૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ મનોવિજ્ઞાન ભવનમાં પ્રોફેસર ઑફ એજ્યુકેશનની જગ્યા માટે ફરીથી જાહેરાત આપવા અને યથાસમયે બીજા પાત્ર ઉમેદવારોની સાથે ડૉ. જે. એચ. શાહને મુલાકાત માટે બોલાવવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઑકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ મનોવિજ્ઞાન ભવનમાં પ્રોફેસર ઑફ એજ્યુકેશનની જગ્યા માટે ફરીથી જાહેરાત આપવાનું રાખવું અને યથાસમયે બીજા પાત્ર ઉમેદવારોની સાથે ડૉ. એચ. જે. શાહને મુલાકાત માટે બોલાવવાનું રાખવું.

(સદરહુ વરણી સમિતિની તા. ૭-૮-૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "બ" તરીકે આ સાથે સામેલ છે.)

૧૪૩. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન હિંદીની જગ્યા માટે તા. ૧૧--૮--૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઑકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩--૮--૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૧--૮--૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન હિંદીની જગ્યા પર ડૉ. રઘુવીર ડી. ચૌધરીની નિમણૂક કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઑકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન હિંદીની જગ્યા પર ડૉ. રઘુવીર ડી. ચૌધરીની નિમણૂક રૂ. ૧૨૦૦--૧૦--૧૩૦૦--૬૦--૧૬૦૦--એસેસમેન્ટ--૬૦--૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૩૬૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૨૩-૮-૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૧૪૪. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન પર્શિયનની જગ્યા માટે તા. ૧૬--૮--૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઑકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩--૮--૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૬--૮--૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન પર્શિયનની જગ્યા પર ડૉ. બી. એ. નિરમીઝીની નિમણૂક કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઑકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન પર્શિયનની જગ્યા પર ડૉ. બી. એ.

નિરમોઝીની નિમણૂક રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧૬૦૦–એસેસમેન્ટ–૬૦–૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૩૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૬–૮–૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "મ" તરીકે આ સાથે સામેલ છે.)

૧૪૫. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન પ્રાકૃતની જગ્યા માટે તા. ૧૬–૮–૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૬–૮–૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન પ્રાકૃતની જગ્યા પર ડૉ. કે. આર. ચંદ્રાની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન પ્રાકૃતની જગ્યા પર ડૉ. કે. આર. ચંદ્રાની નિમણૂક રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧૬૦૦–એસેસમેન્ટ–૬૦–૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૧૯૬૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૬–૮–૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ય" તરીકે આ સાથે સામેલ છે.)

૧૪૬. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન લિંગ્વિસ્ટિક્સની જગ્યા માટે તા. ૧૬–૮–૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૬–૮–૧૯૮૫ની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન લિંગ્વિસ્ટિક્સની જગ્યા પર ડૉ. એ. વી. ભંડારીની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન લિંગ્વિસ્ટિક્સની જગ્યા પર ડૉક્ટર એ. વી. ભંડારીની નિમણૂક રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧૬૦૦–એસેસમેન્ટ–૬૦–૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૨૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૬–૮–૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ર" તરીકે આ સાથે સામેલ છે.)

૧૪૭. સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન હિસ્ટ્રીની જગ્યા માટે તા. ૧૧–૮–૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૧–૮–૧૯૮૫ની ભલામણ સ્વીકારવા અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન હિસ્ટ્રીની જગ્યા પર શ્રી. એમ. આર. પટેલની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન હિસ્ટ્રીની જગ્યા પર શ્રી. એમ. આર. પટેલની નિમણૂક રૂ. ૧૨૦૦—૫૦—૧૩૦૦—૬૦—૧૬૦૦—એસેસમેન્ટ—૬૦—૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૩૬૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૧—૮—૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "લ" તરીકે આ સાથે સામેલ છે.)

૧૪૮. સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન સોશ્યોલોજીની જગ્યા માટે તા. ૧૦—૮—૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૦—૮—૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન સોશ્યોલોજીની જગ્યા પર શ્રી. ડી. બી. દેસાઈની નિમણૂક કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સમાજ વિદ્યાભવનમાં રીડર ઇન સોશ્યોલોજીની જગ્યા પર શ્રી. ડી. બી. દેસાઈની નિમણૂક રૂ. ૧૨૦૦—૫૦—૧૩૦૦—૬૦—૧૬૦૦—એસેસમેન્ટ—૬૦—૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૩૬૦/-થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૦—૮—૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "વ" તરીકે આ સાથે સામેલ છે.)

૧૪૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન ફિઝિક્સની જગ્યા માટે તા. ૧૦—૮—૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૧૦—૮—૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન ફિઝિક્સની જગ્યાઓ પર નીચેના ઉમેદવારોની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડૉ. રવિપ્રકાશ સિંહા

૨. ડૉ. અમરદત્ત વ્યાસ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન ફિઝિક્સની બે જગ્યાઓ પર ડૉક્ટર રવિપ્રકાશ સિંહા અને ડૉ. એ. ડી. વ્યાસની ક્રમાનુવર્તી નિમણૂક રૂ. ૧૨૦૦—૫૦—૧૩૦૦—૬૦—૧૬૦૦—એસેસમેન્ટ—૬૦—૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૨૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૦—૮—૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "શ" તરીકે આ સાથે સામેલ છે.)"

૧૫૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન લાઇફ સાયન્સની જગ્યા માટે તા. ૯–૮–૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૯–૮–૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન લાઇફ સાયન્સની જગ્યા પર ડૉ. સી. બી. શાહની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન લાઇફ સાયન્સની જગ્યા પર ડૉ. સી. બી. શાહની નિમણૂક રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧૬૦૦–એસેસમેન્ટ–૬૦–૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૨૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૯–૮–૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ષ" તરીકે આ સાથે સામેલ છે.)

૧૫૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ ઝૂલોજીની જગ્યા માટે તા. ૯–૮–૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૯–૮–૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ ઝૂલોજીની જગ્યા પર ડૉ. (મિસ) એન. જે. ચિનોયની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ ઝૂલોજીની જગ્યા પર ડૉ. (મિસ) એન. જે. ચિનોયની નિમણૂક રૂ. ૧૫૦૦–૬૦–૧૮૦૦–૧૦૦–૨૦૦૦–૧૨૫/૨–૨૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૫૬૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૯–૮–૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "સ" તરીકે આ સાથે સામેલ છે.)

૧૫૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ મૅથેમેટિક્સની જગ્યા માટે તા. ૮–૮–૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૮–૮–૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ મૅથેમેટિક્સની જગ્યા પર નીચેના ઉમેદવારો પૈકી ક્રમાનુવર્તી એકની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડૉ. એ. એમ. વૈદ્ય
૨. ડૉ. આઈ. એચ. શેઠ અને
૩. ડૉ. એલ. કે. પટેલ બેઉ સમાન કક્ષાએ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ મેથેમેટિક્સની જગ્યા પર ડૉ. એ. એમ. વૈદ્યની નિમણૂક રૂ. ૧૫૦૦–૬૦–૧૮૦૦–૧૦૦–૨૦૦૦–૧૨૫/૨–૨૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૯૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૮–૮–૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "હ" તરીકે આ સાથે સામેલ છે.)

૧૫૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ બોટનીની જગ્યા માટે તા. ૮–૮–૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૮–૮–૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનના પ્રોફેસર ઑફ બોટનીની જગ્યા પર ડૉ. એ. બી. વોરાની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ બોટનીની જગ્યા પર ડૉ. એ. બી. વોરાની નિમણૂક રૂ. ૧૫૦૦–૬૦–૧૮૦૦–૧૦૦–૨૦૦૦–૧૨૫/૨–૨૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૮૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૮–૮–૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ળ" તરીકે આ સાથે સામેલ છે.)

૧૫૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ જ્યોગ્રોફીની જગ્યા માટે તા. ૭–૮–૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૭–૮–૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ જ્યોગ્રોફીની જગ્યાને રીડરની જગ્યામાં ફેરવવા અને રીડરની તે જગ્યા પર નીચેના ઉમેદવારો પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શ્રી. એ. ટી. દેસાઈ

૨. ડૉ. (શ્રીમતી) અંજના પી. દેસાઈ."

સદરહુ બાબતની વિચારણા કરતાં પહેલાં કુલપતિશ્રીએ આ અંગે ગુજરાતની વડી અદાલત તરફથી નિમણૂક કરવા સામે મળેલા મનાઈહુકમ પ્રત્યે સભાગૃહનું ધ્યાન ખેંચ્યું.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫૫. વાણિજ્ય વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ કૉમર્સની જગ્યા માટે તા. ૯–૮–૧૯૮૫ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૮–૧૯૮૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની તા. ૯–૮–૧૯૮૫ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વાણિજ્ય વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ કૉમર્સની જગ્યા માટે ફરીથી જાહેરાત આપવા અને યથાસમયે ડૉ. બી. એચ. દેસાઈ અને ડૉ. એન. દાસગુપ્તાને મુલાકાત માટે બોલાવવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વાણિજ્ય વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ કૉમર્સની જગ્યા માટે ફરીથી જાહેરાત આપવાનું રાખવું અને યથાસમયે બીજા પાત્ર ઉમેદવારોની સાથે ડૉ. બી. એચ. દેસાઈ અને ડૉ. એન. દાસગુપ્તાને પણ મુલાકાત માટે બોલાવવાનું રાખવું.

(સદરહુ વરણી સમિતિની તા. ૯–૮–૧૯૮૫ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ક્ષ" તરીકે આ સાથે સામેલ છે.)

૧૫૬. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મેરિટ પ્રમોશનની યોજના હેઠળ ભૂગોળ વિષયમાં રીડરની જગ્યા માટેની વરણી સમિતિની તા. ૩૦–૬–૧૯૮૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૂગોળ વિષયના રીડરની જગ્યા પર ડૉ. (શ્રીમતી) અંજના પી. દેસાઈને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મેરિટ પ્રમોશન યોજના હેઠળ બઢતી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

સદરહુ બાબતની વિચારણા કરતાં પહેલાં કુલપતિશ્રીએ આ અંગે ડૉ. કે. એમ. કુલકર્ણીના તારીખ ૨૪–૮–૧૯૮૫ના પત્ર પ્રત્યે સભાનું ધ્યાન દોર્યું.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવી :

૧૫૭. તા. ૧–૧૨–૧૯૮૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણ અનુસાર પ્રો. બી. એન. પટેલ અને પ્રો. એમ. આર. રાઠોડને બે વર્ષ માટે અમાન્ય કરવાનું ઠરાવ્યું હોવાથી તેઓએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ-અરજી કરી હતી અને કોર્ટમાં જણાવ્યા પ્રમાણે બંને શિક્ષકો તરફથી આવેલ રજૂઆત અંગે ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી બી. એન. પટેલ અને એમ. આર. રાઠોડને બે વર્ષ માટે શિક્ષક તરીકે અમાન્ય કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર રાખવી.

૧૫૮. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્રવેશ અંગેના ટેસ્ટ પરીક્ષાના પરિણામના સંદર્ભમાં ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ અંગે ઑડિટિંગ ડાયરેક્ટર શ્રી જી. પી. કેશવ અને શ્રી ધવલ મહેતાને સસ્પેન્ડ કરવા માટે કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.

આ બાબતમાં કુલપતિશ્રીએ સભાગૃહને તેઓશ્રીએ જે સંજોગોમાં ઉપરોક્ત સ્કૂલના ઑડિટિંગ ડાયરેક્ટર પ્રો. જી. પી. કેશવ અને ડો. ધવલ મહેતાને સસ્પેન્ડ કરી સમગ્ર પરિસ્થિતિ અંગે તેમજ સ્કૂલના વહીવટ અંગે તપાસ કરવા માન. શ્રી મિયાંભાઈને નિયુક્ત કરવા અંગેની માહિતી આપી હતી તેમજ આ અંગે કોર્ટમાં પણ જે કાર્યવાહી થઈ હતી તેનો ખ્યાલ આપ્યો હતો. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(નોંધ : માનનીય શ્રી મિયાંભાઈએ આ બાબત પરની ચર્ચાવિચારણામાં પોતે ભાગ લેવા ઇચ્છતા નથી તેમ જણાવીને ચર્ચા વિચારણામાં ભાગ લીધો ન હતો.)

૧૫૯. ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, નડિયાદ તરફથી જૂન ૧૯૮૬ થી નવી તબીબી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી સમયમર્યાદા બહાર આવી છે, છતાં કુલપતિશ્રીએ તે પર વિચારણા કરવાસ ભાગૃહને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવમાં આવે છે કે ઉપરોક્ત અરજી સ્વીકારવી અને તે માટે યોગ્ય કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬૦. ઍસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ, નવી દિલ્હી તરફથી યોજાનાર યુવક મહોત્સવમાં ગુજરાત યુનિવર્સિટીને ભાગ લેવા મળેલ આમંત્રણ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત યુવક મહોત્સવમાં યુનિવર્સિટીએ ભાગ લેવાનું રાખવું અને તે માટે જરૂરી નિર્ણય લેવા તથા જરૂરી ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ

નં. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ/૧૧૬૯૮૭/૧૯૮૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.
તા. ૩–૧૦–૧૯૮૫

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૧૩

કર્મચારીગણના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા શુક્રવાર, તા. ૧૦—૧—૧૯૮૫ના રોજ બપોરે ૨—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં નીચે મુજબ હાજરી હતી :

(૧)	પ્રો. કે. એસ. શાસ્ત્રી (કુલપતિશ્રી)	હાજર
(૨)	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
(૩)	આચાર્યશ્રી બી. એમ. પીરઝાદા	હાજર
(૪)	શ્રી. કનુભાઈ એ. શાહ	હાજર
(૫)	પ્રો. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
(૬)	શ્રી. એ. આર. શાહ	હાજર
(૭)	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર

૧. તા. ૨૯—૧—૧૯૮૫ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૨૯—૧—૧૯૮૫ની સમિતિની સભાની નોંધ મંજૂર કરી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સ્ટાફ ક્વાર્ટર્સના સર્વિસ ચાર્જીસ સુધારવા અંગે એસ્ટેટ વિભાગના ૨૧—૬—૧૯૮૪ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે આ સમિતિની તા. ૨૯—૧—૧૯૮૫ની સભામાં ઠરાવ્યા પ્રમાણે બાકીના કર-વધારા અંગેની વિચારણા હવે પછીની સભામાં કરવાનું રાખેલ છે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના આવાસોમાં રહેતા કર્મચારીઓ પાસેથી લેવાતા સર્વિસ ચાર્જીસમાં સફાઈકામદાર અને ચોકીદારની સેવાઓને આવરી લેવા માટે હાલના સર્વિસ ચાર્જીસના દર સફાઈકામદારના માસિક રૂ. ૪—૫૦ અને ચોકીદાર માટેના રૂ. ૧—૫૦ની રકમની જે ફાળવણી છે તે યથાવત્ રાખવી, તેમજ શિક્ષણ ઉપકરના દર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તરફથી જે ધોરણે લેવામાં આવે છે તે જ ધોરણે તા. ૧—૪—૧૯૮૪થી અને ભવિષ્ય માટે પણ તે ધોરણે વસૂલ લેવાનું રાખવું. વધુમાં ભલામણ કરવામાં આવે છે કે ભવિષ્યમાં શિક્ષણ ઉપકરમાં જે ફેરફાર થાય તે મુજબ વહીવટી રાહે તે પ્રમાણે સુધારેલ દરે આ શિક્ષણ ઉપકરની વસૂલાત કરવાનું રાખવું.

૩. યુનિવર્સિટી પ્રેસમાં ઓવરશિયરની જગ્યા માટે વરણી સમિતિએ તા. ૨૦—૬—૧૯૮૪ની સભામાં લાયકાતનાં ધોરણો સૂચવ્યાં છે તે અંગે પ્રેસ-મેનેજરના તા. ૧૬—૭—૧૯૮૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પ્રેસની વરણી સમિતિને સમગ્ર રીતે વિચારણા કરી તેનો સવિસ્તર સુચિંતિત અહેવાલ રજૂ કરવા જણાવવું.

૪. પ્રકાશનના કામને પહોંચી વળવા એક પ્રકાશન વેચાણ અધિકારી તેમજ એક જુનિયર કલાર્ક અને પુસ્તક વેચાણ વિભાગમાં એક કલાર્ક અને એક પૅકર-કમ-પટાવાળાની કાયમી ધોરણે નવી જગ્યાઓ સ્થાપવા અંગે પ્રકાશન અધિકારીની તા. ૧—૧૦—૧૯૮૪ની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૫. કૉમ્પ્યુટર સેન્ટરના નવા શરૂ થયેલા ત્રણ કોર્સ માટે એક સ્ટેનોગ્રાફરની કાયમી જગ્યા સ્થાપવા માટે માનદ્ કો-ઑર્ડિનેટરના તા. ૨૭—૧—૧૯૮૪ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં પઆવે છે કે કૉમ્પ્યુટર સેન્ટરના નવા શરૂ થયેલા ત્રણ કોર્સ માટે એક સ્ટેનો-ટાઇપિસ્ટની જગ્યા મંજૂર કરવા માટે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

૬. ઍકેડેમિક વિભાગમાં કાર્યકારી સેકશન ઑફિસર તરીકે કામ કરતા શ્રી. એસ. ડી. ભટ્ટની તારીખ ૨૦—૫—૧૯૬૨ થી તા. ૩૦—૬—૧૯૬૨ સુધીની બિનપગારી રજાઓને સમય-ઇજાફા માટે ગણવાની તેઓની તા. ૧૨—૪—૧૯૮૩ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. ભટ્ટની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૭. યુનિવર્સિટી કાર્યાલયમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની બઢતી અંગેની ચેનલમાં ક્રમાંક ૭ "મદદનીશ હિસાબનીશ" અને ક્રમાંક ૮ "કેશિયર"ની ચેનલમાં જરૂરી સુધારો કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની બઢતી ચેનલના અનુક્રમ ૭ અને ૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારો કરવો :

જે જગ્યા ઉપર બઢતી આપવાની હોય તે જગ્યાનું નામ	જે જગ્યાઓમાંથી બઢતી આપવાની હોય તેનાં નામ
ક્રમાંક ૭ : કેશિયર કમ-સેકશન-ઑફિસર	૧. મદદનીશ હિસાબનીશ ૨. એકાઉન્ટ્સ કલાર્ક (આ જગ્યા ઊભી થાય ત્યારે)
ક્રમાંક ૮ મદદનીશ હિસાબનીશ	૧. મદદનીશ કેશિયર, ૨. એકાઉન્ટ્સ કલાર્ક (આ જગ્યા ઊભી થાય તો).

૮. એસ્ટેટ વિભાગ તરફથી યુનિવર્સિટી ક્વાર્ટર્સની ફાળવણી અંગેના તૈયાર કરેલા નિયમો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૯. યુનિવર્સિટી ગ્રંથાલય સંચાલિત વાચનકેન્દ્રના ખંડ સમયના સફાઈ કામદારના અપાતા ઉચ્ચક વેતનમાં વધારો કરવા અંગેના કાર્યકારી ગ્રંથપાલશ્રીના તા. ૬—૨—૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ ખંડ સમયના સફાઈ કામદારને બે કલાકની કામગીરી માટે રૂ. ૬૦નું ઉચ્ચક વેતન આપીએ છીએ.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય સંચાલિત વાચન કેન્દ્રમાં ખંડ સમયના સફાઈ કામદારને અપાતા ઉચ્ચક વેતન માસિક રૂ. ૬૦માં વધારો કરીને તા. ૧—૮—૧૯૮૩થી માસિક રૂ. ૯૫નું ઉચ્ચક વેતન મંજૂર કરવું.

૧૦. યુનિવર્સિટીના સામાન્ય વિભાગમાં કામ કરતા સર્વશ્રી એમ. કે. પારધી અને શ્રી. જે. કે. વાઘેલાને જેઓને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧—૯—૧૯૮૪ની સભાના ઠરાવ અન્વયે પટાવાળાની જગ્યા પરથી જુ. કલાર્કની જગ્યા પર કાયમી નિમણૂક મળતાં તેમને પગારનું ફિક્સેશન કરી આપવા, પરીક્ષા ભથ્થું આપવા, જનરલ પ્રોવિડંટ ફંડને બદલે કૉન્ટ્રિબ્યુટરી પ્રોવિડંટ ફંડનો લાભ આપવા તથા નિવૃત્તિ-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવા અંગેની તેઓની તા. ૧૬—૧—૧૯૮૫ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—બંને કર્મચારીઓ યુનિવર્સિટીમાં કાયમી પટાવાળા તરીકે કામ કરતા હતા, જે વખતે તેમને પરીક્ષા ભથ્થાનો, કૉન્ટ્રિબ્યુટરી પ્રોવિડંટ ફંડનો તથા ૬૦ વર્ષની નિવૃત્તિ-વયમર્યાદાનો લાભ મળતો હતો.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સર્વશ્રી એમ. કે. પારધી અને જે. કે. વાઘેલાનો જુ. કલાર્કની જગ્યા પર તેમને પટાવાળાની કાયમી જગ્યા પર મળતો મૂળ માસિક પગાર આરક્ષિત કરી તેમને જુ. કલાર્કની નવી જગ્યાના પગારધોરણમાં સ્ટેજમાં મૂકવા અને પટાવાળાની મૂળ કાયમી જગ્યા ઉપર મળતા તમામ લાભો (જેવા કે કૉન્ટ્રિબ્યુટરી પ્રોવિડંટ ફંડ, પરીક્ષા માનાર્હ ભથ્થું અને ૬૦ વર્ષની નિવૃત્તિ-વયમર્યાદા) ચાલુ રાખવા.

૧૧. યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ તરીકે સેવાઓ આપતા શ્રી. ડી. એન. શુક્લને બૅચેલર ઑફ લાઈબ્રેરી સાયન્સના વર્ગોમાં વ્યાખ્યાનો આપવા અંગે તાસ દીઠ રૂ. ૧૦ની જે રકમ આપવામાં આવે છે તે હાલના મોંઘવારીના સમયમાં ઓછી હોઈ તે વધારીને રૂ. ૨૦નું વેતન આપવા અંગે તેઓની તા. ૧૨—૨—૧૯૮૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ તરીકે સેવાઓ આપતાં શ્રી. ડી. એન. શુક્લને બૅચેલર ઑફ લાઈબ્રેરી સાયન્સના વર્ગોમાં વ્યાખ્યાનો આપવા અંગે તાસ દીઠ હાલના દર રૂ. ૧૦ને બદલે તે વધારીને તાસ દીઠ રૂ. ૧૫/-નું માનદ્ વેતન આપવું.

૧૨. યુનિવર્સિટીનાં તથા ભવનોનાં વૉટરકુલર્સની સર્વિસ કૉન્ટ્રાક્ટની કામગીરી હાલ મેસર્સ વોલ્ટાઝ કંપની કરે છે, પરંતુ આ વ્યવસ્થા ખર્ચ ઘણું વધારે આવતું હોવાથી તેના વિકલ્પે એરકન્ડિશનિંગ અને રેફ્રિજરેશન મિકેનિકની એક જગ્યા કાયમી ધોરણે ઊભી કરવા અંગે એસ્ટેટ વિભાગના તા. ૨૦—૧૨—૧૯૮૪ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે સને ૧૯૮૪—૮૫ના નાણાકીય વર્ષમાં મેઈન્ટેનન્સ કૉન્ટ્રાક્ટરનું રૂ. ૨૧,૬૯૦નું ખર્ચ થયું હતું.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩. યુનિવર્સિટીમાં કામ કરતા માળી કર્મચારીઓને તા. ૧—૭—૧૯૮૧થી રૂ. ૨૦૪—૩૦૨નું મર્જડ પગારધોરણ આપેલ છે, જ્યારે તેમની સમકક્ષ કર્મચારીઓને તા. ૧—૭—૧૯૮૧થી રૂ. ૨૩૦—૩૨૧નું મર્જડ પગારધોરણ આપેલું છે તેથી તેઓને રૂ. ૨૩૦—૩૨૧ (મર્જડ)નું પગારધોરણ આપવા અંગેની તેઓની તારીખ ૧૫—૧—૧૯૮૫ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવાનું શક્ય નથી.

૧૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન ભવનમાં "ઍનિમલ ઍટેન્ડન્ટ" તરીકે ફરજ બજાવતા શ્રી. ગૌતમ એસ. પટેલની દેસાઈ પંચ પગારધોરણ રૂ. ૧૯૬—૩—૨૩૨ના બદલે તા. ૧—૭—૧૯૮૧ થી અમલમાં આવેલ રૂ. ૨૦૪—૩૦૨નું (મર્જડ) પગારધોરણ તેઓને તા. ૧—૭—૧૯૮૧થી આપવા અંગેની તેઓની તા. ૧—૪—૧૯૮૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. જે કર્મચારીઓ દેસાઈ પંચ પહેલાં સરેલા પંચના મર્જડ પગારધોરણ ૯૪—૧૭૦માં હતા અને જેઓ તા. ૭—૧૧—૧૯૭૬ પહેલાં જોડાયેલા હતા તેવા કર્મચારીઓને આપણે તા. ૧—૭—૧૯૮૧થી અમલમાં મૂકેલ સુધારેલું પગારધોરણ રૂ. ૨૦૪—૩૦૨ (મર્જડ) આપેલ છે. આ ભાઈનું પગારધોરણ પટાવાળાના પગારધોરણની સમકક્ષ છે, જેમને આપણે રૂ. ૨૦૪—૩૦૨નું મર્જડ પગારધોરણ આપેલ છે;

૨. ઍનિમલ ઍટેન્ડન્ટની જગ્યાનું પગારધોરણ સરેલા પંચમાં પટાવાળાઓને સમકક્ષ રૂ. ૯૪—૧૭૦ અને દેસાઈ પંચમાં રૂ. ૧૯૬—૩—૨૩૨ હતું જ્યારે ચેનલમાં નાયકની જગ્યા ઉપરની બઢતી માટે પટાવાળા અને પ્યુન-કમ-ઍટેન્ડન્ટની સાથે ઍનિમલ ઍટેન્ડન્ટની જગ્યા દર્શાવેલ નથી, એટલે કે આ જગ્યાનો આ ચેનલમાં સમાવેશ કરેલ નથી.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. ગૌતમ એસ. પટેલની સદરહુ વિનંતી મંજૂર કરવાનું શક્ય નથી.

૧૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયા પછી સ્નાતક થયેલા કર્મચારીઓને પણ એસએસ.સી. થયેલા કર્મચારીઓને ૩ અને ૫ વધુ ઈજાફાનો જે લાભ આપ્યો છે તે આપવા અંગે સુપરવાઇઝરી સ્ટાફના ચાર સભ્યોની તા. ૨૯—૧—૧૯૮૩થી સંયુક્ત અરજી પર તથા શ્રી. એમ. ડી. ત્રિવેદી, મદદનીશ કુલસચિવશ્રીના તા. ૪—૨—૧૯૮૩ની અરજીપત્ર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે કાર્યાલયને સવિસ્તર નોંધ તૈયાર કરવી અને તે પર નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. મનોવિજ્ઞાન ભવનના લેબોરેટરી આસિસ્ટન્ટ શ્રી. જી. ડી. નાયક, ગ્રંથાલયના આસિસ્ટન્ટ શ્રી. જે. એમ. દવે અને પ્રેસના આસિસ્ટન્ટ શ્રી. કે. બી. પંડ્યા સ્નાતકવર્ગના કર્મચારીઓને તેમના પછી જોડાયેલા કોઈ કર્મચારી બીજા વર્ગના સ્નાતક ન હોવાથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮—૧૨—૧૯૮૨ની સભાના ઠરાવ અન્વયે અન્ય એસએસ.સી. કર્મચારીઓને ઈજાફાનો જે લાભ મળ્યો છે તે મળતો નથી તેના સંદર્ભમાં પુનઃ વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે કાર્યાલયે સવિસ્તર નોંધ તૈયાર કરવી અને તે પર નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૭. યુનિવર્સિટી કાર્યાલયના બોયઝ હોસ્ટેલના આસિસ્ટન્ટ વાર્ડન શ્રી. એસ. એ. ત્રિવેદી જ્યારે કાર્યાલયમાં જોડાયા ત્યારે સ્નાતક પાસ વર્ગની પદવી ધરાવતા હોવાથી તેઓને અસ.એસ.સી. કર્મચારીની વધુ ૩ ઈજાફાનો લાભ આપવામાં આવેલ, પરંતુ તેઓએ યુનિવર્સિટીમાં જોડાયા બાદ એમ.એ. બીજા વર્ગની ડિગ્રી પ્રાપ્ત કરેલ હોવા છતાંય તેઓને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૨૮–૧૨–૧૯૮૨ના ઠરાવનો લાભ ન મળવાથી વધુ ૨ ઈજાફા મળેલ નથી તે અંગેની તેઓની તા. ૨૩–૩–૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે કાર્યાલયે સવિસ્તર નોંધ તૈયાર કરવી અને તે પર નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮. યુનિવર્સિટી કાર્યાલયના હિસાબ વિભાગમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. એન. ડી. ભટ્ટને તા. ૨૫–૨–૧૯૭૭થી આ જગ્યા ઉપર બઢતી મળેલ છે. તેઓને તેઓની સમકક્ષની જુનિયર સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યાના કર્મચારી શ્રી. એ. બી. દવેને મળેલ છે તે મુજબ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮–૧૨–૧૯૮૨ ની સભાના ઠરાવ નં. ૩૧ના સંદર્ભમાં સ્નાતક સમકક્ષ ૩ અને ૫ ઈજાફાનો લાભ મળેલ નથી જે અંગેની તેઓની તા. ૧૮–૭–૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે કાર્યાલયે સવિસ્તર નોંધ તૈયાર કરવી અને તે પર નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૯. લંગામી ધોરણે તથા દૈનિક વેતનથી કામ કરતા સિક્યુરિટી ઑફિસર શ્રી. એન. એસ. ઉપાધ્યાયના દૈનિક વેતનમાં વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે તેઓને હાલ મળતા દૈનિક વેતન રૂ. ૩૨માં વધારો કરી દૈનિક વેતન રૂ. ૩૫ તા. ૧–૧–૧૯૮૪થી આપવું.

૨૦. યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રમાં નવું એક્સ-રે મશીન ખરીદવાથી વધારાના સ્ટાફની જરૂરિયાત અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એક પૂર્ણ સમયના એક્સ-રે ટેકનિશિયન અને એક માનદ રેડિયોલોજિસ્ટની જગ્યાઓ મંજૂર કરવા અંગે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

મ. દ. ત્રિવેદી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૩૧

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૨૬ ૪ ૧૯૮૧ ને શુક્રવારના રોજ બપોરના ૩—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

(૧)	પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
(૨)	શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
(૩)	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
(૪)	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
(૫)	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૨૬ ૨—૧૯૮૧ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૨૬ ૨ ૧૯૮૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓના યુનિફોર્મ માટે પોલીવસ્ત્ર ખાદી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોના નિકાલ કરવા બાબત.

ટેન્ડર સાથે આવેલા સદરહુ કર્મચારીઓના ગણવેશ માટે પોલીવસ્ત્ર ખાદીના નમૂના જોઈનપાસીન ઠરાવવામાં આવ્યું છે કે નીચે પ્રમાણે પોલીવસ્ત્ર ખાદી ખરીદવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

			રૂ. પૈસા	મીટર
૧. સફેદ પેન્ટ માટે	ગ્રામલક્ષ્મી ખાદીગ્રામોદ્યોગ ગ્રામોદ્યોગ ભંડાર, અમદાવાદ. ગુજરાત પોલિવસ્ત્ર ૭૦ સે.મી. પનો.		૨૭—૨૦	૧૫૦૦
૨. સફેદ શર્ટ માટે	ખેડા જિલ્લા ઔદ્યોગિક સહકારી મંડળી લિમિટેડ	નંબર ૧ નમૂના મુજબ ૯૦ સે મી. પનો	૨૩—૦૦	૧૩૭૫
૩. વાદળી પેન્ટ માટે	ગ્રામલક્ષ્મી ખાદી ગ્રામોદ્યોગ ભંડાર		૩૩—૨૦	૭૫
૪. વાદળી શર્ટ માટે	ખેડા જિલ્લા ઔદ્યોગિક સહકારી મંડળી લિમિટેડ		૨૯—૦૦	૭૫
૫. ખાખી પેન્ટ માટે	ગ્રામલક્ષ્મી ખાદી ગ્રામોદ્યોગ ભંડાર		૩૩—૨૦	૮૮
૬. ખાખી શર્ટ માટે	ખેડા જિલ્લા ઔદ્યોગિક સહકારી મંડળી લિમિટેડ		૨૯—૦૦	૮૮

૭. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓના યુનિફોર્મ સિવડાવવા અંગે મંગાવેલ ટેન્ડરોના નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓના ગણવેશ સીવવા માટે સૌથી ઓછા ભાવ ટાંકનાર દરજી મે. વી. બી. ટેલર્સ પાસે નીચેના ભાવે સિવડાવવા :

સીલાઈનો દર	રૂ. પૈસા	જરૂરી કાપડ
૧. પેન્ટ	૨૧—૫૦	૨—૫૦ મીટર
૨. બુશશર્ટ	૧૦—૦૦	૨—૫૦ મીટર
૩. ટોપી	૦૦—૭૫	૦—૩૦ મીટર

૪. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે સેન્ડલ-ચંપલ જોડ ૨૫૦ બસોને પચાસ, ગુજરાત સ્ટેટ ઈન્ડસ્ટ્રિયલ કો-ઑપરેટિવ ફેડરેશન લિમિટેડ, અમદાવાદ (ગ્રીમકો) પાસેથી એક જોડના રૂ. ૪૦—૦૦ની કિંમતે ખરીદવા માટે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજીખર્ચ રૂ. ૧૧,૦૦૦ (રૂપિયા અગિયાર હજાર) થશે]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે ગ્રીમકો પાસેથી એક જોડના રૂ. ૪૦—૦૦ (રૂપિયા ચાલીસ લેખે) ૨૫૦ (બસોને પચાસ) જોડ સેન્ડલ—ચંપલ રૂ. ૧૧,૦૦૦ સુધીના ખર્ચે ખરીદવા.

૫. યુનિવર્સિટીના એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટર તથા ગ્રંથાલય માટે એક એક નંગ પ્લેઈન પેપર કોપિયર મશીન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ મશીનોની કાર્યક્ષમતા અંગે ડે. એન્જિનિયર શ્રી. જે. સી. પટેલે પોતાનો અહેવાલ રજૂ કર્યો તે પછી તે લેવાલના ઉપલક્ષ્યમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટર માટે લોજિક સિસ્ટમ્સનું (LS 316 G) તથા ગ્રંથાલય માટે મેથોડેક્સ સિસ્ટમ પ્રા. લિ.નું મીનોલ્ટા (EP—3GRA) કોપિયર મશીન કંપની ભાવે અને શરતો એ ખરીદવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોને ઉપા બનાવટના વૉટરકુલરનો મે. ઈલેક્ટ્રો એરકન્ડિશનિંગ કંપની સાથે સર્વિસ કોન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૬૦૦૦/- (રૂપિયા છ હજાર) થશે.]

(નોંધ.—અગાઉના વર્ષ મશીનદીઠ રૂ. ૯૦૦ ચાર્જ હતો. આ વર્ષથી રૂ. ૧૨૦૦ મશીન દીઠ ચાર્જ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે મે. ઈલેક્ટ્રિક એરકન્ડિશનિંગ કંપનીના પ્રતિનિધિ સાથે ચર્ચા કરી તે અંગે નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો માટે ખુરશીઓ ખરીદવા માટે રૂ. ૧૮,૩૦૪ (રૂપિયા અઢાર હજાર ત્રણસોને ચાર)નો ખર્ચને કુલપતિશ્રીએ મંજૂરી આપી તે જાણ સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૮. યુનિવર્સિટીના સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેનિંગ માટે એક ઈલેક્ટ્રિક ડુપ્લિકેટિંગ મશીન મે. ઈન્ડિયન ડુપ્લિકેટર કું. લિમિટેડ ગેસ્ટેટનર પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૮,૦૦૦ (રૂપિયા અઢાર હજાર) થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેનિંગ માટે ગેસ્ટેટનર ૩૨૦ બનાવટનું એક ઈલેક્ટ્રિક ઓપરેટેડ ડુપ્લિકેટિંગ મશીન કંપની ભાવે અને શરતે ખરીદવું અને તે માટે રૂ. ૧૮,૦૦૦ (રૂપિયા અઢાર હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૯. યુનિવર્સિટી ગ્રંથાલય માટે ૧ જાન્યુઆરી ૧૯૮૫થી ૩૧ ડિસેમ્બર, ૧૯૮૫ સુધીની "ઈકોનોમિક ટાઈમ્સ"ની માઈક્રોફિલ્મ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે રૂ. ૧૯૧૯—૬૦ પૈસા કે પેમેન્ટ ૧૧—૫—૧૯૮૫ પહેલાં "બનેટ-કોલમેન અન્ડ કું." લિમિટેડને આપવાનું રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય માટે ઈકોનોમિક ટાઈમ્સની ૧ જાન્યુઆરી ૧૯૮૫થી ૩૧ ડિસેમ્બર, ૧૯૮૫ સુધીની માઈક્રોફિલ્મ કંપનીની શરતને આધીન ખરીદવી.

૧૦. યુનિવર્સિટીના એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટર માટે ગોદરેજ બનાવટનું અંગ્રેજી ટાઈપ રાઈટર કંપની પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૫૦૦૦ (રૂપિયા પાંચહજાર) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટર માટે ગોદરેજ બનાવટનું બ્રીફ સાઈઝનું પ્રાઈમા ટાઈપ રાઈટર કંપની ભાવે અને શરતોએ ખરીદવું અને આ અંગે રૂ. ૫૦૦૦ (રૂપિયા પાંચ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૧. યુનિવર્સિટીના સેન્ટર ફૉર ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશન્સ માટે નેશનલ એજ્યુકેશનલ ઍન્ડ ઈન્ફરમેશન ફિલ્મ લિ. પાસેથી ફિલ્મ ખરીદવા માટે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૪૯૪૦ (રૂપિયા ચારજાર નવસોને ચાલીસ) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફૉર ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશન્સ માટે નેશનલ એજ્યુકેશનલ ઍન્ડ ઈન્ફરમેશન ફિલ્મ લિ. પાસેથી નીચેની ત્રણ ફિલ્મ ખરીદવા માટે રૂ. ૪૯૪૦ (રૂપિયા ચાર હજાર નવસોને ચાલીસ) સુધીનો ખર્ચ મંજૂર કરવો. (૧) મીશન ઍન્ડ ટાઈમ (૨) બેલેન્સ ઑફ (૩) સરવિસ અવર ઈનવોલમેન્ટ.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગના નર્મદા પ્રોજેક્ટની ગુજરાતી નકલો તૈયાર કરવા માટે રૂ. ૩૦૦૦ (રૂપિયા ત્રણ હજાર) સુધીના ખર્ચની મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગમાં નર્મદા પ્રોજેક્ટના રિપોર્ટની ગુજરાતી નકલો તૈયાર કરાવવા માટે રૂ. ૩૦૦૦ (રૂપિયા ત્રણ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૩. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિજ્ઞાન વિભાગ માટે ૧૯૮૫-૮૬ના વર્ષ દરમિયાન એચ.પી. સોલવન્ટ ૧૪૨૫—૬૭૦૫ લિટર પેટ્રોલ મે. ત્રિવેદી રોલવાલા એસોશિયેટ્સ જેઓ આ અંગેના સોલસેલિંગ એજન્ટ પાસેથી સરકારી દર મુજબ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર) થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે ૧૯૮૫—૮૬ના વર્ષ દરમિયાન એચ. પી. સોલવન્ટ ૧૪૨૫ મે. ત્રિવેદી રોલવાલા ઍસોસિયેટ પાસેથી સરકારના દર મુજબ ખરીદવું અને આ અંગે રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણી વિજ્ઞાન વિભાગના યુ.જી.સી.ના મેજર પ્રોજેકટ માટે "આર આઇકીટ' મે. કેમેચ લેબોરેટરી પ્રા. લિ., મદ્રાસ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૧૦૦ (રૂપિયા બે હજાર એકસો) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે મે. કેમેચ લેબોરેટરી પ્રા. લિ., મદ્રાસ પાસેથી આર આઇકીટ ખરીદવું અને આ અંગે રૂ. ૨,૧૦૦ (રૂપિયા બે હજાર એકસો) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૫. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે ૧૯૮૫—૮૬ના વર્ષ દરમિયાન (૧) ગોલ્ડમોર એનિમલ બ્રેડ, (૨) મોડર્ન બ્રેડ તથા (૩) કાચું અનાજ ખરીદવા માટે રૂ. ૧૫,૦૦૦ (રૂપિયા પંદર હજાર)ના ખર્ચની મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે ૧૯૮૫—૮૬ના વર્ષ દરમિયાન (૧) ગોલ્ડમોર એનિમલફીડ, મોડર્ન બ્રેડ તથા કાચું અનાજ ખરીદવા માટે રૂ. ૧૫,૦૦૦ (રૂપિયા પંદર હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૬. યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓના સ્કાર્ફ બનાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓને આપવા માટેના ૮,૬૦૦ સ્કાર્ફ સૌથી ઓછા ભાવે બનાવી આપનાર ખાદી ભંડાર—ગ્રામલક્ષ્મી ખાદી ભંડાર, ટાઉનહોલ પાસે, અમદાવાદ પાસે એકના રૂ. ૪—૩૦ પૈસાની કિંમતે બનાવડાવવા અને આ અંગે રૂ. ૩,૭૦૦૦ (રૂપિયા સાડત્રીસ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય (જાણ સારુ) :

(૧) એજ્યુકેશન મિડિયા રિસર્ચ સેન્ટર માટે સેમિનાર ચેર તથા પ્રોજેકશન ટ્રોલી ખરીદવા માટે રૂ. ૩,૭૭૫ (રૂપિયા ત્રણ હજાર સાતસોને પંચોતેર)ના ખર્ચની મંજૂરી આપી.

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગમાં જળીવાળું શટર બનાવવા માટે રૂ. ૭૫૯ (સાતસો ઓગણસાઈઠ)ના ખર્ચની મંજૂરી આપી.

(૩) વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના પેકાર્ડ મશીનને રિપેર કરાવવા માટે રૂ. ૩,૦૦૦ (ત્રણ હજાર)ના ખર્ચની મંજૂરી આપી.

(૪) યુનિવર્સિટીના ડુપ્લિકેટિંગ મશીનને મે. ઇન્ડિયન ડુપ્લિકેટ કું. લિ. પાસે રિપેર કરાવવા માટે રૂ. ૨૦૦૦ (રૂપિયા બે હજાર) સુધીના ખર્ચની મંજૂરી આપી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોકત કાર્યની નોંધ લીધી.

૧૮. યુનિવર્સિટી પ્રેસના રીમના બાંધા મે. સ્વીટુ ટ્રેડર્સને એક કિલોના રૂ. ૧—૭૫ પૈસાના ભાવે ભાવે આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના બાંધા સૌથી વધુ ભાવ આપનાર વેપારી મે. સ્વીટુ ટ્રેડર્સને એક કિલોના રૂ. ૧-૭૫ પૈસાને ભાવે આપવા.

૧૯. વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગ માટે ૧૯૮૫—૮૬ના વર્ષ માટે સાયન્ટિફિક ઇક્વિપમેન્ટ્સ, રસાયણો, ગ્લાસવેર વિગેરે ખરીદવા માટે જુદી જુદી વેપારી પેઢીઓ સાથે રેઇટ કૉન્ટ્રાકટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આ સાથેના પરિશિષ્ઠ 'અ'માં દર્શાવેલ પાર્ટીઓ સાથે ૧૯૮૫—૮૬ના વર્ષ માટે રેઇટ કૉન્ટ્રાકટ કરવો. ("પરિશિષ્ટ અ" અત્રે છાપ્યું નથી.)

૨૦. વિજ્ઞાન વિદ્યાભવનના વર્કશોપ માટે રીગલ ટ્રેડિંગ કું. પાસેથી રૂ. ૧,૪૧૫ (રૂપિયા એક હજાર ચારસો ને પંદર)ની કિંમતે એક ડ્રીલ મશીન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મશીન માટે ફરીથી ભાવ મંગાવવા.

૨૧. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે ગોદરેજ બનાવટનું એક અંગ્રેજી ટાઈપરાઇટર કંપની પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે રૂ. ૫૦૦૦ (રૂપિયા પાંચ હજાર) સુધીનું ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના સાંજના વર્ગો માટે એક અંગ્રેજી ટાઈપરાઇટર ગોદરેજ બનાવટનું કંપની ભાવે અને શરતોએ ખરીદવું અને આ અંગે રૂ. ૫,૦૦૦ (રૂપિયા પાંચ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૨૨. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે પરદેશથી રીપ્રિન્ટ્સ ખરીદવા માટે રૂ. ૧૫૦૦ (રૂપિયા એક હજાર પાંચસો)ના ખર્ચની મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત માગણી નામંજૂર કરવી.

૨૩. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્ર માટે ઈ.સી.જી. મશીન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્ર માટે એક ઈ.સી.જી. મશીન બી.પી.એલ. ઈન્ડિયા લિમિટેડ પાસેથી ખરીદવું અને આ અંગે રૂ. ૧૨,૦૦૦ (રૂપિયા બાર હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૨૪. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે ૧૯૮૫—૮૬ના વર્ષ દરમિયાન ઉંદર ખરીદવા માટે રૂ. ૪૦૦૦ (રૂપિયા ચાર હજાર) સુધીના ખર્ચને મંજૂર આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે ૧૯૮૫–૮૬ના વર્ષ દરમિયાન જરૂરી ઉંદરો નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓક્યુપેશનલ હેલ્થ' અમદાવાદ પાસેથી ખરીદવા અને આ અંગે રૂ. ૪૦૦૦ (રૂપિયા ચાર હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૨૫. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગ માટે ટેપડ્રાઈવ મશીન માટે કેબિનેટ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગ માટે સી.એમસી લિમિટેડ પાસેથી ટેપ-ડ્રાઈવ કેબિનેટ ખરીદવું અને આ અંગે રૂ. ૮,૩૦૦ (રૂપિયા આઠ હજાર ત્રણસો) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૨૬. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો માટે સ્લોટેડ એંગલ્સના સ્ટીલના રેકસ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે નીચે પ્રમાણે સ્ટીલના રેકસ ખરીદવા:

વિભાગનું નામ	જથ્થો	ભાવ રૂ. પૈસા	વેપારી પેઢીનું નામ	નોંધ
૧. લાઈબ્રેરી રેકસ	૩૦ બ્લૉક	૩૫૭૫—૦૦	સુપર સેલ્સ એન્ડ માર્કેટિંગ સર્વિસ	સૌથી ઓછા ભાવ હોવાથી
૨. પરીક્ષા વિભાગ માટે	૪ બ્લૉક	૧૯૪૩—૦૦	લેક એન્જિનિયરિંગ વર્કસ	,,
૩. અનુસ્નાતક વિભાગ માટે	૧ બ્લૉક	૧૦૫૯—૦૦	લેક એન્જિનિયરિંગ વર્કસ	,,

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, આ અંગે કોઈ ઍડવાન્સ રકમ આપવી નહીં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

(.....)
કુલસચિવવતી

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૪૮

કાવસ મહેરવાનજી કોઠાવાલા ચંદ્રક

દાતાનું નામ	: શ્રી. કાવસ મહેરવાનજી કોઠાવાલા
તથા સરનામું	: દ્વારા શ્રી. જે. એન. હસનટોપાલ, ખમાસા ગેટ પાસે, સરદાર પટેલ રોડ, અમદાવાદ—૩૮૦૦૦૧.
પ્રદાનની રકમ	: રૂ. ૧૫,૦૦૦
દાનનો પ્રકાર	: બે ચંદ્રક
દાનનો સ્વીકાર	: ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧—૧૨—૧૯૮૪ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "કાવસ મહેરવાનજી કોઠાવાલા ચંદ્રક" અંદાજી રૂ. ૧૪૨૫ની વાર્ષિક આવકમાંથી બે ચંદ્રકો તથા બાકી રહેતી રકમ સરખે ભાગે રોકડમાં દર વર્ષે નીચે પ્રમાણે એનાયત કરવામાં આવશે :

(૧) ગુજરાત યુનિવર્સિટી એમ.એસસી. પદવી પરીક્ષા માઈક્રોબાયોલોજીના મુખ્ય વિષય સાથે પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

(૨) ઝૂલોજી વિષયમાં ઉત્કૃષ્ટ સંશોધન માટે "કાવસ મહેરવાનજી કોઠાવાલા ચંદ્રક" એ નામનો ચંદ્રક પ્રત્યેક વર્ષે એનાયત કરવાનું રાખવું. આ માટે યુનિવર્સિટીની સંલગ્ન કોલેજો, ભવનો તથા માન્ય સંસ્થાઓના પ્રાધ્યાપકો પાસેથી ઝૂલોજી વિષયમાં તેમણે કરેલ સંશોધનપત્રો (વર્ષ દરમિયાનના) મેની આખર સુધીમાં મંગાવી આ વિષયના ખાસ તજ્જ્ઞ (નિષ્ણાત) સભ્યોની બનેલી સમિતિ સમક્ષ આવેલ સંશોધનપત્રો રજૂ કરવાં અને સમિતિના અભિપ્રાય પ્રમાણે જે તે પ્રાધ્યાપકને ચંદ્રક એનાયત કરવાનું રાખવું.

દર વર્ષે આ માટેની નિષ્ણાત તજ્જ્ઞની સમિતિ રચવાની સત્તા યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની રહેશે. નિષ્ણાત સમિતિના સભ્યોના અભિપ્રાય પર કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૩) ચંદ્રક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે.

(૪) વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

(૫) ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે કરવા તેને અધિકાર રહેશે.

(૬) આ દાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા જેટલી રકમ કપાત કરીને તે રકમ યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

(૭) આ દાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેલી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૪૯

"શ્રી પી. વી. ભાવસાર શિષ્યવૃત્તિ"

દાતાનું નામ	: શ્રી. પી. વી. ભાવસાર,
તથા સરનામું	: જનપદ સોસાયટી, પ્રભુદાસ ઠક્કર કૉલેજ રોડ, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.
દાનની રકમ	: રૂ. ૧૦,૦૦૦
દાનનો પ્રકાર	: એક શિષ્યવૃત્તિ આશરે રૂ. ૯૫૦ની.
દાનનો સ્વીકાર	: એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨–૨–૧૯૮૫ની સભામાં બાબત ક્રમાંક ૧૦ થી સાભાર સ્વીકાર કર્યો છે.

નિયમો

૧. "શ્રી. પી. વી. ભાવસાર શિષ્યવૃત્તિ" એ નામની અંદાજે રૂ. ૯૫૦ની એક શિષ્યવૃત્તિ દર વર્ષે માર્ચ/એપ્રિલમાં લેવાનાર ટી.વાય.બી.કૉમ. પદવી પરીક્ષામાં જે વિદ્યાર્થી એડવાન્સ એકાઉન્ટન્સી અને ઑડિટિંગ વિષય સાથે ટી.વાય.બી.કૉમ.ની યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણ મેળવી પાસ કરે તેને આગળ એમ.કૉમ.નો અભ્યાસ ચાલુ રાખવાની શરતે એનાયત કરવામાં આવશે.

૨. પ્રદાનના વ્યાજની આવકમાંથી આ શિષ્યવૃત્તિ કુલ ચાર સત્ર માટે સત્ર દીઠ રૂ. ૨૩૭–૫૦ પ્રમાણે આપવામાં આવશે. તેથી સત્ર પૂરું થયા પછી વિદ્યાર્થીએ સંતોષકારક અભ્યાસ તથા ચાલચલગત અંગેનું સંસ્થાના વડાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું આવશ્યક રહેશે.

૩. શિષ્યવૃત્તિ આપવામાં વિદ્યાર્થીની નાત, જાત, ધર્મ કે વર્ગનો ભેદ રાખવામાં આવશે નહીં.

૪. શિષ્યવૃત્તિ વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને તે પદવીદાન સમારંભ વખતે પણ જાહેર કરવામાં આવશે.

૫. શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગે ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૬. પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૭. આ પ્રદાનની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૫૦

"સ્વ. પ્રો. એન. જી. સહાસ્રબુદ્ધે પારિતોષિક"

દાતાનું નામ	: શ્રી. એચ. આર. ગર્દે,
તથા સરનામું	: ડેપ્યુટી ડાયરેક્ટર, મિકે., પ્રોસે (સી) ડિવિઝન, અટિરા, અમદાવાદ—૩૮૦૦૧૫.
પ્રદાનની રકમ	: રૂ. ૭,૫૦૦+ચાલુ વર્ષ (૧૯૮૪—૮૫) માટે રૂ. ૭૫૦
દાનનો પ્રકાર	: એક ચંદ્રક
પ્રદાનનો સ્વીકાર	: એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧—૯—૧૯૮૪ની સભામાં સાભાર સ્વીકાર કર્યો છે.

નિયમો

૧. "સ્વ. પ્રો. એન. જી. સહાસ્રબુદ્ધે ચંદ્રક" એ નામનો અંદાજી રૂ. ૭૧૦ની કિંમતનો ચંદ્રક દર વર્ષે માર્ચ/એપ્રિલમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી બી.ઈ. (ટેક્ષટાઈલ ટેકનોલોજી)ની પદવી પરીક્ષામાં યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઓછામાં ઓછા પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે અને તેની જાણ દાતાને કરવામાં આવશે.

૩. સદરહુ ચંદ્રક યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે વિજેતાને એનાયત કરવામાં આવશે.

૪. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૫. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે અધિકાર રહેશે.

૬. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૭. આ પ્રદાનની વાર્ષિક આવકની બચત મુળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ " છ "
કામકાજ ક્રમાંક ૫૧

" સ્વ. શ્રી જી. આર. નાનજિયા સ્કોલરશિપ "

દાતાનું નામ	: સેક્રેટરી, નાનજિયા ચેરિટેબલ ટ્રસ્ટ,
તથા સરનામું	: ૩૨/૨૧, ઈસ્ટ પટેલનગર, નવી દિલ્હી—૧૧૦૦૦૮.
દાનની રકમ	: રૂ. ૧૧,૦૦૦
દાનનો પ્રકાર	: એક શિષ્યવૃત્તિ માટે
દાનનો સ્વીકાર	: યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તા. ૧૨—૧—૧૯૮૪ની સભામાં બાબત ક્રમાંક ૧૮થી સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "સ્વ. શ્રી. જી. આર. નાનજિયા સ્કોલરશિપ" અંદાજી રૂ. ૧,૦૦૦ (અંકે રૂપિયા એક હજાર પૂરા) પ્રદાનની વાર્ષિક વ્યાજની આવકમાંથી આ યુનિવર્સિટીની ઈજનેરી વિદ્યાશાખામાં કેમિકલ એન્જિનિયરિંગના પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં દાખલ થયેલ વિદ્યાર્થીની તેમના વાલીની આવક સહિત કુલ વાર્ષિક આવક રૂ. ૭,૨૦૦ (અંકે રૂપિયા સાત હજાર બસો પૂરા) સુધીની હોય તે વિદ્યાર્થીને સ્નાતક થાય ત્યાં સુધી શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

૨. આ અંગે કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ વિદ્યાશાખાના ડીન, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના એક સભ્ય અને કૉલેજના આચાર્યશ્રીની બનેલી સમિતિ નીમવી, જે શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગે જરૂરી નિર્ણય કરશે.

૩. સદરહુ શિષ્યવૃત્તિ પદવી પરીક્ષા સુધી એટલે કે ચાર વર્ષ સુધી ચાલુ રહેશે.

૪. સદરહુ શિષ્યવૃત્તિની વાર્ષિક આવક રૂ. ૧,૦૦૦ની રકમ સત્ર દીઠ રૂ. ૫૦૦ પ્રમાણે ચૂકવવામાં આવશે, અને બીજા સત્રથી તે ચાલુ રાખવા માટે વિદ્યાર્થીએ આગલા સત્ર દરમિયાન સંતોષકારક અભ્યાસ અને સારી ચાલચલગત અંગેનું સંસ્થાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૫. સદરહુ શિષ્યવૃત્તિ એનાયત કરવામાં અરજદારની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૬. શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે ફેરફાર કરવાનો તેને અધિકાર રહેશે.

૭. આ દાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા જેટલી કપાત કરીને તે રકમ યુનિવર્સિટીના 'જનરલ ફંડ'માં જમા લેવામાં આવશે.

૮. આ દાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેલી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૯. ઈજનેરી વિદ્યાશાખામાં અગાઉ જે વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ એનાયત કરેલ છે તે વિદ્યાર્થી સ્નાતક થાય ત્યાર બાદ ફરીથી શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેના નિયમોને આધીન કાર્યવાહી કરવાની રહેશે.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૫૨

"સ્વ. પ્રભુદાસ ત્રિકમલાલ પટેલ ચંદ્રક"

દાતાનું નામ	:	શ્રી. વાસુદેવ પી. પટેલ,
તથા સરનામું	:	૯૭, સરદાર પટેલ કોલોની, અમદાવાદ—૩૮૦૦૧૩.
દાનની રકમ	:	રૂ. ૭,૫૦૦ વત્તા રૂ. ૭૫૦ ચાલુ વર્ષ ૧૯૮૫ની પરીક્ષા માટે
દાનનો પ્રકાર	:	એક પારિતોષિક
દાનનો સ્વીકાર	:	યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨—૨—૧૯૮૫ની સભામાં બાબત ક્રમાંક ૭૧થી સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "સ્વ. પ્રભુદાસ ત્રિકમલાલ પટેલ ચંદ્રક" એ નામનો અંદાજી રૂ. ૭૧૦નો એક ચન્દ્રક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની ટી.વાય.બી.એસસી.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રાણીશાસ્ત્રના મુખ્ય વિષયમાં યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. ચન્દ્રક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે.

૩. ચન્દ્રક વિજેતાનું નામ શક્ય હશે ત્યાં સુધી પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે.

૪. વિજેતાને ચન્દ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૫. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૬. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે ૫ ટકા જેટલી રકમ કપાત કરીને યુનિવર્સિટીના જનરલ ફંડ ખાતે જમા લેવામાં આવશે.

૭. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૫૩

"સ્વ. ડૉ. ઈન્દુકલા ઝવેરી શિષ્યવૃત્તિ"

દાતાનું નામ	: શ્રી. નિરંજનભાઈ જે. મહેતા, (એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ) દ્વારા,
તથા સરનામું	: ૩૯, માણેકબાગ સોસાયટી, સેટેલાઈટ રોડ, આંબાવાડી, અમદાવાદ—૩૮૦૦૧૫.
દાનની રકમ	: રૂ. ૭,૫૦૦ વત્તા રૂ. ૭૧૦ વર્ષ ૧૯૮૫ માટે.
દાનનો પ્રકાર	: શિષ્યવૃત્તિ
દાનનો સ્વીકાર	: યુનિવર્સિટી એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૨—૨—૧૯૮૧ની સભામાં બાબત ક્રમાંક ૨૮થી સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "સ્વ. ડૉ. ઈન્દુકલાબહેન ઝવેરી શિષ્યવૃત્તિ" વાર્ષિક આશરે રૂ. ૭૧૦ની એક શિષ્યવૃત્તિ એમ.એ. પાર્ટ ૧માં સંસ્કૃત મુખ્ય અને ઐચ્છિક વિષય સાંખ્યયોગ કે જૈનદર્શનનો લઈ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીએ થર્ડ બી.એ.ની યુનિવર્સિટી પરીક્ષામાં સંસ્કૃતના મુખ્ય વિષયમાં સૌથી વધુ ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ બે હપતે ચૂકવવામાં આવશે.

આ યુનિવર્સિટીની એમ.એ. પાર્ટ ૧માં સંસ્કૃત મુખ્ય વિષય સાથે ઐચ્છિક પેટાવિષય તરીકે સાંખ્યયોગ કે જૈનદર્શન રાખનાર કોઈ વિદ્યાર્થી ના હોય તો તે વર્ષની શિષ્યવૃત્તિ તત્ત્વજ્ઞાન વિષય સાથે એમ.એ. પાર્ટ ૧માં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી થર્ડ બી.એ.ની યુનિવર્સિટી પરીક્ષામાં તત્ત્વજ્ઞાનના વિષયમાં સૌથી વધુ ગુણ મેળવશે તે વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. સદરહુ શિષ્યવૃત્તિ પ્રતિવર્ષ એનાયત કરવામાં આવશે.

૩. સદરહુ પ્રદાનની વાર્ષિક આવક અંદાજે રૂ. ૭૦૦માંથી શિષ્યવૃત્તિ સત્રદીઠ રૂ. ૩૫૦ પ્રમાણે ચૂકવવામાં આવશે, અને તે માટે વિદ્યાર્થીએ સંતોષકારક અભ્યાસ અને સારી ચાલચલગત અંગેનું સંસ્થાના વડાનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈશે.

૪. સદરહુ શિષ્યવૃત્તિ એનાયત કરવામાં અરજદારની નાત, જાત ધર્મ કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૫. જે વર્ષ માટે વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવશે તે અંગેની જાહેરાત શકય હશે તો તે વર્ષના પદવીદાન સમારંભ વખતે કરવામાં આવશે.

૬. જે વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવશે તેના નામ અને સરનામાની દાતાને જાણ કરવામાં આવશે.

૭. સદરહુ પ્રદાનનાં વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૮. આ સખાવતનો વાર્ષિક આવકનો બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ટ"

કામકાજ ક્રમાંક ૬૧

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૧—૫—૧૯૮૫ ને મંગળવારે સાંજના ૪—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સંજોગોવશાત કુલપતિશ્રી હાજર રહી શકયા ન હતા તેથી સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિશ્રી કે. સી. પરીખે સંભાળ્યું હતું. સભામાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	ગેરહાજર
૨. ઉપકુલપતિશ્રી	હાજર
૩. શ્રી. વી. જે. મિસ્ત્રી	હાજર
૪. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૫. શ્રી. આર. સી. સોનપાલ	ગેરહાજર
૬. શ્રી. પી. બી. પટેલ	ગેરહાજર
૭. શ્રી. દીપક નવનીતલાલ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૧—૩—૧૯૮૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧—૩—૧૯૮૫ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી જિમ્નેશિયમના મકાનની બહારની બાજુએ સેન્ડ ફેઈસ પ્લાસ્ટર તથા વૉટરપ્રૂફ પેઈન્ટ કરવાના કામ માટે આવેલાં ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જિમ્નેશિયમના મકાનની બહારની બાજુએ સેન્ડ ફેઈસ પ્લાસ્ટર તથા વૉટરપ્રૂફ પેઈન્ટ કરવાના કામ અંગે પ્રથમ બે કંટ્રાટી રાહુલ અને જગદીશ એસ. મિસ્ત્રીએ આ પહેલાં કરેલાં કામોની વિગતો મંગાવીને આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૩. વિદ્યાર્થિનીઓના છાત્રાલયના મકાન બાંધકામ અંગે સદરહુ કામના કૉન્ટ્રાકટર તરફથી ભાવ વધારાની માગણી અંગે આવેલા તા. ૧૨—૩—૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કંટ્રાટી મે. વિનોદ કન્સ્ટ્રકશન કંપનીને જણાવવાનું કે તેમની સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી, અને તેઓ નિયત શરતો મુજબ કામ કરવાનું રાખશે નહિ તો તેમની ડિપોઝિટ જપ્ત થવા પાત્ર ઠરશે તે બાબત તરફ તેમનું ધ્યાન ખેંચવું.

૪. યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર પેવેલિયનના બાંધકામના આર્કિટેક્ટર શ્રી. એ. જે. તલાટી તરફથી આવેલ તા. ૧૩—૩—૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત મુલતવી રાખવામાં આવી.

૫. લેકચરર ક્વાટર્સ (ફ્લેટસ)માં દીવાનખાનામાં કોલામાં નીચેના અડધા ભાગમાં લાકડાના કબાટ બનાવવાના કામ અંગે આવેલાં ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેકચરર ક્વાર્ટર્સ (ફ્લેટ્સ)માં દીવાનખાનામાં કોલામાં સ્ટીલના કબાટ અને પૉલિશ લાદીના ખાના (સેલ્ફ્ઝ) કરવા માટેના અંદાજ કાઢીને તે માટે ભાવ મંગાવીને આ બાબત આ સભાગૃહ સમક્ષ પુનઃ રજૂ કરવાનું રાખવું.

S. R. Trivedi
M. G. Gupta
A. S. Nagar

પરિશિષ્ટ "મ"

કામકાજ ક્રમાંક ૧૪૪

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Persian in the University School of Languages, Gujarat University, Ahmedabad-380 009 was held on Friday, the 16th August, 1985 at 12-00 noon. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Dr. N. H. Ansari	Present
4.	Prof. Nazir Ahmed	Present
5.	Prof. Z. A. Desai	Present

The following candidates were called for interview :

1.	Shri M. G. Qureshi	Present
2.	Dr. B. A. Tirmizi	Present
3.	Shri N. M. Ansari	Present

After intervewing the candidates who remained present for the interview and considering their relative merits, the Committee is of the opinion that Dr. B. A. Tirmizi is suitable for the post of Reader in Persian and recommends him for appointment thereto.

Sd / —
K. S. Shastri
K. C. Parikh
N. H. Ansari
Nazir Ahmed
Z. A. Desai

પરિશિષ્ટ "૫"
કાગળકામ ક્રમાંક ૧૪૫

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Prakrit in the University School of Languages, Gujarat University, Ahmedabad-380 009 was held on Friday, the 16th August, 1985 at 3-00 p.m. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Dr. Bhagchand Jain	Present
4.	Dr. Premsuman Jain	Present
5.	Dr. Dalsukhbhai Malvania	Present

The following candidate was called for interview :

1.	Dr. K. R. Chandra	Present

After interviewing the only candidate who applied for the post and considering his merits, the Committee is of the opinion that Dr. K. R. Chandra is suitable for the post of Reader in Prakrit and recommends him for appointment thereto.

Sd / —
K. S. Shastri
K. C. Parikh
Bhagchand Jain
Premsuman Jain
Dalsukhbhai Malvania

પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૧૪૬

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Linguistics in the University School of Languages, Gujarat University, Ahmedabad–380 009 was held on Friday the 16th August, 1985 at 2-00 p.m. Prof. K. S. Shastri Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. D. D. Mahulker	Present
4.	Prof. D. M. Joshi	Present
5.	Shri K. K. Shastri	Present
6.	Shri Y. D. Vyas (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Shri Tilak Singh	Absent
2.	Shri A. V. Bhandari	Present

After interviewing the only candidate who remained present for the interview and considering his merits, the Committee is of the opinion that Dr. A. V. Bhandari is suitable for the post and recommends him for appointment thereto.

Sd / —
K. S. Shastri
K. C. Parikh
D. D. Mahulker
D. M. Joshi
K. K. Shastri
Y. D. Vyas

પરિશિષ્ટ "લ"
કામકાજ ક્રમાંક ૧૪૭

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in History in the University School of Social Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Sunday the 11th August, 1985 at 1-00 p.m. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. G. J. Desai	Present
4.	Prof. R. N. Mehta	Present
5.	Prof. R. G. Parikh	Present
6.	Prof. Makrand Mehta (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Shri M. R. Patel	Present
2.	Dr. Devid R. Hardiman	Present
3.	Dr. J. R. Shukla	Present
4.	Dr. Y. I. Dixit	Present
5.	Dr. M. J. Pandya	Present
6.	Smt. Sushila K. Kothari	Present

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the Committee is of the opinion that Shri M. R. Patel is found suitable for the post of Reader in History and recommends him for appointment thereto.

Sd/—
K. S. Shastri
K. C. Parikh
G. J. Desai
R. N. Mehta
R. G. Parikh

પરિશિષ્ટ " ૧ "
ક્રમાંક ૧૪૮

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Sociology in the University School of Social Sciences, Gujarat University, Ahmedabad–380 009 was held on Saturday the 10th August, 1985 at 4–00 p.m. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. A. S. Patel	Present
4.	Prof. H. C. Doshi	Present
5.	Prof. T. B. Naik	Present
6.	Prof. V. P. Shah (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Shri D. B. Desai	Present
2.	Shri S. H. Gadhavi	Present
3.	Shri S. C. Patel	Present

After interviewing the candidates who remained present for the interview the Committee is of the opinion that Shri D. B. Desai is suitable for the post of a Reader in Sociology and recommends him for appointment thereto.

Sd / —

K. S. Shastri
K. C. Parikh
A. S. Patel
H. C. Doshi
T. B. Naik

પરિશિષ્ટ "શ"

કામકાજ ક્રમાંક ૧૪૯

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Physics in the University School of Sciences, Gujarat University, Ahmedabad–380 009 was held on Saturday the 10th August, 1985 at 1–00 p.m. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Dr. S. K. Shah	Present
4.	Dr. E. V. Chitnis	Present
5.	Dr. M. K. Agrawal	Absent
6.	Dr. S. D. Verma (Invitee)	Absent

The following candidates were called for interview :

1.	Shri V. A. Managoli	Present
2.	Shri R. P. Sinha	Present
3.	Shri V. H. Gandhi	Present
4.	Shri A. D. Vyas	Present
5.	Dr. B. P. Agrawal	Absent
6.	Shri Sinha Vijay	Present
7.	Shri A. R. Vandatt	Absent
8.	Shri B. J. Mehta	Present
9.	Dr. P. K. Garga	Absent
10.	Dr. K. P. Singhal	Absent
11.	Shri V. P. Patel	Present
12.	Shri A. S. Joshipura	Absent

After interviewing the candidates who remained present and considering their relative merits, the committee is of the opinion that the following two candidates are suitable for the post of Reader in Physics and recommends them for appointment thereto in the order as follows :

1. Dr. Ravi Prakash Sinha
2. Dr. Amar Datt Vyas

Sd / —

K. S. Shastri
K. C. Parikh
S. K. Shah
E. V. Chitnis

પરિશિષ્ટ "ખ"
સામાન્ય સભાઃ ૧૫૦

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Life Science in the University School of Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Friday the 9th August, 1985 at 2-00 p.m. prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. R. N. Naik	Present
4.	Prof. A. S. Kapoor	Present
5.	Prof. C. M. Desai	Present
6.	Dr. M. N. Desai (Invitee)	Present
7.	Dr. V. C. Shah (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Shri C. R. Vora	Present
2.	Dr. V. C. Soni	Present
3.	Dr. C. B. Shah	Present
4.	Dr. S. R. Dave	Present
5.	Dr. N. Haridas	Absent
6.	Dr. J. P. Trivedi	Absent
7.	Dr. K. S. Patel	Absent
8.	Dr. N. K. Yadav	Absent
9.	Dr. B. P. Patel	Absent
10.	Dr. R. C. Patel	Absent
11.	Dr. R. B. Patel	Absent
12.	Dr. S. M. Laliwala	Absent
13.	Dr. B. R. Pandit	Present
14.	Dr. (Mrs.) Anjana J. Desai	Absent
15.	Dr. B. C. Rana	Absent

16.	Dr. A. V. Vyas	Present
17.	Dr. B. P. Despande	Present
18.	Dr. B. H. Patel	Present
19.	Shri P. P. Vaishnav	Present

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the committee is of the opinion that Dr. C. B. Shah is suitable for the post of Reader in Life Sciences and recommends him for appointment thereto.

Sd / —

K. S. Shastri

K. C. Parikh

R. N. Naik

A. S. Kapoor

C. M. Desai

Dr. M. N. Desai

Dr. V. C. Shah

પરિશિષ્ટ "ચ"

ઠરાવક્રમાંક ૧૫૧

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Zoology in the University School of Sciences, Gujarat University, Ahmedabad–380 009 was held on Friday the 9th August, 1985 at 2–00 p.m. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. R. N. Naik	Present
4.	Prof. A. S. Kapoor	Present
5.	Dr. P. M. Ambedkar	Absent
6.	Dr. V. C. Shah (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Dr. B. H. Patel	Present
2.	Dr. U. M. Raval	Present
3.	Dr. P. Y. Parmar	Present
4.	Dr. (Miss.) N. J. Chinoy	Present
5.	Dr. N. M. Dalal	Absent
6.	Dr. P. P. Sood	Absent

After interviewing the four candidates who remained present for the interview and considering their relative merits, the Committee is of the opinion that Dr.(Miss) N. J. Chinoy is suitable for the post of Professor of Zoology and recommends her for appointment thereto.

Sd / —

K. S. Shastri

K. C. Parikh

R. N. Naik

A. S. Kapoor

Dr. V. C. Shah

પરિશિષ્ટ "હ"

કામકાજ ક્રમાંક ૧૫૨

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor in Mathematics in the University School of Sciences, Gujarat University, Ahmedabad–380 009 was held on Thursday the 8th August, 1985 at 4–30 p.m. prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Shri J. K. Rao	Present
4.	Prof. V. M. Shah	Present
5.	Prof. K. N. Shah	Present
6.	Prof. D. S. Basan (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Shri O. S. Goyal	Absent
2.	Shri I. H. Sheth	Present
3.	Dr. J. P. Sharma	Present
4.	Shri L. K. Patel	Present
5.	Dr. A. M. Vaidya	Present
6.	Shri N. L. Kalathia	Present

After interviewing the five candidates who remained present for the interview and considering their relative merits, the committee is of the opinion that the following are suitable for the post of Professor in Mathematics and recommends them for appointment thereto in order of merit as follows :

1. Dr. A. M. Vaidya and
2. Dr. I. H. Sheth & Dr. L. K. Patel } both at par

Sd / —
K. S. Shastri
K. C. Parikh
J. K. Rao
V. M. Shah
K. N. Shah
Dr. D. S. Basan

પરિશિષ્ટ " જ "

કામકાજ ક્રમાંક ૧૫૩

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor in Botany in the University School of Sciences, Gujarat University, Ahmedabad-9 was held on Thursday the 8th August, 1985 at 1-00 p.m. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. C. N. Pathak	Present
4.	Prof. R. J. Patel	Present
5.	Prof. V. C. Amin	Present
6.	Dr. C. K. Shah (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Dr. A. B. Vora	Present
2.	Dr. S. M. Pandya	Present
3.	Dr. (Miss) Bharati P. Despande	Present
4.	Dr. B. S. Vaidya	Absent
5.	Dr. M. L. Trivedi	Absent
6.	Shri Y. D. Singh	Absent

The committee interviewed the three candidates who remained present for the interview and considered in absentia the application of Dr. B. S. Vaidya & Dr. M. L. Trivedi at their request.

Thereafter considering the relative merits of all these five candidates the committee resolved as follows :

Dr. A. B. Vora is found suitable for the post of Professor of Botany and recommends him for the appointment thereto.

Sd / —
K. S. Shastri
K. C. Parikh
C. N. Pathak
R. J. Patel
V. C. Amin
Dr. C. K. Shah

પરિશિષ્ટ "ક"
કાર્યક્રમ ક્રમાંક ૧૫૫

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Commerce in the University School of Commerce, Gujarat University, Ahmedabad-380 009 was held on Friday the 9th August, 1985 at 12-00 noon. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Prof. M. M. Shah	Present
4.	Prof. S. C. Kuchchhal	Present
5.	Prof. K. C. Mehta	Present
6.	Prof. H. K. Trivedi (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Dr. B. H. Desai	Present
2.	Dr. N. Das Gupta	Present

After interviewing both the candidates who remained present for the interview and considaring their relative merits, the Committee is of the opinion that the post be re-advertised and both these candidates be called for interview again in due course along with other eligible candidates.

Sd / —
K. S. Shastri
K. C. Parikh
M. M. Shah
S. C. Kuchchhal
K. C. Mehta
H. K. Trivedi

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

• ખાનગી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની એક ખાસ સભા શનિવાર, તા. ૩૧—૮—૧૯૮૫ના રોજ બપોરના ૩—૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૧—૮—૧૯૮૫
૧.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનભાઈ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. ઉજમશીભાઈ કાપડિયા	હાજર
૭.	શ્રી. નરહરિ હીરાલાલ અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	ગેરહાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	ગેરહાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	ગેરહાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૪.	શ્રી નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૧૫.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૬.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૭.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૧૮.	શ્રી. જિતેન્દ્રભાઈ શાહ	હાજર
૧૯.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	ગેરહાજર
૨૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ અંબાલાલ શાહ	હાજર
૨૪.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	ગેરહાજર

330-1100-8-85

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ

ખાસ સભા : તા. ૩૧-૮-૧૯૮૫

૧. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મેરિટ પ્રમોશનની યોજના હેઠળ ભૂગોળ વિષયમાં રીડરની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૩૦—૬—૧૯૮૫ની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩—૮—૧૯૮૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૂગોળ વિષયના રીડરની જગ્યા પર ડૉ. (શ્રીમતી) અંજના પી. દેસાઈને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મેરિટ પ્રમોશન યોજના હેઠળ બઢતી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલનને ભલામણ કરવી "

ડૉ. (શ્રીમતી) અંજના પી. દેસાઈ લેક્ચરર, ભૂગોળ વિભાગ, વિજ્ઞાન વિદ્યાભવને નામદાર હાઈકોર્ટમાં કરેલી અરજી સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૪૫૪૦-૧૯૮૫ની બાબતમાં નામદાર હાઈકોર્ટે તા. ૩૧—૮—૧૯૮૫ સુધીમાં તેઓની ઉપરોક્ત રીડરની જગ્યા માટે વિચારણા કરવા તા. ૨૭—૮—૧૯૮૫ના હુકમો આપેલા તેના સંબંધિત કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

અગાઉ તા. ૨૪—૮—૧૯૮૫ની સભામાં ભૂગોળ વિભાગ, વિજ્ઞાન વિદ્યાભવનના લેક્ચરર ડૉ. કે. એમ. કુલકર્ણીની તા. ૨૪—૮—૧૯૮૫ની મેરિટ પ્રમોશન અંગેની રજૂ કરવામાં આવેલી અરજીનો પણ સભાગૃહ સમક્ષ ઉલ્લેખ કરવામાં આવ્યો.

ત્યાર બાદ કુલસચિવશ્રી તરફથી યુનિવર્સિટીના શિક્ષકોની મેરિટ પ્રમોશન યોજના અંગેનો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીનો ડી. ઓ. પત્રાંક એફ. ૧-૮૭-૭૮ (સીપી-એમ.પી.) તા. ૧—૫—૧૯૮૫ તેમજ પત્ર ક્રમાંક ડી.ઓ.એફ. ૧- ૮૭-૭૮ (સીપી-એમ.પી.) તા. ૧૯—૭—૧૯૮૫ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. યુ.જી.સી.ના તા. ૧—૫—૧૯૮૫ તેમજ તા. ૧૯—૭—૧૯૮૫ના સદરહુ પત્રોમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીચે મુજબની સૂચનાઓ આપેલી હતી તે પરત્વે સભાગૃહનું ધ્યાન દોરવામાં આવ્યું :

"The teachers who are eligible upto 31-3-1985 would only be covered as per eligibility conditions and the extension of the time upto 30-6-85 is provided only to complete necessary formalities."

મેરિટ પ્રમોશન યોજના હેઠળ યુનિવર્સિટીના દરેક શિક્ષકોની તા. ૩૧—૩—૧૯૮૫ના રોજની જ યોગ્યતા (eligibility) ધ્યાનમાં લેવામાં આવેલી હતી તે માહિતી પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

ડૉ. (શ્રીમતી) એ. પી. દેસાઈની શૈક્ષણિક લાયકાત અને અનુભવ વિગેરેની સંપૂર્ણ વિગતો (bio-data) સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

સમગ્ર બાબત અંગે પૂરતી ચર્ચાવિચારણાને અંતે ૧૦ વિ. ૧ (દસ વિરુદ્ધ-એક) મતે ઠરાવવામાં આવ્યું કે ડૉ. (શ્રીમતી) અંજના પી. દેસાઈ તા. ૩૧-૩-૧૯૮૧ના રોજ લેક્ચરરની જગ્યામાં આઠ વર્ષના અનુભવની યોગ્યતા (eligibility) ધરાવતાં ન હોવાથી મેરિટ પ્રમોશન યોજના હેઠળની ભૂગોળ વિષયના રીડરની જગ્યા ઉપર તેઓની નિમણૂક થઈ શકે તેમ નથી. અને આથી વરણી સમિતિની તા. ૩૦—૬—૧૯૮૧ની તેમજ ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૮૧ની ભલામણો મંજૂર કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૨. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે માસ્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન (એમ.પી.ઈ.)નો અભ્યાસક્રમ વૅકેશન અને રેગ્યુલર કોર્સ ચલાવવા બોર્ડની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક. ૧૩).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્ર બાબતમાં નિમાયેલ સમિતિની ભલામણો અંગે બી.એસસી. ફિઝિકલ એજ્યુ-કેશન (હેલ્થ એજ્યુકેશન ઍન્ડ સ્પોર્ટ્સ)નો ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૫ની સભામાં ભલામણ કરી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૨૮).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૧૧૭૦૧૩/૧૯૮૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય.
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

તા. ૩-૧૦-૧૯૮૫

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ—૩૮૦ ૦૦૯.

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૫—૧૦—૧૯૮૫ના રોજ બપોરના ૧૨—૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૫—૧૦—૧૯૮૫
૧.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. ઉજમશીભાઈ કાપડિયા	ગેરહાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	હાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૪.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૧૫.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર
૧૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૭.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૧૮.	શ્રી. જિતેન્દ્રભાઈ શાહ	હાજર
૧૯.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	ગેરહાજર
૨૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	ગેરહાજર
૨૩.	શ્રી. કનુભાઈ અંબાલાલ શાહ	હાજર
૨૪.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	ગેરહાજર.

તા. ૫—૧૦—૧૯૮૫ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે નોંધ પર કુલપતિશ્રીએ સહી કરી :

સુધારો.—(૧) (અ) તા. ૫—૧૦—૧૯૮૫ની સભાના બાબત ક્રમાંક ૧૪ પરના ઠરાવમાં "ઑર્ડિનન્સ ૧૬૬ મંજૂર કરવો" તે શબ્દો પછી કૌંસ કરી નીચે પ્રમાણેના શબ્દ ઉમેરવાનું રાખવું : "(સદરહુ ઑર્ડિનન્સની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે આ સાથે સામેલ છે.)"

(બ) સદરહુ સભાનો બાબત ક્રમાંક ૧૪ પરના ઠરાવમાં ડાયરેકટર ઑફ કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની જગ્યા માટેની જે વરણી સમિતિ નીમવામાં આવી છે તેના ક્રમાંક ૩માં એકિઝકયુટિવ કાઉન્સિલ (સિન્ડિકેટ) નિયુકત પ્રતિનિધિ પછી ડૉ. એમ. એન. દેસાઈનું નામ ઉમેરવાનું રાખવું અને ક્રમાંક ૪માં જણાવેલ નામ રદ કરવું.

(૨) બાબત ક્રમાંક ૧૮ પરના ઠરાવમાં છેલ્લે "સદરહુ ઑર્ડિનન્સ ૧૭૩ની નકલ પરિશિષ્ટ 'ધ' તરીકે સામેલ છે" એમ છપાયેલ છે તેને બદલે, "સદરહુ ઑર્ડિનન્સ ૧૭૨ અને ૧૭૩ની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે." એમ સુધારીને વાંચવું.

(૩) બાબત ક્રમાંક ૬ના પ્રસ્તાવ નં. ૨ની પહેલી લાઈનમાં "પરિપત્રિત" શબ્દને બદલે "પરિપત્ર" એમ સુધારીને વાંચવું.

[એકિઝકયુટિવ કાઉન્સિલ : તા ૨૧—૧૨—૧૯૮૫

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ

સભા : તા. ૫-૧૦-૧૯૮૫

૧. તા. ૨૪-૮-૧૯૮૫ અને તા. ૩૧-૮-૧૯૮૫ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૪-૮-૧૯૮૫ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તા. ૩૧-૮-૧૯૮૫ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ યથાવત રીતે મંજૂર કરવામાં આવી અને તે બંને નોંધો પર કુલપતિશ્રીએ સહી કરી :

સુધારો. — (૧) તા. ૨૪-૮-૧૯૮૫ની સભાના બાબત ક્રમાંક-૭૩માં સુધારેલ ઑર્ડિનન્સ-૧૫૯માં ક્રમાંક-૩ પછી ૪ રોમનમાં લખવો જોઈએ અને તેમાં (*a*) પછી જે (*b*) દર્શાવેલ છે તેને બદલે (*c*) વાંચવો.

(૨) બાબત ક્રમાંક-૬૬ના પરિશિષ્ટમાં સ્થાયી સમિતિની સભાની નોંધને અંતે કુલસચિવવતી સહી કરનારનું નામ મ. દ. ત્રિવેદી છપાયું છે તે સુધારીને એમ. પી. જડિયા કરવું.

(૩) બાબત નં. ૨(૧૬)માં જણાવેલા કુલપતિશ્રીનાં કાર્યની નોંધ લેવામાં આવી તેના સંદર્ભમાં વધુમાં ઠરાવવામાં આવ્યું કે ડૉ. એમ. એન. દેસાઈને તેમના અહીંના કામકાજમાં હરકત ન આવે તે રીતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકે માનાર્હ ધોરણે કામ કરવા માટે મંજૂરી આપવી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) સાબર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતિજ તરફથી જૂન, ૧૯૮૫થી બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર રાખ્યાનું :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાબર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતિજ નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૯-૧૯૮૫ સુધીમાં કરે તો તેને બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૫થી તા. ૧૪–૬–૧૯૮૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. સંસ્કૃતના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે અને તે માટે રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪ સંસ્કૃતના વિષયનાં પુસ્તકો માટે રૂ ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; તથા

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિન-શિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

(૨) શ્રીમતી એસ. સી. પટેલ ફરતી ફૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ તરફથી પોતાના નવા બંધાયેલા મકાનમાં સ્થળાંતર કરવા માટે આવેલી અરજીની બાબતમાં નિયુક્ત થયેલી તપાસ-સમિતિના હેવાલમાં દર્શાવેલી નીચેની શરતોનું કૉલેજ પાલન કરે તે શરતે હેવાલ સ્વીકાર્યાનું :

૧. કૉલેજના વિદ્યાર્થીઓ માટે બાંધવામાં આવેલી હૉસ્ટેલ, રસોડું અને તેમાં અન્ય વિભાગો બંધ કરીને ત્યાં આઈ. ટી. આઈ. માટે ગોઠવણ કરવામાં આવે;

૨. ગોઠવણ અંગે સર્વસંમતિથી થયેલી વ્યવસ્થામાં કોઈ પણ ફેરફાર કરવો પડે તો તે યુનિવર્સિટીની પૂર્વસંમતિ વગર કરી શકાશે નહીં તે માટે જરૂરી બાંહેધરી આપવામાં આવે;

૩ આઈ. ટી. આઈ.ના વર્ગો કૉલેજના મકાનમાં બેસવા દેવાની મંજૂરી તદર્થ ધોરણે ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ આપવામાં આવી હોઈ તે સમય દરમિયાન મંડળે આઈ. ટી. આઈ.ના નવા બંધાતા મકાનમાં આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ બનાવીને આઈ. ટી. આઈ.ની તમામ વ્યવસ્થા કૉલેજના મકાનમાંથી ખસેડવાની લેખિત બાંહેધરી આપવામાં આવે.

(૩) મેરિટ પ્રમોશન યોજના હેઠળની ભૂગોળના વિષયમાં ડરરીની જગ્યા માટે ભૂગોળ ભવનનાં લેક્ચરર ડૉ. શ્રીમતી અંજના પી. દેસાઈએ નામદાર હાઈકોર્ટમાં કરેલી અરજી.

(સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૪૫૪૦—૧૯૮૫ની બાબતમાં વકીલશ્રી નિરંજન જે. મહેતાને રોકવાની તેમ જ તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાના.)

(૪) સ્ટે. ૧૮૮(૨) હેઠળ એસ્ટેટ વિભાગમાં જુ. વાયરમેન શ્રી. ડી. એસ. પંડિતની રૂ. ૧૦,૫૦૦ની લોન મંજૂર કર્યાનું.

(૫) બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૮–૯–૧૯૮૪ની સભાની ભલામણ જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧–૧૨–૧૯૮૪ની સભામાં મંજૂર કરી છે તે અન્વયે સુધારવામાં આવેલ એમ.ફિલ. ઑર્ડિ. ૧૨માં અગાઉ નીચે દર્શાવ્યા પ્રમાણેથી જે જોગવાઈ હતી તે દર્શાવવાની રહી ગઈ હોવાથી તે જોગવાઈ ઉમેરીને સદરહુ ઑર્ડિ. સુધાર્યાનું :

"The dissertation will be treated as accepted only if the candidate has made satisfactory performance both at writing the dissertation and the viva voce examination thereof. In case of a candidate whose dissertation has been once accepted will not be required to resubmit the dissertation if he reappears at the examination.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ૨(૨)માં દર્શાવેલ શરત–૧ નીચે પ્રમાણે વંચાય તેમ સુધારવી :

શરત ૧ : કૉલેજના વિદ્યાર્થીઓને માટે બાંધવામાં આવેલ હૉસ્ટેલ, રસોડું અને તેમાં અન્ય વિભાગોમાં આઈ.ટી.આઈ. માટે નવું મકાન બને નહિ ત્યાં સુધી તેના વિદ્યાર્થીઓને બેસવા દેવા ગોઠવણ કરવામાં આવે. કૉલેજના મકાનમાં આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓને બેસવા માટેનો ઉપયોગ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી વિના કર્યો તે માટે યુનિવર્સિટીએ તપાસ કરવાનું જરૂરી બન્યું અને તેને કારણે જે કાંઈ ખર્ચ સમિતિના સભ્યોને મોકલવા અંગે થયો તે કૉલેજ પાસેથી મજરે લેવો.

૩. કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોને સરકારશ્રી તરફથી અનુદાન ન મળતું હોઈ હાલ ઑ. ૧૫૯ થી ટ્યુશન ફીનું જે ધોરણ નક્કી કરેલ છે તેમાં જરૂરી વધારો કરી આપવા આચાર્યશ્રી એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ તરફથી તેમના તા. ૨૮–૮–૧૯૮૫ના પત્રથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — ઑ. ૧૫૯માં હાલ નીચે પ્રમાણેની જોગવાઈ છે :

		Rs.
(1) (*iii*) (*a*)	Law colleges in the City of Ahmedabad	150—00
(*b*)	Law colleges others than those situated in the city of Ahmedabad.	200—00

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૪. સને ૧૯૮૩–૮૪ના વર્ષના ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલ પરત્વે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩-૮-૧૯૮૫ની સભામાં લીધેલ નોંધના સંદર્ભમાં વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૯)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હેવાલની નોંધ લેવી, અને તે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરવો.

૫. શૈક્ષણિક વર્ષ ૧૯૮૫-૮૬ દરમિયાન સત્રોની વ્યવસ્થા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮-૭-૧૯૮૫ની સભામાં ઠરાવ્યા પ્રમાણે પ્રથમ સત્રની સમાપ્તિ તા. ૨૪-૧૨-૧૯૮૫ના રોજ થાય છે તેના સંદર્ભમાં અધ્યાપકોની નિવૃત્તિની બાબતમાં આર્ટ્સ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રીએ તા. ૨૨-૧૧-૧૯૮૫ના રોજ ૬૦ વર્ષ પૂરાં કરતા અધ્યાપકને કઈ તારીખે નિવૃત્ત કરવા તે અંગે કરેલી વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮–૭–૧૯૮૫ની સભાના ઠરાવ અનુસાર પ્રથમ સત્રમાં નિવૃત્તિપાત્ર થતા હોય તો તેમની નિવૃત્તિની તા. ૩૧મી ઑક્ટોબર રહે છે અને બીજા સત્રમાં નિવૃત્તિને પાત્ર થતા હોય તો તેમની નિવૃત્તિની તા. ૧૪મી જૂન રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા ૨૮—૭—૧૯૮૫ની સભામાં ઠરાવ્યા પ્રમાણે પ્રથમ સત્રની સમાપ્તિ તા. ૨૪—૧૨—૧૯૮૫ના રોજ થાય છે. તે સંદર્ભમાં મોડાસા આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીએ તેમના પત્રમાં જણાવેલ હકીકત મુજબ તા. ૨૨—૧૧—૧૯૮૫ના રોજ ૬૦ વર્ષ પૂરા કરતાં અધ્યાપકની નિવૃત્તિની તારીખ ૩૧—૧૨—૧૯૮૫ આ વર્ષ પૂરતું તદર્થ ધોરણે ગણવાનું રાખવું અને આ અંગે આચાર્યશ્રીને જાણ કરવાનું રાખવું.

(નોંધ.—શૈક્ષણિક વર્ષના બીજા સત્રની સમાપ્તિ ઑર્ડિ. ૭૫ અન્વયે જે તે વર્ષની ૧૪મી જૂનના રોજ થાય છે પરંતુ ચાલુ વર્ષે વિશિષ્ટ સંજોગોમાં સત્રોની ગોઠવણીમાં ફેરફાર થયો છે અને તે તા ૨૪-૧૨-૧૯૮૫ મુકરર કરવામાં આવી છે. તેથી સામાન્યતઃ બીજા સત્ર દરમયાન એટલે કે બીજી નવેમ્બર પછી નિવૃત્તિ તા. ૧૪-૬-૧૯૮૬ સુધી લંબાવી શકાય પરંતુ ઉપરના ઠરાવનાં અમલીકરણથી આવા કેસોમાં નિવૃત્તિની તા ૨૪-૧૨-૧૯૮૫ ઠરાવી છે તેથી ઉપરના ઠરાવના અમલીકરણથી આવા શિક્ષકોને વિપરીત અસર થાય છે તે શૈક્ષણિક દૃષ્ટિએ ઉચિત જણાતું નથી. આથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૧ની કંડિકા (૫-એ) અન્વયે આ ઠરાવની પુનર્વિચારણા કરવાનો તથા તે દરમિયાન ઉપર જણાવેલ ઠરાવનો અમલ મોકૂફ રાખવાનો કુલપતિશ્રીએ આદેશ આપ્યો છે).

૬. આચાર્યશ્રી આર. એચ. વ્યાસ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

૧. ગુજરાત રાજ્ય દ્વારા પરિપત્રિત અધ્યાપકો માટેની પેન્શન યોજનાનો સાભાર સ્વીકાર કરેલો છે જે અંગે જરૂરી ઑર્ડિનાન્સ ઘડવો.

૨. અધ્યાપકો માટેની પેન્શન યોજના અંગેના સદર પરિપત્રિત અને જી. આર.ના અનુસંધાનમાં સમગ્ર અધ્યાપકવર્ગના યોગ્ય હિતને અનુલક્ષીને યુનિવર્સિટીએ રાજ્ય સરકારનાં યોગ્ય સત્તામંડળો સમક્ષ નીચેની બાબતો અંગે રજૂઆત કરી તે મુજબ યોગ્ય જાહેરાત થાય તેવી રાજ્ય સરકારને વિનંતી કરવી :

(અ) જે અધ્યાપકોને તેમની એક યા બીજી સંલગ્ન કૉલેજોમાંની નોકરીમાં એક યા બીજા કારણસર સી.પી.એફ. યોજનામાં આવરી લેવાયા ન હોય અને તેનો લાભ પ્રાપ્ત ન થયો હોય તેવા અધ્યાપકોને પણ તેમની તે નોકરીને પણ ધ્યાનમાં લઈ પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે.

(બ) જે અધ્યાપકોને તેમની એક યા બીજી સંલગ્ન કૉલેજમાંથી નોકરી દરમિયાન સી. પી. એફ. યોજનાનો લાભ મળ્યો હોય ખરો, પરંતુ તે સંસ્થામાંથી છૂટા થતી વખતે એક યા બીજા કારણસર, દા.ત., નોકરીનો સમયગાળો ઓછો હોય, સી. પી. એફ.ની યોજના અન્વયે સંચાલક મંડળના ફાળાની રકમ મળી ન હોય તેવા અધ્યાપકોને પણ તેમની તે નોકરીને પણ ધ્યાનમાં લઈ પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે.

(ક) જે અધ્યાપકોને તેમની એક યા બીજી સંલગ્ન કૉલેજમાંની નોકરી દરમિયાન સી.પી.એફ. યોજનાનો લાભ મળ્યો હોય અને તે સંસ્થામાંથી છૂટા થતી વખતે સંચાલક મંડળના ફાળાની રકમ પણ મળી હોય, પરંતુ તેમની તે સંસ્થામાંની નોકરીના ગાળા દરમિયાન સદર સંસ્થાએ રાજ્ય સરકારની ગ્રાન્ટ લીધી ન હોય તોપણ તેવા અધ્યાપકોને પણ તેમની તે નોકરીને પણ ધ્યાનમાં લઈ પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે.

(ડ) યુનિવર્સિટી સંલગ્ન જે કૉલેજો ગ્રાન્ટ ન લેતી હોય કે ભૂતકાળમાં ન લીધી હોય પરંતુ નિયમ મુજબ સી.પી.એફ. યોજનાનો અમલ કરતી હોય તેવી કૉલેજોના આચાર્ય, અધ્યાપકો, શારીરિક શિક્ષણના અધ્યાપકો તથા ગ્રંથપાલોને પેન્શન યોજનાનો લાભ તેઓ જે તારીખથી આવી કૉલેજમાં જોડાયા હોય તે તારીખથી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી આર. એચ. વ્યાસ તરફથી આવેલ ઉપરોક્ત પ્રસ્તાવ ૧ સ્વીકારવો અને તે અંગે જરૂરી ઑર્ડિનન્સ ઘડવાનું રાખવું. તેમના પ્રસ્તાવ ૨માં જણાવેલ બાબતો અંગે નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવી અને આ તમામ બાબતો જોઈ-તપાસી તેમ જ અ. બાબતોને સ્પર્શતી અન્ય પણ કોઈ બાબત વિચારવી જરૂરી જણાય તો તે પણ જોઈ આ અંગે એક સુચિંતિત હેવાલ રજૂ કરવા તે સમિતિએ જણાવવું. દરમ્યાનમાં પેન્શન યોજનાને સ્વીકારવા બાબતમાં વિકલ્પ અંગેની જાણ રાજ્ય સરકારને કરવા જે સમય-મર્યાદા નક્કી થઇ છે તે લંબાવી આપવા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવાનું રાખવું.

(૧) શ્રી. કનુભાઇ શાહ

(૨) પ્રિ. આર. એચ. વ્યાસ

(૩) પ્રિ. દર્શનસિંગ શીખ.

૭. મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી અમદાવાદ અને વૈદિક ફિલોસોફીના વિષયો શીખવવા માટેની કાયમી માન્યતા મેળવવા માટેની અરજી પરત્વે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મૂકેલી શરતોનું પરિપાલન કર્યાની જાણ સદરહુ સંસ્થાએ કરેલ હોઈ તેને કાયમી માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મહાર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી. અમદાવાદે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મૂકેલ શરતોનું પરિપાલન કરેલ હોઇ સદરહુ સંસ્થાને વૈદિક ફિલોસોફીના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન માટે કાયમી માન્યતા આપવી.

૮. ડૉ. એ. બી. વ્યાસના માર્ગદર્શન હેઠળ પ્રાણીવિજ્ઞાન વિષયમાં સંશોધનકાર્ય કરતા પીએચ.ડી. વિદ્યાર્થી શ્રી. જે. પી. પાટીલના મહાનિબંધ પરના રેફરીઓના અહેવાલ પર વિચારણા કરવા બાબત :

રેફરીનું નામ	અહેવાલમાં કરેલી ભલામણ
૧. પ્રો. અર્લ હેન્સલ	મહાનિબંધ સુધારીને ફરી લખવા જણાવે છે.
૨. પ્રો નાગભૂષણમ્	મહાનિબંધ માન્ય ગણે છે.
૩. ડૉ. એ. બી. વ્યાસ	બંને રેફરીઓની ભલામણ સાથે સંમત છે.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ એ. બી. વ્યાસના માર્ગદર્શન હેઠળ સંશોધનકાર્ય કરતા પીએચ.ડી. વિદ્યાર્થી શ્રી જે. પી પાટીલને તેમનો મહાનિબંધ સુધારીને ફરી રજૂ કરવા જણાવવું.

૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ) :

(૧) ગુજરાતની વડી અદાલતમાં રજૂ થયેલ નીચેની વિગતની અરજીઓના કામમાં શ્રી સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

અરજી નંબર	પક્ષકારો
૧. સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૩૯૦૮—૧૯૮૫	એ એસ. બેનરજી વિરુદ્ધ બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ નોકરી ટર્મિનેટ કર્યા અંગે.
૨. સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૫૧૩૭-૮૫	એમ. એમ. ધોળકિયા, પીપલ્સ એજ્યુકેશન સોસાયટી. ભૂજ વિરુદ્ધ ગુજરાત સરકાર લો કૉલેજનો નોરમલ ગ્રાન્ટમાં સમાવેશ કરવા.
૩. સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૪૬૭૨-૮૫	પનાબેન આર. ઠાકોર વિરુદ્ધ ગુજરાત રાજ્ય વિરુદ્ધ ગ્રંથપાલના પગારધોરણ અંગે.

અરજી નંબર	પક્ષકારો
૪. સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૧૯૮૧—૮૫	આચાર્ય રામકુંવરસિંગ વિરુદ્ધ સાબરકાંઠા મહાવિદ્યા મંડળ, તલોદ મળવાપાત્ર પગાર તફાવત, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી માટે સેવા પંચને કરેલ અરજી ૪૭—૧૯૮૩ ઉપર આપેલ હુકમ પર
૫. સ્પે સિવિલ એપ્લિકેશન નં. ૪૯૪૦—૮૫	ડૉ. પૂર્ણિમા એમ. શાહ વિરુદ્ધ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સસ્પેન્શનને આપેલ બહાલીને રદ કરવા.

(૨) ૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની "Functioning of the College Development Council set up in the Universities–Revised guide-lines" યોજના તેમના તા. ૨૩—૮—૧૯૮૫ના પત્ર ક્રમાંક એફ ૧૫-૧૧/૮૪ (સી.પી.પી.) અન્વયે તે પત્રમાં દર્શાવેલ શરતોએ તા ૩૧—૩—૧૯૯૦ સુધી આ યોજના મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત; તથા

૨. આ જગ્યા હવે તા. ૧—૧૦—૧૯૮૫થી નવા માળખા પ્રમાણે જાહેરખબર આપી પૂરવાની હોઈ તે જગા માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો નિયત કરવા અંગે અને

૩. આ અંગે નિર્ણય લેવાય તેના વચગાળાના સમય દરમિયાન હાલની વ્યવસ્થા ચાલુ રાખ્યાના;

(૩) આ યુનિવર્સિટીની થર્ડ બી.એસસી કેમિસ્ટ્રી પેપર-૮ (ઓર્ગેનિક કેમિસ્ટ્રી) પરીક્ષા તા. ૨૫—૯—૧૯૮૫ના રોજ હતી તે પહેલાં આ પ્રશ્નપત્ર ફૂટી ગયું હોવાથી આ પ્રશ્નપત્રની નિયત પરીક્ષા રદ કર્યાના અને આ પ્રશ્નપત્રની પરીક્ષા તા. ૨૯-૯-૧૯૮૫ને રવિવારના રોજ રાખ્યાના;

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી

૧૦. યુનિવર્સિટી કૉમ્પ્યુટર વિભાગમાં જૂના કૉમ્પ્યુટર આઈ.બી.એમ. ૧૬૨૦ને બદલે વી. એ. એકસ ૧૧/૭૩૦ કૉમ્પ્યુટર વસાવવાને કારણે કેટલીક નવી જે જગ્યાઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેના તા. ૨૬-૪-૧૯૮૬ના પત્રથી મંજૂર કરવામાં આવી છે તેના સંદર્ભમાં હાલની યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટરમાંની કેટલીક જગ્યાઓને આવી Corresponding જગ્યાઓ સામે કઈ જગ્યાઓનો સમાવેશ (Ansorb) કરવો અને તે સિવાયની કઈ કઈ જગ્યાઓની જાહેરાત આપીને ભરવી. તેના સંદર્ભમાં કૉમ્પ્યુટર સમિતિની તા. ૧૧-૧-૧૯૮૫ની ભલામણ પર વિચારણા કરી એક્ઝીક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૯/૧૦-૩-૧૯૮૫ની સભામાં સદરહુ બાબતમાં કૉમ્પ્યુટર સેન્ટર અંગેની જુદી જુદી જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત, પગારધોરણ ઇત્યાદિ જોઈ-તપાસી પોતાનો

સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીમેલ સમિતિની તા. ૧૫-૬-૧૯૮૫ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા ૯/૧૦-૩-૧૯૮૫ની સભામાં નીમેલ ઉપરોક્ત સમિતિની તા. ૧૫-૬-૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિનો હેવાલ પરિશિષ્ટ 'ક' તરીકે સામેલ છે.)

૧૧. "અટિરા"ને માન્ય સંસ્થા તરીકે તા. ૧૪-૬-૧૯૮૫ સુધીની માન્યતા યુનિવર્સિટી ધારાની કલમ ૩૫-એ અન્વયે આપેલી છે અને ત્યાર બાદ તેની માન્યતા ચાલુ રાખવા માટે સદરહુ સંસ્થાએ અરજી કરી નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. યુનિવાર્સિટીના ટાઇપિંગ વિભાગમાં ટાઈપિસ્ટ તરીકે કામ કરતા નીચેનાં કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કઈ તારીખથી કાયમ કરવા
૧.	શ્રીમતી હર્ષાંગિની વાય. જાની	તા. ૯–૧૦–૧૯૮૫	તા. ૧૦–૧૦–૧૯૮૫
૨.	શ્રી. એચ. આર. રાવલ	,,	,,

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના ટાઇપિંગ વિભાગમાં ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રીમતી હર્ષાંગિની વાય. જાની અને શ્રી એચ. આર. રાવલને તેમના નામ સામે જણાવેલ તારીખથી કાયમ કરવા.

૧૩. ગુજરાત યુનિવર્સિટી કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળના પ્રમુખની "સંલગ્ન કાયદાની કૉલેજો તથા માન્ય સંસ્થાઓના કર્મચારીઓ માટે મોંઘવારી પગાર ૩૨૦ ભાવાંક ડી.એ. ઉપર પ્રો.ફંડની રકમ કપાત કરવા" અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — (૧) સદરહુ ઠરાવ ફક્ત ગ્રાન્ટ ઇન એઇડ લેતી કૉલેજોને લાગુ પડતો હોઈ કાયદાની કૉલેજો અને માન્ય સંસ્થાઓને લાગુ પાડવાનો પ્રશ્ન રહે છે.

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તા. ૨૦–૯–૧૯૮૦ની સભામાં ઠરાવ ક્રમાંક ૪૧૫ સરકારના વર્ધિત પ્રૉવિડંટ ફંડ અંગેના તા. ૫–૭–૧૯૭૯ના ઠરાવ ૧૦૭૯-૧૬૮૮–૫ તથા તા. ૫–૭–૧૯૮૩ ઠરાવ નં. ટીપીવી–૧૦૮૩–૧૦૦૭(૪) એમ ઠરાવોમાં જણાવ્યા પ્રમાણે પ્રૉવિડંટ ફંડનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને તા. ૧-૪-૧૯૭૯થી આપવાનું અને કર્મચારી ઇચ્છે તો તા. ૩૦-૯-૧૯૭૭થી આપવાનું ઠરાવ્યું છે]

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કાયદાની કૉલેજો તથા માન્ય સંસ્થાઓના કર્મચારીઓ માટે મોંઘવારી પગાર ૩૨૦ ભાવાંક ડી. એ. ઉપર પ્રોવિડન્ટ ફંડની રકમ કપાત કરવા સંલગ્ન કાયદાની કૉલેજો તથા માન્ય સંસ્થાઓને જણાવવું અને આનો અમલ જે તારીખથી શિક્ષકોને લાગુ પાડવામાં આવ્યું છે તે તારીખથી જ કરવાનું રાખવા જણાવવું.

૧૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૩-૮-૧૯૮૫ના પત્રાંક એફ. ૧૫-૧૧/૮૪ (સીપીપી) થી મોકલેલ કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં માળખા અંગેના પુનઃ નિર્મિત માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ સુધારેલ ઑર્ડિ. ૧૬૬ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયે સૂચવેલ સુધારેલ ઑર્ડિનાન્સ-૧૬૬ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૩–૮–૧૯૮૫ના પત્રાંક-એફ-૧૫-૧૧/૮૪ સીપીપી/માં તા. ૧–૧૦–૧૯૮૫થી અમલમાં આવતા કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના નવા માળખાના સંદર્ભમાં ડાયરેક્ટર ઑફ કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ માટે અખિલ ભારતીય ધોરણે જાહેરાત આપી અરજીઓ મંગાવી નિમણૂક કરવી આવશ્યક હોઈ તેમ જ તે અંગેની વરણીસમિતિનું માળખું પણ આપ્યું હોઈ તેના સંદર્ભમાં ડાયરેક્ટર ઑફ કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની જગ્યા માટે ઓછામાં ઓછો ૧૦ વર્ષનો શૈક્ષણિક અને/અથવા વહીવટી અનુભવ આવશ્યક ગણવો અને આ જગ્યા માટેની વરણી સમિતિ પર ઉપરની જોગવાઈ જોતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે ડૉ. એમ. એન. દેસાઈની નિમણૂક કરવાનું રાખવું. આમ આ માટેની વરણી સમિતિ નીચેના સભ્યોની બને છે:

(૧) કુલપતિશ્રી (પ્રમુખ)

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન નિયુક્ત પ્રતિનિધિ

(૩) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (સિન્ડિકેટ) નિયુક્ત પ્રતિનિધિ

(૪) પ્રતિનિધિ ડૉ. એમ. એન. દેસાઈ.

૧૫. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૦-૯-૧૯૮૫ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૦–૯–૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૯-૧૯૮૫ની સભાની ભલામણોની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તા. ૯-૯-૧૯૮૫ના પત્રાંક એફ. ૧૩-૨/૧૯૮૫ (સી.સી.પી.) અન્વયે આ યુનિવર્સિટીને સને ૧૯૮૫-૮૬ના નાણાકીય વર્ષ દરમિયાન રૂ. ૪૫,૦૦૦ (પિસ્તાલીસ હજાર)ની આર્થિક સહાય વિવિધ યોજના માટે

મળવાપાત્ર હોઈ તે અંગેની જે તે યોજના માટે નીચે મુજબ ફાળવણી મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક નંબર	યોજના	ફાળવણીની રકમ	યુ.જી.સી.ની સહાયની ટકાવારી
1.	(a) Travel-grant to teachers Scientific and Technical Officers for participation in the International Conference / Seminars / Symposia held abroad.	27,000/-	50%
	(b) Participation of the V. C. in the Common Wealth University, Vice-Chancellors		
2.	Travel grant to teachers :		
	(a) Technicians/Research Scholars for Visiting Centres of Research within India.	5,000/-	
	or		
	(b) to attend academic conference Seminars etc. within India.	9,000/-	
3.	Exchange of Teachers	4,000/-	
		Total :	45,000/-

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને મળવાપાત્ર સદરહુ અનુદાનમાંથી વિવિધ યોજનાઓ માટે ઉપર જણાવ્યા મુજબ ફાળવણી કરવાનું રાખવું.

૧૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) યુનિવર્સિટી (એસ્ટેટ વિભાગ)ના નાયબ એન્જિનિયર (ઇલેક્ટ્રિકલ) શ્રી. જે. સી. પટેલને ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં સને ૧૯૮૫–૮૬ ના વર્ષમાં સાંજના એમ.બી.એ.નો અભ્યાસ કરવા માટે ફી ભરવા વાસ્તે રૂ ૩,૦૦૦ની બાર સરખા હપતામાં વસૂલ થાય તે પ્રકારની વ્યાજમુક્ત લોન આપ્યાનું;

(૨) (૧) ચાલુ શૈક્ષણિક વર્ષનું શૈક્ષણિક કાર્ય તાકીદે શરૂ થાય તે હેતુથી ફર્સ્ટ બી.એ., બી.એસસી., બી.કૉમ. અને સેકન્ડ બી.એ., બી.એસસી., બી.કૉમ. તેમ જ ફર્સ્ટ એલએલ.બી.ના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે લેવાયેલી જે પરીક્ષાઓમાં બેઠા છે તે સૌને તેમની પરીક્ષાનું પરિણામ જ્યારે જાહેર થાય તે પરિણામને આધીન તેઓને કામચલાઉ ધોરણે ઉપરના વર્ગમાં જોડાવાની છૂટ આપ્યાનું;

(૨) (૨) યુનિવર્સિટી પરીક્ષાઓમાંથી કેટલીક પરીક્ષાઓમાં ડમી પદ્ધતિ અને કેન્દ્રીય મૂલ્યાંકન હોવાથી અને પરીક્ષાનું પરિણામ ત્વરિત બહાર પાડી શકાય તે હેતુથી જે અધ્યાપક પરીક્ષાના કામ સાથે સંકળાયેલ હોય તેમને ઑન ડયુટી ગણવા માટે કોલેજના આચાર્યશ્રીઓને સૂચના આપવાનું;

(૩) ૧. સંલગ્ન કોલેજોમાં કુલપતિશ્રીએ જે શિક્ષકોની નિમણૂકોને માન્ય રાખી છે તેની યાદી.

૨. સંલગ્ન કોલેજોમાં જે શિક્ષકો આ અગાઉ વ્યાખ્યાતા તરીકે માન્ય થયેલા છે અને અન્ય કોઈ કોલેજમાં તેજ પદ પર નિમાયા છે તેમની નિમણૂકોની યાદી.

૩. પશ્ચાદ્વર્તી તારીખથી માન્ય થયેલા શિક્ષકોની યાદી.

૪. જોડાણના સંદર્ભમાં માન્ય થયેલા શિક્ષકોની યાદી.

૫. ટયૂટરના પદમાંથી વ્યાખ્યાતા પદ પર નિમાતા વ્યાખ્યાતા તરીકે માન્ય કરવામાં આવેલા શિક્ષકોની યાદી.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

(ઉપર્યુક્ત કંડિકા (૩)માં નિર્દિષ્ટ શિક્ષકોની યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૮. સંલગ્ન કોલેજો તેમ જ માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતો ઈ. આવરી લઈ તે અંગેનો ઑર્ડિનન્સ આ સાથે જોડયા પ્રમાણે વંચાય તે રીતે ઘડવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કોલેજો તેમ જ માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતો, ઇત્યાદિ અંગેનો ઑર્ડિનન્સ-૧૭૩ મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો અને હાલનો ઑર્ડિનન્સ ૧૨૮-ડી અને ૧૨૮-આઈ તાત્કાલિક રદ કરવા.

Rule of Provident fund for the employees of the Affiliated colleges and Recognised Institutions છે તેને ઑર્ડિનન્સ નં. ૧૭૩ આપવો.

(સદરહુ ઑર્ડિનન્સ ૧૭૩ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૬–૯–૧૯૮૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ખૂટતી હાજરી માફ કરવા અંગેનો અનુ. નિયમ-૩-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

P.G. Rule 3–A :

It shall be competent for the Principal to condone on the recommendation of the Professor–in–charge of a post–graduate centre in the subject

concerned, or for the Director of the University School on the recommendation of the Head of the Department of the subject concerned, the deficiency in attendance of a candidate caused on account of bonafiedillness or participation in sports or extracurricular activities on behalf of the College or the University, as the case may be, provided that the candidate has attended not less than 25 per cent of the total number of Lectures delivered in a term and 45 per cent of the total number of lectures delivered in both the terms taken together provided that in the case of a student of the M.A. Class offering History of Economics or Sociology of Politics at the M.A. Examination, he must have notwithstanding anything contained elsewhere, not less than 25 per cent of the total number of lecturers delivered in each group separately in a term and 45 per cent of the total number of lectures delivered in each group separately in both the terms taken together for the purpose of condonation of deficiency.

In the case of reasons other than these mentioned above, the matter shall be referred to the Vice-Chancellor for consideration and his decision in the matter shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪-૯-૧૯૮૫ની સભાની ઉપરોક્ત ભલામણો મંજૂર કરવી.

૨૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અન્ડ રિસર્ચની તા. ૨૪-૯-૧૯૮૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની નીચેના જે તે શિક્ષકનાં નામ સામે જણાવેલ વિષયમાં માન્યતા માટે આવેલ અરજીઓ પર જે તે શિક્ષકના સંશોધનલેખો માન્ય ગુણવત્તા (રેકગ્નાઇઝડ મેરિટ્સ) ધરાવે છે કે કેમ તે અંગે જે તે વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષનાં સૂચનો મેળવીને જે તે વિષયના તજ્જ્ઞ-તજ્જ્ઞોની નિમણૂક કરવા અને તેમનો અભિપ્રાય આવ્યેથી માન્યતા આપવા અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ અને સંસ્થાનું નામ	વિષય
૧.	શ્રી. ભટ્ટ વસંતકુમાર મનુભાઈ ભાષા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.	સંસ્કૃત
૨.	શ્રી. સિંગ ભગવતી ભાષા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.	અંગ્રેજી
૩.	શ્રી. મૌલિક તુષાર કાન્તિ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ.	અર્થશાસ્ત્ર

ક્રમાંક	શિક્ષકનું નામ અને સંસ્થાનું નામ	વિષય
૪.	શ્રી. ભટ્ટાચાર્ય સુશીલકુમાર નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑકયુપેશનલ હેલ્થ, અમદાવાદ.	મનોવિજ્ઞાન
૫.	શ્રી. ગાંધી કિરીટકુમાર અમૃતલાલ આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ.	એજ્યુકેશન
૬	શ્રી. પટેલ ચંદુભાઈ ભવાનભાઈ એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	એજ્યુકેશન
૭.	પ્રો. ઇન્દિરા જે. પરીખ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ.	એજ્યુકેશન ઍન્ડ મૅનેજમેન્ટ
૮	ડૉ. ચંદ્રકાન્ત એ. પંડ્યા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑકયુપેશનલ હેલ્થ, અમદાવાદ.	કેમિસ્ટ્રી
૯.	શ્રી. નિરમીશ્રી ભાવા સાહેબ ભાષા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.	પર્શિયન
૧૦.	ડૉ. ગુપ્તા સૂર્યપ્રકાશ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ.	ફિઝિક્સ (ઍટમોસ્ફેરિક ફિઝિક્સ).

(નોંધ.— ક્રમાંક ૧૩થી દર્શાવેલ શ્રી. મૌલિક તુષાર કાન્તિ સમાજશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની જે માન્યતા આપવામાં આવી છે તે યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે બરોબર છે કે કેમ તે તપાસીને જરૂરી કાર્યવાહી કરવી જોઈશે);"

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪-૯-૧૯૮૫ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૨૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪-૯-૧૯૮૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વિનયન, શિક્ષણ, વિજ્ઞાન, વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાઓનાં અનુસ્નાતક કેન્દ્રો જે તે કૉલેજ / સંસ્થામાં સ્થાપવામાં આવેલ છે તે કેન્દ્રો અનુસ્નાતક કેન્દ્રો માટેની જરૂરિયાત અન્યથા પૂરી કરતાં હોય તો વર્ષ ૧૯૮૫-૮૬માં ચાલુ રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪-૯-૧૯૮૫ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૨૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪-૯-૧૯૮૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વિનયન વિદ્યાશાખામાં અંગ્રેજી વિષયમાં સ્વતંત્ર રીતે પીએચ.ડી. સંશોધનકાર્ય કરવા દેવા અંગે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝાના આચાર્ય શ્રી. ડી. ડી. દેસાઈની અરજીની બાબતમાં તેમની પાસેથી વિષય અને તેમના સંશોધનકાર્યના અનુભવની વિગતો મંગાવીને અંગ્રેજી વિષયની અભ્યાસ

સમિતિના અધ્યક્ષશ્રી અને ભાષા ભવનના અંગ્રેજી વિભાગના વડા સાથે ચર્ચા કરીને ઑડિટ. ૬૮ની જોગવાઈ અન્વયે પરવાનગી આપવાનો નિર્ણય લેવાની કુલપતિશ્રીને સત્તા આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪–૯–૧૯૮૫ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૨૩. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૪-૧૯૮૫ની સભામાં કરેલા ઠરાવ અન્વયે શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજના આચાર્યશ્રી અને શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચના અધ્યક્ષશ્રી તરીકે એક વ્યક્તિ કામ કરે છે તેને બદલે તે બે જગ્યાઓ પર જુદી જુદી વ્યક્તિઓ રાખવા માટે આગ્રહ રાખવામાં આવતાં તે બેઉ સંસ્થાઓના શૈક્ષણિક હેતુ માટે પુનઃ એકત્રીકરણ કરવા સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીએ તેમના તા. ૧૮–૯–૧૯૮૫ના પત્રથી જણાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવી અને આ અંગે લાગતાવળગતા સાથે ચર્ચાવિચારણા કરી બન્ને સંસ્થાઓના એકત્રીકરણ કરવા બાબતમાં તેનો સુચિંતિત અભિપ્રાય બનતી ત્વરાએ સુપરત કરવા જણાવવું :

(૧) ડૉ. એમ. એન. દેસાઈ

(૨) પ્રિ. આર. એચ. વ્યાસ

(૩) ડૉ. વી. સી. શાહ

(૪) ડૉ. દિનુભાઈ અંબાલાલ પટેલ.

૨૪. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટિવ સ્ટોર્સ લિ.ના પેટાનિયમ ૨૦(અ)(૧) પ્રમાણે તેની વહીવટી સમિતિ પર વર્ષ ૧૯૮૫-૮૬ માટે ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.— હાલ ઉપરોક્ત સમિતિ પર નીચેના સભ્યો છે :

૧. ડૉ. એમ. એન. દેસાઈ
૨. પ્રો. કનુભાઈ શાહ
૩. પ્રો. એ. ટી. દેસાઈ
૪. શ્રી. એન. આર. જોશી.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો. ઓ. સ્ટોર્સ લિ.ની વહીવટી સમિતિ પર ૧૯૮૫–૮૬ના વર્ષ માટે નીચેના ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવી :

(૧) શ્રી. નરહરિ અમીન

(૨) શ્રી. કનુભાઈ શાહ

(૩) શ્રી. એ. ટી. દેસાઈ

(૪) શ્રી. એન. આર. જોષી.

૨૫. યુનિવર્સિટી વિદ્યાભવનોમાં કામ કરતા નીચેના શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	ભવનનું નામ	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. એચ. એસ. બાવરા	રીડર	બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ	૧૮–૩–૧૯૮૫	૧૯–૩–૧૯૮૫
૨.	ડૉ. એન. આર. દીક્ષિત	,,	,,	૨–૬–૧૯૮૫	૩–૬–૧૯૮૫
૩.	શ્રી. ડી. આર. પટેલ	ટીચિંગ રિસર્ચ ઍસોસિયેટ	,,	૧૩–૬–૧૯૮૫	૧૪–૬–૧૯૮૫
૪.	શ્રી આર. કે. પ્રભાકર	,,	,,	૧૮–૩–૧૯૮૫	૧૯–૩–૧૯૮૫
૫.	ડૉ. બી. ડી. પંડ્યા	રીડર	ભાષા સાહિત્ય ભવન	૨૮–૬–૧૯૮૫	૨૯–૬–૧૯૮૫
૬.	ડૉ. વી. એચ. ગાંધી	લેક્ચરર	વિજ્ઞાન વિદ્યાભવન	૧૦–૮–૧૯૮૫	૧૧–૮–૧૯૮૫
૭.	ડૉ. એ. કે. દેસાઈ	,,	,,	૧૧–૮–૧૯૮૫	૧૨–૮–૧૯૮૫
૮.	ડૉ. એમ. વી. રાવ	,,	,,	૩૦–૧૧–૧૯૮૫	૧–૧૨–૧૯૮૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૬. અતિથિગૃહના ફર્નિચર ખાતે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન રૂ. ૧૦,૦૦૦ની જોગવાઈ વધારવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.— (૧) ૧૯૮૫–૮૬ના વર્ષમાં ફર્નિચર ખાતે રૂ. ૫,૦૦૦ની જોગવાઈ કરવામાં આવેલી છે.

(૨) અતિથિગૃહના વિકાસ માટે બાંધકામ શરૂ કરવામાં આવેલું હોઈ, નવા ઓરડા માટે ફર્નિચર વસાવવા માટે આ જોગવાઈ વધારવાની જરૂરિયાત ઊભી થયેલી છે.

(૩) આથી કુલ જોગવાઈ રૂ. ૧૫,૦૦૦ની થશે.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન અતિથિગૃહના ફર્નિચર માટે રૂ. ૧૦,૦૦૦ની વધુ જોગવાઈ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવાનું રાખવું.

૨૭. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમના પ્રૉવિડંટ ફંડ ખાતેથી સ્ટે. ૧૮૮(૨) હેઠળ લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી એન. એમ. વાઘેલા—નાયક

૨. શ્રી વાય. કે. મકવાણા—આસિસ્ટન્ટ ભાષા-સાહિત્ય ભવન.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારીઓને સ્ટે. ૧૮૮(૨) હેઠળ લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રૉવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૨૮. બાંધકામ સમિતિની તા. ૩-૧૦-૧૯૮૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૩-૧૦-૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩-૧૦-૧૯૮૫ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૯. આ યુનિવર્સિટીની ૧૯૮૬માં લેવાનાર પરીક્ષાઓ માટે ઓ. ૧૨૨ મુજબ પરીક્ષકોની અરજીઓ મંગાવવી જરૂરી છે. પરંતુ ૧૯૮૫ના વર્ષની પરીક્ષાઓ હજુ હમણાં જ લઈ શકાઈ છે તે જોતા, અરજીઓ મંગાવવા અંગેના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) હાલના સંજોગો જોતાં પ્રાધ્યાપક/પરીક્ષકોની નવી અરજીઓ ૧૯૮૬ની પરીક્ષાઓ માટેનો પરિપત્ર પરિપત્રિત કરેલ નથી.

(૨) તા. ૩૧-૮-૧૯૮૫ની સભામાં કામકાજ નં. ૭૨થી આ બાબત અંગે પરીક્ષાઓ પૂરી થયેથી વિચારવાનું રાખવું તેમ દર્શાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૮૬ માં લેવાનાર આ યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે ઓર્ડિ. ૧૨૨ની જોગવાઈ મુજબ પરીક્ષકો પાસેથી અરજીઓ મંગાવવાનું રાખવું.

૩૦. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેઓનાં નામ સામે જણાવેલ રકમની પ્રૉવિડંટ ફંડ લોન સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	લોનની રકમ	અગાઉ લોન લીધી છે કે કેમ	કારણ
૧	શ્રી ડી. જે. બાવીશી (જુ. સુપરિ.)	રૂ. ૩૬,૫૦૦	હા જી	મકાન મરામત
૨	શ્રી એન. એસ. પરમાર (સી. આસિ.)	રૂ. ૩૨,૫૦૦	.	,,

(**નોંધ.**—ઉપરોક્ત રકમમાંથી તેઓની બિલ્ડિંગ લોન તથા પ્રૉવિડંટ ફંડ લોન તથા તે પરનું વ્યાજ કાપીને બાકીની રકમ આપવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર પાસે અનુદાનની માગણી આ અગાઉ કરવામાં આવેલી છે, તેને ત્વરિત મંજૂરી આપવા માટે રાજ્ય સરકાર સમક્ષ યોગ્ય રજૂઆત કરવી.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ " છ "
કામકાજ ક્રમાંક ૩૩

યુનિવર્સિટીઓ તથા વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય તથા બી.એડ. કૉલેજોના યુ.જી.સી. પગારધોરણ મેળવતા શિક્ષકોને વચગાળાની રાહત મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક-પરચ-૧૧૮૩-ઈએમ-૨૭૬૮ (ગ)-ખ. સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૫-૯-૧૯૮૫

ઠરાવ :

ભારત સરકારના કર્મચારીઓનાં પગારધોરણો સુધારવાના સંદર્ભમાં નિમાયેલા ચોથા પગાર-પંચની ભલામણો અન્વયે ભારત સરકારના કર્મચારીઓને વચગાળાની રાહત મંજૂર કરવામાં આવેલ છે. આ વચગાળાની રાહત યુ.જી.સી. પગારધોરણો મેળવતા ભારત સરકાર હેઠળના શિક્ષકોને પણ આપવાનું ભારત સરકારે ઠરાવેલ છે. જ્યારે રાજ્યમાંની યુનિવર્સિટીઓના શિક્ષકો કે જેઓ પણ યુ.જી.સી.નાં પગારધોરણો હેઠળ આવરી લેવાયેલ છે તેમને માટે સંબંધિત રાજ્ય સરકારે જરૂરી નિર્ણય લેવાનો રહે છે. તેમ ભારત સરકારે જણાવેલ છે. આ નિર્ણયને અનુસંધાને રાજ્યમાંની શિક્ષણ વિભાગ હેઠળની ૬ યુનિવર્સિટીઓ તથા અનુદાનપાત્ર વિનયન વિજ્ઞાન વાણિજ્ય અને બી.એડ.ની સંલગ્ન બિનસરકારી કૉલેજો તથા વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, બી.એડ. તથા કાયદાની કૉલેજો યુ.જી.સી. પગારધોરણો મેળવતા શિક્ષકોને પણ વચગાળાની રાહત મંજૂર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીભરી વિચારણા બાદ શિક્ષણ વિભાગ હેઠળની ૬ યુનિવર્સિટીઓના શિક્ષકો, અનુદાનપાત્ર બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને બી.એડ. કૉલેજો તથા વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, બી.એડ તથા કાયદાની સરકારી કૉલેજોનાં યુ.જી.સી. પગારધોરણો મેળવતા શિક્ષકોને નીચે દર્શાવ્યા પ્રમાણેના દરે તા. ૧-૬-૧૯૮૩થી વચગાળાની રાહત મંજૂર કરવાનું સરકારે ઠરાવ્યું છે :

અ. નં.	પગાર	વચગાળાની રાહતની રકમ
૧	૨	૩
૧.	રૂ. ૩૦૦ અને તેથી ઉપર પરંતુ રૂ. ૭૦૦થી નીચે	રૂ. ૬૦ પ્રતિમાસ
૨.	રૂ. ૭૦૦ અને તેથી ઉપર પરંતુ રૂ. ૧૬૦૦થી નીચે	રૂ. ૭૦ પ્રતિમાસ

૧	૨	૩
૩.	રૂ. ૧૬૮૦ અને તેથી ઉપર પરંતુ રૂ. ૨૨૫૦થી નીચે	રૂ. ૮૦ પ્રતિમાસ
૪.	રૂ. ૨૨૫૦ અને તેથી ઉપર	રૂ. ૧૦૦ પ્રતિમાસ

૨. આ વચગાળાની રાહત ભારત સરકારે નિમેલ મલ્હોત્રા કમિશનના અહેવાલના સંદર્ભમાં વચગાળાની રાહત બાબતે જે નિર્ણય થાય તે નિર્ણયને અનુરૂપ સરભર કરવાની શરતે મંજૂર કરવામાં આવે છે.

૩. ઉપરોક્ત વચગાળાની રાહતની રકમ સંબંધિત બિનસરકારી કૉલેજો–યુનિવર્સિટીઓને અનુદાનરૂપે ચૂકવવા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરને આથી અધિકૃત કરવામાં આવે છે.

૪. આ અંગેનું ખર્ચ બજેટના સદર " ૨૭૭-ઈ-યુનિવર્સિટી ઍન્ડ હાયર ઍજ્યુકેશન " સદરે ઉધારવાનું અને તે સદરે મંજૂર રહેલ ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે.

૫. આ વિભાગના સમાન ક્રમાંકની ફાઈલ પર તા. ૫-૯-૧૯૮૫ના રોજ નાણા વિભાગની સંમતિ મેળવ્યા બાદ આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી
ગિરીશ મકવાણા
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૩૫

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૫–૧૦–૧૯૮૫ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૫.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૨૩–૮–૧૯૮૫ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા ૨૩–૮–૧૯૮૫ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોને બાઇન્ડિંગ કામ કરાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોને મે. યુનાઈટેડ બુક બાઇન્ડિંગ વર્કસ પાસે નીચેના ભાવે એક વર્ષ માટે બાઇન્ડિંગ કરાવવાં :

		રૂ. પૈસા
૧.	ચામડાની બાંધણીના એક પુસ્તકના બાઇન્ડિંગના	૨૬–૦૦
૨.	કાપડની બાંધણીના એક પુસ્તકની બાંધણીના	૨૨–૦૦
૩.	જૂનાં પુસ્તકના	૭–૦૦

૩. યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગનાં ટેપડ્રાઇવ કેબિનેટ સી. એમ. સી. કંપની પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. (આ અંગે સદરહુ ખર્ચ રૂ. ૯,૦૦૦ રૂપિયા નવ હજાર થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગનો ટેપડ્રાઈવ કેબિનેટ સી. એમ. સી. કંપની પાસેથી રૂ. ૯,૦૦૦–રૂપિયા નવ હજાર સુધીની કિંમતમાં કંપનીની શરતો મુજબ ખરીદવું.

૪. યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના ટેપ ડ્રાઈવ કંટ્રોલરનો સી. એમ. સી. કંપની સાથે મેઇન્ટેન્સ કોન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત. (આ અંગે પ્રતિમાસ રૂ. ૧૫૦૦—રૂપિયા એક હજાર પાંચસોનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૫. (૧) યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના ડેટા એન્ટ્રી મશીન માટે મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ મે. પેસ કોમ્પ્યુટર કન્સલટન્ટ સાથે કરવા વિચારણા કરવા બાબત. (આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૯૦૦ પ્રતિમાસ થશે.)

(૨) પંચિંગ મશીન તથા વેરિફાયર મશીનનો મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ સી. એમ. સી. કંપનીને બદલે પ્રેસ કોમ્પ્યુટર કન્સલટન્ટને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના ડેટા એન્ટ્રી મશીનનો મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ મે. પ્રેસ કોમ્પ્યુટર સેન્ટર સાથે કંપનીની શરત મુજબ કરવા અંગે અને આ અંગે પ્રતિમાસ રૂ. ૯૦૦નો ખર્ચ મંજૂર કરવા.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે પંચિંગ તથા વેરિફાયર મશીનનો મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ સી. એમ. સી. કંપનીને બદલે પ્રેસ કોમ્પ્યુટર કન્સલટન્ટને કંપનીની શરતો મુજબ આપવો.

૬ વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ચાર્ટ રેકોર્ડર ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત : (આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૦,૦૦૦—રૂપિયા વીસ હજાર થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન ભવનના ભૌતિક વિજ્ઞાન વિભાગ માટે (૧) સ્ટ્રીપ ચાર્ટ રેકોર્ડર એકપ્ટ રિકાર્ડિંગ ઇન્સ્ટ્રુમેન્ટ્સની પાસેથી રૂ. ૬૧૦૦/–ની કિંમતે અને (૨) અનિકા ઇન્સ્ટ્રુમેન્ટ (પ્રા.) લિમિટેડ ન્યૂ દિલ્હી પાસેથી રૂ. ૧૩૧૧૩–૬૫ની કિંમત સુધીમાં ટેન્ડરની શરતો મુજબ સૌથી ઓછા ભાવ હોવાથી ખરીદવા.

કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય (જાણ સારુ) :

૭. યુનિવર્સિટી મોટરકાર નં. જી. આર. જી. ૭૨૩૧ને રિપેર કરાવવા માટે રૂ. ૧૩૬૬/– (રૂપિયા એક હજાર ત્રણસો છાસઠ)ના ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યું.

૮. ભાષા-સાહિત્ય ભવનની લેંગ્વેજ લેબોરેટરી માટે તથા પડદા માટે સાગીપટીઓ કરાવવા માટે બી. એમ. આર્ટ્સ પાસે કામ કરાવવા માટે રૂ. ૧૪,૪૦૦/– (રૂપિયા ચૌદ હજાર ચારસો)ના ખર્ચને કુલપતિશ્રીએ મંજૂરી આપી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવી.

૯. અધ્યક્ષશ્રી, વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાન વિભાગ માટેના શ્રી. એ. બી વોર્શનો ડી. એસ. ટી. પ્રોજેક્ટમાંથી રિપ્રિન્ટ્સ ખરીદવા માટે રૂ. ૧,૫૦૦ (રૂપિયા એક હજાર પાંચસો)ના ખર્ચને મંજૂરી આપવા વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે વનસ્પતિ વિભાગ માટે રૂ. ૧,૫૦૦/- (રૂપિયા એક હજાર પાંચસો)ની રિપ્રિન્ટ્સ ખરીદવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં હવે પરદેશથી રિપ્રિન્ટ્સ ખરીદવાની હોય તો આવી રિપ્રિન્ટ્સ ખરીદવી નહીં પરંતુ તેની ઝેરોક્ષ નકલો તૈયાર કરાવવાનું રાખવું.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગમાં જર્મન ઍકેડેમિક ઑફ સાયન્સના સંયોજન દ્વારા સંશોધનકાર્ય અંગેના બજેટ હેડમાં રૂ. ૭,૦૦૦/- (રૂપિયા સાત હજાર)ની અંદાજપત્રમાં જોગવાઈ કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૧. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમૅન્ટ માટે ફર્નિચર ખરીદવા માટે રૂપિયા ૧૨,૫૦૦ના ખર્ચની માગણી કરી છે તે પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે સ્થાનિક વેપારીઓ પાસેથી ભાવ મંગાવી ખરીદી કરવાનું રાખવું.

૧૨. કૉમ્પ્યુટર વિભાગના આઈ. બી. એમ. કંપનીનાં જૂનાં મશીનોનો નિકાલ કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે નીચેના સભ્યોની સમિતિનો અભિપ્રાય મેળવી નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી :

૧. શ્રી. આર. પી. સોની	કૉમ્પ્યુટર સેન્ટર	ગુજરાત યુનિવર્સિટી
૨. શ્રી. એસ. આર. ઠાકોર	,,	,,
૩. શ્રી. પી. એમ. શાહ	કૉમ્પ્યુટર વિભાગ	પી. આર. એલ.
૪. શ્રી. એમ. પી. જડિયા	વિકાસ અધિકારી	ગુજરાત યુનિવર્સિટી

૧૩. યુનિવર્સિટીના ઍજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટર માટે ગોદરેજ બનાવટનું એક ગુજરાતી ટાઇપ રાઇટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઍજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે ગોદરેજ બનાવટનું એક ગુજરાતી ટાઇપ રાઇટર કંપની ભાવે અને શરતોએ ખરીદવું અને આ અંગે રૂ. ૫,૦૦૦ (રૂપિયા પાંચ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. ગિશ્રા
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ઝ"

કામકાજ ક્રમાંક ૩૬

ગ્રાન્ટ યુટિલાઈઝેશન સમિતિની એક સભા તા. ૨૭—૯—૧૯૮૫ ને શુક્રવારના રોજ બપોરે ૧—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રી કે. એસ. શાસ્ત્રીના પ્રમુખસ્થાને મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧	શ્રી કે. એસ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી કે. સી પરીખ, ઉપકુલપતિશ્રી	ગેરહાજર
૩	શ્રી સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર
૪.	શ્રી એમ. એન. દેસાઈ	હાજર
૫.	શ્રી બી. એમ. પીરઝાદા	ગેરહાજર
૬.	શ્રી કનુભાઈ એ. શાહ	ગેરહાજર
૭.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર.

૧. ગ્રાન્ટ યુટિલાઈઝેશન સમિતિની તા. ૨૬—૧૦—૧૯૭૯ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

ગ્રાન્ટ યુટિલાઈઝેશન સમિતિની તા. ૨૬—૧૦—૧૯૭૯ના રોજ મળેલી સભાની કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ, અમદાવાદના ડૉ. એન. આર. દીક્ષિત તથા ડૉ. ડી. આર. પટેલ તરફથી "Interfirm comparison of the textile mills in private public & co-operative sector". એ વિષય પર સંશોધન કરવા માટે ભવનના બજેટમાંથી રૂ. ૪,૦૦૦ની સહાયની ગ્રાન્ટ મંજૂર કરવા માટે સંયુક્ત આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ -વર્ષ ૧૯૮૫—૮૬ માટે મંજૂર ભવનમાં રૂ. ૪,૦૦૦ની જોગવાઈ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ, અમદાવાદના ડૉ. એન. આર. દીક્ષિત તથા ડૉ. ડી. આર. પટેલ તરફથી "Interfirm comparison of the textile mills in private public & co-operative sector" એ વિષય પર સંશોધન કરવા માટે નિયત પત્રકમાં પ્રસ્તાવ આવ્યેથી રૂ. ૪,૦૦૦ની ગ્રાન્ટ તે અંગેની શરતોને આધીન મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ભાષાસાહિત્ય ભવનમાં લેંગ્વેજ લેબોરેટરીના રીડર શ્રી પી. કે. ઠાકર તરફથી Experimental Project in English Language teaching communicational English Language Teaching. સંશોધન માટે એ વિષય પર રૂ. ૨,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

નોંધ.—વર્ષ ૧૯૮૫–૮૬ માટે ભાષાભવનના બજેટમાં રૂ. ૫,૦૦૦ની જોગવાઈ છે તેમાંથી આ ગ્રાન્ટ આપવાનું વિચારી શકાય.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષાસાહિત્ય ભવન લેંગ્વેજ લેબોરેટરીના શ્રી પી. કે. ઠાકર તરફથી Experimental Project in English Language teaching communicational English Lauguage Teaching એ વિષય પર સંશોધન કરવા માટે નિયત પત્રકમાં પ્રસ્તાવ આવ્યેથી રૂ. ૨,૦૦૦ની ગ્રાન્ટ તે અંગેની શરતોને આધીન મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. ભાષાસાહિત્ય ભવન, અમદાવાદના અંગ્રેજી વિષયના અધ્યાપક શ્રી આર. એ. મલાગી તરફથી "Dente's Inferno : The first Ten cantos with a comprehensive commentary." એ વિષય પરના પ્રોજેક્ટ માટે રૂ. ૨,૦૦૦ મંજૂર કરવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

નોંધ.—વર્ષ ૧૯૮૫–૮૬ માટે ભાષાભવનના બજેટમાં રૂ. ૫,૦૦૦ની જોગવાઈ છે તેમાંથી આ ગ્રાન્ટ આપવાનું વિચારી શકાય.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષાસાહિત્ય ભવનના, અમદાવાદ અંગ્રેજી વિષયના અધ્યાપક શ્રી આર. એ. મલાગી તરફથી "Dente's Inferno : The first Ten cantos with a comprehensive commentary." એ વિષય પર સંશોધન કરવા માટે નિયત પત્રકમાં પ્રસ્તાવ આવ્યેથી રૂ. ૨,૦૦૦ની ગ્રાન્ટ તે અંગેની શરતોને આધીન મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

Gujarat University Press, Ahmedabad-380 009

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૧૪

Ordinance No. 166 :

(1) There shall be a Council called the College Development Council for ensuring proper planning and integrated development of affiliated colleges for providing them necessary help and guidance.

(2) The College Development Council shall consist of the following members :

(*a*) Ex-Officio :

(1) The Vice-Chancellor;

(2) The Pro-Vice-Chancellor;

(3) The Director of Higher Education of Gujarat;

(4) The Registrar;

(5) The Controller of Examinations;

(6) The Development Officer;

(7) The Deans of the faculties having not less than five affiliated colleges;

(8) Two Deans, by rotation, of faculties other than the ones mentioned in (7) above, provided that the rotation of two Deans contemplated in this sub-clause No. 8 under clause 2(*a*) above, shall take place at the end of every twelve months and the rotation will commence with the faculties of (1) Medicine and (2) Pharmacy.

(9) The Director of the College Development Council who shall also work as the Secretary of the Council;

(*b*) Members nominated by the University as follows :

(1) two members nominated by the Executive Council from amongst its members;

(2) two members nominated by the Academic Council from among its members;

(3) Five Principals of affiliated colleges nominated by the Executive Council;

(4) Two senior teachers of the University Teaching Departments particularly those who have taken up COSIP / COHSIP etc. nominated by the Evecutive Council; and

(5) Five teachers of the affiliated colleges nominated by the Executive Council.

Note.—

Proviso :

While nominating members under 2(*b*)(1), (3) and (5) above, the Executive Council shall ensure that (*i*) at least one representative, (1) from the colleges selected by the University Grants Commission as lead colleges and (2) at least one representative of the colleges selected by the University Grants Commission under the COSIP and COHSIP programme of the U.G.C. is included. Moreover, the Executive Council shall also ensure that, as far as possible, at least one represetative from the colleges in each district under the jurisdiction of the University is included.

(3) The term of office of the members other than the Ex-Officio members of the Council shall be three years; provided that a member who is nominated by the authority of the University shall cease to be a member of the Council, if and when be ceases to hold the office by virtue of which he was nominated, in which event the casual vacancy so caused shall be filled in by nomination by the Executive Council or the Academic Council. as the case may be for the residuary period of the unexpired term of the office.

(4) The College Development Council shall exercise the following powers and perform the following duties, and shall, for this purpose, have the necessary power to appoint one or more committees :

(*a*) to function as a policy making body in regard to proper planning and integrated development of colleges;

(b) to conduct surveys of all the affiliated colleges, districtwise, with a view

to preparing and maintaining an up-to-date profile on each college under the University, reviewing the existing facilities and identifying the needs and gaps that need to be filled for the development of colleges and make such information available to the UGC and other concerned bodies;

(c) to advise the University on all matters relating to development of affiliated colleges, such as provision of adequate facilities-academic and physical for raising the standard of learning; teaching and research and its periodic evaluation for enabling the University to maintain reasonable continuity of policy in regard to development of colleges;

(d) to prepare a perspective plan for the development and opening of new colleges, to enable the University and state education authorities to take long term decisions on the planning and development of colleges and may advise the University on matters relating to different disciplines taught in colleges at different levels of University education;

(e) to advise the University in regard to rationalisation and implimentation of University's policy on affiliation of colleges;

(f) to keep close contact with the colleges with a view to helping them in their proper development, selection of teachers, student amenities, proper utilisation of grants and efficient implementation of UGC approved projects and reforms viz. examination reform, courses, COSIP, COHSIP, restructuring of courses to make them more relevant and significant not only to students, but also to the region as a whole by assessing social transformation and regional development;

(g) to review the facilities for post-graduate departments of colleges in terms of the norms prescribed by the UGC, and assist those having the potential of coming up to the norms within a few years;

(h) to help in the implemention of the regulation framed by the UGC regarding minimum standard of instruction for the award of first degree and also regarding restructuring of courses at the under-graduate level;

(i) to help in the selective development of some colleges to remove regional imbalances; and also assist the colleges to realise their potential and in indetification of colleges for autonomous status;

(*j*) to evaluate and assess the impact of UGC grants utilised by the colleges for the implementation of various development projects;

(*k*) to ensure that the UGC grants released to University for disbursement to colleges are not held/locked up or utilised by the University for its own purposes, and also ensure that these grants are properly and expeditiously disbursed to colleges for specified purposes according to the guidelines laid down by the Commission;

(*l*) to obtain from the colleges and furnish to the Commission utilisation certificates and completion documents in respect of UGC grants released/disbursed to colleges through the University, and help in monitoring the UGC programmes implemented by the affiliated colleges;

(*m*) to ensure close and continued contact and interaction between the academic faculties at the University teaching departments and at the colleges monitor the development programmes and maintain regular statistics on the development of colleges;

(*n*) to review the inspection reports of the colleges & suggest remedies for the defects and irregularities reported;

(*o*) to perform such other functions as may be prescribed or as may be deemed necessary by the Executive Council for advancing the cause of collegiate education as may be incidental or conductive to the discharge of the above functions.

(5) The College Development Council shall meet at least twice a year on a date fixed by the Vice-Chancellor, or in the absence of the Vice-Chancellor or by the Pro-Vice-Chancellor or in the absence of both by the Director of the Council.

(6) The Vice-Chancellor, and in the absence of the Vice-Chacellor the Pro-Vice-Chancellor and in the absence of both a member selected by the Council shall, preside over the meeting of the Council.

Gujarat University Press, Ahmedabad—9

ખાનગી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૨૧—૧૨—૧૯૮૫ના રોજ બપોરના ૧૨—૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧—૧૨—૧૯૮૫
૧.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. ઉજમશીભાઈ કાપડિયા	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	હાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૪.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૧૫.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	ગેરહાજર
૧૭.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૧૮.	શ્રી. જિતેન્દ્રભાઈ શાહ	ગેરહાજર
૧૯.	શ્રી. એન. એમ. મિર્યાભાઈ	ગેરહાજર
૨૦.	પ્રા. મુકુન્દભાઈ પી. શાહ	હાજર
૨૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ અંબાલાલ શાહ	હાજર
૨૪.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	હાજર.

તા. ૨૧-૧૨-૧૯૮૫ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે નોંધ પર કુલપતિશ્રીએ સહી કરી :

તા. ૨૧-૧૨-૧૯૮૫ની સભાના બાબત ક્રમાંક ૨૭ પરના ઠરાવમાં "ભવનોમાં શિક્ષકો" એમ છપાયું છે તેને બદલે "ભવનોમાં વ્યાખ્યાતા" એમ છાપભૂલ સુધારવી.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ : તા. ૧-૨-૧૯૮૬

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ

સભા : તા. ૨૧-૧૨-૧૯૮૫

૧. તા. ૫-૧૦-૧૯૮૫ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૫—૧૦-૧૯૮૫ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે નોંધ પર કુલપતિશ્રીએ સહી કરી :

સુધારો.—(૧) (અ) તા. ૫-૧૦-૧૯૮૫ની સભાના બાબત ક્રમાંક ૧૪ પરના ઠરાવમાં "ઑર્ડિનન્સ ૧૬૬ મંજૂર કરવો" તે શબ્દો પછી ક્રૉસ કરી નીચે પ્રમાણેના શબ્દ ઉમેરવાનું રાખવું : "(સદરહુ ઑર્ડિનન્સની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે આ સાથે સામેલ છે.)"

(બ) સદરહુ સભાના બાબત ક્રમાંક ૧૪ પરના ઠરાવમાં ડાયરેક્ટર ઑફ કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની જગ્યા માટેની જે વરણી સમિતિ નીમવામાં આવી છે તેના ક્રમાંક ૩માં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (સિન્ડિકેટ) નિયુક્ત પ્રતિનિધિ પછી ડૉ. એમ. એન. દેસાઈનું નામ ઉમેરવાનું રાખવું અને ક્રમાંક ૪માં જણાવેલ નામ રદ કરવું.

(૨) બાબત ક્રમાંક ૧૮ પરના ઠરાવમાં છેલ્લે "સદરહુ ઑર્ડિનન્સ ૧૭૩ની નકલ **પરિશિષ્ટ 'ધ'** તરીકે સામેલ છે" એમ છપાયેલ છે તેને બદલે, "સદરહુ ઑર્ડિનન્સ ૧૭૨ અને ૧૭૩ની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે." એમ સુધારીને વાંચવું.

(૩) બાબત ક્રમાંક ૬ના પ્રસ્તાવ નં. ૨ની પહેલી લાઈનમાં "પરિપત્રિત" શબ્દને બદલે "પરિપત્ર" એમ સુધારીને વાંચવું.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) એમ.ડી. અને એમ.એસ.ના અભ્યાસક્રમમાં દર વર્ષે આર્મી મેડિકલ ઑફિસરને દરેક યુનિટ દીઠ અત્યાર સુધી એક સુપરન્યુમરરી રજિસ્ટ્રેશન આપતા હતા. તે મુજબ આપવા તબીબી વિદ્યાશાખાની તા. ૧૨-૬-૧૯૮૪ની ભલામણ બી.યુ.ટી.આર.ની તા. ૨૪-૯-૧૯૮૫ની સભાએ સ્વીકારીને તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરી હોઈ, મંજૂરીની અપેક્ષાએ આર્મી ઑફિસર કેપ્ટન બી. રામકિષ્નને બી. જે. મેડિકલ કૉલેજમાં એમ.ડી. પેડિયાટ્રિક્સમાં સુપરન્યુમરરી રજિસ્ટ્રેશન આપ્યાનું ;

(૨) નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદના કાર્યકારી આચાર્ય એમ. એ. પટેલને જુલાઈ, ૧૯૮૬ સુધી કાર્ય કરવાની મંજૂરી આપવાનું;

(**નોંધ.**—શ્રી. એમ. એ. પટેલ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા નથી તેઓને ત્રણ વર્ષનો અનુસ્નાતક વર્ગોનો અનુભવ જોઈએ તેને બદલે તેઓ એક વર્ષનો થિયરીનો શિક્ષણનો અનુભવ ધરાવે છે.)

(૩) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદને ૧૯૮૫-૮૬ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન થર્ડ બી.કૉમ.ના વર્ગમાં 'ચાર' વિભાગ (ડિવિઝન) થવાને કારણે બિઝનેસ લૉઝ વિષયમાં હાલ ખંડ સમયના એક લેક્ચરર છે તે ઉપરાંત વધારાના એક ખંડ સમયના લેક્ચરરને નીમવા માટે મંજૂરી આપવાની આચાર્યશ્રીની વિનંતી માન્ય કરવાનું;

(૪) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદના એમ.કૉમ. પાર્ટ-૧ના વિદ્યાર્થી શ્રી દવે ભરત રામચંદ્રે તેમની હાજરી ખૂટવાને કારણે તેમનો પરીક્ષા પ્રવેશ રદ કરવામાં આવતાં તે બાબતમાં ગુજરાતની વડી અદાલતમાં દાખલ કરેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૫૭૭૯ના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી સુરેશભાઈ શેલતને નીમ્યાનું તથા તે માટે આનુષંગિક ખર્ચ મંજૂર કરવાનું;

(૫) જૂન, ૧૯૮૬થી બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટે એસ.એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર તરફથી સમયમર્યાદા કરતાં મોડી આવેલી અરજી, વિદ્યાર્થીઓને વૈકલ્પિક વિષયનું શિક્ષણ મળી રહે તે હેતુથી સ્વીકારવાનું, તે પર સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું તથા સ્થાનિક તપાસ સમિતિના હેવાલના આધારે એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકારવાનું :

"આથી ઠરાવવામાં આવે છે કે એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર નિમણૂંક અંગેની શરત સંલગ્ન નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦-૧૦-૧૯૮૫ સુધીમાં કરે તો તેને એસ.વાય.બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર (ગૌણ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૩-૬-૧૯૮૫થી તા. ૧૪-૬-૧૯૮૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે (આવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી લઈને યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે);

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમના પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની ખાતરી કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

(૬) ધી ગુજરાત કેન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૪થી યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ અન્વયે માન્યતા માટેની આવેલી અરજી પરત્વે મૂકવામાં આવેલી નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર રાખવાનું :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કેન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૧૧—૧૯૮૫ સુધીમાં કરે તો તેને વિજ્ઞાનની વિદ્યાશાખામાં કેન્સર બાયોલોજી અને લાઈફ સાયન્સ વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા તા. ૧૫—૬—૧૯૮૪થી તા. ૧૪—૬—૧૯૮૬ સુધીની માન્યતા આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) પીએચ.ડી માટેના માર્ગદર્શક તરીકેની પાત્રતા ધરાવતા બે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે,

(બ) આવશ્યક રિસર્ચ ફેલોઝ;

૨. જરૂરી સુવિધા સાથેના મકાનની વ્યવસ્થા કરવામાં આવે;

૩. જરૂરી સાધનોથી સુસજ્જ પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ઓ. ૧૨૦-સીની નીચેની કંડિકા અનુસાર ગ્રંથાલય સુસજ્જ કરવામાં આવે :

O. 120 C (3) :

'It at it has a well-equipped Library with an adequate number of books, periodicals old numbers of periodicals, manuscripts, if necessary etc., in the subject.'

૫. ગ્રંથાલયનાં પુસ્તકો માટે ઓછામાં ઓછો રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

(૭) ઑર્ડિ. ૯૬ અન્વયે સંલગ્ન કૉલેજોના શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણ અંગેની માહિતી તા. ૧૬ ઑગસ્ટ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મળે તે રીતે મોકલવાની હોય છે. પરંતુ ચાલુ શૈક્ષણિક વર્ષે અસાધારણ પરિસ્થિતિને કારણે પરીક્ષાકાર્ય, વિદ્યાર્થી પ્રવેશ ઇત્યાદિને અનુલક્ષીને સદરહુ માહિતી મોકલવાની સમયમર્યાદા તા. ૩૧-૧૦-૧૯૮૫ સુધી લંબાવી હતી, પરંતુ ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાનાં પરિણામ બહાર પડ્યાં ન હોવાથી પ્રથમ વર્ષમાં પ્રવેશ ઇત્યાદિનું કાર્ય શરૂ થતું ન હોઈ તે સમયમર્યાદા તા. ૩૦—૧૧—૧૯૮૫ સુધી લંબાવ્યાનું;

(૮) ગુજરાતની વડી અદાલતમાં રજૂ થયેલ નીચેની વિગતની અરજીઓના કામમાં શ્રી સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

અરજી નંબર	પક્ષકારો
સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૫૪૩૬, ૪૪૬૦ / ૮૫	કે. એમ. પટેલ તથા અન્ય વિ. ગુજ. યુનિ.—બી.એડ. પ્રવેશ અંગે

(૯) બી.એડ્.ના અભ્યાસક્રમમાં ઉર્દૂનો વિષય તથા મેથડ્ઝનો અભ્યાસક્રમ દાખલ કર્યો તેના સંદર્ભમાં પ્રવેશ બાબતમાં કુ. રીટા પી. પરીખે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરી છે તે કામમાં શ્રી સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે માટેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૧૦) શ્રી ભરત ડાહ્યાભાઈ શર્માએ હેલ્પરની જગ્યા પર કરેલી અરજીના અનુસંધાનમાં તેઓને રૂબરૂ ઇન્ટરવ્યૂ માટે નહિ બોલાવવા અંગે યુનિવર્સિટી સામે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૫૧૪૬/૮૫થી કરેલ રિટ અરજીના કામમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકવાનું તથા તે અંગેનું ખર્ચ રૂ. ૭૫૦/— મંજૂર રાખ્યાનું;

(નોંધ.—સદરહુ રિટ અરજી નામદાર હાઈકોર્ટ સમક્ષ તા. ૧૯-૧૧-૧૯૮૫ના રોજ નીકળતાં તે "Summarily rejected" કરવામાં આવી છે.)

(૧૧) સપ્ટેમ્બર, ૧૯૮૫માં લેવાયેલ થર્ડ બી.કૉમ. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૬૨૯૮ના પિતા શ્રી સી. બી. શાહે તેમના પુત્રના એકાઉન્ટિંગ પેપર પાંચમાં ફક્ત ૫૨ ગુણ મળેલ હોઈ અને તેમાં આ વર્ષે પુનર્મૂલ્યાંકન પ્રથા સ્થગિત કરવામાં આવી હોઈ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ અરજી નં. ૬૪૫૩ કરી હોવાથી તે અંગે શ્રી સુરેશભાઈ શેલતને રોકવાના અને તે અંગે જરૂરી ખર્ચ કરવાની મંજૂરી આપ્યાના;

(૧૨) નીચેની કૉલેજોમાં તેમનાં નામ સામે દર્શાવેલ પદવી અને વિષયમાં ચાલુ વર્ષે નવાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવા પરવાનગી આપ્યાનું :

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	પદવી	વિષય
૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	એમ.એ.	ગણિતશાસ્ત્ર
		એમ.એસસી.	,,
૨.	એમ.એન. કૉલેજ, વીસનગર	એમ.એ.	સંસ્કૃત
		એમ.એસસી.	ઇન.ઓર્ગે. કેમિસ્ટ્રી

ક્રમાંક	કૉલેજ/સંસ્થા	પદવી	વિષય
૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	(૧) એમ.એ.	ગુજરાતી (મુખ્ય) હિન્દી ગૌણ સંસ્કૃત ,, અંગ્રેજી ,,
		(૨) એમ.કૉમ.	કૉસ્ટિંગ
૪.	આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ	(૧) એમ.એ. (૨) એમ.કૉમ.	અર્થશાસ્ત્ર કૉસ્ટિંગ
૫.	ભવન્સ આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડાકોર	એમ.એ.	ગુજરાતી (મુખ્ય) હિન્દી ગૌણ સંસ્કૃત ,, અંગ્રેજી ,,
૬.	પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	એમ.એ.	ગુજરાતી
૭.	સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા	એમ.એડ.	એજ્યુકેશન
૮.	(શ્રીમતી) એચ. સી. પટેલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ	(૧) એમ.એ.	હિન્દી (મુખ્ય) સંસ્કૃત ગૌણ ગુજરાતી ,,
		(૨) એમ.કૉમ.	કૉસ્ટિંગ

(૧૩) યુનિવર્સિટીના કર્મચારીઓને તેમજ માન્ય સંસ્થાઓ / સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને રાજ્ય સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક બી.એન.એસ./૧૦૮૫/૧૨૯૨/–સી.એચ. તા. ૨૪–૧૦–૧૯૮૫ અન્વયે તેમાં જણાવેલ શરતોને આધીન બોનસ ચૂકવવાનું મંજૂર કર્યાનું;

(૧૪) સંલગ્ન કૉલેજોના આચાર્યોને તથા માન્ય સંસ્થાઓના વડાઓને ૧૯૮૪–૮૫ના વર્ષના ગ્રેડહોક બોનસ અંગેના ગુજરાત સરકારના ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટના તા. ૨૪-૧૦–૧૯૮૫ના ઠરાવ ક્રમાંક બીએનએસ/૧૦૮૫/૧૨૯૨/જીએચનો અમલ કરી કર્મચારીઓને બોનસ મળે તે માટે ઘટતાં પગલાં લેવા જણાવ્યાનું;

(૧૫) યુનિવર્સિટીમાં કામ કરતાં શિક્ષકગણ તથા બિનશિક્ષકગણના કર્મચારીઓનાં બાળકોના અભ્યાસ માટે તથા ફી અંગેના ખર્ચ માટે રૂ. ૬૦૦/– (અંકે રૂપિયા છસો પૂરા)ની અથવા બે મૂળ માસિક પગાર બેમાંથી જે ઓછી રકમ હોય તે રકમ ૫૦ સરખા હપતામાં વસૂલ થાય તે રીતે મંજૂર રાખ્યાનું;

(**નોંધ.**—ચાલુ વર્ષે સદરહુ એડવાન્સની કુલ રકમ રૂ ૧,૦૦,૦૦૦ જેટલી થઈ છે.)

(૧૬) રાજ્ય સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક વસમ/૧૧૮૫/૧૬૬૩/જ, તા ૫-૧૦-૧૯૮૫થી વધારાના મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧-૧-૧૯૮૫થી વધારો કરવામાં આવ્યો છે તેનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને, સંલગ્ન કોલેજોના અને, માન્ય સંસ્થાઓના કર્મચારીઓને તથા સી કોલેજોના કર્મચારીઓને રાજ્ય સરકારના સદરહુ ઠરાવમાં જણાવેલી શરતોને આધીન આપવાનું મંજૂર કર્યાનું;

(૧૭) વાણિજ્ય વિદ્યાભવનના રીડર ડૉ. એમ. દાસગુપ્તાને મોટરકાર ખરીદવા માટે નિયમોને આધીન રૂ. ૨૦,૦૦૦ (અક્ષરે રૂપિયા વીસ હજાર પૂરા)ની લોન મંજૂર કર્યાનું;

(૧૮) જૂન, ૧૯૮૫થી બી.કોમ. ની કક્ષામાં કોમર્સ સાયન્સનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે હેઠલોક શરતોને આધીન નીચેની કોલેજોને મંજૂરી આપવાનું :

(૧) ગુજરાત વિદ્યાભવન ની આઈ. એમ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ એન્ડ જશોદાબહેન શાહ કોમર્સ કોલેજ, ડાકોર

(૨) એમ.ઈ. સી. પટેલ કોમર્સ કોલેજ, નડિયાદ

(૩) મ્યુ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મહેસાણા

(૪) શેઠ મુ. શાહ સિટી કોમર્સ કોલેજ, અમદાવાદ

(૫) જે. બી. ઠક્કર કોમર્સ કોલેજ, જામનગર;

(૧૯) કુલપતિશ્રીએ મંજૂર કરેલ ટ્રાન્સફરી ઓર્ડિનન્સ નં. ૨, ૩, ૪ (જાણ માટે.)

સભાગૃહ સદરહુ બાબતની નોંધ લીધી.

૩. ઓલ ઇન્ડિયા ઇકોનોમિક એસોસિએશનનું આગામી ૬૮મું વાર્ષિક અધિવેશન ડિસેમ્બર ૧૯૮૫ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજાનાર છે તે અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૯-૧૦-૧૯૮૫ના પત્રાંક એફ. ૧૪-૯૦/૮૫ (આઈ.સી-૩)થી રૂ. ૧૦,૦૦૦-૦૦ (રૂપિયા દશ હજાર)ની આર્થિક સહાય મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. "સિમ્પોઝિયમ ઓન રોલ ઓફ ટીચિંગ ઓફ સ્પેસ સાયન્સીઝ એન્ડ ધેર એપ્લિકેશન" યોજવા માટે યુ.જી.સી.એ તેના તા. ૩૧-૧૦-૧૯૮૫ના પત્રાંક એફ. ૪-૫૦/૮૪(આઈ. સી-૩)થી રૂ. ૩,૦૦૦ (રૂપિયા ત્રણ હજાર)ની આર્થિક સહાય મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫. એન. એ. પારીવાલા કોમર્સ કોલેજ અમદાવાદે જૂન ૧૯૮૫થી કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે કરેલી અરજી પછી ખેંચેલ હોઈ તેની નોંધ લેવા બાબત.

[નોંધ.—ઓ.ડી. ૧૨૦ અનુસાર કોલેજ અરજી પાછી ખેંચે છે એટલે જોડાણ-અનામત જપ્ત કરવાની થાય.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. ધી ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુકેશન [illegible] તરફથી જૂન [illegible]થી [illegible]ણા ખાતે બહેનો માટેની વિનયન અને વાણિજ્ય [illegible] નવી કૉલેજ શરૂ કરવા માટેની [illegible]રયાત સ્વીકારવામાં ન આવતાં, તે સામે સંસ્થા [illegible] ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ [illegible](૪) હેઠળ રાજ્ય સરકારને અપીલ કરી હતી [illegible] રાજ્ય [illegible] નકારી કાઢી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત [illegible] નોંધ [illegible].

૭. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ [illegible] એમ.એસસી. [illegible]વી ભૂસ્તરવિજ્ઞાન વિષયનું (એડહૉક) અનુસ્નાતક કેન્દ્ર જૂન. [illegible] બંધ ન કરતાં [illegible] ચાલુ રાખેલ છે તે મતલબની જાણ કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. [illegible]-૧૯૮૫ના પત્રાંક ૨૪ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮. ધી ગુજરાત કૅન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન. ૧૯૮૪થી યુનિવર્સિટી ધારાની કલમ [illegible] અન્વયે [illegible]ન્યતા માટેની આવેલી અરજીની બાબતમા મૂકવામાં આવેલી તમામ શરતોનું પરિપાલન સદરહુ સંસ્થાએ કર્યું [illegible] તેને (અ) મેડિકલ વિદ્યાશાખામાં (૧) સર્જરી ([illegible]) મેડિસિન ([illegible]) [illegible]નેકોલોજી (૪) રેડિયો-થેરાપી (૫) પેથોલોજી ([illegible] કમ્યુનોલોજી (૭) સેલબાયોલોજી ([illegible]) રેડિયોલોજી અને (બ) વિજ્ઞાનની વિદ્યાશાખામાં (૧) [illegible] બાયોલોજી અને (૨) લાઇફ સાયન્સના વિષયો માટે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ધી ગુજરાત કૅન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદને યુનિવર્સિટી ધારાની કલમ ૩૧ અન્વયે મેડિકલ વિદ્યાશાખા અને વિજ્ઞાન વિદ્યાશાખામાં [illegible] પ્રમાણેના વિષયોમાં પીએચ.ડી. કક્ષાના સંશોધન માટે એક વર્ષ માટે એટલે તા. [illegible] ૧૯૮૬થી તા. [illegible] ૧૯૮૭ સુધી માન્યતા આપવાનું રાખવું.

૯. ભારતીય વિદ્યાભવન શ્રી ઈશ્વરલાલ [illegible]શંકર પંડ્યા [illegible] સાયન્સ ઍન્ડ જશોદાબહેન શાહ કૉમર્સ કૉલેજ, ડાકોર તરફથી જૂન. ૧૯[illegible] બી એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનનો વિષય શીખવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) માં નિર્દિષ્ટ સમયમર્યાદા વીત્યા બાદ આવ[illegible] છે. વિદ્યાર્થીઓને વૈકલ્પિક વિષયની પસંદગી મળે તેથી કલમ ૩૩ (૨) અન્વયે જોગવાઈ અનુસાર કુલપતિ-શ્રીએ ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા અને તે બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી આવેલ જૂન ૧૯૮૬થી બી.એસ. (ગોલ્ડ)માં કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગનો અભ્યાસક્રમ શરૂ કરવા માટેની વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની સમયમર્યાદા કરતાં મોડી આવેલ, પરંતુ સદરહુ કલમ ૩૩ની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સ્વીકારવા ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા અને જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૫-૧૦-૧૯૮૫ની સભામાં બાબત ક્રમાંક ૫થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે પરંતુ તેના અમલથી શિક્ષકોને વિપરીત અસર થાય છે. તેથી આ બાબતની પુનર્વિચારણા કરવા યુનિવર્સિટી ધારાની કલમ ૧૧ની કંડિકા ૫–એ અન્વયે કુલપતિશ્રીએ નીચે નોંધમાં દર્શાવેલ કારણસર આદેશ આપ્યો છે, તો તે બાબતની પુનર્વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮–૭–૧૯૮૫ની સભામાં ઠરાવ્યા પ્રમાણે પ્રથમ સત્રની સમાપ્તિ તા ૨૪–૧૨–૧૯૮૫ના રોજ થાય છે. તે સંદર્ભમાં મોડાસા આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીએ તેમના પત્રમાં જણાવેલ હકીકત મુજબ તા. ૨૨–૧૧–૧૯૮૫ના રોજ ૬૦ વર્ષ પૂરા કરતા અધ્યાપકની નિવૃત્તિની તા. ૩૧–૧૨–૧૯૮૫ આ વર્ષ પૂરતું તદર્થે ધોરણે ગણવાનું રાખવું અને આ અંગે આચાર્યશ્રીને જાણ કરવાનું રાખવું.

[**નોંધ :** શૈક્ષણિક વર્ષના બીજા સત્રની સમાપ્તિ ઑર્ડિ. ૭૫ અન્વયે જે તે વર્ષની તા. ૧૪મી જૂનના રોજ થાય છે. પરંતુ ચાલુ વર્ષે વિશિષ્ટ સંજોગોમાં સત્રોની ગોઠવણીમાં ફેરફાર થયા છે અને તે તા. ૨૪–૧૨–૧૯૮૫ મુકરર કરવામાં આવી છે. તેથી સામાન્યત: બીજા સત્ર દરમિયાન એટલે કે ૨જી નવેમ્બર પછી નિવૃત્ત થતા શિક્ષકોની નિવૃત્તિ તા. ૧૪–૬–૧૯૮૬ સુધી લંબાવી શકાય; પરંતુ ઉપરના ઠરાવના અમલીકરણથી આવા શિક્ષકોને વિપરીત અસર થાય છે તે શૈક્ષણિક દૃષ્ટિએ ઉચિત જણાતું નથી. આથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૧ની કંડિકા (૫–એ) અન્વયે આ ઠરાવની પુન: વિચારણા કરવાનો તથા તે દરમિયાન ઉપર જણાવેલ ઠરાવનો અમલ મોકૂફ રાખવાનો કુલપતિશ્રીએ આદેશ આપ્યો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૫–૧૦–૧૯૮૫ની સભામાં અધ્યાપકોની નિવૃત્તિ ચાલુ વર્ષ દરમિયાન પ્રથમ સત્રમાં આવતી હોય તો નિવૃત્તિની તારીખ ૩૧–૧૨–૧૯૮૫ આ વર્ષ પૂરતી તદર્થ ધોરણે ગણવાનું ઠરાવ્યું હતું, પરંતુ આમ કરવાથી સામાન્યત: બીજા સત્ર દરમિયાન એટલે કે ૨જી નવેમ્બર પછી નિવૃત્ત થતા શિક્ષકોની નિવૃત્તિની તારીખ જે ૧૪–૬–૧૯૮૬ સામાન્યત: થાય તેઓએ ઉપરના ઠરાવના અમલીકરણથી વિપરીત અસર થાય. જે શૈક્ષણિક દૃષ્ટિએ ઉચિત ન હોઈ બીજા સત્રના અંતે શિક્ષકોની નિવૃત્તિની તારીખ જે ૨૪–૧૨–૧૯૮૫ મુકરર કરવામાં આવી છે તેને બદલે મૂળ હતી તે જ તારીખ એટલે કે તારીખ ૧૪–૬–૧૯૮૬ રાખવી અને આ અંગેની જાણ લાગતાવળગતાઓને કરવી.

૧૨. ચાલુ શૈક્ષણિક વર્ષ ૧૯૮૫-૮૬ થી ફર્સ્ટ એમ.બી.બી.એસ.માં દાખલ થનાર વિદ્યાર્થી પાસેથી હાલ ટ્યુશન ફીનો દર જે વિદ્યાર્થી દીઠ પ્રત્યેક સત્ર માટે રૂ. ૨૦૦ નિયત થયેલ છે તેને બદલે રૂ. ૧,૦૦૦-૦૦ કરવા શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીનશ્રી તરફથી તા. ૨૦—૧૧—૧૯૮૫ના પત્રથી આવેલ પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીનની વિદ્યાર્થી દીઠ પ્રત્યેક સત્રની ફી જે હાલ રૂ. ૨૦૦ છે તેને બદલે રૂ. ૧,૦૦૦ કરી આપવાની વિનંતી મંજૂર રાખવી નહીં. અને ફી અંગેના ઑર્ડિ. ૧૫૯માં તે માટે જરૂરી જોગવાઈ કરીને સુધારેલો ઑર્ડિ. મંજૂર કરવો. (સુધારેલ ઑર્ડિ. ૧૫૯ની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૩. ભગિની સાયન્સ કૉલેજમાં ઇલેક્ટ્રોનિકસ અને સ્ટેટિસ્ટિકસના નવા વિષયોના શિક્ષણનું જોડાણ ચાલુ વર્ષે આવતાં વર્ગખંડોની અગવડ ઇત્યાદિના કારણે એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસાએ યુનિવર્સિટીની મંજૂરીની અપેક્ષાએ તા. ૧-૧૦-૧૯૮૫થી કૉલેજનો સમય સવારે ૭-૩૦થી ૧૨-૩૦નો રાખ્યા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧-૧૧-૧૯૮૫ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માણસાના આચાર્યશ્રીને જણાવવું કે કૉલેજના સમયમાં ફેરફાર કરતાં પહેલાં યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મેળવવી આવશ્યક છે. દરમિયાનમાં વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષોની બનેલી એક સમિતિ નીમીને તેઓને સદરહુ કૉલેજ પર જઈ સમયના ફેરફાર માટેનાં કારણો તેમજ તેમ કરવાની જરૂરી સુવિધાઓ અને સંબંધકર્તા બાબતો જોઈ-તપાસીને પોતાનો સુચિંતિત હેવાલ શકય તેટલો વહેલો આપવા જણાવવું.

૧૪. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડી.એફ.એમ. (ડિપ્લોમા) તથા એમ.ડી. (ડિગ્રી) ફોરેન્સિક મેડિસિન વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર માટેની અરજીની બાબતમાં નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા અને તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. એમ.બી.બી.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે કોટેજ હૉસ્પિટલ, ઊંઝાને માન્યતા આપવા હૉસ્પિટલના અધીક્ષકની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા અને તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. સને ૧૯૮૪-૮૫ના વર્ષનો ઉપમો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૮૪–૮૫ના વર્ષનો ઉપમો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે નીચેના સભ્યોની બનેલ સમિતિ ચાલુ વર્ષ માટે નીમવાનું રાખવું :

૧. કુલપતિશ્રી
૨. ઉપકુલપતિશ્રી
૩. પ્રિ. આર. એચ. વ્યાસ
૪. શ્રી. કનુભાઈ એ. શાહ
૫. શ્રી. ઉજમશીભાઈ કાપડિયા.

૧૭. યુનિવર્સિટી મુદ્રણાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે જણાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	પગારધોરણ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી પી. બી. પટેલ	આસિસ્ટન્ટ કમ્પોઝ ટોરમેન	રૂ. ૩૫૦-૧૨-૪૪૦-૧૫-૪૭૦ ઈ.બી-૧૫-૫૬૦	૨૨–૧૧–૧૯૮૫
(૨)	શ્રી વી. બી. પટેલ	,,	,,	૨૨–૧૧–૧૯૮૫
(૩)	શ્રી આર. કે. સોલંકી	,,	,,	૨૨–૧૧–૧૯૮૫
(૪)	શ્રી એસ. એ. વાળંદ	,,	,,	૨૨–૧૧–૧૯૮૫

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી મુદ્રણાલયમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા.

૧૮. યુનિવર્સિટીના Education Media Research Centreના નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	પગારધોરણ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી રોજસ એમ. ઝવેરી, પ્રોડ્યુસર	રૂ. ૭૦૦–૧૩૦૦	૬–૧૧–૧૯૮૫
(૨)	શ્રી એચ. સી. ત્રિવેદી પ્રોડ્યુસર	,, ,,	૬–૧૨–૧૯૮૫
(૩)	શ્રી કે. એમ. પ્રજાપતિ આસિસ્ટન્ટ એન્જિનિયર	,, ,,	૧–૧૧–૧૯૮૫
(૪)	શ્રી આર. જે. સોંડરવા, કેમેરામેન	રૂ. ૬૫૦–૧૨૦૦	૧૭–૧૦–૧૯૮૫

(૫) શ્રી કે. એચ. બ્રહ્મભટ્ટ, કેમેરામેન	રૂ. ૬૫૦–૧૨૦૦	૧૭–૧૦–૧૯૮૫
(૬) કુ. માલતીબહેન વી. મહેતા, પ્રોડકશન આસિસ્ટન્ટ	રૂ. ૫૫૦–૯૦૦	૧૭–૧૦–૧૯૮૫
(૭) શ્રી આઈ. એમ. શેખ, પ્રોડકશન આસિસ્ટન્ટ	,, ,,	૧૭–૧૦–૧૯૮૫
(૮) શ્રી. એ. એમ. મેવાડા, પ્રોડકશન આસિસ્ટન્ટ	,, ,,	૧૭–૧૦–૧૯૮૫

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયમાં કુલસચિવ તરીકે કામ કરતા શ્રી એસ. વી. શાસ્ત્રીના બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૨–૧–૧૯૮૬ના રોજ પૂરો થતો હોઈ તેઓને રૂ. ૧૬૦૦–૮૦–૨૦૦૦ના પગારધોરણમાં તા. ૧૩–૧–૧૯૮૬ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની ચર્ચાવિચારણા હાથ ધરવામાં આવી ત્યારે કુલસચિવશ્રી સભાગૃહની બહાર ગયા હતા.

ત્યારબાદ કુલપતિશ્રી તરફથી શ્રી. કુલસચિવની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલસચિવ તરીકે કામ કરતા શ્રી. એસ. વી. શાસ્ત્રીને તા. ૧૩–૧–૧૯૮૬થી કાયમ કરવા.

૨૦. કોમ્પ્યુટર વિભાગમાં સીનિયર પ્રોગ્રામર તરીકે કામ કરતાં શ્રીમતી જે. પી. એમ. ચૌધરીને રૂ. ૬૫૦–૩૦–૭૪૦–૩૫–૮૧૦–ઇ.બી.–૩૫–૮૮૦–૪૦–૧૦૦૦–ઈ.બી–૪૦–૧૨૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦–૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧૪–૧૦–૧૯૮૫થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની ચર્ચાવિચારણા હાથ ધરાઈ ત્યારે કુલસચિવશ્રી સભાગૃહમાં પરત આવ્યા હતા.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કોમ્પ્યુટર વિભાગમાં સીનિયર પ્રોગ્રામર તરીકે કામ કરતાં શ્રીમતી જે. પી. એમ. ચૌધરીને રૂ. ૬૫૦–૩૦–૭૪૦–૩૫–૮૧૦–ઈબી–૩૫–૮૮૦–૪૦–૧૦૦૦–ઈબી–૪૦–૧૨૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧૪–૧૦–૧૯૮૫થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૨૧. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી એસ. જે. રાણાને પ્રોવિડંટ ફંડમાંથી સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામત માટે રૂ. ૧૮,૦૦૦-૦૦ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એસ. જે. રાણાને સ્ટે. ૧૮૮(૨) હેઠળ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી લોન મંજૂર કરવી.

૨૨. ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ ડૉ. એ. એસ. નાગર તા. ૩૧-૧૦-૧૯૮૫ના રોજ નિવૃત્ત થયા હોઈ સ્ટે. ૨૦૩ અન્વયે તે ભવનના અધ્યક્ષની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — ૧. હાલ સંસ્કૃતનાં પ્રાધ્યાપક ડૉ. ઈ. એ. સોલોમનની કાર્યકારી અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે :

૨. સ્ટેચ્યુટ ૨૦૩ નો પાઠ નીચે પ્રમાણે છે :

There shall be a Director for each School to be appointed by the Executive Council and he shall be the Head of the Department. In his absence, the Senior University Professor, or when there is no Professor, the Senior whole-time University Teacher in the Department shall work as the Head of the Department. The whole-time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbeat on leave shall not be considered to occupy the office under the designation of the Director of the University Department for the purposes of Section 16 (1) Class 1 (C) (i), Section 19 (1) (vi) and Section 21 (1) Class 1 (v).

Notwithstanding anything contained above the senior whole-time University Teacher in the Department appointed as Officiating Director of the School in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purpose of Section 16 (1) Class I (C) (i), Section 19 (1) (vi) and Section 21 (1 Class I (v).

૩. ભાષા ભવનમાં નીચે પ્રમાણે પ્રોફેસરો છે :

નામ	પ્રોફેસર તરીકેની નિમણૂકની તારીખ
૧. ડૉ. આર. જે. જોષી	૨૪–૮–૧૯૭૭
૨. ડૉ. ઈ. એ. સોલોમન	૨૪–૮–૧૯૭૭
૩. ડૉ. આર એ. મલગી	૨૬–૯–૧૯૭૭]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા તથા તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૩. ઑર્ડિ. ૧૬૬ અન્વયે કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ ઉપર સંલગ્ન કૉલેજોના આચાર્યો પૈકીની ખાલી પડેલ એક જગ્યા પર તથા સંલગ્ન કૉલેજોના શિક્ષકો પૈકીની ખાલી પડેલ એક જગ્યા પર ઑર્ડિ. ૧૬૬ (૨) બી (૩) અને ૫ અન્વયે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — ઈડર કૉલેજના આચાર્યશ્રી નિવૃત્ત થયા હોવાથી તેમની એક જગ્યા ખાલી પડે છે તથા પ્રા. હસમુખભાઈ પટેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય મટી ગયા હોવાથી તેમની જગ્યા ખાલી પડે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય લેવા તથા કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૪. હરિઓમ આશ્રમ પ્રેરિત ઍલેમ્બિક સંશોધન ઍવોર્ડ–સર્જિકલ ઍન્ડ ઍલાઈડ બ્રાન્ચીઝ-૧૯૮૪ ડૉ. જવાહર તુલસીદાસ જેઠવાને ઍનાયત કરવા માટે તે અંગેની સમિતિના રિપોર્ટને અનુલક્ષીને તે ઍવોર્ડ ડૉ. જવાહર તુલસીદાસ જેઠવાને ઍનાયત કરવાની જાહેરાત કરવામાં આવતાં તે બાબતમાં ડૉ. આર ઍન. વૈષ્ણવ તરફથી કેટલીક રજૂઆત થતાં સદરહુ ઍવોર્ડ અંગેની સમિતિએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Having received the representation from Dr. Vaishnav regarding the Hari Om Ashram Prerit Alembic Research Award for Surgical & Allied Branches 1984 to Dr. Jethwa, a Committee was nominated to make the inquiry in the matter. The Committee thereafter having gone through all the papers and having interviewed Dr. Jethwa as well as Dr. Vaishnav came to the conclusion that the work submitted by Dr. Jethwa is not entirely his original work as required under the conditions of the Award, and the committee is therefore of the opinion that the award be withdrawn."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હરિઓમ આશ્રમ પ્રેરિત ઍલેમ્બિક સંશોધન ઍવોર્ડ એનાયત કરવા અંગેની સમિતિની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી અને તે મુજબ જરૂરી કાર્યવાહી કરવા માટે કાર્યાલયને જણાવવું.

૨૫. યુનિવર્સિટી બોયઝ હૉસ્ટેલ કેન્ટીનના કૉન્ટ્રાક્ટર શ્રી મફતલાલ જયમલ દેસાઈને તા. ૧-૩-૧૯૮૫થી તા. ૧૫-૮-૧૯૮૫ સુધી કેન્ટીનના મકાનના મ્યુનિસિપલ ટેક્ષમાંથી મુક્ત આપવાની તેમની અરજી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કેન્ટીનના મકાનના મ્યુનિસિપલ ટેક્ષમાંથી મુક્તિ આપવા માટેની યુનિવર્સિટી બોયઝ હૉસ્ટેલ કેન્ટીનના કૉન્ટ્રાક્ટરની વિનંતી અપવાદરૂપે મંજૂર રાખવી.

૨૬. યુનિવર્સિટી પ્રકાશનોની વેચાણ કિંમત નિયત કરવા માટેનાં ધોરણો અંગે ફેર-વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — હાલમાં વેચાણ કિંમત નક્કી કરવા અંગે નીચે પ્રમાણેનો ઠરાવ અમલમાં છે.)

ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનો માટે નીચે પ્રમાણે કિંમત નક્કી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) સંશોધનાત્મક મહાનિબંધ કે અન્ય પ્રકાશનો માટે આર્થિક સહાય મળતી હોય તેવાં પ્રકાશનોની કુલ પડતર કિંમતની અડધી કિંમત ગણીને વેચાણ કિંમત નક્કી કરવી.

(૨) લોકભોગ્ય પ્રકાશન, વ્યાખ્યાનો અને ઇતર પ્રકાશનોની કુલ પડતર કિંમત કાઢીને એક નકલની કિંમત જે આવે તે રાખવી.

(૩) સંદર્ભગ્રંથ, પાઠ્યપુસ્તક અને લઘુગ્રંથ કે અનુવાદ જેવાં પ્રકાશનો માટે પડતર કિંમત ઉપરથી વેચાણ કિંમત દોઢ ગણી રાખવી.

(૪) સિલેબસની પડતર કિંમત રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનોની વેચાણ કિંમત નિયત કરવા માટે તેનાં વિવિધ પાસાં જોઈવિચારી એક વિગતવાર પ્રસ્તાવ તૈયાર કરીને આ બાબત આ સભાગૃહ સમક્ષ પુનઃ રજૂ કરવાનું રાખવું.

૨૭. યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોના વ્યાખ્યાતાઓના મૂલ્યાંકન કરવા અંગે તા. ૬-૧૧-૧૯૮૫ના રોજ મળેલી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	ભવન	પગારધોરણ	કઈ તારીખ
૧.	શ્રી એન. એમ. પરીખ, વ્યાખ્યાતા	મનોવિજ્ઞાન ભવન	રૂ. ૩૦૦-૪૦-૧૧૦૦-૫૦-૧૩૦૦-મૂલ્યાંકન-૫૦-૧૬૦૦.	૧૫-૬-૧૯૮૨ થી
૨.	ડૉ. એચ. વી. સુથાર વ્યાખ્યાતા	સમાજવિદ્યા ભવન	,, ,,	૨૫-૮-૧૯૮૪થી
૩.	ડૉ. ડી. બી. દેસાઈ વ્યાખ્યાતા	,,	,, ,,	૧૫-૬-૧૯૮૪થી

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઉપર જણાવેલ ભવનોમાં શિક્ષકો તરીકે કામ કરતા ઉપરોક્ત કર્મચારીઓને મૂલ્યાંકન સમિતિની ભલામણ પ્રમાણે રૂ. ૧,૩૦૦ પછીનો વાર્ષિક ઈજાફો તેમનાં નામ સામે જણાવેલ તારીખથી આપવાનું રાખવું.

૨૮. એમ.ડી. / એમ.એસ. ડિગ્રી અને મેડિકલ ડિપ્લોમામાં રજિસ્ટ્રેશન લીધું હોય તેવા ઉમેદવારોને હોસ્પિટલ કે મેડિકલ કૉલેજમાં હાઉસમેન જેવી સમકક્ષ જગ્યા ઉપર સેવાઓ આપેલ હોય તો તેવા ઉમેદવારોને મેડિકલ કાઉન્સિલની ભલામણ અનુસાર સત્રમુક્તિ આપવી અને તે માટે સંબંધકર્તા નિયમોમાં નીચે મુજબ જોગવાઈ કરવાનું

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૮૫ની સભામાં મંજૂર રાખેલ હોઈ ઑર્ડ. એમ.ડી. ૭(૩) અને ઑર્ડ. એમ.એસ. ૭(૩) હેઠળ જોગવાઈ ઉમેરીને સદરહુ ઑર્ડ. સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"A candidate who is admitted to the post-graduate courses and who have done housemanship or equivalent training at post graduate level in a teaching Institution, or medical Hospital recognised by the Medical Council of India in the same or allied subject will be entitled to an exemption upto a maximum period of two terms in the total duration of training for the relevant post-graduate course."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડ. એમ. ડી. ૭(૩) અને ઑર્ડ. એમ.એસ. ૭(૩)માં ઉપર મુજબની જોગવાઈ ઉમેરીને સદરહુ ઑર્ડિનન્સો સુધારવાનું રાખવું.

(સુધારેલ ઑર્ડિનન્સોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૯. ગુજરાત યુનિવર્સિટીની તૃતીય વર્ષ બી.એ.ની પદવી પરીક્ષામાં હિન્દી વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને "શ્રી અંગનલાલ પી. ગુપ્તા મેમોરિયલ મેડલ" એનાયત કરવા અંગે શ્રી. રતનપ્રકાશ એ. ગુપ્તા તરફથી આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

[પ્રદાનની રકમ રૂ. ૭,૫૦૦ (અંકે રૂપિયા સાત હજાર પાંચસો પૂરા) —યુનિવર્સિટીને મળેલ છે]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રતનપ્રકાશ એ. ગુપ્તા તરફથી ચંદ્રક એનાયત કરવા માટે આવેલી દરખાસ્તનો સાભાર સ્વીકાર કરવો.

(સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૦. હરિઓમ આશ્રમ, નડિયાદ તરફથી "હરિઓમ આશ્રમ અર્પિત ડૉ. અંબાશંકર નાગર ચન્દ્રક" ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની પદવી પરીક્ષા એન્ટાયર હિન્દી વિષય સાથે સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને એનાયત કરવા અંગે આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

[પ્રદાનની રકમ રૂ. ૭,૫૦૦ (રૂપિયા સાત હજાર પાંચસો પૂરા) યુનિવર્સિટીને મળેલ છે.

[**નોંધ.**—ઉપરોક્ત ચન્દ્રકના પ્રદાનની રકમના વ્યાજમાંથી વહીવટી ખર્ચ કાપવાનો ન હોઈ, તે અંગે થનાર ખર્ચ માટે હિન્દી સાહિત્ય પરિષદ, અમદાવાદ તરફથી રૂ. ૫૦૦ (અંકે રૂપિયા પાંચસો પૂરા) અલગ આવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હરિઓમ આશ્રમ, નડિયાદ તરફથી ચન્દ્રક એનાયત કરવા અંગે આવેલી દરખાસ્તનો સાભાર સ્વીકાર કરવો.

૩૧. યુનિવર્સિટી કોર્ટ પરની વિદ્યાર્થી પ્રતિનિધિઓની તથા બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરના સભ્યોની ચૂંટણી માટે મતદાન કેન્દ્રો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટ પરની વિદ્યાર્થી પ્રતિનિધિઓની તથા બૉર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરના સભ્યોની ચૂંટણી માટેનાં મતદાન કેન્દ્રોની યાદીમાં ક્રમાંક ૧૧ માં "એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ" દર્શાવેલ છે તેની જગ્યાએ "સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ"નું નામ મૂકવું અને તે પ્રમાણે સુધારેલી યાદી મંજૂર કરવી.

(સૂચિત મતદાન કેન્દ્રોની યાદી **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૨. સને ૧૯૮૬ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલય, વિદ્યાભવનો તથા યુનિવર્સિટી પ્રેસ માટેની જાહેર રજાઓ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** (૧) રાજ્ય સરકારની રજા અંગેની યાદી સામેલ છે તેમાં યુનિવર્સિટી સ્થાપના દિન તા. ૨૩-૧૧-૧૯૮૬ની રજા રવિવારે આવતી હોવાથી આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

(૨) સદરહુ રજાઓની યાદીમાં મરજિયાત રજાઓની યાદી સામેલ છે, જે રજાઓનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૬-૧-૧૯૮૨ની સભામાં ઠરાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય, સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ તેમજ યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનો તથા યુનિવર્સિટી પ્રેસ માટે સને ૧૯૮૬ના વર્ષ માટેની જાહેર રજાઓની યાદી તથા મરજિયાત રજાઓની યાદી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્થાપના દિનની રજા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને માટે પણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી રજાઓની યાદી **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૩. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો પર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૫-૧૦-૧૯૮૫ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૨૫-૧૦-૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૪. કેન્ટીન સમિતિની તા. ૨૪-૯-૧૯૮૫ને મંગળવારના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કેન્ટીન સમિતિની તા. ૨૪-૯-૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૩૫. પ્રકાશન બોર્ડની તા. ૩૦-૯-૧૯૮૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન બોર્ડની તા. ૩૦–૯–૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી. (સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ** "ઝ" તરીકે સામેલ છે.)

૩૬. થર્ડ બી.ડી.એસ.ના નવા અભ્યાસક્રમ મુજબના નિયત થયેલ વિષયોમાં "ઓર્થોડોન્શિયા" વિષય હવે થર્ડ બી.ડી.એસ.માં નહીં રહેતાં જૂન, ૧૯૮૫થી "ઓર્થોડોન્શિયા" વિષય ફાઇનલ એટલે કે ફોર્થ બી.ડી એસ.માં દાખલ કરવામાં આવેલ હોઇ "સ્વ. ડૉ શ્રીમતી હરગંગા નૌતમલાલ વ્યાસ ઉપલેટાવાળા ચંદ્રક" હવેથી ચોથા વર્ષની માર્ચ–એપ્રિલની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થઇ "ઓર્થોડોન્શિયા" ના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનારને આપવા બાબતની શરતમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે થર્ડ બી.ડી.એસ.ના નવા અભ્યાસક્રમ મુજબ ઓર્થોડોન્શિયા વિષય હવે થર્ડ બી.ડી.એસ.માં નહીં રહેતાં જૂન, ૧૯૮૫ની ફાઇનલ એટલે કે ફોર્થ બી.ડી.એસ.માં દાખલ થવાને કારણે સ્વ. ડૉ. શ્રીમતી હરગંગા નૌતમલાલ વ્યાસ ઉપલેટાવાળા ચન્દ્રક હવેથી ફાઇનલ બી.ડી.એસ.ના ઓર્થોડોન્શિયા વિષયમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવાનું રાખવું અને સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતમાં તે પ્રમાણે સુધારો કરવો, તેમજ સંબંધકર્તા દાતાને તેની જાણ કરવી.

૩૭. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી જૂન, ૧૯૮૬ થી ચાલુ જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઓ. ૧૨૦ અનુસાર સમય-મર્યાદા બાદ આવેલી છે, પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ, કુલપતિશ્રીએ તે વિચારણામાં લેવા માટે ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં આગળ કાર્યવાહી કરવા માટે તથા તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજમાં એમ.ડી.એસ. ડિગ્રી અભ્યાસમાં પ્રવેશની બાબતમાં ડૉ. જે. ટી વાણિયાએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૬૫૭૪–૮૫ની બાબતમાં એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૨) યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં કામ કરતાં સીનિયર આસિસ્ટન્ટ શ્રીમતી એ વી. સોલંકીની સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની રૂ. ૩૬,૦૦૦-૦૦ની મકાન મરામત અંગેની લોન મંજૂર કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩૯. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના સંગ્રહાલય માટેના વિકાસ અંગે યુ.જી.સી.એ છઠ્ઠી યોજના હેઠળ રૂપિયા દોઢ લાખની આર્થિક સહાય મંજૂર કરેલ તેના સંદર્ભમાં "સેન્ટર ફૉર એન્વાયરમેન્ટ એજ્યુકેશન, નહેરુ ફાઉન્ડેશન" તરફથી કુલ રૂપિયા ત્રણ લાખના અંદાજી ખર્ચ સાથે બે તબક્કામાં પ્રોજેક્ટ પૂરો કરવા અંગેની બાબત અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૪-૮-૧૯૮૫ ની સભામાં બાબત ક્રમાંક ૧૫ અન્વયે થયેલ ઠરાવ અનુસાર વધારાની સહાય મંજૂર કરવા યુ.જી.સી. પાસે રજૂઆત કરતાં તેમના તા. ૫-૧૧-૧૯૮૫ના પત્ર ક્રમાંક એફ—૯—૫—૮૫ (બી ૧) અન્વયે રૂપિયા દોઢ લાખની વધુ આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૦. ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા તરફથી જૂન, ૧૯૮૫ થી મહેસાણા ખાતે શરૂ કરાનાર ડિપ્લોમા ઇન ફાર્મસીની કૉલેજ માટેની અરજી પરત્વે સદરહુ કૉલેજ માટેની ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ મુજબ જરૂરિયાત સ્વીકારવામાં ન આવતાં તેમણે કરેલી અપીલ રાજ્ય સરકારે સ્વીકારી નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૧. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ગુજરાતની વડી અદાલતમાં રજૂ થયેલ નીચેની વિગતોની અરજીઓના કામમાં શ્રી સુરેશભાઈ શેલતની એડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

અરજી નંબર	પક્ષકારો
(૧) ૪૨૭૮/૧૯૮૫	ગ્રંથપાલ, ભારતીબહેન આર. પટેલ વિરુદ્ધ ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ. ગ્રંથપાલનો પગાર રૂ. ૫૩૦—૯૦૦ મેળવવા.
(૨) ૩૫૩૨/૧૯૮૫	શ્રી. એસ. એમ. ત્રિવેદી અને બીજા—લો કૉલેજ, ઊંઝા. વિરુદ્ધ ગુજરાત સરકાર, ગ્રાન્ટ-ઇન-એઈડનો ઠરાવ રદ કરવા લો કૉલેજોને ગ્રાન્ટ માટે મંજૂરી આપવા.
(૩) ૫૮૫૧/૧૯૮૫	શ્રી. એમ. સી. નાયક અને શ્રી. જે. આર. મકવાણા વિરુદ્ધ ગુજરાત સરકાર, નિવૃત્તિ વયમર્યાદા બાબત.
(૪) ૨૮/૧૯૮૪	શ્રી. વી. જે. જાડેજા, ભાખ્યાતા, વિરુદ્ધ જે. બી. ડક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ, પેન્ડિંગ સેશન અંગે ટ્રિબ્યુનલે અરજી ૨૮/૧૯૮૪ કાઢી નાખેલ તે બાબત.

(૫) ૪૯૪૦ / ૧૯૮૫ ડૉ. પૂર્ણિમાબહેન શાહ.
વિરુદ્ધ
ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ,
સસ્પેન્શન અંગે ટ્રિબ્યુનલને કરેલ અરજી કાઢી નાખ્યા બાબતમાં.

(૨) યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓની તેમનાં નામ સામે જણાવેલ રકમ સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની લોન મંજૂર કર્યા અંગેનું :

૧.	શ્રી કે. કે. શ્રોફ	આસિસ્ટન્ટ	...રૂ. ૨૫,૦૦૦
૨.	શ્રી પી. સી. શાહ	આસિસ્ટન્ટ	...રૂ. ૨૫,૦૦૦
૩.	શ્રી કે. જે. પંચાલ	સી. આસિસ્ટન્ટ	...રૂ. ૨૦,૦૦૦
૪.	શ્રી એમ. એમ. પંચાલ	લેબ. આસિસ્ટન્ટ	...રૂ. ૨૦,૦૦૦

(૩) સંલગ્ન કૉલેજમાં વર્ગ કે તેના ડિવિઝન દીઠ, મુકરર સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થીઓ પરિસ્થિતિ આધીન લેવાની જરૂરિયાત ઊભી થાય તો તેવી સત્તા કુલપતિશ્રી પાસે રાખવા અંગેના ઑર્ડ. ૧૨૦–બી (iv)ના પેરા (૨) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યાનું :

O. 120-B (iv) Para 2 :

Notwithstanding anything contained above, the Vice-Chancellor may, in his discretion, permit a College to admit such number of students exceeding 1250 in the college and/or such number of students exceeding 100 in the class on division thereof, as may be deemed necessary.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૪૨. સમાજવિદ્યા ભવનના ઇતિહાસ વિભાગના વડા અને પ્રોફેસર ડૉ. એમ. જે. મહેતાની સંશોધન યોજના 'Social Transformation and the untouchables of Gujarat (C. 1850–1917)' માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૭–૧૧–૧૯૮૫ના પત્રાંક એફ. ૨૬-૭/૮૪ (HR-I)થી રૂ. ૪૪,૦૦૦ (અંકે રૂપિયા ચુમાલીસ હજાર)ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૩. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના લેક્ચરર ડૉ. એમ. વી. રાવની સંશોધન યોજના "Antitertility effects of some Plant Products in Male rodents" માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૯-૧૧-૧૯૮૫ના પત્રાંક એફ. ૨૬-૧(૧૭૬૮)૮૫ (એસ.આર.-IV)થી રૂ. ૧૦,૦૦૦ (અંકે રૂપિયા દશ હજાર પૂરા)ની આર્થિક સહાય મંજૂર કર્યા અંગે નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૪. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદે જૂન ૧૯૮૪થી બી.એ. (ગૌણ)માં ડિફેન્સ સ્ટડીઝ અને ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે કરેલી અરજી પાછી ખેંચી હોઈ તેની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—કૉલેજના આચાર્યે તેમના તા. ૬—૧૨—૧૯૮૫ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"શિક્ષણ નિયામકશ્રી તરફથી પૂર્વમંજૂરી નહીં મળવાથી અમારે આમ કરવું પડયું છે તે હકીકતને લક્ષમાં લઈ ડિપોઝિટ પરત કરવા વિનંતી છે.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૫. ૧૯૮૫ના વર્ષનો "આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક" એનાયત કરવા અંગે નિષ્ણાત સમિતિ પર સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ગયા વર્ષે નિષ્ણાત સમિતિના સભ્યો નીચે પ્રમાણે હતા :

૧. ડૉ. પી. સી. મહેતા

૨. ડૉ. ડી. જે. મહેતા

૩. ડૉ. આર. ડી પટેલ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નિષ્ણાત સભ્યોની બનેલી સમિતિ રચવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૬. ૧૯૮૫ના વર્ષનો "આચાર્યશ્રી એમ. સી. દેસાઈ ચંદ્રક" એનાયત કરવા અંગે નિષ્ણાત સમિતિ પર સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ગયા વર્ષે નિષ્ણાત સમિતિના સભ્યો નીચે પ્રમાણે હતા :

૧. ડૉ. ધીરુભાઈ વી. દેસાઈ

૨. ડૉ. દોલતભાઈ દેસાઈ

૩. ડૉ. ડી. ટી. લાકડાવાલા.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નિષ્ણાત સભ્યોની બનેલ સમિતિ રચવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૭. સમાજવિદ્યા ભવનમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ તરીકે કામ કરતા શ્રી કે. આર. તલપલ્લીનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૫—૪—૧૯૮૫ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૬—૪—૧૯૮૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સમાજવિદ્યા ભવનમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ ૨ તરીકે કામ કરતા શ્રી. કે. આર. તલતલ્લીને તા. ૨૬—૪—૧૯૮૫થી કાયમ કરવા.

૪૮. કોમ્પ્યુટર સેન્ટરમાં કોન્સોલ ઓપરેટર તરીકે કામ કરતાં શ્રીમતી વર્ષાબહેન જી. ત્રિવેદીનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૦-૩-૧૯૮૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૩૧-૩-૧૯૮૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કોમ્પ્યુટર સેન્ટરમાં કોન્સોલ ઓપરેટર તરીકે કામ કરતાં શ્રીમતી વર્ષાબહેન જી. ત્રિવેદીને તા. ૩૧–૩–૧૯૮૫થી કાયમ કરવાં.

૪૯. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમની સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામત / ખરીદવા માટે તેઓના પ્રૉવિડંટ ફંડ ભંડોળમાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	લોનની રકમ	અગાઉ લોન લીધી છે ?	કારણ
૧.	શ્રી એ. એમ. મકવાણા સફાઈ કામદાર	રૂ. ૧૪,૫૦૦/-	હા, જી.	મકાન મરામત
૨.	શ્રી હીરા બાપુ વાઘેલા સફાઈ કામદાર	રૂ. ૧૪,૦૦૦/-	હા, જી.	,,
૩.	શ્રી એમ. ડી. ડાભી પટાવાળા	રૂ. ૧૬,૫૦૦/-	હા, જી.	,,
૪.	શ્રીમતી જે. આર. જોશી જુ. આસિ.	રૂ. ૧૨,૦૦૦/-	ના, જી.	,,
૫.	શ્રી બી. આર. ગોસાઈ ડ્રાઇવર	રૂ. ૧૩,૦૦૦/-	ના, જી.	,,
૬.	શ્રી એન. એ. ગઢવી પી. એ. ટુ. રજિસ્ટ્રાર	રૂ. ૫૩,૦૦૦/-	હા, જી.	રિપેરિંગ તથા વધારાનું બાંધકામ.
૭.	શ્રી જે. પી. ચૌહાણ આસિ.	રૂ. ૨૧,૦૦૦/-	હા, જી.	હાલના રહેઠાણમાં રિપેરિંગ તથા વધારાનું બાંધકામ
૮.	શ્રી બી. આર. ચૌહાણ	રૂ. ૩૫,૦૦૦/-	હા, જી.	,,
૯.	શ્રી આર. વી. ભાવસાર	રૂ ૩૮,૦૦૦/-	હા, જી.	,,
૧૦.	શ્રી જે. સી. શુકલ જુ. સુપરિન્ટેન્ડેન્ટ	રૂ. ૩૬.૦૦૦/-	હા, જી.	મકાન મરામત
૧૧.	શ્રી પ્રભાતસિંહ બી. ચૌહાણ	રૂ. ૨૨,૮૦૦/-	હા, જી.	,,
૧૨.	શ્રી બી. એમ. મારવાડી ગ્રાઉન્ડમેન	રૂ. ૧૪,૦૦૦/-	હા, જી.	,,
૧૩.	શ્રી વી. એલ. ભટ્ટ સી. આસિ.	રૂ. ૩૫,૦૦૦/-	હા, જી.	,,

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઉપરોક્ત કર્મચારીઓને મકાન ખરીદવા/મરામત કરાવવા માટે તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતેથી મંજૂર કરવી.

૫૦. સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા ડૉ. જે. આઈ. લાલીવાલા ઇસ્તુંબુલ ઇસ્લામિક પરિષદમાં તેમ જ અમેરિકા જવા માટે તા. ૧૯–૯–૧૯૮૫થી રજા પર છે અને આજ દિવસ સુધી તેઓની ફરજ પર પાછા ફર્યા નથી તેના સંદર્ભમાં આ અંગે આ જગ્યાની જાહેરખબર આપી હંગામી ધોરણે ભરવા અંગેના અધ્યક્ષશ્રીના તા. ૨–૧૨–૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) તેઓના ખાતે કુલ ૮૧ રજા જમા છે તે અન્વયે તેઓને ૧૮–૮–૧૯૮૫ થી તા. ૮–૧૨–૧૯૮૫ સુધીની રજા આપવામાં આવી છે અને તેઓ તા. ૯–૧૨–૧૯૮૫ થી બિનપગારી રજા ઉપર છે.

(૨) કાર્યાલયને આજ દિવસ સુધી તેઓના તરફથી કોઈ પત્ર મળ્યો નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૧. યુનિવર્સિટી કેમ્પસમાં પ્રોફેશનલ ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ સેન્ટર માટે આશરે ૧૨૦૦૦ ચો. ફૂટ જમીનની માગણી અંગે તા. ૨–૧૨–૧૯૮૫ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાના ઠરાવ નં. ૮૬ તે બાબત અંગે કાર્યાલય તૈયાર કરેલ વિગતવાર હેવાલ તેમ જ નાણાકીય અંદાજના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં તેનાં સમગ્ર પાસાં જોઈ-વિચારીને એક સુચિંતિત હેવાલ આપવા માટે નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. પ્રિ. આર. એચ. વ્યાસ, અધ્યક્ષ, વાણિજ્ય વિદ્યાશાખા
૩. ડૉ. એમ. એન. દેસાઈ
૪. પ્રિ. બી. એમ. પીરઝાદા

૫૨. Diploma in Computer Trainingના અભ્યાસક્રમનું નવું નામાભિમાન Diploma in Computer Science and Application નું આપવામાં આવ્યું છે અને આ અભ્યાસક્રમને U.G.C.એ પણ મંજૂરી આપી છે તેના સંદર્ભમાં Diploma in Computer Trainingને બદલે Diploma in Computer Science and Aplicationનું નામાભિમાન આપી Statute–17માં સુધારો કરવા કોર્ટને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર ટ્રેઈનિંગ" ને બદલે "ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એપ્લિકેશન"નું નામાભિધાન આપવું અને આના પરિણામે સ્ટે. ૧૭૯માં જરૂરી સુધારો કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૫૩. ફાઇનાન્સ સમિતિની તા. ૨૦–૧૨–૧૯૮૫ના રોજ મળેલી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૨૦–૧૨–૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૫૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કામો (જાણ સારુ).

(૧) આદિવાસી આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, સલોડામાં પર્યાપ્ત શિક્ષકગણ ન હોવા અંગે તથા કૉલેજની ગેરવ્યવસ્થાના મુદ્દા પર શ્રી એલ. ડામોર કૉલેજ વિરુદ્ધ યુનિવર્સિટી વિરુદ્ધ ગુજરાત હાઈ કોર્ટમાં કરેલી રિટ અરજી ક્રમાંક ૬૫૭૨/૮૪ ના કામમાં શ્રી સુરેશભાઈ શેલતને એડવોકેટ તરીકે રોકવાના અને તે બદલ થનાર ખર્ચ મંજૂર કર્યાનું;

(૨) એપ્રિલ ૧૯૮૫ ની પરીક્ષાઓ કે જે સપ્ટેમ્બર ૧૯૮૫માં લેવાઈ તેમાં સેકન્ડ એલએલ.બી.ના વિદ્યાર્થી શ્રી દીપક વ્રજલાલ શાહ (બેઠક નંબર ૩૬૭) એ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે સિ એ. નંબર ૬૮૮૮ થી દાદ માંગતા સદરહુ રિટ અરજીના સંદર્ભમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકવાના અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) એપ્રિલ ૧૯૮૫ ની પરીક્ષાઓ કે જે સપ્ટેમ્બર ૧૯૮૫માં લેવાઈ તેમાં સેકન્ડ એલએલ.બી. પરીક્ષાના વિદ્યાર્થી શ્રી ઓમપ્રકાશ નાગુલાલ શાહ નંબર ૩૭૨ એ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં તા. ૧૨—૧૨—૧૯૮૫ના સ્પે સિ.એ. નંબર ૬૮૨૩ થી દાદ માંગતાં સદરહુ રિટ અરજીના સંદર્ભમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકવાના અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાનું;

(૪) ઑર્ડિ. ૯૬ અન્વયે કૉલેજના અધ્યાપક-બિન શિક્ષકવર્ગના કર્મચારીઓ અંગેની માહિતી તા. ૧૬ ઑગસ્ટ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મળે તે રીતે મોકલવાનું છે, પરંતુ ચાલુ શૈક્ષણિક વર્ષે અસાધારણ પરિસ્થિતિને કારણે પરીક્ષાર્થી વિદ્યાર્થી પ્રવેશ ઈ. બાબતોમાં વિક્ષેપ થયો છે તેના સંદર્ભમાં સદરહુ માહિતી મોકલવાની સમયમર્યાદા તા. ૨૮—૧૨—૧૯૮૫ સુધી લંબાવવાનું

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૫૫. યુનિવર્સિટીમાં કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના ડાયરેક્ટરની જગ્યાનાં લાયકાતનાં ધોરણો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના ડાયરેક્ટરની જગ્યા માટેનાં લાયકાતનાં ધોરણો નીચે પ્રમાણે રાખવાં :

[૧] Bachelor's and Master's Degree both at least in Second Class

Note.—Notwithstanding anything contained above, it will be competent for the University authorities concerned to waive the academic qualifications mentioned above in the case of a candidate who has not less than 20 years' experience of teaching and/or administrative work.

૫૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ચૂકો અંગેના કેસો પર વિચારણા કરવા

તા. ૨૫-૧૦-૧૯૮૫, ૨-૧૧-૧૯૮૫, ૯-૧૧-૧૯૮૫, ૧૭-૧૧-૧૯૮૫, ૨૩-૧૧-૧૯૮૫, ૩૦-૧૧-૧૯૮૫ અને ૩-૧૨-૧૯૮૫ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાઓએ કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની કાર્યવાહીની નોંધોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૫૭. ૧૯૮૫-૮૬ના વર્ષમાં વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજોના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષામાં બૅંકિંગ અને બચતને લગતા વિષય પર યોજાનાર બૅંક ઑફ બરોડા ટ્રોફી વક્તૃત્વ સ્પર્ધા માટે બે નિર્ણાયકો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગયા વર્ષે નીચેની વ્યક્તિઓએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી :

૧. શ્રી જી. વી. સાક્ષી, ડેવલપમેન્ટ મૅનેજર, બૅન્ક ઑફ બરોડા
૨. શ્રી એફ. કે. મહેતા, નિવૃત્ત રિજિયોનલ મૅનેજર, બૅન્ક ઑફ ઇન્ડિયા
૩. પ્રો. એચ. કે. ત્રિવેદી, ડાયરેક્ટર, વાણિજ્ય વિદ્યાભવન.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિર્ણાયકો નિયુક્ત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૮. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓની સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની પ્રૉવિડન્ટ ફંડ લોનની, મકાન મરામત / ખરીદવા માટે, તેમનાં નામ સામે જણાવેલ રકમ મંજૂર કર્યાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :

૧. શ્રી મફતલાલ વી. દેસાઈ, પટાવાળા	...	રૂ. ૧૬,૦૦૦/-
૨. શ્રી કે. એન કાંડયા, પટાવાળા	...	રૂ. ૧૦,૦૦૦/-
૩. શ્રી ગૌતમ એસ. પટેલ, ઍનિમલ ઍટેન્ડન્ટ	...	રૂ. ૯,૫૦૦/-
૪. શ્રી જગદીશ એન. ભટ્ટ	...	રૂ. ૨૦,૦૦૦/-

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૫૯. બાંધકામ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૮૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૮૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની સભાની કાર્યવાહીની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૬૦. કાર્પાડયા એન. એમ. એસ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડાનો સમય જાન્યુઆરી ૧૯૮૬થી સવારના ૭-૩૦થી ૧૧-૩૦નો રાખવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેઓના તા. ૧૨-૧૨-૧૯૮૫ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કૉલેજનો હાલનો સમય બપોરના ૧૨–૧૫થી ૪–૧૫નો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સમયમાં ફેરફાર કરવાની કૉલેજના આચાર્યશ્રીની વિનંતી મંજૂર કરવી.

૬૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદના શ્રી સતીશ કે. ભક્તાએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૪૦૫૫ની કરેલ રિટ-અરજીની બાબતમાં એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૨) સેકન્ડ બી.એ. ની એકસ્ટર્નલ પરીક્ષા પસાર કરી ૧૯૮૪–૮૫ ના શૈક્ષણિક વર્ષ દરમિયાન થર્ડ બી.એ.ના વર્ગમાં કૉલેજમાં નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસમાં જોડાઈને સપ્ટેમ્બર ૧૯૮૫ ની થર્ડ બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નંબર ૧૦૮, ૩૧૫, ૨૦૬૮, ૨૯૮૨, ૪૫૭૩ અને ૬૦૩૮ ના પ્રવેશ એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે ગણી પરિણામ એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે જાહેર કર્યાનું;

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૬૨. સને ૧૯૮૧-૮૨ના વર્ષના યુનિવર્સિટીના સામાન્ય હિસાબો તથા ગ્રાન્ટ્સના હિસાબો અંગે સરકારી ઑડિટ ખાતા તરફથી આવેલ ઑડિટ નોંધ અંગે યુનિવર્સિટી કાર્યાલય તરફથી તૈયાર કરેલ જવાબો તેઓશ્રીને મોકલી આપવા અંગેનો મુસદ્દો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૮૧–૮૨ના વર્ષના યુનિવર્સિટીના સામાન્ય હિસાબો તથા ગ્રાન્ટ્સના હિસાબો અંગે સરકારી ઓડિટ ખાતા તરફથી આવેલ ઓડિટ નોંધ અંગે યુનિવર્સિટી કાર્યાલય તરફથી તૈયાર કરેલ જવાબનો મુસદ્દો મંજૂર રાખવો.

(જવાબનો મુસદ્દો પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૬૩. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની જગ્યા માટેની વરણી-સમિતિની તા. ૩૦–૧૦–૧૯૮૫ના રોજ મળેલી સભાની નોંધ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણી સમિતિની તા. ૩૦–૧૦–૧૯૮૫ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની જગ્યા પર શ્રી. વી. એમ. વ્યાસની રૂ. ૭૦૦–૪૦–૯૮૦–ઈ.બી–૪૦–૧૧૦૦–૫૦–૧૨૦૦–ઈબી–૫૦–૧૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૨૦૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવાનું રાખવું.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૬૪. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી ટી. એ. ચાવડાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૯–૮–૧૯૮૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને રૂ. ૧૯૬–૩–૨૩૨ના પગારધોરણમાં તા. ૧૦–૮–૧૯૮૫ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પટાવાળા તરીકે કાય કરતા શ્રી. ટી. એ. ચાવડાને રૂ. ૧૯૬–૩–૨૩૨ના પગારધોરણમાં તા. ૧૦–૮–૧૯૮૫થી કાયમ કરવા.

૬૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ) :

એમ.બી.એ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લેવામાં આવેલ લેખિત પરીક્ષા (ટેસ્ટ) ૧૯૮૫ના **પરિણામ તૈયાર કરવામાં થયેલ** ભૂલ કે ભૂલના આક્ષેપો અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોની બાબતમાં નીમવામાં આવેલ **તપાસ અધિકારી (Inquiry Officer)** માનનીય શ્રી. એન. એમ. મિયાભાઈના તા. ૧૨–૧૨–૧૯૮૫ના **લેવાલના સંદર્ભમાં કુલપતિશ્રીએ** લીધેલો નીચેનો નિર્ણય :

(ક) ઉપરોક્ત લેખિત પ્રવેશ પરીક્ષા (Admission Test) ૧૯૮૫ની બાબતમાં સંબંધકૃત પરીક્ષકને પોતે કેવળ **પ્રશ્નો (Test paper)**ના કે તેના સંબંધકૃત ભાગની ચાવીઓ (keys) બરાબર જોઈ-તપાસીને **તેમાં** ભૂલ **રહેવા પામે નહિ** તે રીતે નવેસરથી અને કાળજીપૂર્વક તૈયાર કરવા માટે લાગતાવળગતાને સૂચના **આપવાનું રાખવું.**

(ખ) ઉપર "ક"માં જણાવેલ ચાવીઓ (keys) તૈયાર થયેથી સંબંધકૃત વિદ્યાર્થીઓના ઉત્તરપત્રોમાં **તેમણે આપેલ મૂલ્યાંકન** કરવાનું રાખવું.

(ગ) સદરહુ લેખિત પરીક્ષાનું પરિણામ ઉપર મુજબ નવેસરથી તૈયાર કરવાના કામ અંગે **નીચેના સભ્યોની બનેલી એક સમિતિ** નીમી, તેને સદરહુ લેખિત પરીક્ષાનું પરિણામ **નવેસરથી** તૈયાર કરવાની **કાર્યવાહી** કરવા **જણાવવામાં આવ્યું :**

૧. **શ્રી.** કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી

૨. **પ્રો.** એચ. કે. ત્રિવેદી, અધ્યક્ષ, વાણિજ્ય વિદ્યાભવન

૩. આચાર્ય દર્શનસિંગ શીખ, સભ્ય, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ

૪. **પ્રો.** બી. એસ. દવે, બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ

૫. ડૉ. જી. પી. કેશવ, કાર્યકારી અધ્યક્ષ, બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ.

[**નોંધ.**— આ વહીવટી સમિતિના અધ્યક્ષ તરીકે શ્રી. કે. સી. પરીખ અને સેક્રેટરી તરીકેની ફરજો ભવનના કાર્યકારી અધ્યક્ષ ડૉ. જી. પી. કેશવને સોંપવામાં આવી.]

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૬૬. ૧૯૮૫–૮૬ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૮૫–૮૬ના વર્ષનું અંદાજપત્ર મંજૂર રાખવું.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૧૯૪૮/૧૯૮૬.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.
તા. ૩૦–૧–૧૯૮૬.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૨

Ordinance 159 :

(1) The following shall be the rates of tuition fees per term in affiliated Arts, Education, Science, Commerce, Medical and Law Colleges :

	Rs. P.
(*i*) Arts, Science and Commerce Colleges :	200–00 (Maximum)
Provided that none of the aforementioned colleges shall charge tuition fees in excess of Rs. 40/— over and above the fees charged by them in the Aeademic year 1976 77 subject to a maximum of Rs. 200/— per term.	
(*ii*) Education Colleges :	275–00
(*Note* No education college shall charge more than 25% as advance against tuition fees before the commencement of the term.)	
(*iii*) (*a*) Law colleges in the City of Ahmedabad	150–00
(*b*) Law Colleges other than those situated in the City of Ahmedabad.	200–00 (Maximum)
(*iv*) Medical Colleges	200–00

(2) Rate of Laboratory fees per term :

(*i*) For the subject of Geography, Home Science in affiliated Arts Colleges	50–00
(*ii*) In affiliated Science and Medical Colleges	50–00

(3) The following shall be the rates of fees other than the tuition fees per term in affiliated Arts, Science, Commerce, Education, Medical and Law Colleges :

(*i*) Admission fees to be paid alongwith the form of Admission	1–00

(*ii*) Library fee 5-00

(*iii*) Examination & Stationery fees 7-50

(*Note.*— It is necessary to supply special type of stationery to students in a college, it may charge extra fee for this purpose on a "no-profit-no loss" basis).

(*iv*) (*a*) Gymkhana fee 7-00

(*b*) Union activities including cultural activities and magazine 5-00

(*v*) Subscription to students' Aid Fund : 2-00

(*Note.*—(1) The amount of fee shall be utilised for the purpose for which it is levied.

(2) The audited accounts of Union and Gymkhana fees (including magazine) of the preceding years shall be published in the college magazine every year.

(4) Rules regarding caution money deposit :

(*i*) An affiliated college may charge Rs. 10/- as caution money deposit from each student who has been admitted in the college. It may also charge Rs. 20/- as extra deposit where laboratory work is involved.

(*ii*) Accounts of caution money deposit and laboratory deposit shall be maintained separately.

(*iii*) On receipt of an application from the student, the caution money deposit and laboratory deposit shall be refunded to him within a year from the time he leaves the college. If no such application is received within this period, the same may be forfeited.

5) When on leaving a college a student claims refund of his tuition fees from an Arts, Education, Science, Commerce, Medical or Law college he shall apply in writing to the Principal, on receipt of such an application refund may be given in the following circumstances at the rate indicated ;

(1) Full fees for the term concerned shall be refunded in the case of the death of the student concerned.

(2) Tuition fees (including Laboratory fee, if any) for the term concerned shall be after deducting Rs. 25/- if a student applies within 15 days of the payment of his fees for any of the following reasons :

(*a*) Transfer of the student concerned being in employment to another city.

(*b*) Transfer of a parent of the student concerned to another city.

(*c*) Marriage of a female student.

(3) Tuition fee (including Laboratory fee, if any) for the term concerned shall be refunded after deducting Rs. 25/- if a student applies within 15 days from the date of his admission to any professional course of studies in a statutory university or a course of studies determined by the Vice-Chancellor as a professional course of studies for the purpose of such refund.

(4) Tuition fees (including Laboratory fees, if any) shall be refunded after deducting Rs. 100, if a student applies within 10 (Ten) days from the date of payment of fees or the last date fixed for payment of fees by the college whichever is earlier.

પરિશિષ્ટ "ખ"

ક્રમાંક ક્રમાંક ૨૮

O. M.D.–7 (iii) and O. M.S.–7 (iii) :

(*iii*) A candidate who has held an appointment of a House Officer or a Registrar or a Resident Anaesthetist of a Resident Pathologist or Junior Lecturer in the subject of his speciality, under the head of approved appointment only will be entitled to the bare period of appointment. The maximum period which could be granted under this head will be two years.

OR

A candidate who is admitted to the Post–graduate courses and who has done housemanship or equivalent training at post-graduate level in a teaching institution recognised by the Medical Council of India in the same or allied subject will be entitled to an exemption upto a maximum period of two terms in the total duration of training for the relevant post-graduate course.

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૨૯

ROTARY INTERNATIONAL

Ratanprakash A. Gupta, B.Sc.,
Governor,
ROTARY INTERNATIGNAL DISTRICT–305.

Office : Gupta Chambers, Hotel Meghdoot,
O/s. Sarangpur Gate, Ahmedabad–2.
Date 27–9–1985.

To

The Registrar,
Gujarat University,
Ahmedabad.

Dear Sir,

In memory of our father, we have decided to donate a sum of Rs. 7,500/– (Rupees seven thousand five hundred only) to the University for awarding a Medal in his memory from the interest accrued on the said amount of Rs. 7,500/–. The particulars are as follows :

Name of the Medal	: Shri Anganlal P. Gupta Memorial Medal.
Donation	: Rs. 7,500/–
Donor	: Shri Ratanprakash A. Gupta and Shri Sureshchandra A. Gupta.
Address	: Hotel Meghdoot, Gupta Chambers, Outside Sarangpur Gate, Ahmedabad—380 002.
Conditions	: Without any consideration of caste, creed or colour, this Medal may be awarded every year to a student, who secures highest percentage of marks in Hindi (Special) subject in T.Y.B.A. of Gujarat University.

As per the rules of the University, we agree that 5% of the interest amount may be deposited in the General Fund of the Universtty.

This Medal will be awarded every year at the time of Convocation.

We agree to the rules and regulations of the University in force for accepting this Medal.

I enclose herewith a cheque for Rs. 7,500/— in favour of the Registrar, Gujarat University, Ahmedabad. Kindly accept the same and acknowledge the receipt.

Thanking you,

Yours faithfully,

R. A. Gupta

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૩૧

ચૂંટણીનું સ્થળ	ચૂંટણી-મથક	
૧. અમદાવાદ	૧. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ.	
	૧. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા	અનુસ્નાતક કક્ષાની
	૨. વિજ્ઞાન વિદ્યાશાખા	
	૩. વાણિજ્ય વિદ્યાશાખા	
	૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	અનુસ્નાતક અને પૂર્વ-સ્નાતક કક્ષાની
	૧. તબીબી વિદ્યાશાખા	
	૨. દંતશાસ્ત્ર વિદ્યાશાખા	
	૩. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ.	અનુસ્નાતક તથા પૂર્વ-સ્નાતક કક્ષાની
	૧. ઇજનેરી વિદ્યાશાખા	
	૨. ફાર્મસી વિદ્યાશાખા	
	૪. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા	પૂર્વસ્નાતક કક્ષાની
	૫. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ. વાણિજ્ય વિદ્યાશાખાની	પૂર્વસ્નાતક કક્ષાની
	૬. સહજાનંદ કૉલેજ, અમદાવાદ વિજ્ઞાન વિદ્યાશાખાની	પૂર્વસ્નાતક કક્ષાની
	૭. ગુજરાત કૉલેજ, અમદાવાદ કાયદાની વિદ્યાશાખા	અનુસ્નાતક અને પૂર્વ-સ્નાતક ભેગા
	૮. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર	
	૯. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર	
૨. આદિપુર-(કચ્છ)	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર (કચ્છ).	
૩. બાલાસિનોર	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર.	

ચૂંટણીનું સ્થળ	ચૂંટણી–મથક
૪. ભાદરણ	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણ, જિ. ખેડા.
૫. ભીલોડા	આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભીલોડા, જિ. બનાસકાંઠા.
૬. ભૂજ	આર. આર. લાલન કૉલેજ, ભૂજ.
૭. બોડેલી	ટી. સી. કાપડિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલી.
૮. બોરસદ	આર્ટ્સ, કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બોરસદ.
૯. ખંભાત	આર્ટ્સ, કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ખંભાત.
૧૦. છોટાઉદેપુર	આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુર.
૧૧. ડભોઈ	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડભોઈ.
૧૨. ડાકોર	ભવન્સ કૉલેજ, ડાકોર.
૧૩. દરામલી	એજ્યુકેશન કૉલેજ, દરામલી.
૧૪. ડીસા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ડીસા.
૧૫. દહેગામ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દહેગામ, જિ. અમદાવાદ.
૧૬. દેવગઢબારિયા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા.
૧૭. ધંધુકા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધંધુકા, જિ. અમદાવાદ.
૧૮. ધનસુરા	મહિલા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધનસુરા.
૧૯. ધોળકા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકા.
૨૦. દાહોદ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દાહોદ, જિ. પંચમહાલ.
૨૧. ગાંધીનગર	આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ કૉલેજ, ગાંધીનગર (સરકારી).
૨૨. ગોધરા	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરા, જિ. પંચમહાલ.
૨૩. હાલોલ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હાલોલ, જિ. પંચમહાલ.
૨૪. હિંમતનગર	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હિંમતનગર.
૨૫. ઈડર	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઈડર.
૨૬. કડી	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કડી.
૨૭. ખેડા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખેડા.
૨૮. કલોલ	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, કલોલ (ઉ. ગુ.).
૨૯. કપડવંજ	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ.
૩૦. લુણાવાડા	આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, લુણાવાડા.
૩૧. મહુધા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહુધા.
૩૨. માંડવી (કચ્છ)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ).

ચૂંટણીનું સ્થળ	ચૂંટણી-મથક
૩૩. માણસા	શેઠ એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા.
૩૪. મહેસાણા	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા.
૩૫. મિયાગામ–કરજણ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મિયાગામ–કરજણ.
૩૬. મોડાસા	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા.
૩૭. મુન્દ્રા	એજ્યુકેશન કૉલેજ, મુન્દ્રા.
૩૮. નડિયાદ	જે. એન્ડ જે. કૉલેજ, ઑફ સાયન્સ, નડિયાદ.
૩૯. પાલનપુર	આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, પાલનપુર.
૪૦. પાટણ	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ.
૪૧. પેટલાદ	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ.
૪૨. પિલવાઈ	આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, પિલવાઈ.
૪૩. પ્રાંતિજ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પ્રાંતિજ.
૪૪. સંખેડા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સંખેડા.
૪૫. સાવલી જિ. વડોદરા.	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સાવલી, જિ. વડોદરા
૪૬. સંતરામપુર	આદિવાસી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સંતરામપુર, જિ. પંચમહાલ.
૪૭. સિદ્ધપુર	એસ. જે. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર.
૪૮. તલોદ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, તલોદ.
૪૯. ઊંઝા	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઊંઝા.
૫૦. વડનગર	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વડનગર.
૫૧. વીરમગામ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામ.
૫૨. વીસનગર	એમ. એન. કૉલેજ, વીસનગર.

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૩૨

(અ) ૧૯૮૬ના વર્ષની જાહેર રજાઓ

ક્રમાંક	તહેવાર	તારીખ	વાર
૧.	મકરસંક્રાંતિ	૧૪મી જાન્યુઆરી, ૧૯૮૬	મંગળવાર
૨.	મહાશિવરાત્રિ	૮મી માર્ચ, ૧૯૮૬	શનિવાર
૩.	હોળી (બીજો દિવસ—ધૂળેટી)	૨૬મી માર્ચ, ૧૯૮૬	બુધવાર
૪.	ગુડ ફ્રાઈડે	૨૮મી માર્ચ, ૧૯૮૬	શુક્રવાર
૫.	ડૉ. આંબેડકરનો જન્મદિન	૧૪મી એપ્રિલ, ૧૯૮૬	સોમવાર
૬.	રામનવમી	૧૮મી એપ્રિલ, ૧૯૮૬	શુક્રવાર
૭.	મહાવીર જયંતી	૨૨મી એપ્રિલ, ૧૯૮૬	મંગળવાર
૮.	રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	૧૦મી જૂન, ૧૯૮૬	મંગળવાર
૯.	સ્વાતંત્ર્યદિન	૧૫મી ઑગસ્ટ, ૧૯૮૬	શુક્રવાર
૧૦.	રક્ષાબંધન (નાળિયેરી પૂર્ણિમા)	૧૯મી ઑગસ્ટ, ૧૯૮૬	મંગળવાર
૧૧.	પારસી નૂતન વર્ષ	૨૫મી ઑગસ્ટ, ૧૯૮૬	સોમવાર
૧૨.	જન્માષ્ટમી (કૃષ્ણજયંતી)	૨૭મી ઑગસ્ટ, ૧૯૮૬	બુધવાર
૧૩.	મહોરમ (આસુરા અથવા ૧૦મો મહોરમ)	૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૬	સોમવાર
૧૪.	મહાત્મા ગાંધી જન્મદિન	૨જી ઑક્ટોબર, ૧૯૮૬	ગુરુવાર
૧૫.	સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન	૩૧મી ઑક્ટોબર, ૧૯૮૬	શુક્રવાર
૧૬.	દિવાળી	૧લી નવેમ્બર, ૧૯૮૬	શનિવાર
૧૭.	દિવાળી (નૂતનવર્ષ દિન)/ભાઈબીજ	૩જી નવેમ્બર, ૧૯૮૬	સોમવાર
૧૮.	ઈદ-એ-મિલાદ	૧૫મી નવેમ્બર, ૧૯૮૬	શનિવાર
૧૯.	નાતાલ	૨૫મી ડિસેમ્બર, ૧૯૮૬	ગુરુવાર

[નોંધ.—૧. નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે રજાના દિવસો તરીકે જાહેર કરેલ નથી :

(૧)	પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી, ૧૯૮૬
(૨)	બકરી ઈદ	૧૭મી ઑગષ્ટ, ૧૯૮૬
(૩)	સંવત્સરી (ચતુર્થીપક્ષ)	૭મી સપ્ટેમ્બર, ૧૯૮૬
(૪)	દશેરા	૧૨મી ઑક્ટોબર, ૧૯૮૬
(૫)	ગુરુ નાનકનો જન્મદિન	૧૬મી નવેમ્બર, ૧૯૮૬
(૬)	યુનિવર્સિટી સ્થાપના દિન	૨૩મી નવેમ્બર, ૧૯૮૬

૨. ઉપર જાહેર કરેલ મુસ્લિમોની કોઈ પણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે યુનિવર્સિટીના મુસ્લિમ કર્મચારીઓને મરજિયાત રજા આપી શકાશે.]

(બ) ૧૯૮૬ના વર્ષની મરજિયાત રજાઓ

ક્રમાંક	તહેવાર	તારીખ	વાર
૧.	ખ્રિસ્તી નવું વર્ષ	૧લી જાન્યુઆરી, ૧૯૮૬	બુધવાર
૨.	ગુરુ ગોવિંદસિંઘનો જન્મદિન	૧૭મી જાન્યુઆરી, ૧૯૮૬	શુક્રવાર
૩.	જમશેદી નવરોજ (શહેનશાહી અને કદમી)	૨૧મી માર્ચ, ૧૯૮૬	શુક્રવાર
૪.	ગુડીપડવો	૧૦મી એપ્રિલ, ૧૯૮૬	ગુરુવાર
૫.	ચેટીચાંદ	૧૦મી એપ્રિલ, ૧૯૮૬	ગુરુવાર
૬.	ચૈત્ર સુદ પૂનમ	૨૪મી એપ્રિલ, ૧૯૮૬	ગુરુવાર
૭.	પીશાચ (પ્રથમ દિવસ)	૨૪મી એપ્રિલ, ૧૯૮૬	ગુરુવાર
૮.	સશ-એ-બરાત (મુસ્લિમ સુન્ની અને શિયા)	૨૫મી એપ્રિલ, ૧૯૮૬	શુક્રવાર
૯.	જરથોસ્તનો દિસો (કદમી)	૨જી મે, ૧૯૮૬	શુક્રવાર
૧૦.	બુદ્ધ જયંતી	૨૩મી મે, ૧૯૮૬	શુક્રવાર
૧૧.	શહાદત-એ-હજરતઅલી (મુસ્લિમ શિયા)	૩૧મી મે, ૧૯૮૬	શનિવાર
૧૨.	રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર) રજો સવ્વાલ (મુસ્લિમ શિયા અને સુન્ની)	૧૦મી જૂન, ૧૯૮૬	મંગળવાર
૧૩.	ગુરુ અર્જુનદેવનો શહીદ દિન	૧૧મી જૂન, ૧૯૮૬	બુધવાર
૧૪.	શબાથ	૧૩મી જૂન, ૧૯૮૬	શુક્રવાર
૧૫.	ગાથા-ગહમ્બર (ગાથા ત્રીજ)–(કદમી)	૨૩મી જુલાઈ, ૧૯૮૬	બુધવાર
૧૬.	પારસી નૂતનવર્ષ (પ્રારંભનો દિવસ-કદમી)	૨૫મી જુલાઈ, ૧૯૮૬	શુક્રવાર
૧૭.	પારસી નૂતનવર્ષ (કદમી)	૨૬મી જુલાઈ, ૧૯૮૬	શનિવાર
૧૮.	ખોરદાદસાલ (કદમી)	૩૧મી જુલાઈ, ૧૯૮૬	ગુરુવાર
૧૯.	થીશાબીબ	૧૪મી ઑગસ્ટ, ૧૯૮૬	ગુરુવાર
૨૦.	ગાથા-ગહમ્બર (ગાથા ત્રીજ) (શહેનશાહી)	૨૨મી ઑગસ્ટ, ૧૯૮૬	શુક્રવાર
૨૧.	ખોરદાદસાલ (શહેનશાહી)	૩૦મી ઑગસ્ટ, ૧૯૮૬	શનિવાર
૨૨.	શ્રાવણ વદ ૧૨ (પંચમી પક્ષ)	૧લી સપ્ટેમ્બર, ૧૯૮૬	સોમવાર
૨૩.	મહાવીર જન્મ વાંચન	૪થી સપ્ટેમ્બર, ૧૯૮૬	ગુરુવાર
૨૪.	પર્યુષણ ભાદરવા સુદ પાંચમ	૮મી સપ્ટેમ્બર, ૧૯૮૬	સોમવાર
૨૫.	સંવત્સરી (પંચમી પક્ષ)	૮મી સપ્ટેમ્બર, ૧૯૮૬	સોમવાર
૨૬.	રોશ હોશાના (પ્રથમ દિવસ)	૪થી ઑક્ટોબર, ૧૯૮૬	શનિવાર
૨૭.	કિપ્પુર	૧૩મી ઑક્ટોબર, ૧૯૮૬	સોમવાર
૨૮.	સુક્કોથ (પ્રથમ દિવસ)	૧૮મી ઑક્ટોબર, ૧૯૮૬	શનિવાર
૨૯.	ઈદ-એ-મિલાદ (મુસ્લિમ શિયા)	૧૫મી નવેમ્બર, ૧૯૮૬	શનિવાર
૩૦.	બૉક્સિંગ ડે	૨૬મી ડિસેમ્બર, ૧૯૮૬	શુક્રવાર

[નોંધ.—૧. નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે "મરજિયાત રજા"ના દિવસો તરીકે જાહેર કરેલ નથી :

(૧) જરથોસ્તનો દિસો (શહેનશાહી) ... ૧લી જૂન, ૧૯૮૬

(૨) પારસી નૂતનવર્ષ પ્રારંભ પૂર્વનો દિવસ (ગાથા ૫) (શહેનશાહી) ... ૨૪મી ઑગષ્ટ, ૧૯૮૬

(૩) શ્રાવણ વદ ૧૧ (ચતુર્થ પક્ષ) ... ૩૧મી ઑગસ્ટ, ૧૯૮૬

(૪) ગણેશ ચતુર્થી ... ૭મી સપ્ટેમ્બર, ૧૯૮૬

(૫) મહોરમ (આસુરા આરંભ પૂર્વનો દિવસ) અથવા નવમો મહોરમ (શિયા અને સુન્ની) ... ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૮૬

(૬) કિપુરના પ્રારંભનો પૂર્વ દિવસ ... ૧૨મી ઑકટોબર, ૧૯૮૬

(૭) શહાદત-એ-ઈમામહસન (શિયા) ... ૨૭મી નવેમ્બર, ૧૯૮૬

(૮) કારતક સુદ પૂનમ ... ૧૬મી નવેમ્બર, ૧૯૮૬.

૨. યુનિવર્સિટીના કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક સંપ્રદાયના બાધ વિના ઉપર જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ બે રજાઓ ભોગવી શકશે. આવી મરજિયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈએ અને સામાન્ય રીતે, પરચૂરણ રજા મંજૂર કરનાર યોગ્ય અધિકારી યુનિવર્સિટી કામકાજની અગત્ય જોઈને પરવાનગી આપશે. યુનિવર્સિટીના કર્મચારીઓએ તેમને પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલ રજા તેમના પરચૂરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહિ.

૩. ઉપર જાહેર કરેલા મુસ્લિમોના કોઈ પણ તહેવારો જાહેર કરેલા દિવસે આવતા ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે યુનિવર્સિટીના મુસ્લિમ કર્મચારીઓને તેમણે પસંદ કરેલ રજા જાહેર રજાને બદલે તે દિવસે મરજિયાત રજા તરીકે આપી શકાશે.]

પરિશિષ્ટ "છ"

કામકાજ ક્રમાંક ૩૩

કર્મચારીગણના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા શુક્રવાર, તા. ૨૫-૧૦-૧૯૮૫ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૩.	આચાર્યશ્રી બી. એમ. પીરજાદા	હાજર
૪	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૫.	શ્રી. કનુભાઈ એ. શાહ	હાજર
૬.	શ્રી. એ. આર. શાહ	હાજર
૭.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર

૧. તા. ૨૦-૯-૧૯૮૫ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૨૦-૯-૧૯૮૫ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એસ્ટેટ વિભાગ તરફથી યુનિવર્સિટી ક્વાર્ટર્સની ફાળવણી અંગેના તૈયાર કરેલ નિયમો અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—નિયમોની નકલ સામેલ છે. (અત્રે છાપેલ નથી.)

યુનિવર્સિટી ક્વાર્ટર્સની ફાળવણી અંગેના એસ્ટેટ વિભાગે તૈયાર કરેલા નિયમો રજૂ કરવામાં આવ્યા. ચર્ચાને અંતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આ નિયમો નીચે જણાવેલા બે સભ્યો ચકાસી જાય :

૧. શ્રી. કનુભાઈ શાહ
૨. શ્રી. અરવિંદભાઈ આર. શાહ.

ત્યાર બાદ નિયમો તપાસી અને તે અંગે જરૂરી કાયદાકીય સલાહ લઈ, તેમનો અહેવાલ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવો.

૩. યુનિવર્સિટીનાં તથા ભવનોનાં વૉટરકૂલર્સની સર્વિસ કૉન્ટ્રાક્ટની કામગીરી હાલ મેસર્સ વૉલ્ટાસ કંપની કરે છે. પરંતુ આ વ્યવસ્થા ખર્ચ ઘણું વધારે આવતું હોવાથી તેના વિકલ્પે એરકન્ડિશનિંગ અને રેફ્રિજરેશન મિકેનિકની એક જગ્યા કાયમી ધોરણે ઊભી કરવા અંગે એસ્ટેટ વિભાગના તા. ૨૦-૧૨-૧૯૮૪ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે સને ૧૯૮૪-૮૫ના નાણાકીય વર્ષના મેન્ટેનન્સ કૉન્ટ્રાક્ટરનું રૂ. ૨૧,૬૯૦નું ખર્ચ થયું હતું.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે વિગતવાર દરખાસ્ત રજૂ કરી આ સભા સમક્ષ રજૂ કરવી.

૪. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગના વાયરમૅન તરીકે ફરજ બજાવતા શ્રી વી. એસ. પટેલને વાયરમૅનના રૂ. ૩૫૦-૫૬૦ના ગ્રેડમાં મૂકવા તથા જુનિયર વાયરમૅનનું નામાભિધાન બદલી વાયરમૅનનું નામાભિધાન આપવા અંગે તેઓની તા. ૧૬-૯-૧૯૮૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ માગણી મંજૂર કરી શકાય તેમ નથી.

૫. ડાયરેક્ટર ઑફ યુથ વેલ્ફેર શ્રી. કનક દવેને ઘરે ટેલિફોનની સગવડ આપવા અંગે તેઓની તા. ૨-૭-૧૯૮૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

૬. ડેપ્યુટી એન્જિનિયર (સિવિલ) શ્રી દીપક સુતરિયાને ઘરે તેઓના અંગત ટેલિફોનનો જેનો ઉપયોગ કેટલીક વખત ઑફિસનાં કામો માટે કરવો પડે છે તે માટે તેમના અંગત ટેલિફોનનું મિનિમમ બિલ મંજૂર કરવા તેમની તા. ૨૯-૬-૧૯૮૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

નોંધ.—યુનિવર્સિટી એન્જિનિયરને ફોનની સેવાઓ ઉપલબ્ધ નથી.

૧૦. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૮-૧૯૮૫ની સભાની નીચેની બાબત આ સમિતિને વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરના કો-ઑર્ડિનેટરના નિવાસસ્થાને ટેલિફોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે કુલ ખર્ચ નીચે પ્રમાણે થશે :

ટેલિફોન ફોર્મ	...	૧૦-૦૦
ટેલિફોન નોંધાવવા ડિપોઝિટ	...	૧,૦૦૦-૦૦
ટેલિફોન ઈન્સ્ટોલેશન	...	૫૨૫-૦૦
		૧,૫૩૫-૦૦

તથા દર બે માસે રૂ. ૧૭૫/ ટેલિફોનનું ભાડું તથા કૉલચાર્જની જે રકમ થાય તે ચૂકવવાની થાય.

૧૧. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪–૮–૧૯૮૫ની સભામાં નીચેની બાબત આ સમિતિને વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેનિંગના માનાર્હ કો–ઑર્ડિનેટરશ્રી અંબુભાઈ દેસાઈના નિવાસસ્થાને ટેલિફોનની સગવડ અંગે તેમના તા. ૪–૫–૧૯૮૫ના પત્રાંક ૩૬૧ પર વિચારણા કરવા બાબત.

બાબત ક્રમાંક ૫, ૬, ૧૦ અને ૧૧ ની વિચારણા સાથે કરવામાં આવી હતી અને લંબાણ ચર્ચાવિચારણા બાદ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતોની વિચારણા હાલ મુલતવી રાખવી.

૭. રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં રૂ. ૪૫૦/ ના ફિક્સડ પગારથી એક લાઇબ્રેરી ક્લાર્કની જગા ઊભી કરવા અંગે તે સેન્ટરના માનદ કો–ઑર્ડિનેટરના તા. ૧૯–૯–૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ માગણી મંજૂર કરી શકાય તેમ નથી.

૮. વિજ્ઞાન ભવનના અધ્યક્ષશ્રીની ભલામણ મુજબ આ ભવનમાં ડિસ્ટિલ્ડ વૉટરના પટાવાળાની એક કાયમી જગા ઊભી કરવા અંગે તેમના તા. ૧૪–૫–૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૯. યુનિવર્સિટીના ટીચર્સ હૉસ્ટેલના ક્વાર્ટર્સ પીએચ.ડી.નો અભ્યાસ કરતા રિસર્ચ ફેલો ઍસોસિયેશનને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી સુધારેલી ફેલોશિપ યોજનાના તા. ૧૨–૧૧–૧૯૮૪ના પરિપત્રના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧–૯–૧૯૮૪ ની સભામાં મંજૂર કરેલ સ્થાયી સમિતિની તા. ૨૯–૮–૧૯૮૪ની નીચેની ભલામણ પર પુનઃ વિચારણા કરવા બાબત :

"આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ.ડી.નો અભ્યાસ કરતાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને યુનિવર્સિટીનાં ટીચર હૉસ્ટેલ ક્વાર્ટર્સ હવે પછી ફાળવવાનું રાખવું નહીં."

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૨. સ્ટેટ્યૂટ ૧૮૮(૨) અન્વયે પ્રૉવિડંટ ફંડમાંથી મકાન–બાંધકામ માટે એક વખત લોન આપ્યા બાદ કર્મચારીને બીજી વખત લોન આપવી કે કેમ તે માટે કોઈ નિયમો ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ : રાજ્ય સરકારમાં આ અંગેનાં ધોરણો નક્કી કરેલાં છે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૩. વિજ્ઞાન ભવનમાં કેમિસ્ટ્રી વિભાગમાં ગેસ મિકેનિકનું કામ સંભાળતા કર્મચારીઓને હાલ રૂ. ૫૦/– આપવામાં આવે છે તેમાં વધારો કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૮-૧૦-૧૯૮૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ માગણી સ્વીકારી શકાય તેમ નથી.

૧૪. કોમ્પ્યુટર સેન્ટરમાં આસિસ્ટન્ટને રૂ. ૪૫૦/– ઉચ્ચક સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે તેને બદલે તે વધારીને રૂ. ૬૦૦/– કરવા અંગે તે સેન્ટરના માનદ કો-ઑર્ડિનેટરના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત,

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ માગણી સ્વીકારી શકાય તેમ નથી.

૧૫. શ્રી. પી. ડી. ખત્રીના પુત્ર શ્રી. મહેશભાઈ પી. ખત્રીને ડી-૩ નંબરનું ક્વાર્ટર્સ (જે રહેઠાણ તેમના નામ પર હતું પણ તેઓ નિવૃત્ત થતાં તે રહેઠાણમાં તેમના પુત્ર રહે છે.) ફાળવી આપવા શ્રી. પી. ડી. ખત્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૬. છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળની આ સાથેના પરિશિષ્ટ મુજબની ડેટલીક બિનશિક્ષકગણની જગ્યાઓનાં લાયકાતનાં ધોરણો નક્કી કરવા અંગે.....

વધુમાં ડોકયુમેન્ટેશન ઑફિસર કમ રિસર્ચ ઍસોસિયેટની જગ્યા અંગેનું પગારધોરણ તથા લાયકાતનું ધોરણ નક્કી કરવા અંગે.....

(આ અંગેની યુ.જી.સી. પત્રાંક એફ-૧-૯૬-૮૧—સીપી—એમપી તા. ૩૧—૩—૧૯૮૪ આ સાથે સામેલ છે.) (અત્રે છાપેલ નથી.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળની ડેટલીક બિનશિક્ષકગણની જગ્યાઓનાં લાયકાતનાં ધોરણો વગેરે નક્કી કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્યશ્રી બી. એમ. પીરઝાદા
૨. શ્રી. કનુભાઈ એ. સાહ
૩. શ્રી. અરવિંદભાઈ આર. શાહ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જાડયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૩૪

યુનિવર્સિટી કેન્ટીન ઉપર સામાન્ય દેખરેખ રાખવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની એક સભા તા. ૨૪–૯–૧૯૮૫ ને મંગળવારના રોજ બપોરે ૧૨–૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં શ્રી. નરહરિભાઈ અમીનના પ્રમુખસ્થાને મળી હતી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	આચાર્યશ્રી બી. એમ. પીરજાદા	ગેરહાજર
૨	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૩.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર

૧. તા. ૧૦–૭–૧૯૮૫ ને બુધવારના રોજ મળેલી કેન્ટીન સમિતિની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

તા. ૧૦–૭–૧૯૮૫ ને બુધવારના રોજ મળેલ કેન્ટીન સમિતિની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને પ્રમુખશ્રીએ તે ઉપર સહી કરી.

૨. કેન્ટીન કોન્ટ્રાકટરના તા. ૧–૯–૧૯૮૫ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આ બાબતમાં કેન્ટીન કોન્ટ્રાકટરના જુલાઈ તથા ઑગસ્ટ માસના વકરાની ખાસ ચકાસણી કર્યા બાદ લંબાણપૂર્વકની ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે કોન્ટ્રાકટર આજ સુધીની લેણી નીકળતી રકમ ભરપાઈ કરી દે તે શરતે કોન્ટ્રાકટરને તા. ૧–૭–૧૯૮૫ થી તા. ૧૫–૮–૧૯૮૫ સુધીના દોઢ માસના કેન્ટીન ભાડાની ચુકવણીમાંથી મુક્તિ આપવી. વીજળી બિલની રકમ તેઓએ તાત્કાલિક ચૂકવી આપવાની રહેશે.

૩. હાલનો કેન્ટીન કોન્ટ્રાકટ તા. ૩૦–૯–૧૯૮૫ના રોજ પૂરો થતો હોઈ નવો કેન્ટીન કોન્ટ્રાકટ આપવા અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

આ બાબતમાં ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે,

(અ) આગામી સભા મળે ત્યાં સુધી કેન્ટીન કોન્ટ્રાકટ અંગેની બાબત મુલતવી રાખવી.

(બ) હાલના કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ તા. ૧–૧૦–૧૯૮૫ થી તા. ૩૧–૧૨–૧૯૮૫ સુધી ટેન્ડરની ચાલુ શરતોએ લંબાવી આપવો.

દીપક સુતરિયા
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ઝ"

કામકાજ ક્રમાંક ૩૫

ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન બોર્ડની ૩૯મી સભા તા. ૩૦-૯-૧૯૮૫ ને સોમવારના રોજ બપોરના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાને કુલપતિશ્રી પ્રો. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૯-૧૯૮૫
૧.	પ્રો. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી (કુલપતિશ્રી)	હાજર
૨.	શ્રી કંચનલાલ ચંદુલાલ પરીખ (ઉપકુલપતિશ્રી)	હાજર
૩.	શ્રી. ઉજમશી કાર્પાડિયા	ગેરહાજર
૪.	શ્રી આર. એચ. વ્યાસ	હાજર
૫.	ડૉ. વી. સી. શાહ	ગેરહાજર
૬.	શ્રી એમ. ડી. પંચોલી	ગેરહાજર
૭.	ડૉ. (કુ.) ભાનુબહેન એમ. ત્રિવેદી	હાજર
૮.	ડૉ. એમ. આર. જોશી	ગેરહાજર
૯.	ડૉ. એચ. એસ. શાહ	ગેરહાજર
૧૦.	આચાર્ય જી. બી. પરીખ	ગેરહાજર
૧૧.	ડૉ. ટી. એસ. નાન્દી	હાજર
૧૨.	ડૉ. રમણલાલ જોશી	ગેરહાજર
૧૩.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૧૪.	ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી	હાજર
૧૫.	પ્રો. એમ. પી. ભટ્ટ	હાજર
૧૬.	આચાર્ય દર્શનસિંગ એમ. શાખ	ગેરહાજર

૧. તા. ૨૮-૧૨-૧૯૮૩ ને બુધવારના રોજ મળેલ પ્રકાશન બોર્ડની ૩૮મી સભાની કાર્યવાહીની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૮-૧૨-૧૯૮૩ ને બુધવારના રોજ મળેલ પ્રકાશન બોર્ડની ૩૮મી સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. "The Educational thoughts of **Jawaharlal Nehru**" નામના પોતાના મહાનિબંધનું પ્રકાશન કરવા માટે ડૉ. એ. એમ એસ. અબ્બાસીએ (મુંબઈ) યુનિવર્સિટી પાસે આર્થિક સહાયની કરેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

ડૉ. અબ્બાસીના ઉપરોક્ત મહાનિબંધના પ્રકાશન માટે તેમણે આર્થિક સહાય આપવા કરેલ વિનંતીની બાબતમાં મહાનિબંધ-સંશોધનના પ્રકાશન માટે યુ.જી.સી. તરફથી મંજૂર કરવામાં આવેલ અનુદાન અંગેની યોજના હેઠળ આર્થિક સહાય માટેની તેમની અરજી (જે મોડી આવી છે) ને સ્વીકારવી અને તેમના સદરહુ મહાનિબંધ અંગે બે તજ્જ્ઞોનો અભિપ્રાય મેળવીને તેના પ્રકાશન માટે યોગ્ય સહાય આપવાની બાબતમાં જરૂરી નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) ગુજરાત યુનિવર્સિટીની અભ્યાસેતર પ્રવૃત્તિઓની યોજના હેઠળ સ્વામી પ્રણવતીર્થ સ્વાધ્યાય ટ્રસ્ટ સંચાલિત શ્રી છગનલાલ ગોપાળજી સોલંકી શાંકર દર્શન વ્યાખ્યાનમાળા હેઠળ અપાયેલ નીચે દર્શાવેલ વ્યાખ્યાનોને પ્રકાશિત કરવા તથા તે અંગે થયેલ-થનાર પ્રકાશન ખર્ચ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનનું શીર્ષક	સમય
૧.	પૂ. સ્વામીશ્રી સ્વરૂપ ચૈતન્યજી	રીલેવન્સ ઑફ શાંકર વેદાન્ત ઇન પ્રેક્ટિકલ લાઈફ	તા. ૧૬-૧-૧૯૮૨થી તા. ૧૮-૧-૧૯૮૨ સુધી
૨.	ડૉ. બી. એસ. નરવણે	Shankara's Advaita Vedant	તા. ૨૭, ૨૮, ૨૯ ઑગસ્ટ, ૧૯૮૪
૩.	ડૉ. એસ. જી. મુડગલ	(૧) Gaudapada and Shankara	તા. ૧૧, ૧૨, ૧૩ ફેબ્રુઆરી, ૧૯૮૫
		(૨) Shankara's Advaita an evaluation;	,, ,,
		(૩) Shankara and Buddhism	,, ,,

(૨) વાણિજ્ય વિદ્યાભવનના અધ્યક્ષ શ્રી એચ. કે. ત્રિવેદી તથા તેમના સહલેખકો સર્વશ્રી મૂકેશ એચ. શાહ અને આર. વી. ધોળકિયા સાથે ક્રમાનુવર્તી નીચેના સંશોધન યુ.જી.સી.ની આર્થિક સહાય હેઠળ પ્રકાશિત કરવા માટે કુલપતિશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવા બાબત :

(૧) Business and Professionalism

(૨) Impact of Foreign Remittances.

નોંધ. —(૧) સદરહુ સંશોધનો અંગે યુ.જી.સી.ની આર્થિક સહાયની યોજના હેઠળ બે તજ્જ્ઞોએ સાનુકૂળ અભિપ્રાય આપેલ છે.

(૨) તે કામો અંગે ક્રમાનુવર્તી અંદાજે રૂ. ૧,૨૦૦/- તથા રૂ. ૧,૦૦૦/- ખર્ચ થશે.

(૩) વાણિજ્ય વિદ્યાભવનના વ્યાખ્યાતા ડૉ. મંગલા મહેતાનું "Some Aspects of Need-based Banking--A study of Ahmedabad Rickshawallas" સંશોધન યુ.જી.સી.ની આર્થિક સહાય હેઠળ પ્રકાશિત કરવા માટે કુલપતિશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવા બાબત.

નોંધ. – (૧) સદરહુ સંશોધન કામ અંગે યુ.જી.સી.ની આર્થિક સહાયની યોજના હેઠળ બે તજ્જ્ઞોએ તપાસી અભિપ્રાય આપેલા છે.

(૨) તે અંગેનું અંદાજી પ્રકાશન ખર્ચ રૂ. ૮૫૦/- જેટલું થાય તેમ છે.

(૪) લૉ ઑફ ક્રાઈમ્સ વિષય અંગેની પ્રકાશન સલાહકાર સમિતિની ભલામણ મુજબ, "શિક્ષા ફિલસૂફી, સિદ્ધાંતો અને કાર્યવાહી"ના શીર્ષક પર ૬૦ થી ૮૦ પાનાંમાં એક પુસ્તિકા લખવાનું કામ ડૉ. બી. એમ. શુક્લને સોંપવામાં આવ્યું હતું. પરંતુ ડૉ. શુક્લે એલએલ.એમ ગ્રુપ-૪ (ક્રિમિનલ લૉ ગ્રુપ)નાં ચાર પ્રશ્નપત્રોને આવરી લઈને કુલ ૩૬૭ જેટલાં પાનાં જેટલો વિસ્તાર થતાં તે માટેનું રૂ. ૧૬,૫૨૭ જેટલું પ્રકાશન ખર્ચ મંજૂર રાખ્યાના.

(૫) યુ.જી.સી. તરફથી ૧૯૮૪-'૮૬ નાં વર્ષો માટે મહાનિબંધ/સંશોધનના પ્રકાશન અંગે મળનાર આર્થિક સહાય હેઠળ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના નીચે જણાવેલ શિક્ષકોને તેમની સામે દર્શાવેલ પ્રકાશનો માટે તજ્જ્ઞોના અભિપ્રાયને અનુલક્ષીને રૂ. ૫,૦૦૦ કે જે પ્રકાશન ખર્ચ થાય તે પૈકી જે રકમ ઓછી હોય તેટલી આર્થિક સહાય નીચે દર્શાવેલ શરતોને આધીન આપ્યાનું :

શરતો

(૧) સહાયની પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો;

(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની આર્થિક સહાયથી પ્રકાશિત" એમ છાપવું તેમ જ પ્રસ્તાવનામાં આર્થિક સહાયનો ઉલ્લેખ કરવો;

(૩) પ્રકાશનની ૧૦ નકલ વિનામૂલ્યે યુનિવર્સિટીને આપવી;

(૪) પ્રકાશનની વેચાણ કિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવાની રાખવી;

(૫) પ્રકાશન માર્ચ, ૧૯૮૬ સુધીમાં અવશ્ય પ્રકાશિત કરવું;

(૬) મહાનિબંધ/સંશોધન પ્રકાશન અંગેનો વિગતવાર ખર્ચ (જરૂર પડયે વાઉચર સાથે) યુનિવર્સિટીને આપવો;

(૭) જરૂર પડયે માર્ગદર્શક/તજ્જ્ઞની સૂચના પ્રમાણે ટૂંકાવી પ્રકાશન હાથ ધરવું.

ક્રમ	લેખકનું નામ	પુસ્તકનું નામ
૧.	ડૉ. ડી. વી. ઉપાધ્યાય	Some Aspects of Household and some Industries with reference to Gujarat
૨.	ડૉ. જ્યોત્સ્નાબહેન શાહ	"ભગવદ્ગીતાની તત્ત્વવિદ્યા અને તેનું અનુગીતા તથા ઉત્તરગીતાની તત્ત્વવિદ્યા સાથે તુલનાત્મક અધ્યયન."
૩.	ડૉ. વી. આર. ઓઝા	"બિહારી સતસઈ ઔર દયારામ સતસઈ —એક તુલનાત્મક અધ્યયન"
૪.	ડૉ. આર. સી. શર્મા	"હિન્દી સંત સાહિત્યમેં માધુર્યભાવ"
૫.	ડૉ. ધર્મેન્દ્ર માસ્તર	"ચરોતરનાં લોકગીતો"
૬.	ડૉ. જે. એમ. શાહ	"Some Aspects of Micro-Level Planning for Rural Development—A study of Prantij Taluka."

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કૃ. દ. પંડ્યા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૧૩

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૨૦–૧૨–૧૯૮૫ના રોજ બપોરના ૪–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	પ્રા. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૫.	શ્રી સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૫-૧૦-૧૯૮૫ની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૫-૧૦-૧૯૮૫ની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીની લિફ્ટનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ મે.ટ્રીઓ એન્જિનિયરિંગ વર્ક્સ સાથે તા. ૧-૧૧-૧૯૮૫ થી ૩૧-૧૦-૧૯૮૬ સુધી કરવા અંગે વિચારણા કરવા બાબત. આ અંગે રૂ. ૨,૧૬૦-૦૦ (રૂપિયા બે હજાર એકસો ને સાઠ)નો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની લિફ્ટનો વાર્ષિક કોન્ટ્રાક્ટ મે. ટ્રીઓ ઓન્જિનિયરિંગ વર્ક્સ સાથે કરવા અને આ અંગે રૂ. ૨,૧૬૦-૦૦ (રૂપિયા બે હજાર એકસો ને સાઠ)નું ખર્ચ મંજૂર કરવું.

૩. યુનિવર્સિટી ગ્રંથાલય માટે એરબ્લોઅર (વેકયુમક્લીનર) મે. રીગલ ટ્રેડિંગ કંપની પાસેથી ખરીદવા માટે વિચારણા કરવા બાબત. આ અંગે રૂ. ૨૩૦૦/– (રૂપિયા બે હજાર ત્રણસો) નો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય માટે મે. રીગલ ટ્રેડિંગ કું. પાસેથી એક એરબ્લોઅર (વેકયુમક્લીનર) રૂ. ૨,૩૦૦ (રૂપિયા બે હજાર ત્રણસો)ની કિંમત સુધીમાં ખરીદવું.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે "ઈસીપી પોલોરોગ્રાફ" નંગ એક આયાત કરવા માટે રૂ. ૨૦,૦૦૦/– (રૂપિયા વીસ હજાર)ના વધારાના ખર્ચની મંજૂરી આપવા બાબત.

નોંધ.—એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ફાઈનાન્સ સમિતિની તા. ૨૮–૧–૧૯૮૫ની સભાની ભલામણથી આ અંગે રૂ. ૧,૧૦,૦૦૦/– (રૂપિયા એક લાખ દશ હજાર)નો ખર્ચ મંજૂર કરેલ છે. આથી કુલ ખર્ચ રૂ. ૧,૩૦,૦૦૦ (રૂપિયા એક લાખ ત્રીસ હજાર) થશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રસાયણવિજ્ઞાન વિભાગ માટેના "ઈસીપી પોલોરોગ્રાફ" આયાત કરવા માટે રૂ. ૨૦,૦૦૦/– (રૂપિયા વીસ હજાર)નો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૫ યુનિવર્સિટીનાં પ્રકાશનોની વેચાણવ્યવસ્થા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૬ વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગ માટે એક ઈલેક્ટ્રોનિક્સ ટાઈપરાઈટર મે. થોડેક્સ સિસ્ટમ પ્રા. લિ. પાસેથી ખરીદવા માટે વિચારણા કરવા બાબત. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૯,૧૦૦ (રૂપિયા ઓગણીસ હજાર એકસો) થશે.

નોંધ.—એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬–૬–૧૯૮૪ની સભામાં આ મશીન આયાત કરીને ખરીદવા માટે રૂ. ૧૬,૨૮૬–૫૦ પૈસાનો અંદાજી ખર્ચ મંજૂર કરેલ છે. પરંતુ આયાત અંગેનો પરવાનો આપણને મળેલ નથી તે જાણ સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે આયાત પરવાનો મળે નહિ ત્યાં સુધી ખરીદવાની કાર્યવાહી કરવી નહિ.

૭ કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યો (જાણ સારુ) :

(૧) ઓરિયેન્ટલ કૉન્ફરન્સ માટે ઈલેક્ટ્રોનિકના ચોક તથા હોલ્ડર ખરીદવા માટે રૂ. ૧,૭૦૦ (રૂપિયા એક હજાર સાતસો)ના ખર્ચને મંજૂરી આપી.

(૨) યુનિવર્સિટીના બોરને રિપેર કરાવવા માટે રૂ. ૭,૩૬૦ (રૂપિયા સાત હજાર ત્રણસો સાઠ)ના ખર્ચને મંજૂરી આપી.

(૩) યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ માટે ચાદરો, ટુવાલ તથા પીલો કવર ખરીદવા માટે રૂ. ૩,૦૦૦ (રૂપિયા ત્રણ હજાર)ના ખર્ચને મંજૂરી આપી.

(૪) યુનિવર્સિટી મોટરકાર નંબર જી.આર.જી. ૭,૨૩૧ને રિપેર કરાવવા માટે રૂ. ૫,૦૦૦ (રૂપિયા પાંચ હજાર)ના ખર્ચને મંજૂરી આપી.

(૫) યુનિવર્સિટીની લિફ્ટને રિપેર કરાવવા માટે રૂ. ૩,૦૫૮/– (રૂપિયા ત્રણ હજાર અઠાવન)ના ખર્ચને મંજૂરી આપી.

(૬) યુનિવર્સિટીના ચંદ્રકો બનાવવા માટે રૂ. ૨૩,૫૦૦/– (રૂપિયા તેવીસ હજાર પાંચસો ના ખર્ચને મંજૂરી આપી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવી.

૮. યુનિવર્સિટીનું સને ૧૯૮૫-૮૬નું પુનર્નિર્મિત અંદાજપત્ર તથા સને ૧૯૮૬-૮૭નું ડ્રાફ્ટ અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સને ૧૯૮૫–૮૬ના સુધારેલા તથા ૧૯૮૬–૮૭ના અંદાજપત્ર ઉપર સભામાં થયેલ સૂચનો મુજબના ફેરફાર સાથે મંજૂર કરવાં.

૯. વિજ્ઞાન વિદ્યાભવનના પેકાર્ડ મશીનને રિપેર કરાવવા બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પેકાર્ડ મશીનને મે. સિસ્ટ્રોનિક્સ પાસે રિપેર કરાવવું અને આ અંગે રૂ. ૩,૦૦૦/– (રૂપિયા ત્રણ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું

મ. પ. જાંડયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૫૯

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૯–૧૨–૧૯૮૫ ને ગુરુવારના રોજ સાંજે ૪–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીના પ્રમુખપદે મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧.	પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કં. ચં. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	શ્રી. એસ. સી. મહેતા	હાજર
૪.	ડૉ. વી. જે. મિસ્ત્રી	હાજર
૫.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૬.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૭.	શ્રી. દીપક નવનીતલાલ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૩–૧૦–૧૯૮૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૩–૧૦–૧૯૮૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસના મકાનમાં ઈલેક્ટ્રિક વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગેસ્ટ હાઉસના વિકાસ બાંધકામમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામકાજ અંગે ૧૯૮૫–૮૬ના બી ઍન્ડ સી ઈલેક્ટ્રિક ડિપાર્ટમેન્ટના ભાવપત્રક મુજબ ચેક કરીને સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી. એલ. સી. મહેતાનાં સલાહસૂચનો લઈને આ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ઉપકુલપતિશ્રીના મકાન-બાંધકામ માટે સ્થપતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના નિવાસસ્થાન માટે સભામાં થયેલ ચર્ચાવિચારણાને અનુલક્ષીને જરૂરી પ્લાન અને એસ્ટિમેટ બનાવીને રાજ્ય સરકારને તે મોકલી આપવા.

૪. યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે ગુરુનાનક ભવનના મકાન પાસે સાયકલ સ્ટેન્ડ બનાવવાના કામ માટે આવેલાં ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે ગુરુનાનક ભવનમાં મકાન પાસે સાયકલ શેડ બનાવવા માટે મે. મધુ કન્સ્ટ્રક્શનનું ટેન્ડર રૂ. ૧૯,૦૦૦ની મર્યાદામાં આવે તે (રૂ. ૧૯૧૩૫ ઓછા પ્રત્યેક આઈટેમમાંથી એક ટકા બાદ) રીતે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. વિદ્યાર્થીઓના છાત્રાલયના મકાન-બાંધકામ માટે આર્કિટેક્ટ સ્ટેઈન દોશી ઍન્ડ ભલ્લા તરફથી આવેલ બ્લોક એસ્ટિમેટ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. આ અંગે પ્લાન તા. ૩-૧૦-૧૯૮૫ની બાંધકામ સમિતિની સભામાં મંજૂર થયેલાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બોય્ઝ હૉસ્ટેલ 'સી' અને 'ડી' બ્લોકની વચ્ચે સભામાં રજૂ થયેલા પ્લાનમાં સભાગૃહમાં કરવામાં આવેલાં સૂચનો મુજબ જરૂરી ફેરફારો સાથે સદરહુ સાઈટ પ્લાન મંજૂર કરવા તથા આ હૉસ્ટેલના બાંધકામ માટેના વધેલા અંદાજી ખર્ચ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મંજૂરી મળ્યેથી આ હૉસ્ટેલનું બાંધકામ હાથ ધરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામ માટે સ્થપતિ શ્રી. બી. વી. દોશી તરફથી આવેલા પ્લાન-સાઈટ પ્લાન તથા બ્લૉક એસ્ટિમેટ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૭,૮૫,૦૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામ માટે વધેલા અંદાજી ખર્ચ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની મંજૂરી મળ્યેથી તે બાંધકામ હાથ ધરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર વિદ્યાર્થીઓના છાત્રાલય તથા વિદ્યાર્થિનીઓનો છાત્રાલય માટેના સ્થપતિ શ્રી. બી. વી. દોશીની નિમણૂક કરવામાં આવેલી છે, પરંતુ તેઓ 'સ્ટેઈન દોશી ઍન્ડ ભલ્લાના' નામથી (પાર્ટનરશિપમાં) ધંધો કરતા હોવાથી તે નામનો એગ્રીમેન્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પેનલ પર સ્થપતિ શ્રી. બી. વી. દોશીને બદલે 'સ્ટેઈન દોશી ઍન્ડ ભલ્લા'નું નામ મંજૂર રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮, યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર ગ્રંથાલયના બાંધકામ માટે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ તરફથી આવેલા પ્લાન તથા બ્લૉક એસ્ટિમેટ પર વિચારણા કરવા બાબત.

(નોંધ— આ અંગેનું અંદાજી ખર્ચ રૂ. ૭,૩૦,૦૦૦/- થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ગ્રંથાલય બાંધકામ અને ડિપાર્ટમેન્ટની જરૂરિયાત મુજબ સ્થપતિ શ્રી. હસમુખ પટેલ સાથે ચર્ચા કરીને જરૂરી ફેરફારો કરીને સદરહુ પ્લાન મંજૂર કરવા માટે સત્તા કુલપતિશ્રીને આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ટેક્ષટાઈલ કેમેસ્ટ્રીના બાંધકામ અંગે આર્બિટ્રેટર નીમવા અંગે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ તરફથી આવેલ પત્ર નં. ૧૬ જનરલ/૮૫-૮૬૯૬, તા. ૯–૧૨–૧૯૮૫ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—(બ) યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર બૉયૂઝ હૉસ્ટેલ 'જી'ના બાંધકામ અંગે અર્બિટ્રેટર નીમવા માટે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ તરફથી આવેલ પત્ર નં. ૧૬-જનરલ/૮૫-૮૬૯૬ તા ૯–૧૨–૧૯૮૫ પર વિચારણા કરવા બાબત.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યુનિવર્સિટી તરફથી શ્રી. એમ. ડી. પટેલને આર્બિટ્રેટર તરીકે નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે બૉયૂઝ હૉસ્ટેલ 'જી' બ્લૉકના બાંધકામ માટે યુનિવર્સિટી તરફથી શ્રી. એમ. ડી. પટેલને અર્બિટ્રેટર તરીકે નીમવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

દીપક સુતરિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઢ/૧"
કામકાજ ક્રમાંક ૬૨

ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૮૧-૮૨ના હિસાબો સરકારી ઑડિટ નોંધ (જનરલ)ના જવાબો

વિભાગ ૧–અગાઉનું ઑડિટ

પેરા ૧ : આ અંગે જુદો પત્રવ્યવહાર ચાલતો હોવાથી આ માટેનો જવાબ અહીં આપેલો નથી.

વિભાગ ૨–ચાલુ ઑડિટ

૨. (અ) સામાન્ય આવક અને ખર્ચ :

ઑડિટનાં સૂચનોની નોંધ લેવામાં આવી છે.

૩. ખાધવાળું અંદાજપત્ર બનાવવા બાબત :

હાલના નિયમો મુજબ યુનિવર્સિટીને દર ત્રણ વર્ષે માટેની બ્લૉક ગ્રાંટ તે ગાળાના અગાઉના વર્ષની યુનિવર્સિટીની આવક તથા ખર્ચ સરકારશ્રીએ નક્કી કરેલા સિદ્ધાંતો મુજબની ગણતરીમાં લઈ ખાધ રહે તે માટેની પછીનાં ત્રણ વર્ષ માટેની વાર્ષિક બ્લૉક ગ્રાન્ટ આપવામાં આવે છે અને તે મુજબ મળવાપાત્ર બ્લૉક ગ્રાન્ટની રકમ ધ્યાનમાં રાખીને બજેટ તૈયાર કરવામાં આવતું હોય છે. પરંતુ એક વાર જે ગ્રાન્ટ મંજૂર થઇ હોય તેના કરતાં ત્રિવાર્ષિક ગાળાના જે તે વર્ષમાં કેટલીક બાબતોમાં ખાસ કરીને મોંઘવારી તથા બીજી જરૂરવાતની ચીજવસ્તુઓ જેમ કે સ્ટેશનરી, પેટ્રોલ, તાર, ટપાલ, રેલવેભાડા, પરીક્ષા સુધારણાને લગતા આનુશાસિક પગલાને કારણે તેમજ અન્ય ચીજવસ્તુમાં અસામાન્ય વધારો થઇ જતો હોવાથી તેમજ મોંઘવારી ભત્થામાં વધારો થતો હોવાથી અંદાજમાં આવક કરતાં ખર્ચનો વધારો અંદાજપત્રમાં આપેલો હોય છે. વધુમાં યુનિવર્સિટીનાં આવકનાં સાધનો સીમિત છે. આ સંજોગોમાં બજેટ ખાધવાળું રહેતું હોય છે. છતાં પણ ઑડિટનાં સૂચનોની નોંધ લીધી છે. આ વાંધો પડતો મૂકવા વિનંતી છે.

૨. (બ) ૪(૨) અનુદાન આપતી સંસ્થાએ જે યોજના મંજૂર કરી હોય તેની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવામાં આવતો હોય છે. સદરહુ ફકરામાં નેટ સ્પેસિફિક ઉદાહરણ દર્શાવવામાં આવેલ ન હોવાથી વિશેષ નોંધ આપી શકાય તેમ નથી, છતાંયે સૂચનની નોંધ લેવામાં આવે છે.

(૩) વધારાના કામના સંદર્ભમાં રોજિંદા કર્મચારીઓ રાખવામાં આવતા હતા અને તેઓને રાજ્ય સરકારશ્રીને મંજૂરી માટે પણ મોકલવામાં આવેલું હતું. છેલ્લે ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલના ઇન્ટરિમ એવોર્ડ પ્રમાણે તા. ૧–૪–૧૯૮૨ થી જે કર્મચારીઓ નામદાર કોર્ટના ચુકાદામાં ૭૨૦ દિવસ પૂરા થયા ત્યારે કાયમ કરવામાં આવેલ છે અને તે અંગેનો ખર્ચ પણ બ્લૉક ગ્રાન્ટ માટે માન્ય કરેલ છે.

(૪) પરીક્ષા ફી વધારવા અંગેની બાબત કેટલાંક પાસાંઓની વિચારણા કરવી આવશ્યક હોવાથી તે બાબત વિચારણા હેઠળ છે આ દિશામાં માર્કશીટની ફી રૂ. ૪-૦૦ વધારવામાં આવી છે. જ્યારે ખર્ચ બાજુ પરીક્ષા સ્ટેશનરી, ને છપામણી, જેમાં કાગળના ભાવોનો વધારો, અન્ય વસ્તુઓના બજારભાવમાં થયેલ વધારાને કારણે ખર્ચ વધે તે અપેક્ષિત છે ઉપરાંત રેલવે—બસના ભાડામાં વધારો થતો હોવાથી પરીક્ષાના ભથ્થામાં પણ વધારો થાય છે

ગુજરાત યુનિવર્સિટી મહદ અંશે એફિલિયેટિંગ યુનિવર્સિટી હોઈ તથા તેનું મહત્ત્વનું કામ કૉલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની પરીક્ષાઓ સારી રીતે લેવાય તથા ગેરરીતિઓ રોકી શકાય તેવી મહત્ત્વની કામગીરી માટે કેટલાંક વિશેષ ખર્ચ પણ કરવામાં આવે છે. છતાં પણ ઑડિટના ઉપરોક્ત સૂચનની નોંધ લેવામાં આવી છે

૪. યુનિવર્સિટીનું અંદાજપત્ર એક્ઝિક્યુટિવ કાઉન્સિલ કોર્ટની ભલામણો ધ્યાનમાં લઈ મંજૂર કરે તે પહેલાં કુલપતિશ્રીએ મંજૂર કર્યા બાબત :

(૧) કોર્ટની સભા તા. ૩૧—૩—૧૯૮૨ના રોજ મળેલ હતી, પરંતુ કોરમના અભાવે એજન્ડા ઉપરનાં કોઈ કાર્યો હાથ ઉપર ધરી શકાયાં ન હતાં. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટમાં વોટ—ઑન—એકાઉન્ટની કોઈ જોગવાઈ દેખાતી નથી તેથી કુલપતિશ્રીને મળેલ સત્તાની રૂએ સાથે સાથે આ હકીકત પણ નિર્વિવાદ છે કે સને ૧૯૮૧—૮૨ના વર્ષનું બજેટ તા. ૩૧—૩—૧૯૮૨ સુધીમાં મંજૂર થવું જોઈએ જેથી તા. ૧—૪—૧૯૮૧થી શરૂ થતા નાણાકીય વર્ષમાં ખર્ચ કરવા ઓથોરાઈઝેશન મળી શકે. આ સંજોગોમાં જે સત્તામંડળને મંજૂરી આપવાની સત્તા હોય તે અંગેની સમયસરની મંજૂરી આવી શકે તેમ ન હોય તો ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૧૧ અન્વયે મળેલ સત્તાની રૂએ કુલપતિશ્રી બજેટ મંજૂર કરવા સક્ષમ હોવાથી તે મુજબ કાર્યવાહી કરીને પછીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની એપ્રિલ ૧૯૮૧ની સભા સમક્ષ તે કાર્યવાહીની જાણ કરવામાં આવી છે. ઉપરાંત તા. ૩૦—૩૧ ના રોજ મળેલ કોર્ટ સમક્ષ પણ સને ૧૯૮૧—૮૨ના વર્ષના બજેટની નોંધ લેવામાં આવી છે.

યુનિવર્સિટી ધારામાં તાકીદના ખર્ચાની મંજૂરી આપી શકાય તે અંગે કોઈ જોગવાઈ કે રૂઢિ નથી પરંતુ બજેટ મંજૂર થયેથી ખર્ચનું ઓથોરાઈઝેશન મળી શકે તે હેતુસર કુલપતિશ્રીએ મંજૂર કર્યું હતું જે પાછળથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મીટિંગમાં મંજૂર રાખવામાં આવ્યું હતું. આથી ઑડિટવાંધો પડતો મૂકવા વિનંતી છે.

૫. યુનિવર્સિટીનું અંદાજપત્ર વાસ્તવિક ન હોવા બાબત

૧ સને ૧૯૮૧—૮૨ના અંદાજપત્રની પાના ૧૦ ઉપર પાંચમી પંચવર્ષીય વિકાસ યોજના અંગેની આવક અને ખર્ચના વિગત દર્શાવેલ છે કે હકીકતમાં પાના નં. ૧ ઉપરની વિગતમાં સને ૧૯૭૯—૮૦ અનાવર્તક આવક અને ખર્ચ અંદાજપત્રના પાના ક્રમાંક ૨૫

પરના કેપિટલ અંદાજપત્રમાં દર્શાવવામાં આવેલ છે તે મુજબ જ પાના ૧ ઉપરની વિગત તેમજ પાના ૨૫ ઉપરની વિગત મેળવણી કરવાની હોય તે મુજબ કોઈ તફાવત રહેતો નથી તો આ વાંધો પડતો મૂકવા વિનંતી છે.

અનાવર્તક ખર્ચ સામાન્ય રીતે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળતી ગ્રાન્ટમાંથી કરવામાં આવતો હોય છે અને તેના ખર્ચની વિગત વાર્ષિક હિસાબના પરિશિષ્ટ 'સી'ના કોલમ ૬ માં દર્શાવવામાં આવતી હોય છે.

૨. (અ) સને ૧૯૮૨-૮૩ના અંદાજપત્રમાં ૧૯૮૦-૮૧ ના વર્ષની ખરેખર આવર્તક અને અનાવર્તક આવક અને ખર્ચ ૧૯૮૦—૮૧ના વર્ષના વાર્ષિક હિસાબ મુજબ હોવો જોઈએ. પરંતુ મુદ્રણદોષના કારણે અંદાજપત્રના આંકડાઓમાં તફાવત રહેવા પામેલ છે, જે કાર્યાલય તરફથી શુદ્ધિપત્રક દ્વારા નિયમિત કરવામાં આવેલ છે. હવે પછીના ઑડિટમાં તે રજૂ કરવામાં આવશે.

(બ) સદરહુ ફકરાનો જવાબ (૧) જોવા વિનંતી છે અને તે ગ્રાહ્ય રાખી વાંધો પડતો મૂકવા વિનંતી છે.

૩. ઉપર પેટા ફકરા (૧) અને (૨)માં સને ૧૯૮૧—૮૨ના અંદાજપત્રના તફાવત અંગે સ્પષ્ટતા કરેલી છે, તે જોતાં ગણતરીની ચોકસાઈ કરવામાં આવી છે અને તે ગ્રાહ્ય રાખી ફકરો પડતો મૂકવા વિનંતી છે.

૪. યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો ખામીયુક્ત હોવા બાબત :

(૧) વાર્ષિક હિસાબના પરિશિષ્ટ "એફ"માં ફર્નિચર તથા ઈક્વિપમેન્ટ, સાધનસામગ્રી, મોટરકાર, પુસ્તક એકાઉન્ટના ખર્ચના વિગતોની જનરલ ફંડ એકાઉન્ટ્સ સમરી સ્ટેટમેન્ટમાં સમાવેશ થઈ જાય છે. જ્યારે મિલકતો અંગે જે ખર્ચ દર્શાવવામાં આવે છે તે અનાવર્તક પ્રકારનો હોઈ આ અંગે પરિશિષ્ટ 'બી" દ્વારા ખરેખર કેટલી ગ્રાન્ટ મળી તે છે સામે કેટલો ખર્ચ થયો અને મળવાની બાકી ગ્રાન્ટ કે કરવાનો બાકી ખર્ચ તે પત્રક દ્વારા સ્પષ્ટ થાય છે. પરિશિષ્ટ "સી"માં દર્શાવવામાં આવે છે.

(૨) ફંડ તથા દેવાં બાજુ અનુક્રમે યુનિવર્સિટી જનરલ ફંડ, કેપિટલ ફંડ, પુસ્તક ફંડનું જે બેલેન્સ દર્શાવવામાં આવેલું છે તે અંગે કરેલ મિલકત ખર્ચની મિલકતો તથા લેણાં બાજુ "કાયમી મિલકતો" ખાતે થઈ જાય છે, તે હિસાબી પદ્ધતિના સિદ્ધાંતો સાથે સુસંગત છે. દ્વિનોંધી હિસાબી પદ્ધતિ પ્રમાણે કોઈ પણ હવાલાની બે બાજુ અસર પડે અને તેથી વાંધો પડતો મૂકવા વિનંતી છે.

(૩) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અનુદાનમાંથી મિલકત, ફર્નિચર, સાધનો, પુસ્તકો વગેરેની ખરીદી રૂ. ૨૦,૦૦૦થી વધુ હોય તો તે અંગેનું અલગ રજીસ્ટર નિભાવવામાં આવે છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી અનુદાન પેટે જે રકમ મળે છે તે યુનિવર્સિટીના હિસાબોમાં હિસાબ પદ્ધતિના સિદ્ધાંતો પ્રમાણે દર્શાવવામાં આવે છે અને યુનિવર્સિટી

કોઈ પણ મિલકત અન્યને તબદિલ કરતી નથી. આમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મિલકતની મૂડીકરણનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

આ અંગે સને ૧૯૮૦-૮૧ના અન્વેષણ અહેવાલના ફકરા નં. ૮ના જવાબમાં સવિસ્તર સ્પષ્ટતા કરેલ છે તે જોવા વિનંતી છે.

૭. વાર્ષિક હિસાબ તૈયાર કરવાની પદ્ધતિ નક્કી કરવા બાબત :

યુનિવર્સિટીના વાર્ષિક હિસાબ દ્વિનોંધી નામાપદ્ધતિના સિદ્ધાંતો પ્રમાણે તૈયાર કરવામાં આવે છે. તે સંબંધી કોઈ આધાર રજૂ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

૮. નિયમ વિરૂદ્ધ પેટાસમિતિની રચના કરી તેની ભલામણોને આધારે સુધારેલ પગારધોરણ આપવા બાબત :

(૧) કર્મચારીઓને સુધારેલ પગારધોરણ આપવા અંગે જણાવવાનું કે વહીવટી સરળતા ખાતર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે આ બાબતમાં નિર્ણય લેવા અંગે કુલપતિશ્રીને સત્તા આપી હતી અને કુલપતિશ્રીને સત્તા આપવા અંગેનો શિરસ્તો યુનિવર્સિટીની શરૂઆતથી જ છે.

(૨) નવું પગારધોરણ મેળવતા કર્મચારીઓ અગાઉ દેસાઈ પંચના પગારધોરણમાં ફાયદો ન હોવાથી જૂના પગારધોરણમાં ચાલુ રહેવા અંગે વિકલ્પ આપ્યો હતો, અને તે મુજબ જૂના પગારધોરણમાં ચાલુ રહ્યા હતા, જ્યારે તા. ૧-૧-૧૯૭૩ પછી જે કર્મચારી યુનિવર્સિટીમાં જોડાયા તેઓને યુનિવર્સિટીએ દેસાઈ પંચના પગારધોરણમાં જ મૂક્યા હોવાથી બંનેનાં પગારધોરણોમાં તફાવત રહે તે દેખીતું છે.

(૩) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦-૩-૧૯૮૨ની બાબત ક્રમાંક ૪૫ અન્વયે જે કર્મચારીઓ તા. ૭-૧૦-૧૯૭૩ પહેલાં યુનિવર્સિટીમાં જોડાયેલ હતા તેઓને દેસાઈ પંચના પગારધોરણમાં પહેલાંનો વિકલ્પ આપેલ હતો તેવા કર્મચારીઓને નવા પગારધોરણના કારણે ગેરલાભ થવાથી તેને ધ્યાનમાં રાખીને તે કર્મચારીઓને જૂનાં પગારધોરણોનો લાભ આપવાનું મંજૂર કરવામાં આવ્યું હતું. આમ નવા પગારધોરણનો લાભ લેવા માટે આ કર્મચારીઓ હકદાર હતા, અને આથી આ અંગે વટહુકમ પહેલાંનું પગારધોરણ સુધારેલ નથી તેથી આ ખર્ચ અનિયમિત ગણી શકાય નહિ તો પેરા પડતો મૂકવા વિનંતી છે.

૯. પેન્શન ચુકવણીની વિગતો નોંધવા પેન્શન ચુકવણી નોંધ નિભાવવા બાબત.

ઑડિટના સૂચન મુજબ પેન્શન નોંધબુક બનાવીને હવે પછીના ઑડિટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

૧૦. વટહુકમની જોગવાઈ વિરુદ્ધ યુનિવર્સિટીના કર્મચારીઓનાં પગારભથ્થાં સુધારવા બાબત.

આ અંગેના સાધનિક કાગળો જેવા કે મંજૂરી વગેરે ઑડિટ સમક્ષ હવે રજૂ કરવામાં આવશે.

૧૧. અધિનિયમમાં જોગવાઈ ન હોવા છતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે પોતાની સત્તા અન્યને સોંપવા બાબત.

વહીવટી સરળતા ખાતર એક્ઝિક્યુટિવ કાઉન્સિલ યોગ્ય લાગે તે બાબતમાં નિર્ણય લેવા અંગે કુલપતિશ્રીને સત્તા આપી શકે છે અને એવો શિરસ્તો યુનિવર્સિટીની શરૂઆતથી જ છે.

૧૨. આધનિયમ અને સ્ટેચ્યૂટની જોગવાઈ વિરૂદ્ધ કાર્યવાહી કુલસચિવશ્રીની નિમણૂક બાબત તથા તેમનો પગાર નક્કી કરવામાં થયેલ અનિયમितતા બાબત.

(૧) સ્ટે. ૧૩૧ પ્રમાણે ૧૩૧(બી) (૩) કાર્યકરી કુલસચિવની નિમણૂક કરવાની સત્તા કુલપતિશ્રીને છે તે અન્વયે જ્યારે કુલસચિવના હોદ્દા પરની વ્યક્તિ રજા ઉપર અથવા નિવૃત્ત થાય ત્યાં સુધીના સમયગાળા માટે કુલપતિશ્રી કાર્યકારી નિમણૂક કરે છે અને તે પ્રમાણે શ્રી. બી. એમ. પટેલની કાર્યકારી કુલસચિવશ્રી તરીકે નિમણૂક કરવામાં આવેલ, પરંતુ યોગાનુયોગ કાર્યકારી કુલસચિવશ્રી બી. એમ. પટેલની વરણી, વરણી સમિતિએ કરી અને તેથી તેમને જે પગાર આપ્યો તેમના પગારમાં બીજી નિમણૂક કરવામાં આવે છે તેમ પગાર ફિક્સ કરીને કરવામાં આવી છે, જે બરોબર છે. તેથી પેરા પડતો મૂકવા વિનંતી છે.

(૨) સ્ટે. ૧૩૧ પ્રમાણે શ્રી. બી. એમ. પટેલની વિકાસ અધિકારીની જગ્યામાંથી કુલસચિવશ્રીની જગ્યામાં કાર્યકારી કુલસચિવ તરીકે નિમણૂક આપવામાં આવી ત્યારે સદરહુ કુલસચિવની જગ્યા વધારે જવાબદારીવાળી હોવાથી વિકાસ અધિકારીની જગ્યાના પગારધોરણ રૂ. ૧૩૦૦–૫૫–૧૫૨૦–૬૦–૧૩૦૦ ના રૂ. ૧૭૦૦ ના મૂળ ગુરુતમ પગાર મેળવતા હતા. તે સ્ટેજ કુલસચિવશ્રીના પગારધોરણ રૂ. ૧૬૦૦–૮૦–૨૦૦૦માં ન હોવાથી રૂ. ૧૭૬૦ પગાર નક્કી કરી તેમાં એક વધારાનું એડ ઇન્ક્રીમેન્ટ નોશનલી રૂ. ૮૦ આપીને કુલસચિવશ્રીની જગ્યામાં મૂળ પગાર રૂ. ૧૮૪૦ નક્કી કરવામાં આવેલો છે, જે નિયમ અનુસાર સુસંગત હોઈ વાંધો પડતો મૂકવા વિનંતી છે.

૧૩. ઑર્ડિનન્સ દ્વારા થયેલ જોગવાઈ મુજબ નક્કી થયેલ કાર્યભારણ શૈક્ષણિક સ્ટાફ ન હોવા બાબત.

સદરહુ પેરામાં દર્શાવેલ શિક્ષકોના કાર્યભારણમાં સંશોધન, માર્ગદર્શન વગેરે અંગેનું કાર્યભારણ હોય છે તેમ છતાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આ બધી બાબતોને લક્ષ્યમાં લઈને શૈક્ષણિક જગ્યાઓ ઊભી કરવા અંગે ભલામણ કરીને તે અંગેની પંચવર્ષીય યોજનાના ગાળા માટે તેમ જ ત્યાર બાદની આર્થિક જવાબદારી રાજ્ય સરકાર સ્વીકારે તે શરતે આર્થિક સહાય આપે છે, તેમ છતાં ઑડિટના સૂચનની નોંધ લેવામાં આવે છે.

૧૪. શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની રજા તથા સેવાના નિયમો ઑર્ડિનન્સ દ્વારા બનાવવાને બદલે ઠરાવ દ્વારા બનાવવા બાબત.

આ અંગેના નિયમો યુનિવર્સિટીની શરૂઆતથી તે વખતની સિન્ડિકેટ મંજૂર કરેલ છે, તો તે બરોબર જણાય છે; તો વાંધો પડતો મૂકવા વિનંતી છે.

૧૫. માઈક્રોબાયોલોજી વિભાગમાં જરૂરી પ્રમાણપત્ર મેળવ્યા વગર પેટ્રોલથી ચાલતો ગેસ પ્લાન્ટ રાખવા બાબત.

માઈક્રોબાયોલોજી વિભાગમાં પેટ્રોલથી ચાલતા ગેસ પ્લાન્ટ માટેનું જરૂરી પ્રમાણપત્ર હવે પછી ઑડિટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

૧૬. પરીક્ષાઓના પ્રશ્નપત્ર છપાવવામાં થયેલ અનિયમितता બાબત.

આ અંગે ખાનગી રાહે અલગ જુદી કાર્યવાહી ચાલે છે,

૧૭. યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ ચલાવવામાં થયેલ અનિયમિતતા બાબત.

યુનિવર્સિટીએ મંજૂર કરી આપેલ ભાવે ચા-નાસ્તો અને જમવાની વ્યવસ્થા શ્રી ભરૂમલ પોતે કરે છે. અને જે રેઇટ યુનિવર્સિટીએ મુકરર કરેલા દરો એવી રીતે નક્કી કરવામાં આવેલા છે કે જેથી કેરટેકરને થયેલ ખર્ચ અંગે તેમાંથી પૂરતી રકમ મળી શકે. આમ નહિ નફો—નહિ નુકસાનના ધોરણે આ વ્યવસ્થા કરવામાં આવેલી છે.

૧૮. યુનિવર્સિટી કર્મચારીઓની સેવા, શિસ્ત, વર્તણૂક વગેરેના નિયમો નક્કી કરવા બાબત.

જ્યારે પગારધોરણ, ઈન્ક્રીમેન્ટ, પ્રમોશન પછી ઈન્ક્રીમેન્ટ, વધુ જવાબદારીની જગ્યા પર પસંદ થતા પગાર નક્કી કરવાની બાબત, લિયન વગેરે બાબતો અંગે સામાન્ય રીતે રાજ્ય સરકારના નિયમો પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે. શિસ્ત અંગેના નિયમોની ફેર ચકાસણીની બાબત પણ વિચારણા હેઠળ છે. તેમ છતાં ઓડિટના સૂચનની નોંધ લેવામાં આવે છે.

૧૯. ફર્નિચરની ખરીદીમાં અનિયમિતતા બાબત :

(૧) તે સમયના કુલસચિવશ્રીના મૌખિક આદેશ અનુસાર જાહેરખબર ન આપતાં પેનલના વેપારીઓને ટેન્ડરો મોકલી આપવામાં આવ્યાં હતાં.

(૨) રૂ. ૨૦૦/- બાનાની રકમ (અર્નેસ્ટ મની) નક્કી કરેલ હતી. ટેન્ડર સાથે સામાન્યતઃ બાનાની રકમ રાખવામાં આવે છે.

(૩) પેનલની રચના ચોક્કસ સમયે જ કરવામાં આવતી ન હતી; પરંતુ ચાલુ પેનલના વેપારીઓને જ ટેન્ડરો મોકલી આપવામાં આવતાં હતાં. કોઈ પણ વેપારીએ કાનૂની મુદ્દો ઊભો કર્યો ન હતો.

(૪) કોઈ પણ વિભાગની માગણીનો પત્ર આવે ત્યાર બાદ જ ભાવ મંગાવવાનો આદેશ મેળવવામાં આવે છે, જે મંજૂર થયેથી ટેન્ડર તૈયાર કરી જાહેરખબર આપી ભાવ મંગાવવામાં આવે છે; પછી જે તે સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવે છે. વર્ષની શરૂઆતમાં જ માગણીપત્રો આવે તો જ પેરામાં જણાવેલ કાર્યવાહી થઈ શકે.

(૫) બહારગામના વેપારીઓ પાસેથી માલ આવતાં મોડું થાય તેમ જ સેમ્પલ પણ વેળાસર મોકલી ન શકે. કાર્ટિંગ પણ બહુ જ આવે તેવો સંભવ છે. ફાઈનાન્સ સમિતિની મિનિટ્સમાં ઉપરોક્ત કારણ દર્શાવવામાં સભ્યોને આદેશ મળ્યે જણાવવામાં આવશે. ઉક્ત ફર્નિચરને બ્લેક લિસ્ટમાં મૂકવાના મંજૂરી રિપોર્ટમાં જણાવ્યા અનુસાર કુલપતિશ્રીએ આપેલ છે. પાર્ટીની ડિપોઝિટ જપ્ત કરીને પછી બ્લેક લિસ્ટ કરવામાં આવે છે અને જેની મંજૂરી પણ લેવામાં આવે છે. કયા નિયમોને આધારે પાર્ટીને બ્લેક લિસ્ટ કરવામાં આવે છે તે અંગે જણાવવાનું કે યોગ્ય કારણો જણાય તો જ કુલપતિશ્રી કોઈ પણ વેપારીને બ્લેક લિસ્ટ કરી શકે છે. યુનિવર્સિટી હેન્ડબુકમાં નિયમ મુજબ તે મુજબ કુલપતિશ્રીને કાર્ય માટેની સત્તા આપેલી છે જ, ને તે મુજબ આદેશ આપેલ છે તે બરાબર છે.

૨૦. કાર્મ્પ્યુટર વિભાગ માટેની સ્ટેશનરી ખરીદીમાં થયેલ અનિયમિતતા બાબત :

(૧) કૉમ્પ્યુટર વિભાગમાં સ્ટેશનરી ખલાસ થવા આવી હતી અને નવી સ્ટેશનરી ખરીદવાની નોંધ કૉમ્પ્યુટર વિભાગ તરફથી જુલાઈ ૧૯૮૧માં મૂકવામાં આવી હતી અને વેપારી પાસેથી આવેલ ભાવોના તુલનાત્મક તારણમાં બિઝનેસ ફોર્મ્સ કું.ને અર્નેસ્ટ મની ડિપોઝિટ ભરી ન હતી તેમ નોંધવામાં આવ્યું હતું. બિઝનેસ ફોર્મ કું. ગુજરાત યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટરને અવારનવાર સ્ટેશનરી પૂરી પાડે છે અને તે એક પ્રતિષ્ઠિત કંપની છે. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪–૯–૧૯૮૧ની સભામાં આ અંગે સઘળી બાબતોની વિચારણા કર્યા બાદ જ તે કંપની પાસેથી સ્ટેશનરી ખરીદવાની ભલામણ કરેલ હતી, જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર રાખી હતી.

(૨) ફાઈનાન્સ સમિતિની મંજૂરીથી આ ઑર્ડર આપવામાં આવ્યો છે. બિઝનેસ ફોર્મ્સ કંપનીના ભાવ ડોર ડિલિવરીના છે. જ્યારે જે. કે. બિઝનેસ મશીન કંપનીના ટેન્ડરમાં આ અંગે કોઈ સ્પષ્ટતા નથી તેમ જ ટેન્ડર ટેન્ડર કવરમાં સિલબંધ મળ્યું નથી. આઈટેમ નં. ૪૯ · ૭/૮" × ૫૨"ની સ્ટેશનરી બિઝનેસ ફોર્મ્સ કંપનીએ તેમને સંયુક્ત ઑર્ડર આપવામાં આવે તો જ આઈટેમ ૧, ૨ અને ૩ પર ૫ % વટાવની શરત હતી. આઈટેમ નં. ૪ માટે ઑર્ડર આપવાથી આ વટાવ મળી શકે નહીં.

(૩) આ કંપનીની સ્થાનિક ઑફિસ અમદાવાદમાં છે, જ્યારે કંપનીની ફેક્ટરી મુંબઈમાં છે.

ઉપર પ્રમાણે જવાબો બાકી રાખી, વાંધો પડતો મૂકવા વિનંતી છે.

૨૧. આરોગ્ય કેન્દ્રમાં દવાઓ–ઈન્જેક્શનની ખરીદીમાં અનિયમિતતા બાબત :

આરોગ્ય કેન્દ્રમાં દવાઓ, ઈન્જેક્શન ખરીદી અંગે ઝંડાણમાં છણાવટ કરતાં પહેલાં દવા ખરીદી પાછળ દવાઓ સારી જાતની ખરીદવી તે આશય રહ્યો હોય છે અને તે માટે કઈ દવાઓ સારી જાતની છે તે વર્ષોના અનુભવે જ તે પ્રમાણે નિર્ણય લેવામાં ઉપયોગી થઈ પડે. આ માટે કોઈ દવાનું પૃથક્કરણ કરવું અશક્ય છે.

સામાન્ય રીતે નિયમિત દવા માટે મોકલનારાઓ પાસે ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કંપનીનાં નામોનો ઉલ્લેખ કરવાથી ઘણી વખત જરૂર સંખ્યાનાં ભાવપત્રકો ભરાઈને આવતાં નથી અને ખરીદીમાં મુશ્કેલી થાય છે. જેવા કે મે. મનુભાઈ ઍન્ડ કંપની ડિસ્ટ્રિબ્યુટર હોવાથી ઊંચી જાતની બી કૉમ્પ્લેક્ષમાં ભાવ પણ ભરી શકે એક જ ભાવ ભરવા જરૂરી નથી. રૂ. ૭–૫૦ની ૧૦૦૦ બી કૉમ્પ્લેક્ષની ગોળીઓ ખરીદવી દર્દીના લાભમાં હોય તેમ લાગતું નથી. આવી સસ્તી દવાઓ અગાઉ પણ ખરીદેલ નથી. તેમ છતાંય કંપનીનો ભાવ મંગાવવામાં આવે તો ભાવની તુલના થઈ શકે અને ભાવ ભરનારને પણ ખ્યાલ આવે કે ટેન્ડર માંગનારને આ જ કંપનીનો માલ જોઈએ છે તે ખબર પડે તે અંગેનું ઑડિટનું સૂચન આવકાર્ય છે અને ભવિષ્યમાં તે અમલી બનશે. દરમ્યાન આ પેરા પડતો મૂકવા વિનંતી છે.

૨૨. માઇક્રોબાયોલોજી વિભાગના મકાનના ધાબા પર વૉટરપ્રૂફિંગના કામ બાબત :

વા. નં. ૮૫૮૮, તા. ૨૯–૩–૧૯૮૨.

બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની નોંધમાં આપેલ છે. આ કામ માટે યુનિવર્સિટી નિયમ સ્પેસિફિકેશન મુજબ આવેલાં આ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢીનું જે નામ દર્શાવેલ છે તે બરોબર છે. પરંતુ આ કામ માટે કુલ ૧૧ ટેન્ડરો આવ્યાં હતાં, જેનું તારણ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતું. પરંતુ તારણમાં એક બાજુ પર છ અને બીજી બાજુ પર ૫ ટેન્ડરોનું તારણ હતું. આથી બીજી તરફનું લખાણ લક્ષ બહાર રહી ગયેલ છે જે જાણ સારુ. આથી કુલ ટેન્ડરોની સંખ્યા શરતચૂકથી ખોટી લખાઈ છે.

મે. જે. શાહ ટ્રેડિંગ કું.નો ભાવ સૌથી ઓછો હતો પરંતુ તેઓના ભાવ યુનિવર્સિટીના સ્પેસિફિકેશન પ્રમાણેના ન હોવાથી તેઓને કામ આપેલ નથી તેઓએ તેમના ટેન્ડરમાં તેઓ તેમના પોતાના અલગ સ્પેસિફિકેશન પ્રમાણે કામ કરી આપશે તેમ સ્પષ્ટ ઉલ્લેખ કરેલો જ છે. આથી યુનિવર્સિટીના સ્પેસિફિકેશન પ્રમાણે કામ કરી આપતા આવેલાં બાકીનાં દસ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ભરનાર પાર્ટી બિમલ એન્ટરપ્રાઈઝને રૂ. ૨૯–૭૦ પૈસા ચોરસ મીટરના ભાવથી કામ આપેલું હતું તેની નોંધ લેવા વિનંતી છે.

ઉપરનો જવાબ ગ્રાહ્ય રાખી, વાંધો પડતો મૂકવા વિનંતી છે.

૨૩. ઝૂલોજી વિભાગના બે વિન્ડો એરકન્ડિશનર અને ડિપફ્રીઝર તથા વોટરકૂલરનાં રીપેરિંગ બાબત.

આ કામ અંગે અગાઉ બ્લ્યુસ્ટાર લિ. પાસેથી એસ્ટિમેટ મોડલ એસીડી ૧૦૦ સીરિયલ નં. ૧૭૩૪૪ના રીપેરિંગ માટેનો મેળવેલો હતો જે અંગેની અંદાજી કિંમત રૂ. ૪,૭૦૦ આવેલ હતી. એ એસ્ટિમેટ મેન્યુફેક્ચરિંગ કંપની પાસેથી મેળવેલો હતો. ત્યાર બાદ વધુમાં બીજાં મશીનો પણ બંધ હોવાથી ભાવ મંગાવેલ હતા.

આ ઉપરાંત બીજા મશીન મોડેલ એ ૩૦૦નો એસ્ટિમેટ રૂ. ૩,૯૦૦ બ્લ્યુ સ્ટાર લિ. ભૂલથી મોડલ એ ૪૫૦ સીરિયલ નં. ૪૭૦૫–૧૬૯૮થી આવેલ હતો. આમ સમગ્ર વિગત જોતાં રીપેરિંગ અંગેનો અંદાજી ખર્ચ અગાઉ મેળવેલ હતો જ, જેથી આવેલ ટેન્ડરના ભાવ બ્લ્યુસ્ટારના એસ્ટિમેટ કરતાં પ્રમાણમાં ઘણા નીચા હોવાથી તેઓને કામ આપવામાં કોઈ વાંધો ન હતો અને જે કામ તેઓએ સંતોષકારક રીતે કરી આપેલ છે.

ભાવપત્રકો મોકલવા માટેનો જે સમયગાળો છ દિવસનો આપવામાં આવેલો છે જે સામાન્ય રીતે દસથી પંદર દિવસનો રાખવામાં આવે છે. અને વધુમાં જણાવવાનું કે કોરાં ટેન્ડરો મોકલવામાં આવેલ તેર પાર્ટીઓ અમદાવાદની જ છે, જેથી છસાત દિવસનો સમયગાળો પણ વાજબી છે.

વિશેષમાં પાર્ટી તરફથી આવેલ બિલ ૫૪૩૪, તા. ૧૬–૧૧–૧૯૮૨–એફ જેમાં રૂ. ૧૦૦–૦૦ જે પેમેન્ટ ઓછું થયેલ છે તે પાર્ટી તરફથી માગણી થયેથી ચૂકવી આપવામાં આવશે.

ઉપરનો જવાબ ગ્રાહ્ય રાખી, વાંધો પડતો મૂકવા વિનંતી છે.

૨૪. (અ) પ્રકાશન વિભાગ દ્વારા છપાવવાના પુસ્તકોના ચૂકવણામાં અનિયમિતતા બાબત.

પુસ્તકનો જરૂરિયાત તેમ જ તેના અપેક્ષિત વેચાણને ધ્યાનમાં લઈને પુસ્તકો છપાવવા અંગેનો ખર્ચ કરવામાં આવતો હોય છે. પુસ્તકોના વેચાણ અંગે યુનિવર્સિટી તરફથી નવી વળતર યોજના પણ અમલમાં મૂકવામાં આવેલી છે.

પુસ્તકો યુનિવર્સિટીને મળ્યે ત્યારે તે અંગેની નોંધ સ્ટોકપત્રકમાં તરતજ કરવામાં આવેલ હોય છે. હવે પછી બિલમાં તે મતલબની નોંધ કરવામાં આવશે.

ઉપરનો જવાબ ગ્રાહ્ય રાખી, ફકરો પડતો મૂકવા વિનંતી છે.

(બ) ઑડિટના સૂચનની નોંધ લેવામાં આવી છે.

૨૫. અનુસ્નાતક કેન્દ્રોને ચૂકવવામાં આવતી નાણાકીય સહાયમાં થતી અનિયમિતતા બાબત.

(૧) ઑડિટે સૂચવ્યા પ્રમાણે હવેથી રજિસ્ટર રાખવામાં આવે છે જે ઑડિટ સમક્ષ રજૂ કરીશું.

(૨) યુનિવર્સિટી વિદ્યાર્થી દીઠ નિયત દરે સબસિડી ચૂકવે છે અને તે પ્રમાણે જરૂરી પ્રમાણપત્રો મેળવીને ૧લી ટર્મના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે અને ત્યાર બાદ પ્રોફેસર-ઇન-ચાર્જનું પ્રમાણપત્ર મેળવીને બીજી ટર્મમાં વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સબસિડી ચૂકવે છે અને આ બાબતમાં પ્રોફેસર ઇન-ચાર્જ જે તે કેન્દ્રના યુનિવર્સિટીએ નીમેલા વડા છે તેના પ્રમાણપત્રના આધારે જ ચુકવણી થાય છે તે બરોબર છે.

(૩) આચાર્યશ્રી, લયન્સ આર. એ. સાયન્સ કૉલેજ, અમદાવાદને ચૂકવાયેલ વધુ રકમ રૂ. ૪,૫૦૦ યુનિવર્સિટીમાં રસીદ નં. મીસે. ૪૬૨૭ તા. ૭-૨-૯૩થી જમા કરાવવામાં આવી છે.

૨૬. વેચાણ માટેનાં કોરાં ફોર્મ, પ્રશ્નપત્રો, ચોપડીઓ કે જેની કિંમત રૂપિયા બરાબર ગણી શકાય તેનો હિસાબ તૈયાર ન હોવા બાબત.

વેચાણવેરાના કોરાં ફોર્મ, પ્રશ્નપત્રો, પુસ્તકો અંગેના તૈયાર થયેલ હિસાબો આગામી ઑડિટ સમક્ષ રજૂ કરવામાં આવશે અને ભૌતિક ચકાસણીનો અહેવાલ રજૂ કરવામાં આવશે.

૨૭. કેમિકલ્સ ગ્લાસવેરનો ખરેખર ઉપયોગ થયા અંગેની નોંધ નહિ રાખવા બાબત.

કેમિકલ્સ, સાધનો વગેરે સાધનો ઇસ્યુ થયા પછી જે તે જગ્યામાંથી જુદા જુદા વિદ્યાર્થીઓ, સંશોધન મદદનીશો, શિક્ષકો વગેરે વાપરે છે અને તે અંગે જે તે હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ પૂરી દેખરેખ રાખે છે. તેથી ઑડિટમાં સૂચવ્યા પ્રમાણે તે એકજગ્યામાંથી અનેક જણનો ઉપયોગ થાય તે દૃષ્ટિએ રાખવું અશક્ય છે અને વ્યાવહારિક પણ નથી. જો તે પ્રમાણે કરવામાં આવે તો વપરાશ બતાવવો હોય તો તેમ થઈ શકે એમ માનવું છે અને હિતાવહ પણ નથી, તે જોતાં ફકરો પડતો મૂકવા વિનંતી છે.

૨૮. આરોગ્યકેન્દ્રમાં દવાના વપરાશનો હિસાબ ન રાખવા બાબત.

આરોગ્યકેન્દ્રમાં દવાઓ, ઇન્જેકશનોના વપરાશનો હિસાબ રાખવા અંગેનું ઑડિટનું સૂચન આવકાર્ય છે. પરંતુ આ અંગે આરોગ્યકેન્દ્રમાં કોઈ સ્ટોરકીપરની જગ્યા નથી, પરંતુ સાધારણ કીમતી દવાઓનું ઑડિટે સૂચવેલ ધોરણે સ્ટૉકપત્રક રાખીને હવે પછી ઑડિટને બતાવીશું.

તે જોતાં આ પેરા પડતો મૂકવા વિનંતી છે.

૨૯ કોમ્પ્યુટર સેન્ટરમાં સ્ટેશનરી સ્ટૉક રજિસ્ટર વ્યવસ્થિત નહિ નિભાવવા તથા માર્ક સ્ટેટમેન્ટ સ્ટેશનરી રજિસ્ટર નહિ નિભાવવા બાબત.

(૧), (૨) અને (૩) સ્ટૉક રજિસ્ટરમાં સ્ટેશનરી સાઈઝ પ્રમાણે જુદા જુદા પાના ઉપર લખવા જણાવ્યું છે અને તે પ્રમાણે કરેલ રજિસ્ટર ઑડિટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

(૪) વપરાશ સ્ટૉક રજિસ્ટરમાં નોંધવાને કારણે આમ બન્યું છે. હકીકતમાં ખરેખરો સ્ટૉક નહિ હોવાથી જ સ્ટેશનરી ખરીદવામાં આવી છે.

(૫) સ્ટૉક રજિસ્ટરમાં પાના નં. ૨૬ ઉપર રૂસ્તમ મિલ, પી.આર.એલ ઈ.ડી.પી. કોર્પોરેશન વગેરે સંસ્થાઓને કાર્ડ, સ્ટેશનરી, રીબન વગેરે ઉછીની આપવામાં આવે છે તે નોંધવામાં આવે છે.

(૬) સ્ટૉક રજિસ્ટર ઑડિટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

(૭) વપરાયેલ માલસામાન કોમ્પ્યુટર સેન્ટરના વડા અધિકારીની મંજૂરીથી યુનિવર્સિટીના કામ માટે વાપરવામાં આવે છે.

(૮) રજિસ્ટર પાના નં. ૬ ઉપર અનુક્રમાંક ૨૮માં સિલક ભૂલને લીધે ૧૬,૦૦,૦૦૦ બતાવવામાં આવી છે જે દરેદર ૧૬,૭૫,૦૦૦ છે.

(૯) નોંધ લીધી છે

૩૦. સ્ટાફ મંજૂરી રજિસ્ટર વ્યવસ્થિત નહીં નિભાવવા બાબત.

સ્ટાફ મંજૂરી રજિસ્ટર પૂર્ણ કરી ઑડિટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

૩૧. કાયદાકીય ખર્ચ બાબતની અનિયમितता.

યુનિવર્સિટીના ૧૯–૩–૧૯૮૩ના પત્રાંક એકા./ઑડિટ/જનરલ/૧૩૨૩૪૬ થી આપેલ પ્રત્યુત્તર સ્વયંસ્પષ્ટ છે. તેમાં થયેલ સ્પષ્ટતા જોતાં ઑડિટ વાંધો પડતો મૂકવા વિનંતી કરવામાં આવે છે.

૩૨. ઘણા લાંબા સમયથી બાકી રહેતી પેશગીઓનો હિસાબ નહિ મેળવવા બાબત.

પેશગી પાછી મેળવવા માટેની જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે અને બને તેટલી જૂની પેશગીઓ પાછી મેળવવામાં આવી છે જેની પ્રગતિ હવે પછીના ઑડિટ દરમ્યાન બતાવવામાં આવશે.

૩૩. ઘણા લાંબા સમયથી ટાઈમબાર ચેકોની બાકી સિલકો ખેંચવા બાબત.

આ અંગેની છેલ્લી પરિસ્થિતિ હવે પછી ઑડિટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

૩૪. સસ્પેન્શ રજિસ્ટરમાં ઘણા લાંબા સમયથી કોઈ પણ કાર્યવાહી વગર બાકીઓ ખેંચવા બાબત.
આ અંગેની છેલ્લી પરિસ્થિતિ હવે પછી ઑડિટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

૩૫. ઍડવાન્સની રકમ માહિતી વગર ઍડજસ્ટ કરવા બાબત.
ફિઝિક્સ વિભાગના વડા તથા વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના સૂચન પ્રમાણે સદરહુ ખર્ચ ઍડજસ્ટ કરેલ છે, તેમ છતાં આ અંગે વાઉચર પર તેમની સહી મેળવીને ઑડિટ સમક્ષ રજૂ કરવામાં આવશે તે જોતાં વાંધો પડતો મૂકવા વિનંતી છે.

૩૬. હૉસ્ટેલના અન્વેષણ માટે જરૂરી રેકર્ડ રજૂ નહિ કરવા બાબત.
આગામી ઑડિટ સમક્ષ જરૂરી રેકર્ડ રજૂ કરવામાં આવશે.

૩૭. પરીક્ષકોની નિમણૂકને લગતું રેકર્ડ રજૂ નહિ કરવા બાબત.
આગામી ઑડિટ સમક્ષ જરૂરી રેકર્ડ રજૂ કરવામાં આવશે.

૩૮. થયેલ નુકસાનની માહિતી અન્વેષણમાં રજૂ ન કર્યા બાબત.
જે કોઈ માહિતી આ સમયગાળા માટેની ઑડિટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

૩૯. સેવાપોથીઓની અધૂરાશ બાબત.
(૧) હવે પછીના ઑડિટ દરમ્યાન ખૂટતી સેવાપોથીઓ રજૂ કરવામાં આવશે.

પરિશિષ્ટ "૬/૨"
કામકાજ ક્રમાંક ૬૨

સને ૧૯૮૧—૮૨ના વર્ષના ગ્રાન્ટના હિસાબો અંગે સરકારી ઑડિટ ખાતા તરફથી મોકલાવેલ ઑડિટ નોંધના વચગાળાના જવાબો તેઓને મોકલી આપવા બાબત :

વિભાગ ૧ : અગાઉનું ઑડિટ

ફકરા નં. ૧

આ અંગે ઑડિટ ખાતા તરફથી સને ૧૯૮૦—૮૧ના વર્ષાન્તે કુલ બાકી ફકરા—૧૩૧ દર્શાવેલ છે તે પૈકી સને ૧૯૭૯—૮૦ના ૧૫ ફકરા તથા સને ૧૯૮૦—૮૧ના ૨૫ ફકરા અંગેના વચગાળાના જવાબો તૈયાર કરી મોકલી આપેલ છે.

વધુમાં અગાઉનાં વર્ષોના બાકી રહેલા ફકરાઓ સંબંધમાં જરૂરી પૂર્તતા અંગે જે તે અનુસ્નાતક ભવનો/વિભાગોના વડા તરફથી કરવાની હોય છે અને તેથી તે માટે સંબંધકર્તા ભવનો/વિભાગોના વડાને ઑડિટ ખાતા તરફથી આવેલ નોંધ તુરત જ મોકલી આપી તેઓ તરફથી જરૂરી પૂર્તતા કર્યા બાદ યુનિવર્સિટી કાર્યાલયને મળ્યેથી તે અંગેની રજૂઆત, પછીના ઑડિટ વખતે યુનિવર્સિટી કાર્યાલય તરફથી કરવામાં આવે છે. આ માટે જે તે વડાઓને સ્મૃતિપત્રો પણ મોકલીને ઑડિટ વાંધાની પૂર્તતા માટે વિનંતી પણ કરવામાં આવે છે અને તે અંગેનો પ્રગતિ અહેવાલ ઑડિટ ખાતાને પ્રતિવર્ષ રજૂ કરવામાં આવે છે તે મુજબ આવતા ઑડિટ વખતે છેલ્લી પરિસ્થિતિની જાણ કરવામાં આવશે.

વિભાગ—૨ : ચાલુ ઑડિટ

ફકરા નં. ૨

વિષય : અનુદાન રજિસ્ટરો અને વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ વિગતોનો મેળ ન બેસવા બાબત.

જવાબ . યુનિવર્સિટીના હિસાબો અંગેની પદ્ધતિ મુજબ જે ગ્રાન્ટ્સ ખાતે આવક તથા ખર્ચના હિસાબો બારોબાર જમા—ઉધાર થતા હોય તે ગ્રાન્ટ્સના આંકડા ઊઘડતી સિલકના તથા વર્ષ દરમ્યાન આવક તથા ખર્ચ તેમ જ બંધ સિલકના યુનિવર્સિટીના લેજર સાથે મળતા હોય છે. પરંતુ જે ગ્રાન્ટ્સ અંગેનો ખર્ચ યુનિવર્સિટીના સામાન્ય બજેટ ખાતે થયેલ જોગવાઈ મુજબ તે ખાતે ઉધારવામાં આવતો હોય તે સામે વર્ષના આખરી હિસાબોનું ઍડજસ્ટમેન્ટ કરતી વખતે જો ગ્રાન્ટની આવક હોય કે અગાઉનાં વર્ષની સિલક હોય તો ગ્રાન્ટ માટે માન્ય ખર્ચ જેટલી રકમ ગ્રાન્ટ ખાતે ઍડજસ્ટ કરવામાં આવે છે, પરંતુ તે વર્ષ દરમિયાન ખર્ચ થયો હોય તેના કરતાં ગ્રાન્ટ ઓછી હોય તો બાકીનો ખર્ચ ગ્રાન્ટ માટે માન્ય હોવા છતાં તે યુનિવર્સિટીના હિસાબોમાં ગ્રાન્ટ ખાતે બાકી રકમ દર્શાવવામાં આવતી

નથી. જ્યારે ગ્રાન્ટ રજિસ્ટર કે પત્રકમાં જે તે યોજના હેઠળ મંજૂર થયેલ આર્થિક સહાય મુજબ યુનિવર્સિટીને મળવાપાત્ર થતી રકમ સામે માન્ય ખર્ચ જેટલો થયો હોય તેટલો ગ્રાન્ટ ખાતે ઉધારવામાં આવે છે અને ગ્રાન્ટની આવક પણ જે થઈ હોય તે જે તે ખાતે જમા લેવામાં આવે છે. તેથી ગ્રાન્ટની ખરેખર પરિસ્થિતિ ગ્રાન્ટની આવક તથા ખર્ચની તેમ જ ઉધારની તથા બંધ સિલકની ગ્રાન્ટ રજિસ્ટરમાં તથા પત્રકમાં દર્શાવવામાં આવતી હોવાથી યુનિવર્સિટીના હિસાબોમાં લેજર સાથે મળતી નથી અને આ રીતે તફાવત રહેવા પામે છે. તેથી યુનિવર્સિટી તરફથી એકાઉન્ટ્સની પદ્ધતિમાં ફેરફાર કરવામાં ન આવે તો આવો તફાવત રહેવાનો તે સ્વાભાવિક છે.

વધુમાં ઑડિટે દર્શાવેલ દાખલાઓમાં ખરેખર પરિસ્થિતિ નીચે મુજબ છે:

(૧) વિદ્યાર્થીઓના છાત્રાલય 'બી' બ્લૉક નહિ પરંતુ ખરેખર 'જી' બ્લૉક છે જે યુનિવર્સિટીના હિસાબોમાં પરિશિષ્ટ 'બી'ના અનુ. નં. ૬૯ ઉપર દર્શાવેલ વિગત પરથી માલૂમ પડે છે કે ઑડિટે દર્શાવેલ બાકી રકમ રૂ. ૨,૧૩,૪૯૭-૧૪ તે જ રકમ ગ્રાન્ટ રજિસ્ટરમાં 'જી' બ્લૉકના રાજ્ય સરકારના ખાતામાં બાકી બતાવેલ છે તે બરાબર છે.

(૨) આઈ.એ.એસ. તાલીમવર્ગની બાબતમાં યુનિવર્સિટીના હિસાબોમાં ટ્યુશન ફીની આવક રૂ. ૮,૮૦૦/– જમા લીધેલ નથી જ્યારે ગ્રાન્ટ રજિસ્ટરમાં આ રકમ ગ્રાન્ટ ખાતે જમા લીધેલ હોવાથી આ ખાતાની બંધ સિલક બાકી રકમ રૂ. ૫૭,૦૩૩–૪૩ની નહીં પરંતુ ખરેખર રૂ. ૫૮,૫૩૩–૪૩ પૈસા દર્શાવેલ છે, જ્યારે યુનિવર્સિટીના હિસાબોમાં ઑડિટે દર્શાવ્યા મુજબ રૂ. ૪૯,૭૩૩–૪૩ પૈસા છે જે માટે જરૂરી હવાલો સને ૧૯૮૨–૮૩ના હિસાબોમાં નાંખેલ હોઈ હવેના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

(૩) અનમર્જર ટીચિંગ સ્ટાફની જમા બાકી રૂ. ૧૧૮૬-૬૭ ગ્રાન્ટ રજિસ્ટરમાં દર્શાવેલ છે તે બરાબર છે, પરંતુ યુનિવર્સિટીના હિસાબોમાં અગાઉના વર્ષમાં શિક્ષકોના પગાર વિગેરે ખાતે શરતચૂકથી આ રકમ ઍડજસ્ટ કરી દેવામાં આવેલ હોઈ ત રકમ તે હિસાબોમાં દેખાતી નથી. આ માટે જરૂરી હવાલો નાંખી હવે પછીનાં ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૨(અ)

એસ્ટાબ્લિશમેન્ટ ઑફ કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના ડિરેક્ટરશ્રીને ચૂકવવામાં આવેલ પગારમાં થયેલ અનિયમિતતા બાબત.

જવાબ : યુનિવર્સિટી કાર્યાલય તરફથી પત્ર ક્રમાંક એકા-૨/ગ્રાન્ટ ઑડિટ/૧૯૮૧ ૮૨/૧૧૩૦૬૭ તા. ૨૪-૫-૮૫થી એસ્ટાબ્લિશમેન્ટ વિભાગને લખ્યું હોવાથી આ અંગે જરૂરી પૂર્તતાસહ માહિતીને વિભાગ પાસેથી મેળવીને હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૩

રજા દરમિયાન અન્ય સંસ્થામાં નોકરી કરવાની–સ્વીકારવાની છૂટ આપવા બાબત.

જવાબ : જરૂરી માહિતી તથા સ્પષ્ટતા એસ્ટાબ્લિશમેન્ટ વિભાગને કાર્યાલયના પત્રાંક : એકા-૨/ગ્રાન્ટ ઑડિટ ૧૯૮૧–૮૨/૧૧૩૦૬૭ તા. ૧૪–૫–૧૯૮૫થી લખ્યું છે, જેથી તેમના તરફથી મેળવીને હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૪

બ્લૉક ગ્રાન્ટમાં મળવાપાત્ર ખર્ચ કરતાં વધુ ખર્ચ કરવા બાબત.

જવાબ : આ અંગે ઑડિટ તરફથી કરવામાં આવેલ સૂચનોને ધ્યાનમાં લઈ શકય હોય ત્યાં સુધી ઓછામાં ઓછો ખર્ચ થાય તે માટે જરૂરી પગલાં લેવામાં આવશે.

ફકરા નં. ૫

રાજ્ય સરકારની અનુદાન યોજના 'ગ્રાન્ટ ફોર લીવ ટ્રાવેલ' માં થયેલ અનિયમितતા બાબત.

જવાબ : (૧) યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૧–૩–૧૯૮૦ની સભામાં રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક-અમશ-૧૭૯-ખ-૫૫૩૫-ગ–તા. ૫–૩–૧૯૮૦ અન્વયે શિક્ષણગણના કર્મચારીઓને પણ રજા-પ્રવાસનો લાભ તા. ૧–૧–૧૯૮૦થી આપવાનું ઠરાવેલ હોવાથી તે પ્રમાણે તેનો લાભ આપવામાં આવે છે તેથી તે માટેની ગ્રાન્ટ મેળવવા માટે તેમના ખર્ચનો સમાવેશ કરી ઉચ્ચ-શિક્ષણ નિયામકશ્રી તરફથી જરૂરી અનુદાન ચૂકવવામાં આવેલ છે તે બરાબર છે. આ અંગે વધુ માહિતી એસ્ટાબ્લિશમેન્ટ વિભાગને મોકલી આપવા માટે કાર્યાલયનો પત્રાંક એકા-૨/ ગ્રાન્ટ ઑડિટ ૧૯૮૧–૮૨/૧૧૩૦૬૭ તા. ૨૪–૫–૮૫થી લખ્યું છે, જે આવ્યેથી હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

(૨) યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને જ આ લાભ આપવામાં આવતો હોવાથી તથા સરકારશ્રી તરફથી મંજૂરી મેળવ્યા સિવાય કોઈ કર્મચારીને કાયમી તરીકે નિમણૂક આપવામાં આવેલ ન હોવાથી આવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જે કોઈ કર્મચારી માટેના પગાર વિગેરેની ગ્રાન્ટ અન્ય કોઈ સંસ્થા તરફથી મળતી હોય તો તેવા કેસમાં ઑડિટે જણાવ્યા પ્રમાણે રજા-પ્રવાસ અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મળનાર ગ્રાન્ટ ખાતે ઉધારવામાં આવતો હોવાથી આ માટે રાજ્ય સરકાર તરફથી મળનાર રજા-પ્રવાસ અંગેની ગ્રાન્ટના ખર્ચમાં સમાવેશ કરવાનાં આવતો નથી.

વધુમાં ઑડિટ તરફથી શ્રી. બી. કે. ઝાલાનો કેસ બતાવ્યો છે તે અંગે સ્પષ્ટતા કરવાની કે યુ.જી.સી. તરફથી યુનિટ માટે યુનિવર્સિટીને દર વર્ષ ફક્ત રૂ. ૧૮,૦૦૦/– (અઢાર હજાર)ની અંશતઃ આર્થિક સહાય તરીકે આપવામાં આવે છે, જ્યારે યુનિટના સ્ટાફનો કુલ ખર્ચ પ્રતિવર્ષનો રૂપિયા એક લાખ ઉપરનો થાય છે તેવી રજા-પ્રવાસ અંગેનો ખર્ચ યુ.જી.સી. તરફથી ગ્રાન્ટ રૂપે મળી શકે નહિ તે સમજી શકાય તેમ છે અને તેથી આ અંગે ઑડિટ તરફથી ઉપસ્થિત કરેલ વાંધાને સમર્થન પ્રાપ્ત થતું નથી. આ રીતે રજા પ્રવાસ અંગેની રાજ્ય સરકાર તરફથી મળનાર ગ્રાન્ટના ખર્ચમાં પ્રશ્ન હેઠળ વ્યક્તિના રજા-પ્રવાસનો ખર્ચ રૂ ૧,૧૬૪/– તે અંગેના પત્રકમાં દર્શાવવામાં આવ્યો છે તે બરાબર છે.

(૪) ઑડિટ તરફથી માંગવામાં આવેલ અગાઉના વર્ષથી માહિતી હવેના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

વધુમાં ઑડિટ તરફથી કરવામાં આવેલ સૂચન મુજબ જરૂરી માહિતી તૈયાર કરી શકય હોય ત્યાં સુધી ગ્રાન્ટ રજિસ્ટરમાં ઑડિટે જણાવ્યા મુજબ બેલેન્સ બતાવવામાં આવશે.

ઉપરની સ્પષ્ટતાને અનુલક્ષીને ઑડિટ વાંધો દૂર કરવાનું ગ્રાહ્ય રાખવા વિનંતી છે.

ફકરા નં. ૬

ગુરુનાનક ભવનનાં અનુદાનમાં અનિયમિતતા બાબત.

જવાબ ૧ તથા ૨ : આ અંગે જરૂરી માહિતી તથા સ્પષ્ટતાસહ અહેવાલ યુવક કલ્યાણ વિભાગના વડા તરફથી આવેલ છે, જે હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

(૩) આ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવીને ખરીદી કરવામાં આવી હતી તે પ્રમાણેની ગ્રાન્ટ મેળવવા માટે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીને ખર્ચનું પત્રક મોકલીને માગણી કરવામાં આવી છે જે આવ્યેથી યુનિવર્સિટીના હિસાબોમાં અનાવર્તક તથા આવર્તક માટેના જુદા જુદા મથાળે જરૂરી ઍડજસ્ટમેન્ટ કરવામાં આવશે. વધુમાં ઑડિટ તરફથી થયેલ સૂચન મુજબ યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં જરૂરી ઍડજસ્ટમેન્ટ કરીને ઑડિટને રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૭

આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરમાં થયેલ અનિયમિતતા બાબત.

જવાબ ૧ (અ) તથા (બ) : આ અંગે સદરહુ કેન્દ્રના નિયામકશ્રીને કાર્યાલયના પત્ર ક્રમાંક : એકા–૨/ગ્રાન્ટ ઑડિટ–૧૯૮૧–૮૨–૧૧૩૦૬૮ તા. ૨૪–૫–૧૯૮૫થી તેઓશ્રી તરફથી જરૂરી માહિતી સ્પષ્ટતા મેળવીને હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

૨ (અ) આ અંગે જરૂરી પગલાં એસ્ટાબ્લિશમેન્ટ વિભાગ તરફથી લેવામાં આવતાં હોવાથી જરૂરી વિગતો સહિત સ્પષ્ટતા હવે પછીથી રજૂ કરવામાં આવશે.

(બ) આ માટે કેન્દ્રના નિયામકશ્રી તથા યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગ તરફથી જરૂરી માહિતી મેળવી હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૮

સ્ટુડન્ટ એઈડ ફંડ યુ.જી.સી.ની યોજનામાં વિદ્યાર્થીઓને ચૂકવવાની મદદમાં થયેલ અનિયમિતતા બાબત.

જવાબ : આ અંગે ઑડિટ તરફથી કરવામાં આવેલ સૂચનોને ધ્યાનમાં લઈ ભવિષ્યમાં તે પ્રમાણેની કાર્યવાહી કરી, આવી અનિયમિતતા ન થવા પામે તેની નોંધ લીધેલ હોઈ ઑડિટ વાંધો દૂર કરવાનું ગ્રાહ્ય રાખવા વિનંતી છે.

ફકરા નં. ૯

શ્રમિક વિદ્યા કેન્દ્રના હિસાબોમાં થયેલ અનિયમિતતા બાબત.

જવાબ : (૧) આ અંગે જરૂરી માહિતી તથા પૂર્તતા સહિતની વિગતો મોકલી આપવા માટે પત્ર ક્રમાંક એકા. ૨/ગ્રાન્ટ ઑડિટ-૧૯૮૧-૮૨-૧૧૩૦૬૯-તા. ૨૪-૫-૧૯૮૫થી સદરહુ કેન્દ્રના નિયામકશ્રીને વિનંતી કરવામાં આવેલ હોવાથી તે આવ્યેથી હવેના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

(૨) જરૂરી પૂર્તતા સાથેની માહિતી ઑડિટની ચકાસણી માટે હવે પછીથી રજૂ કરવામાં આવશે.

(૩) (અ) (બ) (ક) જરૂરી વિગતો સાથેની સ્પષ્ટતાસહ માહિતી સદરહુ કેન્દ્રના નિયામકશ્રી તરફથી મેળવીને હવે પછીથી ઑડિટ રજૂ કરવામાં આવશે.

(૪) ઑડિટ તરફથી કરવામાં આવેલ સૂચનો ધ્યાનમાં લઈ બાકી રહેલ ખાલી જગ્યાઓ પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરી તે અંગેની પ્રગતિનો અહેવાલ ઑડિટને હવે પછીથી રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૧૦ :

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગ્રાન્ટમાંથી ખરીદેલ પુસ્તકો મિલકતોનું અલગ મિલકત રજિસ્ટર નહિ બનાવવા બાબત.

જવાબ : (૧) પુસ્તકો તથા મેગેઝિનો માટેનું અલગ રજિસ્ટર રાખવા અંગે ગ્રંથાલયના ગ્રંથપાલશ્રીની કાર્યાલયના પત્ર ક્રમાંક એકા. ૨–ગ્રાન્ટ ઑડિટ–૧૯૮૧–૮૨ ૧૧૩૦૭૦ તા. ૨૪–૫–૮૫થી વિનંતી કરવામાં આવી છે તેથી તેઓશ્રી તરફથી જરૂરી માહિતી મેળવીને તે અંગેનો હેવાલ હવેના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

(૨) રૂ. ૨૦,૦૦૦/- (રૂપિયા વીસ હજાર)થી વધુ કિંમતના વૈજ્ઞાનિક સાધનો અંગે જણાવવાનું કે આ માટેની જરૂરી માહિતી જે તે ભવનો–વિભાગોના વડાઓ પાસેથી મેળવીને તે હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે આ માટેની માહિતી યુ.જી.સી.ને મોકલવામાં આવે છે તેની જાણ હવેના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે

ફકરા નં. ૧૧ :

એન.એસ.એસ વિભાગની સાધનસામગ્રી ૧૦ ટકા કિંમતે ડી.પી.ઈ. તથા યુવક કલ્યાણ વિભાગને આપવા બાબત

જવાબ ૧, ૨, ૩ : વાંધા હેઠળના પ્રશ્નોના સંદર્ભમાં સંબંધકર્તા એન.એસ.એસ. વિભાગના વડા તરફથી જરૂરી સ્પષ્ટતાસહ માહિતી તથા પૂર્તતા અંગેની માહિતી આવેલ છે જે હવેના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૧૨ :

રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ યુનિવર્સિટી કક્ષાએ નક્કી કરેલ મર્યાદા કરતાં વધુ વહીવટી ખર્ચ કરવા બાબત.

જવાબ : આ માટે સદરહુ સંબંધકર્તા એન.એસ એસ. વિભાગના વડા પાસેથી જરૂરી માહિતી સ્પષ્ટતા મોકલી આપવા માટે કાર્યાલયના પત્રાંક એકા. ૨/ગ્રાન્ટ ઑડિટ/૧૯૮૧–૮૨/૧૧૩૦૭૧ તા. ૨૪–૫–૧૯૮૫થી લખ્યું હોવાથી તે આવ્યેથી હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૧૩ :

રાષ્ટ્રીય સેવા યોજનામાં કૉલેજ કક્ષાએ થયેલ ખર્ચના વાઉચર અન્વેષણમાં રજૂ ન થવા બાબત

જવાબ : આ અંગે સંબંધકર્તા એન એસ.એસ વિભાગના વડાને ઑડિટ નોંધની નકલ મોકલી હતી અને તેઓ તેમના તરફથી જરૂરી માહિતી આવી છે, જે ઑડિટ સમક્ષ હવે પછીથી રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૧૪ :

એન.એસ.એસ. વિભાગમાં ગાડીનો લોગબુક વ્યવસ્થિત નહિ નિભાવવા તથા હિસ્ટ્રી શીટ નહિ નિભાવવા બાબત.

જવાબ : આ અંગેનું કામ સંભાળતા યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગના વડાને કાર્યાલયના પત્રાંક એકા. ૨/ગ્રાન્ટ ઑડિટ/૧૯૮૧-૮૨/૧૧૩૦૭૧, તા. ૨૪–૫–૧૯૮૫થી ઑડિટનોંધ મોકલીને તે અંગેની પૂર્તતા સહિતની જરૂરી માહિતી મોકલી આપવા જણાવેલ છે જે આવ્યેથી હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૧૫ :

યુ.જી.સી. અનુદાન યોજના હેઠળ શ્રી ધર્મેન્દ્ર માસ્તરને ચૂકવેલ સહાયમાં અનિયમિતતા બાબત.

જવાબ : આ અંગે સંબંધકર્તા પ્રકાશન વિભાગના વડાને ઑડિટ નોંધ મોકલીને તે અંગે જરૂરી પૂર્તતા સહિતની માહિતી મંગાવીને આવતા ઑડિટ વખતે હવે પછીથી રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૧૬ :

યુ.જી.સી.ની યોજના હેઠળ ચાલતા એસ. ડી. વર્માના સ્પેસ સાયન્સ એક્સપેરિમેન્ટ યોજનામાં થયેલ અનિયમિતતા બાબત.

જવાબ : આ અંગે વિજ્ઞાન વિભાગના ભૌતિક વિભાગના વડા ડૉ. એસ. ડી. વર્માને ઑડિટ નોંધ મોકલીને તે અંગે જરૂરી પૂર્તતા સહિતની વિગતો કાર્યાલયના પત્રાંક એકા. ૨ ગ્રાન્ટ ઑડિટ ૧૯૮૧-૮૨/૧૧૩૦૭૧, તા. ૨૧-૪-૧૯૮૫થી જણાવ્યું છે, જે આવ્યેથી હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૧૭ :

ભારત સરકાર અવકાશ વિભાગ ઈસરો મુખ્ય મથકની ડિટેકશન ઑફ હાઈ એનર્જી અંગેની ડૉ. એસ. ડી. વર્માની યોજનામાં થયેલ અનિયમિતતા બાબત

જવાબ : આ અંગે ઑડિટ વાંધામાં જણાવ્યા મુજબની જરૂરી પૂર્તતા કરી તે અંગેની સંપૂર્ણ માહિતી સદરહુ યોજનાના અધ્યક્ષ ડૉ. એસ. ડી. વર્માને ઑડિટ નોંધ યુનિવર્સિટી કાર્યાલયના પત્રાંક એકા/૨/ગ્રાન્ટ ઑડિટ ૧૯૮૧–૮૨–૧૧૩૦૭૫ તા. ૨૪–૫–૧૯૮૫થી મોકલીને તેમનો અહેવાલ મોકલી આપવા માટે જણાવ્યું હોવાથી ત બાબત આવતા ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૧૮ :

પી.જી. : ડિપ્લોમા કોર્સ ઈન સ્પેસ સાયન્સ ઍન્ડ ધેર ઍપ્લિકેશન્સમાં થયેલ અનિયમિતતા બાબત.

જવાબ : આ અંગે સંબંધકર્તા વિભાગના વડા ડૉ. એસ. ડી. વર્માને કાર્યાલયના પત્રાંક એકા. ૨ ગ્રાન્ટ ઑડિટ ૧૯૮૧–૮૨/૧૧૩૦૭૫, તા. ૨૪–૫–૧૯૮૫થી ઑડિટ નોંધ મોકલીને તેમના તરફથી ઑડિટે જણાવેલ સૂચનોને અનુલક્ષીને જરૂરી માહિતી સ્પષ્ટતા સાથેની પૂર્તતા અંગેનો અહેવાલ મળ્યેથી હવેના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૧૯ :

પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે માઈક્રોસ્કોપ કેમેરાની ખરીદીમાં અનિયમિતતા બાબત.

જવાબ : સદરહુ બાબત અંગે ઑડિટે ઉપસ્થિત કરેલ ઑડિટ નોંધની નકલ સંબંધકર્તા વિભાગના વડા ડૉ. વી. સી. શાહને કાર્યાલયના પત્રાંક એકા. ૨ ગ્રાન્ટ ઑડિટ ૧૯૮૧–૮૨/૧૧૩૦૭૪, તા. ૨૪–૫–૧૯૮૫થી મોકલી છે તેથી તેઓશ્રી તરફથી જરૂરી પૂર્તતા સહિતની માહિતી અત્રે આવ્યેથી હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૨૦ :

યુ.જી.સી.ની અનુદાન યોજના શિક્ષકોને સંશોધન કાર્ય માટે નાણાકીય મદદમાં થયેલ અનિયમિતતા બાબત.

જવાબ : આ અંગે શ્રી. એ. જે. ભટ્ટ પાસેથી જરૂરી માહિતી તથા પૂર્તતા અંગેની વિગતો મંગાવી હવે પછીના ઑડિટ વખતે રજૂ કરવામાં આવશે

ફકરા નં. ૨૧ :

યુ.જી.સી.ની 'સ્પોર્ટ ઑફ ઍડવાન્સ રિસર્ચ ઈન હ્યુમેનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સ'—અંગેની યોજના બાબત શ્રી. પી. એન. શેઠ.

જવાબ : આ માટે સંબંધકર્તા પ્રા. પી. એન. શેઠને યુનિવર્સિટી કાર્યાલયના પત્રાંક એકા. ૨/ગ્રાન્ટ ઑડિટ/૧૯૮૧–૮૨/૬૫૧૬૬, તા. ૨૪–૫–૧૯૮૫થી જાણ કર્યા મુજબ ઑડિટ નોંધમાં જણાવ્યા પ્રમાણેની પૂર્તતા સાથેની જરૂરી માહિતી રજૂ કરવા જણાવેલ હોવાથી તે અંગે તેમના તરફથી માહિતી મળ્યેથી હવેના ઑડિટ દરમિયાન રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૨૨ :

યુનિવર્સિટી લીડરશીપ પ્રોજેક્ટ-ઈન-બાયોલોજી-કોશપ-બાયોલોજી યોજનામાં થયેલ અનિયમિતતા બાબત.

જવાબ : આ માટે સંબંધકર્તા પ્રા. ડૉ. વી. સી. શાહને યુનિવર્સિટી કાર્યાલય તરફથી તેના પત્રાંક એકા. ૨/ગ્રાન્ટ ઑડિટ–૧૯૮૧–૮૨/૧૧૩૦૭૪, તા. ૨૪–૫–૧૯૮૫થી ઑડિટ નોંધ મોકલી

આપીને તેઓ તરફથી જરૂરી પૂર્તતા સહિતની માહિતી રજૂ કરવા જણાવેલ હોઈ તે આવ્યેથી હવેના ઑડિટ દરમિયાન રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૨૩ :

વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતી બીસી, ઈબીસી, નેશનલ મેરિટ સ્કૉલરશિપ તેમજ અન્ય સ્કૉલરશિપોમાં થતી અનિયમિતતા બાબત

જવાબ : ઑડિટ નોંધમાં દર્શાવ્યા મુજબની પૂર્તતા તથા તે સંબંધમાં જરૂરી સ્પષ્ટતા સહિતની વિગતો તૈયાર કરી મોકલી આપવા માટે બધા જ ભવનના અધ્યક્ષશ્રીઓને એકા. ૨ / ગ્રાન્ટ ઑડિટ/૧૯૮૧ - ૮૨/૧-૧૧૩૭૭—૮૩ના તા. ૨૯-૫—૧૯૮૫થી પત્રો લખ્યા છે, જેથી તે આવ્યેથી હવેના ઑડિટ દરમિયાન રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૨૪ :

યુ.જી.સી. અનુદાન યોજના ઑર્ગેનાઈઝેશન ઑફ ફર્સ્ટ કૉન્ફરન્સ ઑફ આઈ. સી. ટી. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી—

જવાબ : આ માટે સદરહુ વિભાગના વડાને કાર્યાલય તરફથી પત્રાંક એકા. ૨ / ગ્રાન્ટ ઑડિટ / ૧૯૮૧—૮૨ / ૬૫૧૬૫ તા ૨૪–૫–૧૯૮૫થી ઑડિટ નોંધ મોકલીને તેઓ તરફથી જરૂરી પૂર્તતા સહિતની માહિતી મંગાવેલ હોઈ તે આવ્યેથી હવેના ઑડિટ દરમિયાન રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૨૫ :

આઈ.સી.એસ એસ.આર.ના અનુદાનથી રિસર્ચ પ્રોજેક્ટ ઑફ ડૉ. અંજના દેસાઈના પ્રોજેક્ટમાં થયેલ અનિયમિતતા બાબત

જવાબ : આ અંગે સંબંધકર્તા પ્રોજેક્ટનાં અધ્યક્ષ ડૉ અંજના દેસાઈને ઑડિટ નોંધ મોકલીને તેઓની નોંધ મોકલી આપવા જણાવેલ, તેના સંદર્ભમાં તેમના તરફથી જરૂરી પૂર્તતા સહિતની માહિતી આવેલ હોઈ તે હવેના ઑડિટ દરમિયાન રજૂ કરવામાં આવશે.

ફકરા નં. ૨૬ :

નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ (એન.સી.ઈ.આર.ટી.) અંગેની ગ્રાન્ટના હિસાબી પત્રકો ન દર્શાવવા બાબત

જવાબ : આ અંગે ઑડિટે દર્શાવેલ ઑડિટ નોંધ જાણ માટે હોઈ તે અંગેની નોંધ લીધી છે.

ફકરા નં. ૨૭, ૨૮ અને ૨૯ :

આ અંગેની ઑડિટની નોંધ જાણ માટે હોઈ તે અંગેની નોંધ લીધી છે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯